ાન્તકુસુમાવલિ પુષ્પ પાંત્રીસમુ

॥ શ્રી કૃષ્ણઃ ॥

શ્રીમદ્વલ્લભકુલાવતંસ ભગવત્સેવાનિષ્ઠ

ી પૂજ્યપાદ ગો૦શ્રી ૧૦૮ શ્રી રણછોડલાલજી મહારાજ

રાજનગરવાળાના

પુષ્ટિ સાહિત્ય પુસ્તકાલય
[illegible] ભાટીયા સેવા ફંડ, શ્રી વલ્લભ સુખધામ,
એસ. વી. રોડ, શંકર ગલીના [illegible],
કાંદિવલી (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૬૭

વચનામૃતો અને પ્રસંગો

સમ્પાદક :

સં. શ્રીયુત નાગરદાસ કાશીરામ આંભણીયા
M. A. LL. B.

પ્રકાશક :

ી પુષ્ટિમાર્ગીય યુવક પરિષદ – મુંબઈ

શ્રી શ્રી ચંદુલાલજી મગનલાલ [illegible]

[illegible] ૨૦૨૫

ન્યોછાવર ત્રણ રૂપીયા

॥ શ્રી નટવરાષ્ટકમ્ ॥

વામ હસ્તે ધૃતંમાટં, ગો ગોપી ગોપ રક્ષકમ્, ॥
યશોદોત્સંગ લલિતં, શ્રી નટવરં નમામ્યહમ્. ॥૧॥
દક્ષિણે નવનીતં ચ, નૃત્યંતં ગોપીભિઃ સમમ્; ॥
યશોદોત્સંગલલિતં, શ્રી નટવરં નમામ્યહમ્ ॥૨॥
કાલીય ફણિ માણિક્ય, રંજિત શ્રીપદાંબુજમ્; ॥
રક્ષકં સર્વભક્તાનાં, શ્રી નટવરં નમામ્યહમ્ ॥૩॥
ગો ગોપાન્ સર્વાન્ સંજીવ્ય માતૃપિત્રોર્હિતાય વૈ; ॥
નાગપત્ની સ્તુતં ભક્ત્યા, શ્રી નટવરં નમામ્યહમ્. ॥૪॥
યમુનામૃત પાનેન, મૃતગોધન રક્ષકમ્; ॥
રક્ષકં સર્વ ગોપાનાં, શ્રી નટવરં નમામ્યહમ્ ॥૫॥
કાલીફણશતેનૈવ, સ્વકિંતં ચરણામ્બુજમ્. ॥
નિસ્સારિતં હૃદાદેવં, શ્રી નટવરં નમામ્યહમ્. ॥૬॥
દ્વીપેરમણકે સ્થાનં, કલ્પિતં નાગવલ્લભમ્; ॥
ખલેપ્યનુગ્રહકરં, શ્રી નટવરં નમામ્યહમ્. ॥૭॥
અત્યદ્ભુત ચરિત્રેણ, દેવાનામથ પાલકમ્; ॥
શ્રુતિ પ્રકાશવપુષં, શ્રી નટવરં નમામ્યહમ્. ॥૮॥
હીન બુદ્ધિર્મહામંદઃ, સ્વલ્પ સત્ત્વઃ કૃતોદ્યમઃ; ॥
તવનામાબ્ધિ પાતેન, પારંગચ્છતિ સોનરઃ ॥૯॥
રઘુનાથ તનૂજેન. ગોપીનાથેન શર્મણા; ॥
રચિતં ચાષ્ટક મિદં, ભક્તિ મુક્તિ પ્રદાયકમ્. ॥૧૦॥
ગોપીનાથેન ચ કૃત, ભક્તિદં નટવરાષ્ટકમ્; ॥
પાઠં કરોતિયો નિત્ય, સર્વપાપૈઃ પ્રમુચ્યતે. ॥૧૧॥

॥ ઇતિ શ્રી રઘુનાથાત્મજ શ્રી ગોપીનાથવિરચિતં
શ્રી નટવરાષ્ટકમ્ સમાપ્તમ્ ॥

॥ શ્રી કૃષ્ણઃ ॥

શ્રી પુષ્ટિસિદ્ધાન્તકુસુમાવલિ પુષ્પ પાંત્રીસમું

શ્રીમદ્વલ્લભકુલાવતંસ ભગવત્સેવાનિષ્ઠ
નિ. લી પૂજ્યપાદ ગો૦ શ્રી રણછોડલાલજી મહારાજ

(રાજનગર–અમદાવાદવાળા)ના

વચનામૃતો અને પ્રસંગો

સંપાદક :
વે. શા. સં. શ્રીયુત નાગરદાસ કાશીરામ બાંભણીયા
M. A. LL. B.

પ્રકાશક :
શ્રી પુષ્ટિમાર્ગીય યુવક પરિષદ – મુંબઈ

ન્યોછાવર ત્રણ રૂપીયા

પ્રકાશક :–
ગિરધરલાલ જગજીવનદાસ શાહ
મનાર્હ મન્ત્રી
શ્રી પુષ્ટિમાર્ગીય યુવક પરિષદ
શ્રી મોટી હવેલી પાસે,
ભૂલેશ્વર, મુંબઈ નં. ૨

પુષ્ટિ માર્ગીય [illegible]
C/o. [illegible]
૩૩૫, કાલબાદેવી [illegible]
[illegible]
મુંબઈ નં. ૨ B.R.

શ્રીમદ્વલ્લભાબ્દ ૪૯૩
શાકાબ્દ ૧૮૯૩
પ્રથમાવૃત્તિ
પ્રત ૨૦૦૦
વિ. સં. ૨૦૨૭
ઈ. સં. ૧૯૭૧

મુદ્રક :–
કાન્તિલાલ ડાહ્યાભાઈ પટેલ
મંગલ મુદ્રણાલય,
રતનપોળ, ફતેહભાઈની હવેલી,
અમદાવાદ.

શ્રીમદ્વલ્લભકુલાવતંસ
પૂજ્યપાદ ગો. શ્રી ૧૦૮ શ્રી રણછોડલાલજી મહારાજ
(રાજનગર)



પ્રાકટ્ય વિ સં. ૧૯૪૯ પોષ વદ ૧૧

હસમુખલાલ [illegible]

શ્રી/~~શ્રીમતી~~..............................

પરીવારના સૌને જય શ્રી કૃષ્ણ

॥ શ્રી ગોપીજન વલ્લભાય નમ : ॥

સમ્પાદકનું નિવેદન

નિ. લી. ગો. શ્રી રણછોડલાલજી મહારાજ રાજનગરવાળાનાં વચનામૃતો પ્રકટ થઈ રહ્યાં છે એ આપણા આ પુષ્ટિ સંપ્રદાય ઉપર શ્રીગોવર્ધનોદ્ધરણધીર શ્રીનાથજીનો એક પરમ અનુગ્રહ છે. શ્રી સર્વોત્તમજીમાં :निगूढहृदयोऽनन्यभक्त्तेषुज्ञा पिताशयः એ પ્રમાણે શ્રી ગુસાંઈજીએ શ્રી મહાપ્રભુજીનાં બે નામ પણ એકસો આઠ નામ પૈકી પ્રકટ કરેલ છે. તે નામનો અર્થ એ થાય છે કે શ્રી મહાપ્રભુજીનું હૃદય કોઈ જાણી શકે તેમ નથી, પરન્તુ કૃપા કરી પોતાના અનન્ય ભક્તો આગળ કોક કોક વાર આપે તે પ્રકટ કરે છે. શ્રી રણછોડ પ્રભુમાં આપણને આ ધર્મનાં દર્શન થાય છે. જાહેરમાં તો આપ જપ કરતા જ દર્શન આપતા. પરન્તુ એકાન્તમાં કોક કોક વાર અતિ દિવ્ય વચનામૃતો આપના મુખારવિંદમાંથી પ્રકટ થતાં. એ રીતે આપણને આ વચનામૃતો પ્રાપ્ત થયેલ છે.

આપના સંયોગનું સુખ મને તેર વરસ મલ્યું છે. આપે મારા પર કૃપા વિચારી સંસાર પ્રવાહમાં વહી જતા એવા મારો હાથ પકડયો ત્યારે શરૂશરૂમાં મને નામ લીલા પ્રત્યે વિશેષાસક્તિ. એટલે જ્યારે જ્યારે આપના મુખારવિન્દમાંથી નોંધપાત્ર વચનામૃત પ્રકટ થાય કે હું તે એક નોટમાં નોંધી લઉં.આવાં વચનામૃતોથી લગભગ બે જાડી નોટો ભરાયેલી. એક પરમ ભાવિક બેને પોતાના વિરહ વિનોદ અર્થે આ નોટો મારી પાસેથી માગી અને મેં તેને આપી. પછી તો મારીરૂપા સક્તિ અને ભાવાસક્તિ વધી એટલે તે નોટો પાછી મેળવવા પ્રત્યે લક્ષ્યજ ન આપ્યું. વિ. સં. ૨૦૦૯ માં આપે નિત્ય લીલામાં પ્રવેશ કર્યો. ત્યાર બાદ આપણી પ્રચલિત ભાષામાં

જેને શોક સભા કહે છે તેવી એક આપની પાછળ ભરાયેલી શોક સભામાં એવો ઠરાવ થયો કે આપનાં વચનામૃતો પ્રકાશિત કરવાં અને આ કાર્ય ગો. વા. શ્રી વસન્તરામ શાસ્ત્રીને અને મને સોંપવામાં આવ્યું મેં તે વખતે પેલી બેન ને તો વચનામૃતોની મારી બે નોટો પડેલી પાછી મોકલવા પત્ર લખ્યો. તે બેને તે નોટો રજિસ્ટર્ડ ટપાલ દ્વારા ન મોકલતાં એક નિત્ય ભાવસમુદ્રમાં મગ્ન રહેતા ભગવદીય સાથે મોકલી. ભગવદિચ્છાએ રેલમાંથી તે ભગવદીયનું પોટલું ગુમ થતાં તે બંને નોટો પણ ગુમ થઈ. સૂર્યને રોવું કે સૂર્યનાં કિરણોને? મારી આ દશા થઈ. શ્રી રણછોડ પ્રભુ લીલામાં પધાર્યા તેના દુઃખ આગળ આ નોટો ગુમ થયેલી તેનું દુઃખ કાંઈ હિસાબમાં જ ન હતું. હવે પૂર ઊતર્યા પછી જેમ એક ઠેકાણે ખાબોચિયામાં પાણી ભરાયેલું માલુમ પડે એવી મારી દશા થઈ. સ્મૃતિ પટમાંથી જે વચનામૃતો હાથ આવ્યાં તે લખી નાખ્યાં. અને તે આપનાં બીજાં વચનામૃતો સાથે પુસ્તિકાકારે છપાયાં. આપનાં વચનામૃત પ્રકાશનનો આ પ્રથમ પ્રયાસ. દરમિયાન ભગવત્કૃપાથી આ બેનને મેં આ બે નોટો આપી તે પહેલાં એક નોટની નકલ એક ભાવિક ભગવદીયે કરી લીધેલી તે દ્વારા તે એક નોટનાં વચનામૃતો સંચાવઈ રહેલાં.તે નોટની પ્રથમ નકલની બીજી નકલો પણ થઈ હોય એમ મને લાગે છે. તેની એક નકલને આધારે આપણા સંપ્રદાયના સિદ્ધ હસ્ત પ્રકાશનકલા કુશલ ભાઈ ભક્તિપ્રિયે વૈશ્વાનરમાં વ્યવસ્થિત કરી કેટલાંક વચનામૃતો છપાવેલાં એ આ દિશામાં બીજો પ્રયાસ. અને અત્યારે પ્રકટ થતાં વચનામૃતો આ દિશામાં ત્રીજો પ્રયાસ છે. આપના સંયોગરસનો આસ્વાદ લેનાર પૈકી મારા સિવાય લગભગ બધા વૈષ્ણવો ભગવદ ચરણાવિન્દમાં પ્રાપ્ત થયા છે. શ્રી વલ્લભકુલબાલકોમાં તે સુખ આપના ચિ. લાલજી શ્રી નટવર ગોપાલને સાંપડયું છે. વાત વાતમાં કોઈ વાર તેઓ પોતાના દાદાજીનાં વચનામૃતો સંભળાવે છે તે આપણને તો પહેલી વારજ જાણવા મળે છે. તેમ બીજા પણ કેટલાક

આપના સંયોગરસાનુભવી ગોલોકવાસી વૈષ્ણવોને મુખેથી પણ મને આપનાં નવાં નવાં વચનામૃતો પ્રાપ્ત થયેલાં. શ્રી ગુસાંઈજીના ચોથાલાલ માલતિલકનારક્ષણહાર શ્રીગોકુલનાથજીના સેવકો આપનાં નિત્ય સાંનિધ્યમાં રહી જેમ આપનાં મુખારવિન્દમાંથી પ્રકટ થતાં વચનામૃતો ઝીલી લઈ તે નોંધી લેતા તેમ શ્રી રણછોડપ્રભુની બાબતમાં બન્યું હોત તો આપણે પાસે વચનામૃતનો સાગર એકઠો થયો હોત. પરન્તુ પ્રભુયે જે વિચારેલું તે સાચું.

આપનાં નામસ્વરૂપ સંબંધમાં આટલું લખ્યા બાદ આપનાં રૂપ સ્વરૂપ સંબંધમાં પણ કાંઈક લખવા મન થાય છે. તે સંબંધમાં હું શું લખું એ મારે માટે એક ચિન્તાનો વિષય છે. ટૂંકમાં કહું તો શ્રી મહાપ્રભુજીએ પોતાના ચોર્યાસી વૈષ્ણવોને અને શ્રી ગુસાંઈજીએ પોતાના બસ્સો બાવન વૈષ્ણવોને જે સ્વરૂપાનુભવ કરાવેલો તેવોજ સ્વરૂપાનુભવ શ્રી રણછોડપ્રભુએ મને-કરાવેલો. શ્રી મહાપ્રભુજી, શ્રી નાથજી, અને શ્રી યમુનાજી આ ચારેય સ્વરૂપોનો સાક્ષાત્ અનુભવ શ્રી ગુંસાઇજી, મને આપે આપનાં સ્વરૂપમાં કરાવેલો. આ અતિવિપરીત કરાલ કલીકાલમાંયે પાશ્ચાત્ય શિક્ષાપ્રવાહમાં તણાઈ જતા એક પામર જીવનો કૃપા કરી હાથ ઝાલે એટલું જ નહીં પરન્તુ સાક્ષાત્ ભગવદલીલાનો અનુભવ કરાવે એ વાત જ્યારે:જ્યારે મને યાદ આવે છે ત્યારે ત્યારે મારું મન ચક્રાવામાં ચઢી જાય છે. અરે, આવા વિપરીત સમયમાં આવું સંભવે ! હા. પુષ્ટિમાર્ગમાં બધુ સંભવે. **पुष्टिकालादिबाधिका** પુષ્ટિ આગળ કાલ બાલનું કંઈ ન ચાલે. જાત અનુભવ ન થયો હોત તો મારા માનવામાં આ આવતજ નહીં. પુષ્ટિમાર્ગીય વૈષ્ણવસમાજમાં શ્રી રણછોડ પ્રભુ રાજનગરવાળા એવી આપની પ્રસિદ્ધિ છે. પરન્તુ શ્રી વલ્લભકુલનાબાલકોમાં શ્યામુબાવા કે શ્યામુ દાદા એ પ્રકારનાં વહાલસોયા નામે આપને

સૌ ઓળખતા. સેવા અને સ્મરણ એ આપનો સતત વ્યવસાય. આપ પોઢ્યા હોય ત્યારે પણ હોઠ તો ફફડતા હોય એટલો બધો અષ્ટાક્ષર આપને સિદ્ધ. અરે સેવા દરમિયાન પણ સ્મરણ ચાલુ. હાથથી કામ અને મુખથી નામ આ આપનું પરમસૂત્ર. અને ભાવની તો પરા કોટિ. શ્રી વલ્લભકુલના બાલકો એટલે શ્રી મહાપ્રભુજીની રોમાવલી એવી આપની ભાવના. બાલકોની વિપરીત લીલામાં પણ આપને કાંઈ બીજાં જ દર્શન થાય. આપ સેવા કરી શીખવે શ્રી હરિ. આ તો કરી દેખાડવાનો માર્ગ છે, કહી દેખાડવાનો નહીં. કહી દેખાડવાનો માર્ગ એ મર્યાદા, કરી દેખાડવાનો માર્ગ એ પુષ્ટિ. અત્યાર સુધી સેવા કેમ કરવી એ કરી દેખાડી. હવે દુઃસંગ અને પ્રવાહ કેવા બાધક છે એ બાલકો કરી દેખાડે છે. અમે વલ્લભ કુલના બાલકો, અમારે માથે નિધિ બિરાજે. તેમ છતાંયે અમને દુ:સંગ બાધા કરે અને અમે પ્રવાહમાં તણાઇએ તો તમે સાધારણ જીવો તો પ્રવાહમાં જ પડેલા છો. માટે સમજો સાવધાન રહો, પ્રવાહથી બચો. આવો આચરણ દ્વારા ઉપદેશ આપતા બાલકો વિપરીત લીલા દેખાડી રહ્યા છે. આમ બધાનો સીધો જ અર્થ લે. અવળું કાંઇ દેખાય જ નહી આવા ભાવમગ્ન હોવા છતાંયે વ્યવહારમાં એટલા જ ચતુર. સત્સંગ અને સત્સંગ પ્રચારનો પણ એટલો જ આગ્રહ આપની ભગવદ્વાર્તામાં રાતના બાર વાગે એ તો વહેલી પતી ગઈ કહેવાય. બે ત્રણ વાગે ત્યાં આપનું પેટ ભરાય. સમાજ હોય તો તે ભગવદ્વાર્તા ઉપરાંત. તે દિવસે તો સવારના ચાર વાગે. અન્તર પણ એટલું જ ખુલી ગયેલું. કોઇ પણ પ્રશ્ન પૂછો. પછી ભાવનો કે શાસ્ત્રનો. તરત જ સચોટ ખુલાસો. તેમ છતાં દીનતાના સાગર. સ્નેહના સમુદ્ર શ્રી સર્વોત્તમજીનાં **सर्वलक्षणसंपन्नः** એ નામનો પ્રકટ અનુભવ કરાવે. શું વિશેષ લખું ? મારે માટે તો પ્રાણજીવન ધન બધું એ હતા.

મુંબઈ તા. ૨૮-૮-૭૧ લિ. દા. દા.

નાગરદાસના સૌને સદૈન્ય ભગવદ સ્મરણ.

॥ શ્રીમદ્વલ્લભાધીશો જયતિ ॥

પ્રકાશકનું નિવેદન

શ્રી વૃન્દાવનેન્દુ પરાત્પર પૂર્ણપુરુષોત્તમ શ્રીગોપીજનવલ્લભ શ્રીનંદયશોદોત્સંગલાલિત ષડૈશ્વર્યસમ્પન્ન ભગવાન **શ્રીબાલકૃષ્ણપ્રભુ** વિભુવદન વૈશ્વાનરાવતાર અખંડભૂમંડલાચાર્યવર્ય જગદ્‌ગુરુ **શ્રીમદ્વલ્લભાચાર્યજી (શ્રીમહાપ્રભુજી)** અને પરમકૃપાલુ **શ્રીમદ્વિઠ્ઠલેશપ્રભુચરણ (શ્રીગુસાંઈજી)**ના મહાન અનુગ્રહથી **શ્રીપુષ્ટિસિદ્ધાન્તકુસુમાવલિનું પાંત્રીસમું પુષ્પ** શ્રીમદ્વલ્લભકુલાવતંસ ભગવત્સેવાનિષ્ઠ નિ. લી. પૂજ્યપાદ ગો૦ **શ્રી રણછોડલાલજી મહારાજ** (રાજનગરવાળા)ના **વચનામૃતો અને પ્રસંગો** શ્રીપુષ્ટિ અનુગ્રહ માર્ગાનુયાયી શ્રીવલ્લભ સિદ્ધાન્તાનુરાગી વૈષ્ણવ જનતા સમક્ષ રજૂ કરતાં અમને અત્યંત આલ્હાદ થાય છે.

શ્રી પુષ્ટિમાર્ગીય યુવક પરિષદ–મુંબઈની સ્થાપના વિ. **સં. ૧૯૮૯ માં સામ્પ્રદાયિક સાહિત્ય પ્રકાશન** અને **સિદ્ધાન્ત પ્રચાર** માટે કરવામાં આવી હોવાથી તે ઉદ્દેશાનુસાર **શ્રી પુષ્ટિસિદ્ધાન્તકુસુમાવલિ** નામથી સાહિત્ય પ્રકાશન વિભાગ શરૂ કરી તે દ્વારા અત્યાર સુધીમાં **પાંત્રીસ** સુવાસિત **પુષ્પો** (ત્રીસ પુસ્તકો અને પાંચ પત્રિકા) વિકસ્યા છે. તેની મીઠી સૌરભે શ્રી વલ્લભ સિદ્ધાન્તાનુરાગી વૈષ્ણવોના હૃદયમાં સ્વલ્પાંશે પણ આનંદાનુભવ થશે તો પરિષદની સાહિત્ય પ્રકાશન દ્વારા થતી આ નામ સેવા સાર્થક લેખાશે.

આ વચનામૃત માટે સુન્દર ઉપોદ્‌ઘાત લખી આપવા માટે અખિલભારતીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવપરિષદના ઉપાધ્યક્ષ અને પ્રચારાધ્યક્ષ પ્રથમગૃહ તિલકાયત, પરમવન્દનીય પૂજ્યપાદ ગો૦ શ્રી ૧૦૮ **શ્રી રણછોડલાલજી મહારાજ** 'શ્રી પ્રથમેશ'નો અંતઃકરણપૂર્વક આભાર માનવામાં આવે છે.

તદુપરાંત આ વચનામૃતના સમ્પાદક પરમભગવદીય શ્રી નાગરદાસ બાંભણીયા M. A. LL B. એ સમ્પાદકનું નિવેદન લખી આપવા માટે તેમનો સારી રીતે પ્રુફસંશોધન કરી આપવા માટે વે. શા.સં. શ્રી મંગલજી શાસ્ત્રીજીનો વેણુધરના સમ્પાદક શ્રી વિઠ્ઠલદાસ સી. શાહે પૂ. પા. ગો૦ શ્રી રણછોડલાલજી મહારાજશ્રીનો બ્લોક છાપવા માટે આપ્યો માટે તેનો આ વચનામૃતની સુન્દર રીતે પ્રેસકોપી કરી આપી. તદ્દર્થ શ્રી રણજિતભાઈ કાપડીયાનો વિષયવાર વિભાગીકરણ કરી આપવા માટે શ્રી ગોપાલદાસ શાહનો ચીવટપૂર્વક સુન્દર મુદ્રણ કરી આપવા માટે મંગલ મુદ્રણાલયના પ્રો. શ્રી કાંતિલાલ ડી. પટેલનો અને પુસ્તક મુદ્રણના કાર્યમાં તન–મનથી કાર્યકર કરનાર અમદાવાદના સેવાભાવી કાર્યકર શ્રી કાન્તિલાલ ગોવિન્દલાલ શાહનો ધન્યવાદ સહ આભાર માનવામાં આવે છે.

છેવટમાં શ્રી પુષ્ટિમાર્ગીય યુવક પરિષદ–મુંબઈ પાસે સમ્પ્રદાયનું અપ્રસિદ્ધ તથા હાલમાં અપ્રાપ્ય પુનઃ મુદ્રણ કરવા જેવું કેટલુંક સાહિત્ય પ્રકાશનાર્થે પડયું છે તેને માટે ધર્માનુરાગી વૈષ્ણવ ગૃહસ્થ તરફથી આર્થિક સહાય મળશે તો તે સાહિત્ય છપાવી પ્રસિદ્ધ કરવાની વ્યવસ્થા કરવામાં આવશે

શ્રી પુષ્ટિમાર્ગીય યુવક પરિષદ–મુંબઈ
તરફથી નિવેદક :–
ગિરધરલાલ જગજીવનદાસ શાહ
માનદ્મંત્રી
ના સદૈન્ય જયશ્રી કૃષ્ણ

આશ્વિન કૃષ્ણ ૧૧
વિ. સં. ૨૦૨૭
ગુરૂવાર તા. ૧૪–૧૦–૭૧

।। શ્રી કૃષ્ણાય નમઃ ।।

રાજનગરસ્થ ગો૦ શ્રી રણછોડલાલજી મહારાજકે વચનામૃત

ઉપોદ્ઘાત

પ્રાચીન પરિપાટીમેં મહાપુરૂષોં કે સામાયિક વાર્તાલાપ એવં મનોરંજન કે સમય વ્યક્ત કિયે ગયે વિચારોં કો '**વચનામૃત**' કહાજાતાથા.

વૈસે વચનામૃત શબ્દકા અર્થ અમૃતમય વાણીકો કહાજાતા હૈ જિસ પ્રકાર અમૃત માનવકો મૃત્યુ કે ત્રાસ ઔર ભયશેં મુક્ત કરકે અમૃતત્વાદેતાહૈ, ઇસી પ્રકાર મહાપુરૂષોકે લોક ભાષામેં મનોવિનોદકે સમય કહે ગયે માર્મિક પ્રસંગ ઔર ઉનકા વિવેચન લોકરંજન કે સાથ હમારી જીવન સમસ્યાઓં કા સ્પર્શ કરકે હમેં ઉન્નતિકા માર્ગ દર્શન કરાતે હૈં. જો બાતે દાર્શનિક પ્રવચનોં ઔર ગંભીરજ્ઞાનસેં હૃદયંગમ નહીં હોસકતી હૈ ઉન્હે જન સામાન્ય કે જીવનમેં ઉતારનેકી યહ અપનત્વભરી એક વિશિષ્ટ પ્રણાલિ હૈ,

ઇસકે દ્વારા ધર્મ, ઇતિહાસ ઔર અન્ય બહુતસે વિષય જો હમારે જીવનમેં ઉપયોગીહોં ઉન્હે સરલ રૂપસે સામાન્ય અપઠિત વ્યક્તિભી જાન સકતા હૈ. એક પ્રકારસે યહ જન સમ્પર્કકી આદર્શ પદ્ધતિ હૈ જિસકે દ્વારા લોક કલ્યાણકા વાતાવરણ સહજમેં નિર્માણ હોસકતા હૈ. પ્રાયઃ હમારે સમાજમેં ઐસે સાહિત્યકો ઉચિત મહત્વ નહી દિયા જાતા ઔર ઇસ અનપઢ લોગોકેં ભી દૂસરે શબ્દોંમેં અન્ધશ્રદ્ધાલુઓંકે કામકી વસ્તુ કે રૂપમેં સામાન્યસ્તર ન કહીં દેખા જાતા હે. કિન્તુ યહ વિચાર યુક્તિયુક્ત નહીં કહા જા શકતા. ક્યોંકિ પંચતંત્ર જૈસી બોધકકથાએ સામાન્ય બાલકકી મેધા શક્તિકો જાગૃત કરકે યદિ ઉસે બુદ્ધિમાન બનાનેમેં સહાયક હો સકતી હૈ તબ વચનામૃત સાહિસધારા પ્રસંગ સંગાતિ મેં કહે ગયે કથાનક માનવ વિવેક કો જાગૃત કરકે ઉસમેં ઉદાર વિચાર

એવં આત્મકલ્યાણકી ભાવના ઉત્પન્ન કરે ઇસમેં આશ્ચર્યહી કયા હૈ, ઇસ વિષયમેં કેવલ હમારી શુદ્ધ નિષ્ઠા ચાહિયે. પ્રસ્તુત વચનામૃતકી પુસ્તકસે હમ કિતની મહાન પ્રેરણા પ્રાપ્ત કરતે હૈં. યહ ઇસ ઉદાહરણસેં સ્પષ્ટ સમઝા જાસકતા હૈ પ્રથમ વચનામૃતકે પ્રસંગમેં શ્રધ્ધેય શ્રી રણછોડલાલજી મહારાજને શ્રી યમુનાજીકે પ્રાકટ્ય ઉત્સવકી ચર્ચા કી હૈ. ઇસ પ્રસંગમેં યહ સ્પષ્ટ કિયા હૈ કિ શ્રી યમુનાજી સ્વયં માનવકો સકામ સિદ્ધિ દેનેકી ક્ષમતા રખતે હુએ ભી ઇતની નિરભિમાન હૈ કિ અપના ઉત્સવ મનાનેકે હેતુભી આગ્રહી નહી હે, કયોં કિ ઉસકા ઉત્સવ પ્રભુ ઔર સ્વામિનીજીમેં સ્વતઃ વિદ્યામાન હૈ. ઉનમે કભી નિરૂત્સાહકી સ્થિતિ ઉત્પન્ન નહીં હોતી ઔર શૈલ શિલા શિખરોંકા ઉલ્લંઘન કરતે હુએ ભી અપને જીવનમેં અહંભાવકા લેશ ઉનમેં નહીં હૈ. ઇસલિયેહી સ્વામિનીકે માનકી નિવૃતિ કરનેમેં શ્રી યમુના અસાધારણ કારણ સ્વરૂપા હૈ. જો સ્વયં અપને અહંકા સમર્પણ કર ચુકા હો વહી કિસીકે માનકી નિવૃત્તિ કરનેમેં સમર્થ હો સકતા હૈ વસ્તુતઃ શ્રીયમુનાજીકી યહ વિશેષતા હૈ કિ કલિન્દગિરિકી ઉજવલ શિખર શ્રેણિસે ધવલજલધારાસે ધરાપર અમન્દગતિસે સદાર્પણ કરતી હુઈભી વહ સમુન્નત હૈ. વસ્તુતઃ લોકજીવનમેં અપને સ્થાનસેં હટને વાલે વ્યક્તિ શ્રી યમુનાકી ભાંતિ લોક કલ્યાણકે હેતું ત્યાગ નહિ કરતે. ઉનમેં તો માનવોચિત કમજોરીસેં નિમ્નગામિની પ્રવૃત્તિહી પનપતી હૈ. ઐસે વ્યક્તિકો શ્રી યમુના યહ દિવ્યસન્દેશ દેતી હૈ. કિ નિમ્નગમન કેવલ અધોગતિકા પરિચાયક નહીં દૂસરોંકો અનુપ્રાણિતકરને કે હેતુ હોના ચાહિયે. વસ્તુતઃ શ્રી યમુનાકી યહ વિશેષતા હૈ કિ સર્વ સમર્થા હોને પરભી મર્યાદાકા પરિત્યાગ નહીં કરતી વે શૈલ શિખરોંકા ઉલ્લંઘન કર સકતી હૈ કિન્તુ અપને જીવનકે શાશ્વત સિદ્ધાંન્તોકા પરિત્યાગ વે નહીં કરતી.

શ્રી શ્યામા શ્યામકે મનકા સંયુક્ત સ્વરૂપ હોનેસે વહ હમારી ભેદ દષ્ટિકા નિવારણ કરતી હૈ. ઔર જીવનકે સમસ્ત માનસિક

ભેદોંકો સમાપ્ત કરકે હમેં શ્રી વૃન્દાવનકી વીથિયોંમેં વિચરનેકા સન્દેશ દેતી હૈ. વાસ્તવિક દષ્ટિકોણસેં દેખા જાય તો શક્તિ ઔર શક્તિમાનકા અભેદ હે. કેવલ લીલાકૃત ભેદમાંત્ર હોતા હે અતઃ મન મોહનકી મનરૂપા શ્રી યયુના હમારે મનકી ભ્રાંતિ નહીં વહ તો નિશ્કલંક મનકી પ્રતીક હૈ. જિસમેં ન તો ક્ષય હોતા હૈ ન અસ્ત. વેદમેં ચન્દ્રમા મનસો જાતા કે રૂપમેં શ્રુતિ વહ યહ સ્પષ્ટ કરતી હૈ, પ્રભુકે મનકા અધિષ્ઠાતા આધિદૈવિક ચન્દ્ર ન તો ક્ષયી ઔર ન કલંકી ઔર ન અસ્તાચલગામીહી હે, વહ તો સર્વદા અમૃતસે પૂર્ણ ઉને '**वैष्णवा वैः वनस्पतय**'કી શ્રુતિકે અનુસાર પરોપકારી પ્રભુસેવા પરાયણ ભગવદીય મનકા અધિષ્ઠાતા હૈ. જો માનવકો દિવ્ય પ્રેરણાસે સતત શાન્તિ પ્રદાન કરતા હૈ. અતઃ આદિ સંકલ્પ સ્વરૂપા શ્રી યમુના નિરન્તર પ્રવાહિત હોતેહુએભી ભ્રાન્ત કલાન્ત નહીં હોતી. વર્મમાન યુગમેં પ્રગતિ સન્દેશ લેકર આગે બઢને વાલો કે જીવનકો ઈસ દષ્ટાન્તસે પ્રેરણા પ્રાપ્ત કરનેકા પર્યાપ્ત અવકાશ હૈ. યથાર્થમેં શ્રી યમુનાજીકે પ્રાદુર્ભાવકા યદિ કોઈ અસાધારણ કારણ હૈ તો શ્રમજલહી હે જો નિરન્તર સર્વ શક્તિમાન પ્રભુકે શ્રમનિવારણકી નિરન્તર સેવા કરતેહુએ અપને જીવનમેં અથવા સેવા કાર્યમેં થકાનકા અનુભવ નહીં કરતી કિન્તુ ઉન્હે તો ઇસમેં અપાર આનંદકા અનુભવ હોતા હૈ. યહી ભગવદીય જીવનકી સાર્થકતા ઔર માનવજીવનકા સાધ્ય હૈ. ઈસ સંદર્ભસે યહ સ્પષ્ટ હોતા હૈ કિ ટેન પરસેન ઇન્સ્પરેશન એન્ડ નાઇની પરસેન ઇસ્પરેશન હોને પરહી હમારા જીવન સફલ હો સકતા હૈ. કેવલ અધિકારકી ભાવનાસે નહીં. ઇસ પ્રકાર શ્રીયમુનાજી અધિષ્ઠાત્રી હોતી હુએભી શ્રમનિપારિણી હૈ જિનકે પાસ અનન્ત રત્નોકા ભંડાર હોતે હુએભી ઉન્હે અપની સાધનસમ્સત્તિ પર મિથ્યા અભિમાન નહીં હૈ, વે તો શ્રી પ્રભુચરણ કે માધ્યમસે બાદશાહકોભી બતાદેના ચાહતી હૈ કિ શ્રી વિઠ્ઠલેશને જો આપકી દીહુઈ માલા મુઝે અર્પિતકી ઇસસે આપકે મનમેં ક્ષોભ હોના યથાર્થ નહી હે, ક્યોં કિ જબ ઈતની રત્નરાશિમેંસે

આપ અપની રત્નમાલિકાકોભી નહીં પહચાન સકતે હોતો ફિર જીવનકે સિદ્ધાન્ત ઔર રહસ્યકો અપને સાધનોકે અભિમાનસે પહચાનનેકા પ્રયત્ન કેવલ ભ્રમ માત્રહી હૈ, ઇસલિયે જીવન રત્નકો અલગ કરકે ઉન્હોને સ્પષ્ટ ઘોષિત કિયા કિ યહ વે જડ રત્ન હૈ જિનમે બુદ્ધિકી જડતાકે કારણ ક્ષોભ હોતા હૈ કિન્તુ દિવ્ય રત્નોંકી ભાંતિ હમારા જીવન ક્ષોભ રહિત હોનાચાહિયે જિસમેં મલિનતાકા પ્રવેશ ન હો સકે ઐસી પતિતપાવની પરમાન્દદાયિની શ્રી યમુનાકે ભાવનામય અન્ત;કરણ ફલપરહી આચાર્ય શ્રી વલ્લભને પદ્મનાભદાસકો અનન્તરસ સાર સમુદ્ભૂત મધુર રસ સ્વરૂપ પ્રભુકા સ્વરૂપ સેવાર્થ પ્રદાન કર ઉન્હે સતત સેવાકા શાશ્વત સિદ્ધાન્ત સિખાયાથા યદિ હમારેભી અન્તર્ગત ઇન ભાવોંકો સ્વીકાર કરે તો હમારા શ્રેય ઔર પ્રેય દોનોંહી હમેં પ્રાપ્ત હો સકતે હૈ ઇસપ્રકાર વચનામૃત સાહિત્ય અપને આપમેં ઉપનિષદ્કી ભાવનામય કથાઓંકા હી અનુસરણ કરતા હૈ. જિસકે દ્વારા મહાપુરૂષોને હમેં દિવ્યજીવનકા સન્દેશ દિયા હૈ. ઉપનિષદકાલીન મહર્ષિવૃન્દભી અપની સુબોધ ભાષામેં જીવનકા રહસ્ય સમસ્ત વિશ્વકો સમઝાનેકા પ્રયાસ કરતે હૈ. ઉસી પ્રણાલી પર આધારિત યહ સાહિત્યભી માર્ગદર્શન દેનેમેં પૂર્ણ સમર્થ હૈ,

પરમ ભવદીય વિદ્વાન શ્રી નાગરદાસ બાંભણિયાને ઇસ પ્રકાર પ્રાચીન મહાપુરૂષોકી વાણીકા સમ્પાદન કર હમારા પરમહિત સાધન કિયા હૈ ઓર સાથહી હમે યહ પ્રેરણાભી દી હે કિ હમ જિસ વસ્તુકો સામાન્ય સમજકર ઉપેક્ષાકી દષ્ટિસે દેખતે હેં વહી ભાવનામય વચનામૃત સાહિત્ય હમારે જીવનકી સંજીવની હૈ. માનવ એક ભાવના પ્રધાનપ્રાણિ હૈ ઔર યહ એક સર્વ સામાન્ય તથ્ય હૈ કિ હમારી ભાવનાઓંકા પ્રભાવ હમારે જીવનપર બડા ગહરા હોતા હૈ, ભાવના હી હમારે જીવનકે નિર્માણ ઔર વિનાશકા પ્રધાન કારણ હૈ, ઇસલિયે હમારે વિચાર જગતમેં ભાવનાકા પ્રધાન સ્થાન હૈ. ઇસ વિષયમેં યહ ઉક્તિ પ્રસિદ્ધ હૈ કિ જિસકી જૈસી ભાવના હોગી ઉસે ઉસીકે અનુસાર

સિદ્ધિ પ્રાપ્ત હોગી. ઇસ પ્રકાર વચનામૃત સાહિત્યમેં ભાવનાકા સંપુટ કેવલ ઇસલિયે નહીં દીયા જાતા કિ વહ અનભિજ્ઞ સમાજકો સમઝાને કા પ્રકાર હૈ. કિન્તુ ઇસલિયે દિયા જાતા કિ ભાવનાત્મક વિચારસરણિકે દ્વારા માનવ જડ વસ્તુમેં ભી જડ ભાવકા પરિત્યાગ કરકે ઉસમેં સ્વરૂપાત્મકતાકે દર્શન કરે. ઇસ પ્રકારકે ભાવ હમારે જીવનમેં દૃષ્યામાન વસ્તુકી ભગવદરૂપતાકી સ્ફુરણા કરકે હમેં દિવ્ય અનુભૂતિકા સ્પન્દન પ્રદાન કરતે હે. અત ભાવનાત્મક વિચારપ્રાણાલિ પ્રબુદ્ધ વર્ગમેં ભી ચેતનાકા સંચાર કરને ઔર ઉસે સહૃદય સંત બનાનેમેં પરમ ઉપયોગી હૈ. રાજનગરવાલે શ્રધ્ધેય પૂજ્ય ગો. શ્રી રણછોડલાલજી મહારાજ એક સેવાપરાયણ સદાચારી આચાર્ય જિનકી વાણી ઔર કૃતિમેં પરમ સામ્યથા. ઐસેહી મહાપુરૂષ અપને જીવનસે જનમાનસ સદાચારકી સ્રોતરિવની પ્રવાહિત કરનેમેં સમર્થ હોતે હૈ. ઉનકી દિવ્ય ભાવત્મક વાણીકા મનન કર વૈષ્ણવ સમુદાય અવશ્યહી લાભાન્વિત હોગા ઐસા મેરા વિશ્વાસ હે.શ્રી ગિરધરલાલ જગજીવનદાસ શાહને મેરે પિતૃવ્ય કે વચનામૃત પર દો શબ્દ (ઉપોદ્ઘાત) લિખનેકી લિયે પ્રેરણાકી તદર્થમેં કૃતજ્ઞહૂ. ઔર શ્રી પુષ્ટિમાર્ગીય યુવક પરિષદ-બમ્બઈ કે કાર્યકર્તા તથા શ્રી નાગરદાસકો મેં હાર્દિક આશીર્વાદકે સાથ સાધુવાદ દેતાહૂ જિનકે દ્વારા પુષ્ટિમાર્ગકી રચનાત્મક સેવા બહુત સમયસે હો રહી હે અન્તમેં પુષ્ટિપુરૂષોત્તમ પ્રભુસે મેરી યહી પ્રાર્થના હૈ કિ વે સભીકો અપની કૃપાસે પરિપૂર્ણકર ઉન્હે ભક્તિપ્રદાન કરેં ઔર વૈષ્ણવસમાજ કર્તવ્યપરાયણ બનકર ઉનકી નામ સેવા એવંસ્વરૂપસેવાદ્વારા આનન્દાભૂતિ કરતા રહે. ઔર હમ સભી પ્રસ્તુત પુસ્તકકે બોધવચનોકો હૃદયેગમ કરકે જીવન સાર્થક કરે.

જતીપુરા,
આશ્વિન કૃષ્ણ ત્રયોદશી
વિ. સં. ૨૦૨૭
શનિવાર તા. ૧૬-૧૦-૭૧

ભવદીય
ગો. રણછોડાચાર્ય

"અનુક્રમણિકા"

વિભાગ પહેલો

વિષય	વચનામૃત સંખ્યા	પૃષ્ઠ
(૧) શ્રી યમુનાજી	૧–૬	૧
(૨) શ્રી મહાપ્રભુજી તથા શ્રી ગુસાંઈજીનું સ્વરૂપ	૭–૨૯	૩
(૩) શ્રી સ્વામિનીજીનું સ્વરૂપ	૩૦–૩૪	૧૬
(૪) શ્રી ઠાકોરજીનું સ્વરૂપ તથા ભાવના ...	૩૫–૬૧	૧૭
(૫) શ્રી નિધિ સ્વરૂપો	૬૨–૭૫	૨૬
(૬) શ્રીનાથજી	૭૬–૭૯	૩૩
(૭) શ્રી ગિરિરાજજી	૮૦–૮૫	૩૪
(૮) શ્રી શ્રુતિરૂપા અને ઋષિરૂપા ગોપીજનો	૮૬–૮૯	૩૫
(૯) પ્રભુ શ્રી નટવરલાલ	૯૦–૯૪	૩૭
(૧૦) શ્રી હરિરાયજી	૯૫–૯૮	૪૦
(૧૧) શ્રી ઠાકોરજીની કૃપા	૯૯–૧૦૬	૪૧
(૧૨) કૃપાસાગર શ્રી મહાપ્રભુજી	૧૦૭–૧૧૨	૪૨
(૧૩) શ્રી વલ્લભકુલ	૧૧૩–૧૫૨	૪૪
(૧૪) વહુ–બેટીજીના પ્રસંગો	૧૫૩–૧૫૯	૫૫
(૧૫) શ્રી નંદ–યશોદાજી	૧૬૦–૧૬૧	૫૮
(૧૬) ભગવદ્ અવતારો	૧૬૨–૧૬૪	૬૦

વિભાગ બીજો

વિષય	વચનામૃત સંખ્યા	પૃષ્ઠ
(૧૭) બ્રહ્મસંબંધ	૧૬૫–૧૭૭	૬૨
(૧૮) શરણમંત્ર તથા નિવેદનમંત્ર	૧૭૮–૧૮૩	૬૭
(૧૯) કંદીનો ભાવ–એક પ્રસંગ	૧૮૪	૬૮

વિષય | વચનામૃત સંખ્યા | પૃષ્ઠ

વિભાગ ત્રીજો

(૨૦) ગુરુમાં ભાવ કેવો હોવો જોઈએ ? ... ૧૮૫–૧૯૧ ૭૦
(૨૧) વૈષ્ણવો અને વલ્લભકુળનો સંબંધ ... ૧૯૨–૧૯૯ ૭૨
(૨૨) ૮૪ તથા ૨૫૨ વૈષ્ણવોના પ્રસંગોનો સાર ૨૦૦–૨૩૬ ૭૪
(૨૩) ભગવદીયનાં ચરિત્રો ૨૩૭–૨૪૬ ૮૩
(૨૪ વૈષ્ણવી સૃષ્ટિ ૨૪૭–૨૫૬ ૮૭

વિભાગ ચોથો

(૨૫) જન્મ મહોત્સવ અને પાટોત્સવ ... ૨૫૬(૧)–૨૫૮ ૯૨
(૨૬) નંદ મહોત્સવ ૨૫૯–૨૬૩ ૯૨
(૨૭) છઠ્ઠી પૂજનની ભાવના ૨૬૪–૨૬૫ ૯૪
(૨૮) પવિત્રાંની ભાવના ૨૬૬–૨૭૨ ૯૪
(૨૯) ઉત્સવોના ભાવો... ... ... ૨૭૩–૨૮૮ ૯૬

વિભાગ પાંચમો

(૩૦) શ્રી સર્વોત્તમ સ્તોત્ર ૨૮૯–૨૯૧ ૧૦૪
(૩૧) ભગવત્ સ્તોત્રોનો પાઠ ૨૯૨–૨૯૭ ૧૦૫
(૩૨) ગ્રન્થોનો પરિચય ૨૯૮–૩૦૬ ૧૦૭
(૩૩) દશમ સ્કંધના પ્રસંગો ૩૦૭–૩૦૯ ૧૦૯

વિભાગ છઠ્ઠો

(૩૪) ભૂતલ ઉપર પુષ્ટિમાર્ગની સમય-મર્યાદામાં વધારો ... ૩૧૦ ૧૧૦

વિભાગ સાતમો

(૩૫) શ્રી વ્રજ–ભૂમિ ૩૧૧–૩૧૬ ૧૧૩
(૩૬) બેઠક અને ગાદીજી ૩૧૭–૩૧૯ ૧૧૫
(૩૭) શ્રી નરોડા બેઠક પ્રાગટ્ય ૩૨૦–૩૨૨ ૧૧૬

વિષય — વચનામૃત સંખ્યા — પૃષ્ઠ

વિભાગ આઠમો

(૩૮) સેવાશૃંગારની ભાવના તથા પ્રકારો ... ૩૨૩–૩૬૭ ૧૧૯
(૩૯) સેવામાં આર્તિભાવ મુખ્ય છે ... ૩૬૮–૩૭૨ ૧૩૦
(૪૦) ભાવભાવના ૩૭૩–૩૯૨ ૧૩૧
(૪૧) સેવા ૩૯૩–૪૨૨ ૧૩૭
(૪૨) પુષ્ટિભાવ ૪૨૩–૪૨૬ ૧૪૩
(૪૩) પ્રાચીન રીત અને ગૃહાચાર ... ૪૨૭–૪૫૧ ૧૪૪
(૪૪) આરતીના ભાવ અને પ્રકાર... ... ૪૫૨–૪૫૭ ૧૫૧
(૪૫) કીર્તન--ધોળ–પદ... .. ... ૪૫૮–૪૬૮ ૧૫૩
(૪૬) અપરસ વિવેક ૪૬૯–૪૭૭ ૧૫૫
(૪૭) મહાપ્રસાદ ૪૭૮–૪૯૧ ૧૫૭
(૪૮) વસ્તુવિચાર ૪૯૨–૫૦૪ ૧૬૧

વિભાગ નવમો

(૪૯) પુષ્ટિમાર્ગીય સિદ્ધાંત ૫૦૫–૫૦૯ ૧૬૫
(૫૦) પુષ્ટિમાર્ગ ૫૧૦–૫૧૮ ૧૬૭
(૫૧) વૈષ્ણવધર્મ ૫૧૯–૫૨૯ ૧૬૯
(૫૨) વૈષ્ણવનું કર્તવ્ય ૫૩૦–૫૪૭ ૧૭૨
(૫૩) આચાર અને સદાચાર ૫૪૮–૬૧૬ ૧૭૮
(૫૪) "સત્યં વદ પ્રિયં વદ" ૬૧૭–૬૨૧ ૧૯૪
(૫૫) ધર્મની સૂક્ષ્મગતિ ૬૨૨–૬૩૪ ૧૯૬
(૫૬) આત્મધર્મ મુખ્ય છે ૬૩૫–૬૩૬ ૧૯૮
(૫૭) અનન્યાશ્રય ૬૩૭–૬૪૨ ૧૯૯
(૫૮) સત્સંગ અને ભગવદ્–વાર્તા ૬૪૩–૬૪૮ ૨૦૦
(૫૯) નિરોધ... ... ... ૬૪૯ ૨૦૧
(૬૦) પુષ્ટિ મર્યાદા તારતમ્મ ૬૫૦–૬૫૪ ૨૦૨

વિભાગ દસમો

વિષય	વચનામૃત સંખ્યા	પૃષ્ઠ
(૬૧) ગઈકાલ અને આજ	૬૫૫–૬૬૯	૨૦૫
(૬૨) કલિયુગમાં ભક્તિમાર્ગ	૬૭૦–૬૭૩	૨૦૮
(૬૩) ઉદારતા	૬૭૪–૬૭૭	૨૦૯
(૬૪) પતિવ્રતા	૬૭૮–૬૮૫	૨૧૧
(૬૫) ખરા પતિ કોણ ?	૬૮૬	૨૧૩
(૬૬) અધિકાર	૬૮૭–૬૯૦	૨૧૪
(૬૭) સ્વકીયા અને પરકીયા	૬૯૧–૬૯૩	૨૧૪
(૬૮) લીલા ભાવના	૬૯૪–૬૯૮	૨૧૫
(૬૯) વિપ્રયોગ	૬૯૯–૭૦૩	૨૧૭
(૭૦) મિત્રસેવા	૭૦૪–૭૦૬	૨૧૮
(૭૧) શંખનાદ–ઘંટાનાદ	૭૦૭–૭૧૦	૨૧૯
(૭૨) જગતના રિવાજ	૭૧૧–૭૨૩	૨૨૦
(૭૩) તીર્થયાત્રા	૭૨૪–૭૩૨	૨૨૩
(૭૪) વૈષ્ણવને ક્યાં ગમે	૭૩૩	૨૨૪
(૭૫) ગુરુકૃપા	૭૩૪	૨૨૫
(૭૬) "તેને કાલકર્મ નવ બાંધે રે"	૭૩૫	૨૩૧
(૭૭) નિત્યલીલા પ્રવેશ	૭૩૬–૭૩૯	૨૩૨
(૭૮) ઉપદેશાત્મક વચનામૃતો	૭૪૦–૭૬૮	૨૩૩
(૭૯) સ્વાનુભવ	૭૬૯–૭૮૨	૨૩૮
(૮૦) શ્રી વલ્લભકુલના વચનામૃતો તથા આજ્ઞાઓ	૭૮૩–૮૧૪	૨૪૫
(૮૧) વચનામૃત સંગ્રહ	૮૧૫–૮૫૨	૨૫૭
(૮૨) મુક્તાફલો	૮૫૩–૯૦૨	૨૬૫
(૮૩) સુભાષિતો	૯૦૩–૯૨૩	૨૭૦
(૮૪) પ્રકીર્ણ	૯૨૪	૨૭૨

"શુદ્ધિ પત્ર"

પાના	લીટી	વચનામૃત સંખ્યા	અશુદ્ધ	શુદ્ધ
૨	૭	૫	ધરે	ધરેલા
૪	૧૭	૧૦	લીધે	લીયે
૫	૫	૧૦	અમેરે	?
૫	૮–૯	૧૦	દીનના	દીનતા
૫	૧૨	૧૦	શ્રી અગ્નિકુમાકારન	શ્રી અગ્નિકુમારિકાન
૬	૪	૧૦	**बिभ्रमी**	**ब्रिभ्रती**
૬	૯	૧૦	**यदैब**	**यदैव**
૬	૧૩	૧૦	શ્રો	શ્રી
૭	૧૨	૧૦	તેને	તેનો
૭	૨૨	૧૧	**स्थापनाय**	**ख्यापनाय**
૮	૧	૧૧	**भबान**	**भवान**
૯	૩	૧૩	આંહી	અહીં
૧૩	૧૪	૨૯–૨	દાસા	દાસી
૧૩	૧૬	૨૯–૨	વડાઈ	બડાઈ
૧૩	૧૬	૨૯–૨	ન્યુનના	ન્યુનતા
૧૪	૫	૨૯–૨	શ્યામ	શ્યામા
૧૪	૧૩	૨૯–૨	વન્દન	વન્દનવાર
૧૫	૧૭	૨૯–૫	લગડે	બગડે
૧૮	૪	૩૭	શ્યમલાલજી	શ્યામલાલજી
૧૮	૯	૩૯	આ સ્વાદ	આસ્વાદ
૧૮	૧૦	૩૯	**जपते**	**जबते**
૧૯	૧૫–૧૭	૪૧	એકકાલાપરિચ્છિન્ન	એકકાલાવચ્છિન્ન

પાના	લીટી	વચનામૃત સંખ્યા	અશુદ્ધ	શુદ્ધ
૨૭	૧૬	૬૪	પ્રસિદ્ધ	પ્રસિદ્ધી
૩૨	૨૦	૭૩	જીમ્ભાલીલા	જૂમ્ભાલીલા
૩૭	૧૭	૯૦	શ્રીલાલજીને	શ્રીલાલજીનો
૩૯	૪	૯૩	વિચારીતે જ	વિચારીને જ
૪૦	૨	૯૪	ઉત્પત્તિ	ઉપપત્તિ
૪૪	૨	૧૧૩	પેટીએ	પેઢીએ
૪૮	૮	૧૩૨	લાલજી	લાલજી)
૪૮	૨૧	૧૩૩	ઉત્સવો	ઉત્સવો.
૪૯	૨૧	૧૩૮	વિજ્ઞાનોને	વિદ્વાનોને
૫૦	૮	૧૩૯	ને કાંઈ	જે કાંઈ
૫૧	૧૨	૧૪૩	શ્રા	શ્રી
૫૭	૫	૧૫૮	શ્રી ગોપાલનાથજી	શ્રી ગોપીનાથજી
૫૯	૧૫	૧૬૧	પુષ્ટ	પુષ્ટિ
૬૮	૭	૧૮૩	ભગવત:સ્મરણ	ભગવત્સ્મરણ
૬૮	૭	૧૮૩	ભવ	ભાવ
૭૦	૧	૧૮૫	ગુરુમાંભાવ (૨૦)	ગુરુમાં ભાવ
૭૦	૫	૧૮૬	ધર્મરૂપ	ધર્મરૂપ
૭૦	૬	૧૮૬	શ્રી રઘુનાથજી	શ્રી રઘુનાથજી
૭૦	૧૫	૧૮૮	પ્રસન્નના	પ્રસન્નતા
૭૧	૪	૧૮૮	વિશ્વાસ	વિશ્વાસ
૭૮	૫	૨૧૭	“એવા માં	“એ મા
૭૮	૧૭	૨૧૯	દશન	દર્શન
૭૯	૬	૨૨૧	ચૌહાણની	ચૌહાણને
૭૯	૨૧	૨૨૪	એકવાર	એકવાર

પાના	લીટી	વચનામૃત સંખ્યા	અશુદ્ધ	શુદ્ધ
૮૦	૧૯	૨૨૬	ક્રાંઇક	ક્રાંઈક
૮૨	૨૨	૨૩૫	માથે	સાથે
૮૪	૧૦	૨૩૯	પોનાની	પોતાની
૮૮	૧૦	૨૫૦	વષ્ણવતા	વૈષ્ણવતા
૯૩	૩	૨૬૧	શીચ	શૌચ
૯૬	૨૦	૨૭૩	આયુષ્ય.	આયુષ્ય
૯૭-૯૯ ૧૦૧-૧૦૩	૧	–	પવિત્રાંની ભાવના	ઉત્સવોના ભાવે
૯૮	૯	૨૭૪	પટોત્સય	પાટોત્સવ
૧૦૧	૧૩	૨૮૫	નવપૂર્વા	નવપૂવા
૧૦૧	૧૭	૨૮૫	લખી	લૂખી
૧૦૧	૨૦	૨૮૫	પીણુ	?
૧૦૬	૧૪	૨૯૫	પરિવૃટાષ્ટક	પરિવૃઢાષ્ટક
૧૦૮	૯-૧૨-૧૫	૩૦૨	અનુક્રમણી	અનુક્રમણિકાં
૧૧૩	૧૯	૩૧૪	ઓલો	ઓલે
૧૧૫	૧૬	૩૧૭	કરવું.	(ઉપર છેકો)
૧૧૬	૮	૩૨૦	(૩૭) શ્રીબેઠક પ્રાગટ્ય	(૩૭) શ્રી નરોડા બેઠક પ્રાગટ્ય
૧૨૫	૪	૩૪૭	(૩૪૮).	(૩૪૭)
૧૨૫	૬	૩૪૭	तत्रारमत	तत्रारभत
૧૨૫	૭	૩૪૭	बद्धबाभि	बद्धबाहुभिः
૧૨૫	૯	૩૪૭	ગોવર્ધનલીલાન	ગોવર્ધનલીલાના
૧૨૫	૧૧	૩૪૭	વિલોપન	વિલોવન

પાના	લીટી	વચનામૃત સંખ્યા	અશુદ્ધ	શુદ્ધ
૧૩૨	૨૩ (છેલ્લી)	૩૭૮	રેરોમાવલી અને પ્રિયાની	(ઉપર છેકો)
૧૩૭	૬	૩૯૩	આપણો	આપણી
૧૪૦	૧૯–૨૦	૪૦૮	ત્યાં સુધી...હોય	(ઉપર છેકો)
૧૪૩	૧૯	૪૨૪	સમ્યક્‌વાણી	સમ્યક્‌વર્ણ
૧૫૪	૧૧–૧૩	૪૬૪	—	આ વચનામૃત ભુલથી છપાયું છે.
૧૫૯	૧	—	૫૯૯	૧૫૯
૧૬૫	૧૮	૫૦૭	અશ્વિવાસ	અવિશ્વાસ
૧૬૬	૧	૫૦૮	જેવા આચાર	(૫૦૮) જેવા આચાર
૧૭૮	૧૨	૫૪૯	કોકને.	કોકને
૧૮૫	૬	૫૭૬	એક વખતે	(૫૭૬) એક વખતે
૧૯૨	૧૪	૬૦૫	બ્રહ્માણ	બ્રાહ્મણ
૧૯૯	૮	૬૧૭	ભક્તાનો	ભક્તોનો
૨૦૧	૧૮	૬૪૯	(૫૮) નિરોધ	(૫૯) નિરોધ
૨૧૯	૩–૧૧	૭૦૭–૭૧૦	ઘંટનાદ	ઘંટાનાદ
,,	૧૭	૭૧૦	હવે હવે	હવે
૨૨૧	૧૧	૭૧૬	विमेदेन	विभेदेन
૨૨૮	૨૩	૭૩૪	લૌકિકાશક્તિ	લૌકિકાસક્તિ
૨૨૯	૧૩	૭૩૪–૮	ઓળખ્ય	ઓળખ્યા
૨૩૦	૧૫	૭૩૪	તેથા	તેથી
૨૩૨	૨	૭૩૫	दासेपु	दासेषु
૨૩૨	૨	૭૩૫	भिध्यते	मिष्यते
૨૩૨	૪	૭૩૫	माध्रातुमेव	माघ्रातुमेव
૨૩૨	૬	૭૩૫	पीयूष	यूपीष

પાના	લીટી	વચનામૃત સંખ્યા	અશુદ્ધ	શુદ્ધ
૨૩૬	૪	૭૫૬	વદિક	વૈદિક
૨૩૬	૫	૭૫૬	વૈદિકને સિદ્ધ	વૈદિકને હરિ સિદ્ધ
૨૩૬	૭	૭૫૭	કોઈ કોઈ	કોઈ કાંઈ
૨૩૮	૧૯	૭૬૯	(૮૯) સ્વાહેભવ	(૬૯) સ્વાનુભવ
૨૩૯	૧	—	સ્વાનુભાવ	સ્વાનુભવ
૨૪૦	૨૦	૭૭૫	અલધ	અલગ
૨૪૨	૧૮	૭૭૬	લગ્ર	લગ્ન
૨૪૪	૩-૧૮	૭૮૨	માલા	માળા
૨૪૯	૭	૭૯૫	જો	જે
૨૫૫	૭	૮૧૧	चितेन	चित्तेन
૨૫૫	૧૩	૮૧૨	રંઠાના	રંડાવા
૨૫૭	૯	૮૧૭	ઘણીવાર	ધણીવાર
૨૬૨	૧૦	૮૩૬	સખડી જાય	સખડી થઈ જાય

॥ શ્રી કૃષ્ણાય નમઃ ॥
॥ શ્રી ગોપીજનવલ્લભાય નમઃ ॥
॥ શ્રીમદ્દાચાર્ય ચરણકમલેભ્યો નમઃ ॥
॥ શ્રી ગુરવે નમઃ ॥

ભગવત્સેવાનિષ્ઠ નિત્યલીલાસ્થ પૂજ્યપાદ ગોસ્વામિ શ્રી રણછોડલાલજી મહારાજ (રાજનગરવાળા)ના

વચનામૃતો તથા પ્રસંગો

(૧) શ્રી યમુનાજી

(૧) ચૈત્ર સુદી ૬ એ દિવસે શ્રીયમુનાજીનું પ્રાકટ્ય થયેલું.

(૨) શ્રી યમુનાજી, શ્રી ઠાકોરજી અને શ્રીસ્વામિનીજીનું મન છે માટે, તેમનો અલગ ઉત્સવ નથી.

(૩) સૌ સ્વરૂપોના પ્રાકટ્યોત્સવ છે, પરંતુ શ્રી યમુનાજીનો પ્રાકટ્યોત્સવ નથી તેનું કારણ એ કે શ્રી યમુનાજી યુગલસ્વરૂપનું મન છે; એટલે યુગલસ્વરૂપના ઉત્સવમાં તેમનો ઉત્સવ આવી ગયો.

(૪) વસ્ત્ર અને મંજુષાનાં અધિપતિ શ્રીયમુનાજી છે.

(૫) શ્રીયમુનાજી મુકુટ અને કાછની ધરે છે તેનો પ્રસંગ નીચે પ્રમાણે છે–બાદશાહે શ્રીગુસાંઈજીને એક મોતીની

માલા આપી, શ્રીગુસાંઈજીએ તે શ્રીયમુનાજીમાં પધરાવી આપી. બાદશાહને ખોટું લાગ્યું ત્યારે શ્રીગુસાંઈજીએ શ્રીહસ્ત શ્રીયમુનાજીમાં નાખી અનેક માલાઓ કાઢી આપી અને આજ્ઞા કરી કે તારી જે માલા હોય તે આમાંથી લઈ લે, બાદશાહ મુંઝાઈ ગયો ત્યારે શ્રીયમુનાજીએ દર્શન આપ્યાં અને તે માલા કાઢી આપી. આ સમયે શ્રીયમુનાજી એ મુકુટ કાછનીના શૃંગાર ધરે છે. (શ્રીઠાકોરજીના માન મનાવવાના પ્રસંગથી મુકુટ–કાછનીના શૃંગાર શ્રીયમુનાજીએ ધારણ કરેલો, એવો પણ પ્રસંગ પ્રસિદ્ધ છે.)

(૬) મુંબઈના બડા મંદીરમાં બીરાજતા શ્રી બાલકૃષ્ણજી રજો ક્ષત્રિયાણીને માથે બીરાજતા હતા અને આપનું પ્રાકટ્ય શ્રીયમુનાજીમાંથી થયું છે. અરે ન્યોછાવર દઈને જે સ્વરૂપ લીધાં હોય તે બધાનું પ્રાકટ્ય પણ શ્રીયમુનાજીમાંથી જ છે કારણ કે યમુનાજીથી સ્નાન કરાવ્યા બાદ જ તે સ્વરૂપ પુષ્ટ બને છે. અરે–વસુદેવજીના ટોપલામાં બીરાજતું સ્વરૂપ પણ જ્યારે યમુનાજી દ્વારા પુષ્ટ થયું ત્યાર પછી જ વ્રજમાં પધારી શક્યું છે. યમુનાજીનું આપણે ત્યાં આટલું બધું માહાત્મ્ય છે. યમુનાજી એ શ્રી ઠાકોરજી અને શ્રી સ્વામિનીજીનું મન છે. મન હોય તો જ બધું કાર્ય સિદ્ધ થાય. શ્રીયદુનાથજી શ્રીયમુનાજીનું સ્વરૂપ છે માટે શ્રીયદુનાથજીના વંશના બાલકો બહુ કૃપા વરસાવે છે અને આનંદ તેમ રસની રેલ ચલાવે છે. જ્યારે શ્રીગિરિધરજી નિત્યસિદ્ધા શ્રીસ્વામિનીજીનું સ્વરૂપ છે. તેને અભિમાન

હોય. તે શોક્યની ઈર્ષ્યા કરે માટે શ્રીગિરિધરજીના વંશના બાલકો છૂટથી રસદાન નથી કરતા, પરંતુ શ્રીયમુનાજી તો સમજે છે કે જેવી હું એવા તમે, એટલે શ્રીયદુનાથના વંશના બાલકો હૃદય ખોલીને વાતો કરે છે.

(૨) શ્રીમહાપ્રભુજી તથા શ્રી ગુસાંઈજીનું સ્વરૂપ

(૭) જેમાં પ્રાકૃત સંબંધ છે તે શ્રી મહાપ્રભુજી શ્રી ગુસાંઇજી વગેરેનું ગૌણ સ્વરૂપ, જેમાં પ્રાકૃત સંબંધ નથી જે **वस्तुतः कृष्ण एव** એ પ્રમાણે કહેવામાં આવ્યું છે તે મુખ્ય સ્વરૂપ.

(૮) શ્રીમહાપ્રભુજી વિરહનું સ્વરૂપ છે તે આપશ્રી સંયોગ રૂપ જે સફેદ વસ્ત્ર તેથી ઢાંકે છે. શ્રીગુસાંઈજી સંયોગનું સ્વરૂપ છે તે આપશ્રી વિરહરૂપ જે કેસરી વસ્ત્ર તેથી ઢાંકે છે એટલે જ્યાં પ્રકટ વિરહ ત્યાં ભિતર સંયોગ અને જ્યાં પ્રકટ સંયોગ ત્યાં ભિતર વિરહ. શ્રીસ્વામિનીજીને ઉપરથી સંયોગ છે પરંતુ ભિતર વિયોગ છે કે જેનું દર્શન પલકાન્તર વિરહમાં થાય છે.

(૯) શ્રી આચાર્યજી શ્રી મહાપ્રભુજીનું સ્વરૂપ એ કે આપશ્રી નિત્યસિદ્ધા શ્રીસ્વામિનીજી છે. આપશ્રીનો સ્વકીયા રસ છે અને આપશ્રી નિત્ય વિપ્રયોગ રસમાં મગ્ન રહે છે, માટે આપશ્રીનું ઉષ્ણકાલમાં પ્રાકટ્ય છે.

શ્રી ગુસાંઈજીનું સ્વરૂપ એ કે આપશ્રી શ્રુતિરૂપા શ્રીચંદ્રાવલીજી છે. આપશ્રીનો પરકીયા રસ છે અને આપશ્રી નિત્ય સંયોગરસમાં મગ્ન રહે છે માટે આપશ્રીનું શીતકાલમાં એટલે હેમન્ત ઋતુમાં પ્રાકટ્ય છે. આપશ્રીનો વંશ એ શ્રુતિરૂપાનું યૂથ છે. શ્રુતિરૂપાના યૂથનો અંગીકાર તુર્યપ્રિયા શ્રીયમુનાજીના યૂથ સાથે છે. શ્રુતિ ઉચ્ચારવાનો અધિકાર દ્વિજોને હોય માટે શ્રીગુસાંઈજી અને આપશ્રીના વંશનું પ્રાકટ્ય દ્વિજકુલમાં છે.

(૧૦) વેરાવલવાળા શ્રીગોવર્ધનલાલજી મહારાજના વીસમા વચનામૃતમાં આપશ્રીએ એવી આજ્ઞા કરી છે કે.... "અબ શ્રીગુસાંઈજી કો પ્રાકટ્ય હે સો સાક્ષાત અગ્નિકુમારિકા જો શ્રી 'રાધા સહચરી હે, ઉનકો પ્રાકટ્ય નિશ્ચય હે, સો પ્રત્યક્ષ દીખે હે, કારણ કે આપને શ્રુતિરૂપાનમેં જો મુખ્ય શ્રી ચંદ્રાવલીજી હે તીનકે સ્વરૂપકો વર્ણન દાનલીલાષ્ટકમેં બહોત કર્યો હે. ઔર શ્રી સ્વામિનીજી સ્તોત્રમેં આપને આજ્ઞા કરી જો પ્રભુ ઓર આપ એકાંતમેં બીરાજતે હોય તા સમે કોઈ સેવાકે લીધે શ્રી ચંદ્રાવલીજી દ્વારા મોકું બોલાવે. અર્થાત્ શ્રુતિરૂપા (શ્રી ચંદ્રાવલીજી) જો હે તિનકો પુષ્ટિ પુષ્ટિમે અંગીકાર હોઈ ગયો અર્થાત્ શ્રી સ્વામિનીજી કે સંગ એકાંતમે જો નાના પ્રકારકી ક્રીડા કરે હે તા સમે પંખા આદિકી સેવા કરે હે તથા વા લીલા કે દર્શનકો અધિકાર હે સો કેવલ શ્રીચંદ્રાવલીજીકું તથા શ્રુતિરૂપાનકું હી હે.

અગ્નિકુમારિકા મર્યાદાપુષ્ટ હે, તાસું ઉનકું બાલલીલા તથા સ્વકીયત્વ કે સુખ મીલે હે. પરકીયાકો સુખ તથા શ્રીસ્વામિનીજી શ્રી ઠાકોરજીકી એકાંતલીલાકો દર્શન યા સુખકી પ્રાપ્તિ નહી હે, વા સું હી શ્રી સ્વામિનીજીકી પ્રાર્થના શ્રીગુસાંઇજીને બહોત કરી હે ઓર અબેરે પુષ્ટિમાર્ગમેં શ્રીસ્વામિનીજીકો હી તથા શ્રી ચંદ્રાવલીજીકો હી મુખ્યત્વ રાખે હે.

ઓર શ્રુતિરૂપા જો પરકીયા હે, તાસું દીનનાહું વિશેષ હે તાસું દીનનાહું યા માર્ગમેં વિશેષ માની હે. અર્થાત્ જો ફલ શ્રુતિરૂપાનકું ભયો એ ફલકી ચાહના અગ્નિકુમારિકાનકું હે, તાસું સબ ગોસ્વામિબાલકકું હમ શ્રીઅગ્નિકુમાકારનકો સ્વરૂપ માને હૈ.

“ શ્રી સહચરીજી રાધિકા હૈ સો અગ્નિકુમારીકાનમેં મુખ્ય સ્વામિનીજી હે ”.......આપશ્રીની વાત સાચી તેમ સપ્રમાણ છે.

દાનલીલાષ્ટકમાં શ્રી ગુસાંઈજી શ્રી ચંદ્રાવલીજીનુંજ વર્ણન કરે છે.

अशेषसुकृतोदयैरखिलमंगलैर्वेधसा
मनोरथशतैः सदा मनसि भावितैर्निर्मिते ।
अहन्यतिमनोहरे निजगृहाद्विहारेच्छया
सखिशतवृताऽचलद्व्रजवनेषु चन्द्रावली ॥

દાનલીલા (૨)

આ બીજા શ્લોકમાં નામ નિર્દેશપૂર્વક શ્રીચન્દ્રાવલીજીનું વર્ણન છે.

मत्समर्पितसिन्दूररेखोपरि परिस्थिताम् ।
मुक्ताफलावलीमालि सीमन्ते बिभ्रमी बभौ ॥

દાનલીલા (૮)

આ આઠમા શ્લોકમાં તો શ્રી ગુસાંઈજી એમ આજ્ઞા કરે છે કે મેં શ્રી ચન્દ્રાવલીજીના સીમન્ત પર સિન્દૂર ધર્યો છે. શ્રી સ્વામિની સ્તોત્રનો પ્રથમ શ્લોક આ પ્રમાણે છે.

यदैव श्रीराधे रहसि मिलति त्वां यदुपति
स्तदैवाकार्या हि निजचरणदास्ये निगदिता ।
मुदा चन्द्रावल्या शशिमुखि कृतार्थास्मि भवती
तथा संपन्ने मां स्मरति यदि संप्रेक्षणविधौ ॥ १ ॥

શ્રો ઠાકોરજી આપને એકાંતમાં મળે ત્યારે આપની સેવા માટે શ્રી ચન્દ્રાવલીજી દ્વારા મને બોલાવવા કૃપા કરશો એમ શ્રી ગુસાંઈજી શ્રી સ્વામીનીજી પાસે પ્રાર્થના કરે છે. શ્રી રાધાસહચરીજીના શ્રીમુખમાંથી આ શબ્દો સહજ નીકળે.

આ ઉપરાંત શ્રી ગુસાંઈજીનું અગ્નિકુમારત્વ બીજી રીતે પણ છે– શ્રી મહાપ્રભુજી અગ્નિ અને આપ તેઓશ્રીના કુમાર. પરંતુ આપણે ત્યાં બીજો એવો પણ સિદ્ધાન્ત છે કે શ્રી ગુસાંઈજી શ્રી ચન્દ્રાવલીજીનું સ્વરૂપ છે. શ્રી ટિપ્પણીજીના શ્રી મંગલાચરણનો શ્લોક આ વાતની પૂરવાર આપે છે.

नम : श्रीकृष्णपादाब्जतलकुङ्कुमपङ्कयो : ।
रुचे यदरुणं शश्वन्मामकं हृदयाम्बुजम् ॥ (ટિ. મં)

આ શ્લોકમાં 'શ્રી' એટલે શ્રી સ્વામિજીનીજી એમ શ્રી પુરુષોત્તમજી અર્થ કરે છે. એટલે શ્રી ઠાકોરજી અને શ્રી સ્વામિનીજીનાં ચરણતલમાં લગાવેલ કેસરથી શ્રી ગુસાંઈજીનું હૃદય હંમેશ માટે રંગાયેલ છે એમ શ્લોકનો અર્થ થયો. અર્થાત્ શ્રી ગુસાંઈજીનો એકાંતલીલામાં અધિકાર હંમેશ માટે છે એટલે શ્રી ગુસાંઇજી શ્રી ચન્દ્રાવલીજીનું સ્વરૂપ છે એ વાત અહીં સ્પષ્ટ થાય છે.

હવે ઉપરનાં (શરૂઆતનાં) વાક્યો શ્રી ગુસાંઈજી શ્રી ચન્દ્રાવલીજી હોય તો કેમ ઘટે? એમ કોઈ આશંકા કરે તો તેને જવાબ નીચે પ્રમાણે છે.... એક જબ્બર સિદ્ધાંત એ છે કે પોતે પોતાનું સ્વરૂપ જાણી નથી શકતું, તે જાણવા બીજું સ્વરૂપ આવશ્યક છે. શ્રી ચન્દ્રાવલીજીને પોતાના સ્વરૂપનો અનુભવ અને આનંદ નથી એટલે એમણે શ્રી ગુસાંઈજી સ્વરૂપે પ્રાકટ્ય લીધું અને પોતાના સ્વરૂપનો અનુભવ અને આનંદ પ્રાપ્ત કર્યો. આ વાત ધ્યાનમાં લેતાં એ બધાં વાક્યો સહેજે સમજી શકાય. આ બન્ને ભાવો એકીસાથે કેમ? તેવો પ્રશ્ન ઉઠે તો તેનો જવાબ એ કે શ્રી મહાપ્રભુજી "सर्वलक्षण संपन्नः" અને "स्ववंशे स्थापिताऽशेषस्वमाहात्म्य :" છે.

(११) अज्ञानांद्यधकारप्रशमनपटुतास्थापनाय त्रिलोक्या-
मग्नित्वं वर्णितं ते कविभिरपि सदा वस्तुत : कृष्ण पव ।

प्रादुर्भूतो भवानित्यनुभवनिगमाद्युक्तमानैरवैत्य
त्वां श्रीश्रीवल्लभे मे निखिलबुधजना गोकुलेशं भजन्ते ॥

આ 'વલ્લભાષ્ટક' નો આશય લઈ શ્રી ગોકુલનાથજીએ નીચેનું કીર્તન પ્રકટ કર્યું છે.

प्रकटे कृष्णानन द्विजरूप । माघोमास कृष्ण एकादशी आये
अग्नि स्वरूप ॥ दैवीजन उद्धारन कारन आनंदमय रसरूप ।
श्री वल्लभ गिरिधर वल्लभ दोउ एक तेई एक स्वरूप ॥१॥

(૧૨) શ્રી મહાપ્રભુજી એકદમ ગૌર કે એકદમ શ્યામ નથી તેનું કારણ એ કે આપશ્રી શ્રી ઠાકોરજી અને શ્રી સ્વામિનીજીના સંશ્લેષનું સ્વરૂપ છે.

(૧૩) સોમયજ્ઞ સાચા કર્યા તો શ્રી મહાપ્રભુજીએ, અને તે પણ કોટાનકોટી, માટે આપશ્રી ખરા દીક્ષિત અને આપશ્રી આપના વંશ સ્વરૂપે બીરાજી કોટાનકોટી યજ્ઞો કરી રહ્યા છે. સોમયજ્ઞમાં યજમાન શું કરે છે? એક જીવતાં પ્રાણીને મારીને હોમે છે અને તે પ્રાણીને સ્વર્ગ પ્રાપ્ત થાય છે અને તેનું પુણ્ય તેને પ્રાપ્ત થાય છે.

હવે શ્રી મહાપ્રભુજી શું કરે છે? તે જોઈએ. એક જીવને શરણે લઈ શ્રી ઠાકોરજી સન્મુખ કરે છે. સોમયજ્ઞમાં પશુને મરવું પડે છે. આ માર્ગમાં શરણે આવેલ જીવને મરવું પડતું નથી. સોમયજ્ઞમાં પશુને પ્રાકૃત સ્વર્ગાનન્દની પ્રાપ્તિ અને એ પણ અલ્પ સમય માટે થાય છે. આ માર્ગમાં જીવને અપ્રાકૃત સ્વરૂપાનંદની પ્રાપ્તિ અને તે

હંમેશને માટે. સોમયજ્ઞમાં તો પશુને સ્વર્ગની પ્રાપ્તિ થાય પછી આશિર્વાદ આપે. ત્યાં સુધી ગાળોજ આપે, પરંતુ આંહી તો પહેલેથીજ આનંદ અને આશીર્વાદ. માટે ખરો સોમયજ્ઞ તો શ્રી મહાપ્રભુજીજ કરે છે. સત્યુગમાં આ વાત કોઈ જાણતું ન હતું. આ સત્યુગનું અંધારૂં શ્રી મહાપ્રજીએ દૂર કર્યું. બ્રહ્મસંબંધ ગોવિન્દપ્રિયા શ્રી તુલસીજીની સાક્ષીએ અપાય છે, તેમાં એ ભાવ કે જેમ આ તુલસીજી આપની પ્રિયા છે તેમ મને પણ કૃપા કરી આપ પ્રિયા બનાવો.

(૧૪) ઉપર કહેવામાં આવેલ યજ્ઞ શ્રી મહાપ્રભુજી નિત્ય કરતા, માટે શ્રી ગુસાંઈજીનો નિયમ હતો કે રોજ એક જીવને શરણે લેવો અને એક દિવસ કોઈ ન મળ્યું એટલે કબુતર–કબુતરીને બ્રહ્મસંબંધ કરાવ્યું.

(૧૫) આપણી દૃષ્ટિજ પ્રાકૃત છે, શ્રી મહાપ્રભુજીનો વંશ તો નિત્ય અપ્રાકૃત છે. તે પ્રાકૃત હોય તો શ્રી મહાપ્રભુના સ્વરૂપને વાંધો આવે.

(૧૬) શ્રી ગુસાંઈજીનો એવો નિયમ હતો કે આપ શ્રી મહાપ્રભુજીનાં દર્શન કર્યા પછી જ સવારે નેત્ર ખોલતા. હવે એક દિવસ એવું બન્યું કે આપ નેત્ર મુંદીને પધારતા હતા. તેવામાં આપશ્રીને કાંઈક લાગી ગયું અને લોહી નીકળ્યું. શ્રી મહાપ્રભુજીએ આ બનાવ બન્યા બાદ આપશ્રીને આજ્ઞા કરી કે તમે મારૂં એક ચિત્ર તૈયાર

કરો. શ્રી ગુસાંઈજીએ શ્રી મહાપ્રભુજીની આ આજ્ઞા બાદ શ્રીહસ્તે એક શ્રી મહાપ્રભુજીનું ચિત્ર તૈયાર કરેલું. તે હાલ કયાં છે તે વિદિત નથી. પરંતુ શ્રી ગુસાંઈજી જબ્બર ચિત્રકાર હતા. અને આપશ્રીએ શ્રીહસ્તે શ્રી નવનીતપ્રિયજીનું ચિત્ર કરેલ છે તે કોટાવાળા શ્રી દ્વારિકેશલાલજી મહારાજ પાસે છે.

(૧૭) શ્રી મહાપ્રભુજી પણ પૂર્ણ પુરુષોત્તમ અને શ્રી ઠાકોરજી પણ પૂર્ણ પુરુષોત્તમ અને બન્નેની લીલા વિરુદ્ધ ધર્માશ્રયી. તથાપિ શ્રી મહાપ્રભુજીની લીલા મર્યાદા અનુસાર છે. જ્યારે શ્રી ઠાકોરજીની લીલા મર્યાદાનું ઉલ્લંઘન કરે છે, શ્રી મહાપ્રભુજીની લીલામાં યજ્ઞ–કર્તૃત્વ પ્રધાન છે અને શ્રી ઠાકોરજીની લીલામાં યજ્ઞ–ભોક્તૃત્વ પ્રધાન છે.

(૧૮) શ્રી લક્ષ્મણભટ્ટજીને બે સ્ત્રીઓ હતી. એક અલમ્માગારૂ અને બીજી એલ્લમાગારૂ. તેમાં અલ્લમાગારૂના રામકૃષ્ણ ભટ્ટ અને કેશવરાય અને એલ્લમાગારૂના શ્રી મહાપ્રભુજી. ત્રણેમાં શ્રી મહાપ્રભુજી સૌથી નાના, માટે તો આપનું નામ "વલ્લભ" ધરેલું. શ્રી લક્ષ્મણ ભટ્ટજી ધામમાં પધાર્યા બાદ આપે પ્રથમ પરિક્રમા પ્રારંભેલી અને કૃષ્ણદેવ રાયની સભામાં વિજય કર્યો. તે પરિક્રમા અર્ધાંજ થયેલી અને આપ પાછા પધાર્યા; ત્યારબાદ શ્રી એલ્લમાગારૂજી ધામમાં પધાર્યાં. એટલે શ્રી નવનીતપ્રિયજીનો પ્રસંગ છે તે અક્કાજી એટલે શ્રી મહાલક્ષ્મીજીના સંબંધમાં છે.

(૧૯) અગ્નિનો વર્ણ દેખાવમાં પીળો છે. પરંતુ

પરિણામે શ્યામ છે. એટલે શ્રી મહાપ્રભુજીનું શ્રીઅંગ શ્યામ છે. ઉપરાંત શૃંગારરસનો વર્ણ પણ શ્યામ છે. એટલે શ્રી નાથજી અને શ્રી મહાપ્રભુજીનો વર્ણ શ્યામ છે.

(૨૦) "અશેષ માહાત્મ્યનો તો આપજ અનુભવ કરી રહ્યા છે. અને બિન્દુસૃષ્ટિ જેટલે અંશે તાપ રાખે તેટલે અંશે તેને શેષ માહાત્મ્યનો અનુભવ થાય. અશેષ માહાત્મ્યથી ઉદ્ધાર છે અને શેષ માહાત્મ્યથી આસ્વાદ છે.

(૨૧) શ્રી ગુસાંઈજી સ્વયં દામોદરદાસજીને ચરણસ્પર્શ અને જુઠણ ન દેતા, પરંતુ દામોદરદાસજી પોતે તે લેતા. ગુસાંઈજી સ્વયં ન દેતા, એનું કારણ એ કે દામોદરદાસજીના હૃદયમાં અખંડ શ્રી મહાપ્રભુજી બિરાજતા અને દામોદરદાસજી જે જુઠણ લેતા અને ચરણસ્પર્શ કરતા એ દ્વારા શ્રી મહાપ્રભુજીએ જતાવ્યું કે શ્રી ગુસાંઇજી એ શ્રી ઠાકોરજીનું જ સ્વરૂપ છે. એમ ન હોય તો (શ્રી દામોદરદાસજીના હૃદયમાં બીરાજતા) શ્રી મહાપ્રભુજી તેમનું જુઠણ કેમ લઈ શકે ?

(૨૨) શ્રીમહાપ્રભુજી અને શ્રીનાથજી બંને એકજ સ્વરૂપ છે. "**वस्तुतः कृष्ण एव**" બંને નિર્ગુણ. શ્રીગુસાંઈજી અને શ્રીનવનીતપ્રિયાજી એ બંને સગુણ સ્નેહી સ્વરૂપ. એટલે અમે તો સગુણ અને શ્રીગુસાંઈજીના બાલક. શ્રી વલ્લભના બાલક તો કેવળ શ્રીગુસાંઇજી.

(૨૩) જેને શ્રીપુરુષોતમ સ્વરૂપે દર્શન થયાં છે તેને શ્રીગુસાંઇજીએ શ્યામ સ્વરૂપે દર્શન આપ્યાં છે અને જેને

આચાર્ય સ્વરૂપે દર્શન થયાં છે તેને ગુસાંઈજીએ ગૌર સ્વરૂપે દર્શન આપ્યાં છે.

(૨૪) શ્રી મહાપ્રભુજીએ પ્રમાણમાં રહી કૃપા કરી છે. શ્રીગુસાંઈજીએ કૃપા કરવામાં પ્રમાણનો વિચાર જ કર્યો નથી, માટે આપ "પરમદયાળ" એ નામે પ્રસિદ્ધ છે.

(૨૫) શ્રી મહાપ્રભુજી તો સદાના મનાયેલા છે. આપ રીસે તો આપને રીઝવવા જીવ પાસે શું સાધન હોય! અને આપ રીસ કરે તો પોતાના સ્વામી શ્રીઠાકોરજી સાથે રીસ કરી આપને શો લાભ?

(૨૬) શ્રીમહાપ્રભુજીના ઠાકોરજી શ્રીનાથજી, અને આપણા ઠાકોરજી શ્રીમહાપ્રભુજી. આપણે સેવા કરી શ્રીમહાપ્રભુજીને રીઝવીએ તો જ આપણા ઠાકોરજી શ્રીનાથજી આપણી સાથે વાતો કરે. સીધા શ્રીનાથજીને આપણે કદાપિ ન રીઝવી શકીએ.

(૨૭) "**દ્વિવિધ આંધરો**" અત્યારે તો સન્મુખ શ્રીગુસાંઇજી બીરાજે છે, એટલે શ્રીગુસાંઈજી, [શ્રીમહાપ્રભુજી અને શ્રીનાથજી.] આ ત્રણેય સ્વરૂપને સૂરદાસજીએ એક કરી જાણ્યાં છે.

(૨૮) શ્રીમહાપ્રભુજીનું ભાવાત્મક સ્વરૂપ તો શ્રીનાથજીના હૃદયમાં બીરાજે છે. માટે શ્રીનાથજીની સેવામાં શ્રી મહાપ્રભુજીની સેવા આવી જાય છે. માટે શ્રીમહાપ્રભુજીનાં ચિત્રજી પધરાવીને તેમની સેવા કરવાની પ્રથા આપણે ત્યાં નથી.

(૨૯–૧) "નવઘન શ્યામ તમાલ" એ શ્રીગુસાંઈજીનું મૂલ સ્વરૂપ. પરંતુ આપનું અહીં જે પ્રાકટ્ય છે એ ત્રિદલાત્મક શ્રીચંદ્રાવલીજીનું છે અને શ્રીચંદ્રાવલીજી ગૌર છે માટે આપ ગૌર. ઉપરાંત શ્રીમહાપ્રભુજી વિપ્રયોગનું સ્વરૂપ માટે શ્યામ, અને શ્રીગુસાંઇજી સંયોગનું સ્વરૂપ માટે ગૌર. શ્રીગોપીનાથજી પુષ્ટ બલદેવજીનું પ્રાકટ્ય માટે શ્યામ. જે આવેશ સ્વરૂપે રાસ કર્યો તે બલદેવજી.

(૨૯–૨) રામદાસજીનાં ઘણાં સુંદર કીર્તનો "બીરાજત ગ્વાલ મંડળી, અહો બલમોહન છાક ખાત" એ એમનું પદ છે. આ નીચેનું પદ પણ એમનું છેઃ–

"શ્રી વલ્લભ બરનો કહા બડાઈ
જાકે એક એક એક રોમ પ્રતિ કોટી ગોવર્ધનરાઇ (૧)
જાકે જુથ ન્યારે ન્યારે, અગનિત ગિને ન જાઈ
રામદાસ કમલાસી દાસી, નિજ ઘર છાંડ બસાઈ" (૨)

આ પદનો કેટલાક લોકો અનર્થ કરે છે. આ પદને આધારે શ્રીમહાપ્રભુજીની વડાઈ અને શ્રીનાથજીની ન્યૂનના દેખાડે છે. પરંતુ તેઓ ભૂલ કરે છે. આ પદનો ભાવ આ પ્રમાણે છે.

આ શ્લોકમાં શ્રીમહાપ્રભુજીના હૃદયનું વર્ણન છે. મહાપ્રલય વખતે જ્યારે બધી વસ્તુઓનો લય થાય છે ત્યારે કાંઈ બાકી રહેતું હોય તેને શેષ કહેવાય. તે શેષ કેવલ શ્રીમહાપ્રભુજીનું હૃદય રહે છે. તે કેવું છે ? તેમાં

લીલાના સમુદ્રો ઉછળી રહ્યા છે, એ લીલાસમુદ્રોમાં શ્રી નાથજી પોઢયા છે અને અનેક લક્ષ્મીઓ આપની સેવા કરી રહી છે.

“ લીલારસ અમૃત તરંગ બહુ, ભીંજવ્યાં છે ભકત શરીર સહુ.” એવું શ્રીમહાપ્રભુજીનું હૃદય છે.

“ શ્યામ શતદલ નયન સુંદરી, યૂથ તણો નહીં પાર,
અનેક રાસમંડલી રચના રચી, ખેલે શ્રી નંદકુમાર ”

અનેક યૂથોમાં અનેક શ્રીનાથજી એટલે કોટાનકોટી શ્રીનાથજી શ્રીમહાપ્રભુજીના હૃદયમાં બીરાજે છે. આમાં શ્રી નાથજીની ન્યૂનતા શી ? આપણા હૃદયમાં ન્યૂનતા છે તે આપણને શ્રીનાથજીમાં દેખાય છે. નહીંતર તો “એકએકથી અધિક શોભા” છે. છેલ્લી તૂકનો ભાવ એ છે કે જે લક્ષ્મી શેષશાયી ભગવાનની સેવા કરી રહી છે, તે લક્ષ્મીએ પોતાનું ઘર છોડયું છે અને માલણની સેવા જે વન્દન બાંધવાનું કામ તે અનેક સ્વરૂપ ધરીને કરી રહી છે.

(૨૯–૩) શ્રીમહાપ્રભુજી કૃષ્ણદેવરાયજીની સભામાં પધાર્યા ત્યારે જે આપનું કમંડલ ઉડીને સભામાં ગયું અને ત્યાં સ્વરૂપાત્મક બની આપની ખબર તેણે કરી.

(૨૯–૪) “શ્રીવિઠ્ઠલનાથ એવા ઉચરવા” એ શ્રીવલ્લભાખ્યાનની તુકમાં “વિવિધ લીલા કરે ભજનસાર” વગેરે તુકોમાં વર્ણવ્યા છે એવા ઉચરવા કહ્યા છે. શીખ લેવડાવતા કે છીવે જતા એવા ઉચરવા કહ્યું નથી. એ લીલા તો પ્રાકૃત જીવોને મોહ પમાડવા માટે છે, આપણે માટે નથી.

(૨૯–૫) શ્રીમહાપ્રભુજીએ પાદુકા ધરી હોય તો ભક્તોના ભાવથી, પોતાના સુખાર્થે નહીં. આપની પાદુકાજી ખૂંટી વગરની હોય છે. આપે કેટલીક પર તો ચરણ ધરીને પધરાવી આપી છે, અને જે આપે ધરી છે તે પટાવાળી ધરી છે. શ્રીનવનીતપ્રિયાજીમાં જે પાદુકાજી બીરાજે છે તેમાં છેદ દર્શન આપે છે. આપના પાદુકાજીને સહેજ પણ ઘસારો લાગ્યો હોય તેમ જણાતું નથી.

“શ્રીવલ્લભ : શરણં મમ” એ મંત્રનો હાલ પાઠ કરનારાઓ, શ્રી મહાપ્રભુજીના સ્વરૂપને નથી સમજતા, શ્રીકૃષ્ણથી શ્રી મહાપ્રભુજીને ભિન્ન જાણ્યા ત્યારે તેમને મૂલ છોડી નવો મંત્ર બોલવાની વૃત્તિ થઈને ? તેવીજ રીતે શ્રી મહાપ્રભુજીનું અલગ ચિત્ર પધરાવી ભોગ ધરે છે, તે પણ શ્રી મહાપ્રભુજીનું સ્વરૂપ નથી સમજતા,

વસ્તુસ્થિતિએ આચાર્ય સ્વરૂપે શ્રી મહાપ્રભુજી આરોગતા જ નથી. આપશ્રીનું આચાર્ય સ્વરૂપ તો “યજ્ઞકર્તા” સ્વરૂપ છે અને આપે અંગીકાર ન કર્યું હોય તે લેવાય એટલે બુદ્ધિ લગડે.

◆

(૩) શ્રી સ્વામિનીજીનું સ્વરૂપ

(૩૦) શ્રી કીર્તિરાણીને ત્યાં રાધિકાજીનું પ્રાકટ્ય થયું. પરંતુ આંધળી (નેત્ર મુંદેલ અવસ્થાવાળી) છોકરી એટલે ઉલ્લાસ શો હોય ! જ્યારે તેને તેડીને શ્રી ઠાકોરજીના દર્શને ગયાં ત્યારે શ્રી રાધિકાજીએ નેત્રો ઉઘાડયાં. શ્રી કીર્તિરાણીને પણ પછી ઉલ્લાસ થયો અને જન્માષ્ટમી પછી આવતા શ્રી રાધિકાજીના જન્મદિવસે ઉત્સવ માન્યો.

(૩૧) એક પદમાં શ્રી ઠાકોરજી શ્રી સ્વામિનીજીને એમ કહે છે કે ભલે બધા વ્રજભક્તો સાથે હું રમણ કરૂં તોયે સંપૂર્ણ આનંદાનુભવ તો તમારા સંગમાં થાય છે. શ્રી ઠાકોરજીની તો સદૃષ્ટિ હોવી જોઈએ, છતાં આ ભેદ શા માટે ? એમ કોઈ આશંકા કરે તો તેનું નિરાકરણ એ છે બીજા વ્રજભકતો તો શ્રી સ્વામિનીજીના એક એક અંગ છે એટલે શ્રી ઠાકોરજીને તેટલોજ આસ્વાદ આવે. જ્યારે શ્રી સ્વામિનીજી તો પૂર્ણ છે એટલે શ્રી ઠાકોરજીને પૂર્ણ આસ્વાદ આવે. ઉપરાંત શ્રી સ્વામિનીજી તો નિત્યસિદ્ધા અને એને લઈ તેમની સાથે નિત્ય અને નિવૃત્તિપૂર્વક રમણ થઈ શકે, જ્યારે અન્ય વ્રજભક્તો સાથે તો ઉચકમને અને બીતાં બીતાં.

(૩૨) શ્રી લલિતાજીએ શ્રી સ્વામિનીજી પાસે શ્રી ઠાકોરજી માગ્યા અને શ્રી સ્વામિનીજી વિરહથી વિકલ થઈ ગયાં. આ લીલાનું રહસ્ય એ છે કે શ્રી લલિતાજી

તો દાસી છે તે સ્વતંત્ર સુખ માગી રાણી બનવા ચાહે તે પોતાનો ધર્મ નહીં. શ્રી સ્વામિનીજીના સુખમાં જ તેમનું સુખ એજ તેમનો ધર્મ. આ પોતાનો ધર્મ ગુમાવતાં શ્રી સ્વામિનીજીએ આવી વિકલ દશા કરી નાખી, માટે દાસીએ દાસીજ રહેવું અને રાણી બનવાનો મનોરથ ન રાખવો.

(૩૩) શ્રી સ્વામિનીજીએ એમ કહ્યું કે શ્રી ઠાકોરજીને શ્રી લલિતાજી ભલે લઇ જાય. આટલું કહેવાઈ તો ગયું, પછી બહુજ તાપ થયો. અરે! મારાથી આવો વિચાર જ કેમ લવાય. તાપનું કારણ જ આ, પ્રત્યક્ષ વિરહ આનું નામ. જે શ્રી ઠાકોરજી નિત્ય શ્રી સ્વામિનીજીના હૃદયમાં બીરાજે એ ત્યાંથી બહાર પધારી ભલે પછી સામા ઉભા રહે. આ લીલા દ્વારા શ્રી ઠાકોરજીએ એમ જણાવ્યું :- લલિતાજી, જુઓ! પ્રીતમ આવા વહાલા હોવા જોઇએ.

(૩૪) શ્રી સ્વામિનીજીનો પ્રેમ પ્રમાણ તેમ પ્રમેય બન્ને દ્દષ્ટિએ શુદ્ધ છે.

(૪) શ્રી ઠાકોરજીનું સ્વરૂપ તથા ભાવના

(૩૫) જ્યારે શ્રી સ્વામિનીજી અલગ ન બિરાજતાં હોય એટલે શ્રી ઠાકોરજીના સ્વરૂપમાં જ બિરાજતાં હોય ત્યારે તે ઠાકોરજી "શ્રીજી", જ્યારે અલગ બિરાજતા હોય ત્યારે "શ્રીનાથજી".

(૩૬) શ્રી ચન્દ્રમાજી બહુ સુકુમાર છે માટે જ્યાં સુધી બને ત્યાં સુધી તેમને રેશમનાં જ પવિત્રાં ધરાવવામાં આવે છે.

(૩૭) શ્રી શ્યમલાલજીની જમણી બાજુ શ્રી ચંદ્રાવલીજી છે અને ડાબી બાજુ નિત્યસિદ્ધા શ્રી સ્વામિનીજી છે.

(૩૮) **સામેનું (શ્રીઠાકોરજીનું) સ્વરૂપ સમજાય નહી અને સમજાય તો બેડો પાર.**

(૩૯) જેનુ નામ સુણતાં આ સ્થિતિ થાય, એના સ્વરૂપનો આ સ્વાદ લેતાં તો પછી શું કહેવું ! "**कृष्ण नाम जपते**" એ કીર્તન જુઓ.

(૪૦) પુષ્ટિમાર્ગમાં શ્રીઠાકોરજી દ્વિભુજ છે. જે સ્વરૂપો ચતુર્ભુજ છે તેમાં બે ભુજાઓ શ્રીસ્વામિનીજીની છે. સહસ્રભુજ પ્રસારી આપશ્રીએ જે અન્નકુટ આરોગ્યો છે. ત્યાં પણ આપશ્રી તો દ્વિભુજ છે. બાકીની ભુજાઓ ભક્તોની છે. આપ ભકતો સહિત નિત્યભોગ કરે છે. "**चकास गोपीपरिषद्गतः**" એ પ્રમાણે જે વર્ણન આવે છે તે રીતે આપ ભોગ કરે છે.

ઉપરાંત નિત્યસિદ્ધા સ્વામિનીજી તો શ્રીઠાકોરજી સાથે જ બીરાજે છે. ચતુર્ભુજ સ્વરૂપમાં સ્વામિનીજીની બે ભુજા માત્ર પ્રકટ દર્શન આપે છે. બાકીનું શ્રીઅંગ તિરોહિત રહે છે. રાસમાં પણ હાલ સ્વામિનીજીની જ બે ભુજાનાં દર્શન કરાવીને ચતુર્ભુજ સ્વરૂપનાં દર્શન કરાવવામાં આવે છે.

શ્રી દ્વારકાધીશના સ્વરૂપની ભાવના આ પ્રમાણે છે. પ્રમેય પ્રકરણના પહેલા અધ્યાયની લીલા આપની છે. શ્રીસ્વામિનીજી પોતાની બે સખીઓ સાથે વાર્તાલાપ કરતાં હતા, ત્યાં શ્રીઠાકોરજી પધાર્યા અને શ્રીસ્વામિનીજીની આંખો મીચાવી દીધી. શ્રીસ્વામિનીજી તો મહા ચતુર એટલે જાણી ગયાં, પછી પોતાના બે શ્રીહસ્તો ઊંચા કરી શ્રીઠાકોરજીએ મુખારવિન્દ આગળ વેણુ ધરી ત્યારે વેણુનાદ દ્વારા શ્રીઠાકોરજીએ પૂછયું કે હું કોણ છું? ત્યારે શ્રીસ્વામિનીજીએ જવાબ આપ્યો કે પહેલાં જે દ્વિભુજ હતા અને હવે ચતુર્ભુજ છો.

શ્રીમથુરાધીશની પ્રમાણલીલા છે. બે ઉપલા શ્રીહસ્તથી સીકું પકડયું છે અને બીજા બે હસ્તથી પટકો બાંધી રહ્યા છે.

(૪૧) ગોવર્ધન ધારણ કર્યો તે વખતે એકકાલાપરિચ્છિન્ન સાતે સ્વરૂપોની લીલા કરી છે. તે વખતે આઠ સ્વામિનીજી, આઠ સખી, આઠ સખા, આઠ શૃંગાર; આઠ સમય વગેરે સૌ લીલા એક કાલાપરિચ્છિન્ન પ્રગટ થઈ છે.

(૪૨) પ્રૌઢ સ્વરૂપોને જનોઈનું ચિન્હ શ્રીઅંગમાં હોય છે, નહીંતર સુતરની જનોઈ ધરાવવાનો ક્યાંયે રીવાજ નથી. શ્રીનાથજીને કેવલ સોનાની જનોઈ ધરાય છે.

(૪૩) પાંચ દૃષ્ટિઓમાં ત્રણ નિત્ય છે. (૧) સન્મુખ દૃષ્ટિ શ્રીનાથજીની (૨) વામ પરાવૃત શ્રીચન્દ્રમાજીની અને (૩) દક્ષિણ પરાવૃત શ્રીત્રિભંગીરાયની. બાકીનાં બધા સ્વરૂપોની સન્મુખ દૃષ્ટિ.

(૪૪) શ્રીગોકુલનાથજીમાં એકકાલાવચ્છિન્ન બધી લીલાઓ પ્રકટ બાકીના સ્વરૂપોમાં એક પ્રકટ અને બીજી ગુપ્ત. નૃત્યનું સ્વરૂપ નટવરલાલ પરંતુ વેણુનાદ શ્રીમદન-મોહનજીએ કર્યો છે.

(૪૫) શ્રીચંદ્રમાજી વ્રજભક્તોના હૃદયમાંથી પ્રકટ થયા છે એટલે તે ઘરમાં નન્દાલયની ભાવના બહુ જ થોડી છે.

(૪૬) મર્યાદા પુરુષોત્તમને ભૃગુલાંછન હોય છે જ્યારે પુષ્ટિ પુરુષોત્તમને શ્રીવત્સલાંછન હોય છે.

(૪૭) શ્રીત્રિભંગીરાયજી તથા શ્રીગોકુલનાથજીનાં નેત્રો દક્ષિણ પરાવૃત છે અને તેમનો વેણુનાદ ગાયો બોલાવવા માટેનો છે. અને શ્રીચન્દ્રમાજીનાં નેત્રો વામપ-રાવૃત છે. શ્રીનાથજીની સન્મુખ દૃષ્ટિ છે. શ્રીમદનમોહનજીની અધોદૃષ્ટિ છે. સન્મુખ દૃષ્ટિ સર્વને નિહાળે છે જ્યારે અધોદૃષ્ટિ ભક્તોને નિહાળવા માટે છે, સન્મુખદૃષ્ટિ એનું નામ કે જે નિત્ય સન્મુખ રહે, પછી તમે મરજી પડે તે જગ્યાએ દર્શન કરો. મોટા હોલમાં રાજવેષમાં ઠાડા શ્રી મધુસુદનલાલજીનું ચિત્ર સન્મુખ દૃષ્ટિનો આબેહુબ નમુનો છે.

(૪૮) બાલ સ્વરૂપો દક્ષિણ ચરણસ્પર્શ આપે છે. અને વામચરણ છુપાવીને રાખે છે. પ્રૌઢ સ્વરૂપો બન્ને ચરણોનો સ્પર્શ આપે છે. જેનો જે ભાવ હોય તે પ્રમાણે કરે પરંતુ પ્રકાર એ કે મર્યાદાથી પુષ્ટિમાં જવાય પરંતુ એટલી વાત સાચી કે જેનો પુષ્ટિમાં અંગીકાર થયો તેને

મર્યાદા સહજમાં સિદ્ધ થાય પરંતુ પુષ્ટિમાં પ્રવેશ ક્યાં રસ્તામાં પડ્યો છે ?

(૪૯) અલી ! તારા ઠાકોરજી તો કાળા મેશ જેવા છે, તેના પર કાટ ચઢી ગયો છે, મારા કેવા ઉજળા છે, હું તો રોજ ઘસી ઘસીને નવડાવું છું. આ સાવરણ સેવા. આમ ભાવ રાખનારને મૂર્તિભાવ નિવૃત્ત નથી થયો. જ્યારે સાક્ષાત્ બુદ્ધિ થાય ત્યારે (મૂર્તિભાવ નિવૃત્ત થયો ગણાય.)

(૫૦) શ્રીચન્દ્રમાજી અને શ્રીદ્વારિકાધીશના ઘરમાં ચન્દ્રાવલીજીનો ભાવ મુખ્ય છે એટલે શ્વેત કુલ્હે આવે છે.

(૫૧) શ્રીમદનમોહનજી અને શ્રીચન્દ્રમાજી અખંડ વેણુ ધરે છે એમ ભાવના છે. એટલે તે સ્વરૂપોને વેણુ ધરાવવામાં આવતી નથી. બાલ સ્વરૂપોના વેણુ શૃંગાર સાથે જ વડાં થાય છે, સાથે પોઢતાં નથી.

(૫૨) નૃત્ય કરીને માખણ માગ્યું છે એ શ્રીનટવરલાલ (૨) જૃંભાલીલા કરી એ શ્રી ચન્દ્રમાજીની ગોદમાં બીરાજતા શ્રીબાલકૃષ્ણલાલ (૩) દામણે બંધાઈને ઝાડ પાડ્યાં તે શ્રીચન્દ્રમાજીની ગોદમાં બીરાજતા શ્રીમદનમોહનલાલ અને (૪) ચતુર્ભુજ સ્વરૂપે દર્શન આપ્યાં તે જુનાગઢમાં બીરાજતા શ્રી દામોદરલાલ.

(૫૩) શ્રીચન્દ્રમાજીનું સ્વરૂપ એવું સુકુમાર છે કે સ્નાનયાત્રા સિવાય આપને જલથી સ્નાન કરાવવામાં નથી

આવતું. કેવલ ફૂલેલથી સ્નાન કરાવવામાં આવે છે. એટલે કે એક વસ્ત્ર લઈ ફૂલેલથી ભીંજવી તે સમગ્ર શ્રીઅંગ-ઉપર ફેરવવામાં આવે છે. ચરણસ્પર્શ પણ સીધેસીધા કરવામાં નથી આવતા. આંગળી અત્તરમાં બોળી પછી ચરણસ્પર્શ કરવામાં આવે છે. રાજભોગ અગીયાર વાગ્યા પહેલાં આવી જાય છે. ઉત્સવનો દહાડો હોય તો પણ તેમજ થાય છે. એકી હારે મોટો કુંડવાળો આરોગાવવામાં નથી આવતો.

(૫૪) શ્રીઠાકોરજીની આસપાસ આટલી બધી શોભા કરવામાં આવે છે તેનું કારણ એ કે લોકોની દષ્ટિ એના ઉપર પડે. પણ શ્રીઠાકોરજી ઉપર ન પડે. એટલે કે આપને કોઈની નજર ન લાગે તે ખાતર આ બધું છે.

(૫૫) શ્રીનાથજી દેવદમન. એક બાજુ સીધો સાપ છે તે કાલદમન-શ્રીયમુનાજીના પ્રવાહ રૂપ અને બીજી બાજુ ફેણવાળો સાપ છે તે ઈન્દ્રદમન શ્રીગિરિરાજજી.

(૫૬) અનન્તશેષજી જે શ્રીમહાપ્રભુજીની ગ્રીવામાં બીરાજતા તે હાલ કાશીમાં બીરાજે છે અને અનન્તરાયજી જે શ્રીમહાપ્રભુજીની શિખામાં બીરાજતા તે હાલ કોટામાં બીરાજે છે.

(૫૭) અહી બીરાજતા શ્રીદ્વારકાધીશ શ્રીબાલકૃષ્ણજીના પુત્ર શ્રીદ્વારકેશજીના સેવ્ય છે.

(૫૮) શ્રીઠાકોરજી તો ભાવનું સ્વરૂપ છે એટલે ભાવભેદે શ્રીઠાકોરજી શ્રીઠાકોરજીની મેંડ રાખે પરંતુ આપણાથી ભેદભાવ ન લાવી શકાય. કયાંય અનાચાર દેખીયે તો કહીયે કે શ્રીઠાકોરજી અનાચારને લઈને આરોગતા નથી માટે અમે નથી લેતા. પરંતુ શ્રીઠાકોરજીના સ્વરૂપમાં તો ન્યૂનતા લાવી શકાયજ નહીં.

(૫૯) શ્રીમથુરામાં બીરાજતા દાઉજીનો પ્રાકટ્ય પ્રસંગ આ પ્રમાણે છે. ખ્યાલવાળા શ્રીપુરુષોતમજીને આપે સ્વપ્નામાં આજ્ઞા કરી કે હું અડીંગના તળાવમાં છું. ત્યાંથી મને બહાર પધરાવી મારી સેવા કરો. આપે આ આજ્ઞા થતાં લાકડાના પાવડા સિદ્ધ કરાવી ખોદનારાઓને સૂચના કરી કે તળાવમાં તપાસ કરો અને જેટલી શિલાઓ નીકળે તે બહાર લાવો. આ રીતે તપાસ કરતાં આપનું સ્વરૂપ પ્રાપ્ત થયું પછી આપને પાટ બેસાડી સેવા ચાલુ કરી અત્યારે આપ બંગાળી ઘાટના મંદિરમાં બીરાજે છે. દાઉજી જે ભૂતળ ઉપર બીરાજે છે તે સૌ સ્વરૂપોમાં આપનું લાવણ્ય તે કાંઈ અદ્‌ભુત જ છે અને છોટા દાઉજીના સ્વરૂપોમાં વડોદરામાં બીરાજતું સ્વરૂપ અતિ સુંદર છે.

(૬૦) એક વખતે એ પ્રશ્ન ઉપસ્થિત થયો કે વેરાવળમાં બીરાજે છે તે શ્રીલાડિલેશજી સાચા કે બુરહાનપુરમાં બીરાજે છે તે? ત્યારે આપશ્રીએ આજ્ઞા કરી કે શ્રીગોવર્દ્ધનલાલજીનું વચનામૃત લઈને શ્રીવ્રજભૂષણજી કાંકરોલીવાળા

પાસે જાઓ. મારાથી ન આમ કહેવાય કે ન આમ કહેવાય. અધિકારથી વિશેષ વાત કરવામાં પણ અપરાધ પડે છે. આપણે માટે તો બન્ને સ્વરૂપો પ્રમાણ. વલ્લભકુલના બાળકે પોતાની ભાવનાથી પધરાવ્યા તેમાં આપણાથી અન્યથા ભાવ લાવી જ કેમ શકાય ! જ્યાં જ્યાં શ્રીલાલજી બીરાજતા હોય કે શ્રીદ્વારકાધીશ બીરાજતા હોય ત્યાં ત્યાં બધે મૂલ શ્રીલાલજી અને મૂલ શ્રીદ્વારિકાધીશ બીરાજે છે. આપણો તો આજ ભાવ છે. અને મારે માટે તો હું જે જે સ્વરૂપની સન્મુખ ઊભો હોઉં તે તે સ્વરૂપે મારા શ્રીનટવરલાલ જ બીરાજે છે એ ભાવ છે. અને આનો પ્રત્યક્ષ પુરાવો એ કે શ્રીવ્રજભૂષણજી કાંકરોલીવાળા અહીં હિંડોળા ઝુલાવવા પધાર્યા ત્યારે શ્રીશ્યામલાલે શ્રીદ્વારકાધીશ સ્વરૂપે દર્શન આપેલાં. વળી શ્રીજગન્નાથજીમાં શ્રીમહાપ્રભુજીની બેઠક જે પ્રાચીન હતી તે તિરોહિત થઇ અને તેને બદલે તિલકાયિત શ્રીગોવર્ધનલાલજીએ ભાવનાથી નવી પ્રસિદ્ધ કરી તો શું આ નવી આપણે માટે પ્રમાણ નથી ? આપણે તો તે પણ પ્રમાણ.

(૬૦૧૧) ગોરે ગ્વાલ એ શ્રીસ્વામિનીજીએ શ્રીઠાકોરજીના શૃંગાર ધરેલા તે વખતનું સ્વરૂપ છે.

(૬૦૧૨) શ્રીનાથજી એ નિર્ગુણ સ્વરૂપ આ વાત જતાવવા આપશ્રી સ્વયં શ્રીગિરિરાજજીમાંથી પ્રકટ થયા. આ વાતથી એમ સિદ્ધ થયું કે આપશ્રી માતાપિતા વગ-

રના, અજન્મા, સ્વયંભૂ છે. તે સ્વરૂપ સાથે ફક્ત બેજ યૂથો છે. એક નિત્યસિદ્ધા શ્રીસ્વામિનીજીનું અને બીજું શ્રીયમુનાજીનું. પછી આપશ્રી સગુણ સ્વરૂપે પ્રકટ થયા "સગુણ સ્નેહી શામળા વહાલા" એ આખ્યાનમાં આ સ્વરૂપનું વર્ણન છે. તે સ્વરૂપ તે શ્રીયશોદોત્સંગલલિત શ્રુતિરૂપા અને ઋષિરૂપાઓનો આ સ્વરૂપે સ્વીકાર કર્યો. આપ જે અનાદિ નિર્ગુણ સ્વરૂપે હતા તે સારસ્વત–કલ્પમાં સગુણ સ્વરૂપે પ્રકટ થયા. શ્વેતવારાહ કલ્પમાં પણ ફરી આ લીલા પ્રકટ કરી છે. સારસ્વતકલ્પના રામચંદ્રજીએ જે વરદાન આપ્યું તે પરિપૂર્ણ કરવા આપશ્રીનુ સગુણ સ્વરૂપે પ્રાકટ્ય છે.

(૬૦।૩) શ્રીઠાકોરજીને પધરાવ્યા પછી જો ઘરમાં ક્લેશ વધે તો શ્રીઠાકોરજીને નથી પધરાવ્યા પરંતુ ક્લેશને પધરાવેલ છે ક્લેશ હોય ત્યાં શ્રીઠાકોરજી આરોગે કઈ રીતે !

(૬૧) સ્વરૂપાસક્તિ એ માર્ગનો સિદ્ધાંત છે. મહાત્મ્ય વધારવું એ માર્ગનો સિદ્ધાંત નથી. અમારો તો એ આગ્રહ કે અમારા બાપદાદા દ્વારા પ્રાપ્ત થયેલ સ્વરૂપ એ અમારૂં સર્વસ્વ–એ અમારે મુખ્ય. બીજું સ્વરૂપ પધારે એ ભલે શ્રીમહાપ્રભુજીની નિધિ હોય પરંતુ અમે તેને મુખ્ય સ્થાન ન આપીયે. અમારા ઉપર બીરાજતા સ્વરૂપમાં ન્યૂનતા જોઈ એટલે અમારૂં બધું ધૂળમાં. અને અમે જે બીજા સ્વરૂપની સેવા કરતા હોઈએ ત્યાં અમારે તો એજ ભાવ

કે અમારૂં સ્વરૂપ જ અમારી ટહેલ એ બીજે સ્વરૂપે અંગીકાર કરે છે.

(૫) નિધિ સ્વરૂપો

(૬૨) છઠ્ઠા ઘરના શ્રીકલ્યાણરાયજી છે. શ્રીયદુનાથજીનું આસક્તિનું સ્વરૂપ એ છે. એને એઓશ્રીએ છાનાંછાનાં સેવ્યાં છે. એઓશ્રીએ શ્રીબાલકૃષ્ણજીને ન સ્વીકાર્યા એનું કારણ એ કે તે બાલસ્વરૂપ છે અને રાસમાં તે સ્વરૂપની સ્થિતિ ન સંભવે, કારણકે રાસમાં તો પ્રૌઢ સ્વરૂપની જ સ્થિતિ સંભવે. હવે જે ઘર છે તે બાલકથી છે. શ્રીઠાકોરજીથી નથી. શ્રીબાલકૃષ્ણજીને ન સ્વીકારવામાં બીજો પણ હેતુ રહેલો છે. આપશ્રી તો શ્રી યમુનાજીનું સ્વરૂપ અને શ્રીયમુનાજીને સંબંધ તો સૌની સાથે છે. શ્રીબાલકૃષ્ણજીને પધરાવી અલગ થાય તો આ સંબંધ જાળવી ન શકાય.

(૬૩) અમારા નિધિ કે નિધિ નહીં એ ઝગડામાં વૈષ્ણવોએ નથી પડવાનું. વૈષ્ણવોને માથે બીરાજતા પણ આપણે માટે તે સાક્ષાત છે. તેમ ન હોય તો આપણું ભજન ધર્મીભજન મટી ધર્મભજન બની જાય. માહાત્મ્ય-ભજન એ આપણો માર્ગ નહીં. શ્રીમહાપ્રભુજી સેવક ઉપર સ્વરૂપ પધરાવી આપતી વેળાએ પંચામૃત કરાવી, જારી ભરી, ભોગ ધરી પોતે પ્રસાદ લેતા. આ પુરાવો પ્રત્યક્ષ છે કે શ્રીઠાકોરજી સાક્ષાત છે. નહીતર આપશ્રી પ્રસાદ કેમ

લે ? ફક્ત ત્યારે જ પ્રસાદ ન લેવાય કે જ્યારે અનાચાર દેખાતો હોય અને જ્યાં અનાચાર હોય ત્યાં શ્રીઠાકોરજી આરોગે નહી અને શ્રીઠાકોરજી ન આરોગે તો પછી આપણાથી કેમ લેવાય ? અમારે પણ સ્વરૂપ પધરાવતી વેળાએ તેવીજ રીતે પ્રસાદ લેવાનો હોય છે.

(૬૪) શ્રીમહાપ્રભુજી અડેલમાં બીરાજતા ત્યારે આપશ્રી ઉપર આ પ્રમાણે સ્વરૂપો બીરાજતાં. સિંહાસનની ઉપલી પાટલી ઉપર આપણા ડાબા હાથ તરફથી પ્રથમ શ્રી મદનમોહનજી. બીજા શ્રીગોકુલનાથજી, ત્રીજા શ્રીવિઠ્ઠલનાથજી પોતપોતાનાં સ્વામિનીજીઓ સાથે બીરાજતા.

નીચલી પાટલી ઉપર તે જ પ્રમાણે પ્રથમ શ્રીબાલકૃષ્ણજી (સુરતવાળા). પછી શ્રી નટવરલાલજી. ત્રીજા શ્રીનવનીતપ્રિયાજી, ચોથા શ્રીમુકુંદરાયજી અને પાંચમા શ્રીબાલકૃષ્ણ (શ્રીનાથજીની ગોદમા બીરાજે છે તે) એમ બીરાજતા.

શૃંગાર પણ મુકુટ કાછનીના અને પિછવાઈ ગાયોની શ્રીમહાપ્રભુજીના વખતમાં ગોવર્ધનધર તરીકે પ્રસિદ્ધ શ્રી ગોકુલનાથજીની હતી. કારણકે તે લીલા આપમાં પ્રકટ છે.

નાના સ્વરૂપોમાં ત્રણે પરિક્રમાનાં સ્વરૂપો છે. પ્રથમ પરિક્રમામાં શ્રીબાલકૃષ્ણજી સાથે હતા. બીજી પરિક્રમામાં શ્રીમુકુંદરાયજી અને ત્રીજીમાં શ્રીનવનીતપ્રિયાજી.

શ્રીમહાપ્રભુજીએ આસુરવ્યામોહલીલા કરી, પછી શ્રીગુસાંઇજી અડેલનું ઘર ઉઠાવી ગોકુલમાં પધાર્યા અને

ત્યાં શ્રીગોકુલનાથજીનું મંદિર સિદ્ધ કરાવી તેમાં બધાં સ્વરૂપો પધરાવ્યાં. હવે જેમ જેમ વૈષ્ણવો વૃદ્ધ અને અશક્ત થવા લાગ્યા તેમ તેમના ઉપર પધરાવેલાં સ્વરૂપો પાછાં શ્રીગુસાંઇજીને ઘેર પધારવા લાગ્યાં, તે સ્વરૂપો ગ્વાલ મંડલીમાં બીરાજે. અને શ્રીગોકુલનાથજી વગેરે સ્વરૂપોને જે ભોગ આવ્યો હોય તે તેમને શ્રીગોકુલનાથજી આરોગી લે પછી ધરાય.

આમ ચાલે થોડો સમય ગયો ત્યારબાદ શ્રીગિરિધરજીની આસક્તિ ગ્વાલમંડલીમાં બીરાજતા શ્રીમથુરેશજી ઉપર થઇ. શ્રીબાલકૃષ્ણજીની આસક્તિ શ્રીદ્વારકાનાથજી ઉપર થઇ અને શ્રીરઘુનાથજીની આસક્તિ શ્રીચન્દ્રમાજી ઉપર થઈ અને તેઓએ શ્રીગુસાંઇજીને વિનંતી કરી કે દાદાજી ! આ સ્વરૂપો વૈષ્ણવના ઠાકોરજી છે એટલા ખાતર એક બાજુ બીરાજી રહે એ ઠીક નહીં. ભલે વૈષ્ણવો ઉપર બીરાજતા પરંતુ નિધિ તો શ્રીમહાપ્રભુજીના ને ! કૃપા કરીને અમારા ઉપર પધરાવી આપો તો અમે તેમની સેવા કરીએ. હવે આ ત્રણ બાલકો ઉપર પધરાવી આપે તો બીજા બાલકો પણ માગણી કરે માટે શ્રીગુસાંઇજીએ બાંટો કરી બધા બાલકો ઉપર સ્વરૂપો પધરાવી આપ્યાં. એમાં પ્રથમ એવો વિચાર શ્રીગુંસાઇજીનો હતો કે શ્રીમદનમોહનજીને પધરાવી આપવા શ્રીયદુનાથજી ઉપર, શ્રીબાલકૃષ્ણજીને પધરાવી આપવા શ્રીઘનશ્યામજી ઉપર, પરંતુ શ્રીઘનશ્યામ-

જીને કોઇએ કહ્યું કે જેમ શ્રીરૂક્ષ્મણી વહુજીના શ્રી ગિરિધરજી તેમ પદ્માવતી વહુજીના આપ, માટે શ્રીગિરિધરજી જેટલો તમારો હક્ક થાય, માટે એમના ઉપર જેવું સ્વરૂપ પધરાવે તેવું જ સ્વરૂપ આપ માગજો. જ્યારે શ્રીઘનશ્યામજીએ આવી માગણી કરી. ત્યારે શ્રીગુસાંઈજીએ આજ્ઞા કરી કે જુઓ! આવું સ્વરૂપ તો શ્રીમદનમોહનજીનું છે. શ્રીયજ્ઞનારાયણ ભટ્ટના કુંડમાંથી પ્રકટ થયું છે અને પરાપૂર્વથી આપણે માથે બીરાજે છે અને તમે તે લો. આમ કહી આપશ્રીએ શ્રીમદનમોહનજીનું સ્વરૂપ શ્રીઘનશ્યામજી ઉપર પધરાવી આપ્યું ત્યારે શ્રીયદુનાથજીએ કહ્યું કે બધા ઉપર આપે પ્રૌઢ સ્વરૂપો પધરાવી આપ્યાં અને મારા ઉપર બાલ સ્વરૂપ કેમ? તો કૃપા કરી મને બધા ઘરોમાં પ્રવેશ રહે એમ કરો. પછી શ્રીગુસાંઇજીએ તેમ કર્યું. અને પોતાને ભાગે આવેલું શ્રીબાલકૃષ્ણજીનું સ્વરૂપ શ્રીયદુનાથજીએ શ્રીદ્વારકાધીશ સાથે પધરાવ્યું અને કહ્યું કે મારા કોઈ વંશજ માગે તો કૃપા કરીને તેમના ઉપર પધરાવી આપજો આમ કરવાનું કારણ એ કે શ્રીબાલકૃષ્ણજી અને શ્રીયદુનાથજી વચ્ચે મેળ સારો હતો. શ્રીયદુનાથજી જ્ઞાનસ્વરૂપ અને શ્રીઘનશ્યામજી વૈરાગ્યસ્વરૂપ. એટલે એમનાથી સેવા જેવી જોઈએ એવી થઇ શકે નહીં. એટલે શ્રીબાલકૃષ્ણજી બીરાજ્યા શ્રીદ્વારકાધીશ પાસે અનેશ્રીમદનમોહનજી ચોરીમાં પધરાવાની લીલા કરી. શ્રીમદનમોહનજી ચોરીમાં પધાર્યા પછી શ્રીઘનશ્યામજીએ અન્નજલ છોડી દીધાં અને તે તાપને લીધે

આપશ્રીનું શ્રીઅંગ જલી જાય તે રોકવા શ્રીગોકુલનાથજીયે સાત દિવસ સુધી એક મહાપ્રસાદનો કણ અને એક ઝારીના જલનું ટીપું એમ આપશ્રીને આપ્યાં. સાત દિવસ પછી આપશ્રીએ (શ્રીઘનશ્યામજીએ) અલૌકિક રીતે અંતર્ધાન-લીલા કરી. પહેલ વહેલી અંતર્ધાન લીલા લૌકિક રીતે તો શ્રીગોકુલનાથજીએ કરેલી. એમની પહેલાં પધારેલાં સ્વરૂપો બધાં અલૌકિક રીતે પધારેલાં, ફક્ત ઉપરણા ઊપર જ દૈહિક સંસ્કારો થયેલા.

(૬૫) શ્રીચન્દ્રમાજી બહાર પ્રમાણ છે અને ભીતર પ્રમેય છે.

(૬૬) શ્રીઅષ્ટભુજાજીના પણ શ્રીહસ્ત અને હોઠ દાઝેલા છે એ બતાવે છે. કે આપ શ્રીચન્દ્રમાજીના સ્વરૂપ માટેજ શ્રીજયદેવલાલજીયે તેમને પધરાવી સેવા કરી અને અત્યારે પણ વસ્ત્રથી બીજા શ્રીહસ્તો ઢાંકી બે શ્રીહસ્તમાં વેણુ ધરાવી શ્રીચન્દ્રમાજીના ભાવથી તેમની સેવા થાય છે. શ્રીગોવિન્દપ્રભુનાં દર્શન શ્રીજયદેવલાલમાં થતાં. આપ આપશ્રીના પિતા જેવાજ મહાનુભાવી હતા. શ્રીચંદ્રમાજીમાં પ્રમાણ તો શ્રીદેવકીનંદનજીએ વધાર્યું. પહેલાં એટલું બધું નહીં. ગ્વાલ પણ અમુક નેગ હોય તો જ બોલાય.

(૬૭) શ્રીનવનીતપ્રિયાજી પ્રમાણ પ્રકરણનું સ્વરૂપ. શ્રીમથુરાધીશજી પ્રમેય પ્રકરણનું સ્વરૂપ. શ્રીગોકુલનાથજી સાધન પ્રકરણનું સ્વરૂપ, આપે એકકાલાવચ્છિન્ન સર્વ

સ્વરૂપોની લીલા કરી છે. શ્રીમદનમોહનજી, શ્રીચન્દ્રમાજી. શ્રીનટવરલાલ એ ફલ પ્રકરણનું સ્વરૂપ છે.

(૬૮) લાલબાવાવાળા મંદીરમાં મુંબઈમાં જે શ્રીનવનીતલાલજી બીરાજે છે તે રાજા દવે અને માધવદવેના ઠાકોરજી. તે શ્રીનવનીતપ્રિયાજીના મુખીયાજીના સાથે બીરાજતા હતા. હવે બન્યું એવું કે મુખીયાજીએ તે સ્વરૂપ પધરાવી આપ્યું.

(૬૯) શ્રીત્રિભંગીરાયજીને વેણુનાદ ગૌચારણનો છે. દેવા કપુરની સાથે આપ બીરાજતા. એક સ્થળે સેવામાંથી અલોપ થઈ બીજે સ્થળે દર્શન આપેલાં.

(૭૦) ચાંપાસેનીમાં બીરાજતા શ્રીશ્યામમનોહરજીમાં ત્રણ ભાવના છે. (૧) શ્રીમથુરેશજીની (૨) શ્રીદ્વારકાધીશજીની અને (૩) શ્રીકલ્યાણરાયજીની. શ્રી હસ્ત ચાર શ્રીમથુરેશજીના છે. આયુધ શ્રી દ્વારકાધીશજીનાં છે અને શ્રીપીઠક શ્રીકલ્યાણરાયજીની છે.

(૭૧) મથુરામાં છોટા મદનમોહનજી પાસે જે શ્રીદ્વારકાધીશ બરાજે છે તે ગુસાંઈદાસના ઠાકોરજી છે. હરિદાસ મેડતાવાળાના નહીં. એ પ્રમાણે ગોપાલલાલજી મથુરાવાળા આજ્ઞા કરતા.

(૭૨) રેંડા ઉદંબરના ઠાકોરજી હાલ પોરબંદરમાં શ્રીગોપીનાથજીની હવેલીમાં શ્રીમદનમોહનજીની જમણી

બાજુ બીરાજે છે. મોટું જે શ્યામ સ્વરૂપ છે તે વૈષ્ણવો ઉપર બીરાજતા. પછી કોઈ સેવા કરનાર ન રહ્યું એટલે જેના ઉપર આપ બીરાજતા તે વૈષ્ણવ તાતજી મહારાજ પાસે આવ્યો. અને તેણે આપશ્રીને વિનંતી કરી કે આપ આ નિધિ પધરાવો. ત્યારે આપે આજ્ઞા કરી કે મારે માથે ઘણા નિધિઓ બીરાજે છે, અને પોરબંદરવાલા શ્રીજીવણલાલજી મહરાજ ઉપર એકે નિધિ નથી બીરાજતા. માટે લે હું તને પત્ર લખી આપું. તું ત્યાં જઈને પધરાવી આવ. આ રીતે આપ ત્યાં પધાયાં છે. શ્રીમદનમોહનલાલ તો આપ ઉપર પછી પધાર્યા. શ્રીજીવણલાલજી પણ કાકા વલ્લભજીના વંશમાં અને શ્રીતાતજી મહારાજ પણ કાકા વલ્લભજીના વંશમાં.

(૭૩) ગોરજા–સમરાઈ (સાસુ–વહુ) ને માથે બીરાજતા ઠાકોરજી શ્રીદામોદરજી હાલ જૂનાગઢમાં શ્રીપુરુષોત્તમલાલજી મહારાજને માથે બીરાજે છે. તે ઉલૂખલ બંધન લીલાનું સ્વરૂપ છે. બાંધ્યા તે વખતનું સ્વરૂપ શ્રીચન્દ્રમાજી પાસે બીરાજતા શ્રીમદનમોહનજી અને યમલાર્જુન ચતુર્ભુજ સ્વરૂપે દર્શન આપી તેમની સ્તુતિનો અંગીકાર કર્યો તે સ્વરૂપ શ્રીદામોદરજી તે આ. શ્રીચન્દ્રમાજીની ગોદમાં બીરાજતા શ્રીબાલકૃષ્ણજીએ જીમ્ભાલીલા કરી છે.

(૭૪) શ્રીગુસાંઈજીના બસોબાવન સેવકો તો પ્રસિદ્ધ છે તે ઉપરાંત આપશ્રીના અનેક સેવકો હતા. આ બધા સેવકો ઉપર જે જે સ્વરૂપો પધરાવી આપેલાં તે ગુસાંઈજી-

ના નિધિ. એટલે શ્રીગુસાંઇજીના નિધિ બસોબાવન કરતાંયે ઘણા વધારે છે. ચિન્હો ઉપરથી આ શ્રીગુંસાઇજીના નિધિ છે એમ ઓળખી શકાય. મારા દાદાજી મહારાજ શ્રીમધુસૂદનલાલજી પણ ઓળખી લેતા. અત્યારે કોટાવાળા શ્રીદ્વારિકેશલાલજી પણ ઓળખી શકે છે. અને થોડી થોડી મને પણ ખબર છે.

(૭૫) અંગવસ્ત્ર શ્રીનવનીતલાલજીને બહુ કોમલતા પૂર્વક થાય છે. અર્ધા અંગવસ્ત્ર ઊપર આપને પધરાવી બાકીનું અર્ધું આપ પર એવી રીતે ઓઢાડવામાં આવે છે કે સમગ્ર જલનું શોષણ થઈ જાય.

(૬) શ્રીનાથજી

(૭૬) શ્રીકલ્યાણરાયજીની પ્રાકટ્યની વધાઈમાં શ્રીનાથજીએ શ્રીગોવિન્દરાયજી પાસેથી વીંટી માગી લીધેલી તે વીંટી હાલ કાંકરોલીમાં છે અને તેનું નંગ શ્રીનાથજી દક્ષિણ શ્રી હસ્તની આંગળીમાં ધરે છે. બીજી બે વીંટી શ્રીમહાપ્રભુજી અને શ્રીગુસાંઈજીની છે.

(૭૭) શ્રીમહાપ્રભુજીએ અંગીકાર કરાવેલી મોતીની કંઠી શ્રીનાથજી જેમ વૈષ્ણવ કંઠી સાચવે એમ સાચવી રહ્યા છે. એ કદાપી વડી નથી થતી જો તુટી જાય તો તરતજ સમરાવાય છે. એને એ ધરે ત્યારપછીજ શ્રીનાથજી જલ પણ આરોગે છે. શ્રીમહાપ્રભુજીની કાની શ્રીનાથજી આટલી બધી રાખે છે.

(૭૮) શ્રીનાથજી સૌના સરખા અને શ્રીનવનીતપ્રિયાજી ટિકૈતના એટલે અમે જો ટિકૈતનો વ્યવહાર બંધ કરીએ તો તે અમારો વ્યવહાર શ્રીનવનીતપ્રિયજીમાં બંધ કરી શકે, પરંતુ શ્રીનાથજીમાં નહીં.

(૭૯) શ્રીગુસાંઈજીએ શ્રીનાથજીને બાદશાહી પોશાક ધરાવ્યા છે, તો શ્રીઠાકોરજીને કોટ–પાટલુન કેમ ન પહેરાવવાં ?

તેવા પ્રશ્નના ઉત્તરમાં કહેવાનું એ કે બાદશાહી પોશાક તો શ્રીનાથજીએ શ્રીમુખે માંગેલો અને તે પ્રમાણે લેખ છે. જ્યારે અત્યારે શ્રીઠાકોરજી શ્રીમુખે માગતા નથી.

શ્રીનાથજીને જ્યારે શ્રીગુસાંઈજીએ વિનંતિ કરી કે આપ હવે બોલો નહીં. ત્યારે શ્રીનાથજીએ કહ્યું કે બોલ્યા વગર કેમ ચાલે ? મારે કોઈ વસ્તુ જોઈતી હોય ત્યારે હું શું કરૂં ? ત્યારે શ્રીગુસાંઈજીએ વિનતિ કરી કે આપ એક દિવસ હજી બોલો અને આપે જેટલી વસ્તુ માંગી તેમાં બાદશાહી પોશાક પણ હતા, માટે તે પોશાક ધરાવાયા છે.

(૭) શ્રી ગિરિરાજજી

(૮૦) શ્રીસ્વામિનીજીનું શ્યામ સ્વરૂપ તે શ્રીગિરિરાજજી

(૮૧) શ્રીગિરિરાજજી એ સિંહાસનનું સ્વરૂપ છે.

(૮૨) શ્રીગિરિરાજજી જે પધરાવી આપવામાં આવે છે તે ઢોકા દાઉજીના પાછળના ભાગમાંથી સુરભી કુંડ અને ગોવિંદકુંડની વચમાંથી પધરાવી આપવામાં આવે છે. પ્રાચીન રીત આ છે.

(૮૩) શ્રીગિરીરાજજી સંકલિત થઈ ગયા હોય ત્યારે સામાન્ય રીતે અલગ અલગ બીરાજે છે. પરંતુ જો શૃંગારાદિ કરવામાં આવતા હોય તો લગાવથી એક બનાવવા. શ્રીગિરીરાજજી શ્રીઠાકોરજી સાથે બિરાજી શકે.

(૮૪) કણબી પટેલને કૃષ્ણભટ્ટના વાકયમાં વિશ્વાસ હતો કે શ્રીગિરિરાજજી રત્ન ધાતુમય છે અને ગોવિંદકુંડ દૂધનો ભરેલો છે અને તાપ પણ હતો કે મારો એવો શો અપરાધ છે કે મને તે દર્શન નથી થતાં. આમ વિશ્વાસ અને તાપ બન્ને હોય તો દર્શન થાય.

(૮૫) શ્રીનાથજીની ધજા તળે એકઠા થવું એટલે શ્રીગિરિરાજની નીચે સમગ્ર વ્રજ એકઠું થયું તે ભાવથી. એ વખતે નાતજાતનું ભાન કયાં રહ્યું હતું ? હવે એ ભાવના આબાદ રહે તો તો વાંધો નથી, પરંતુ મનમાં સંદેહ કરવો અને કરવું એના કરતાં ન કરવું સારૂં.

(૮) શ્રી શ્રુતિરૂપા અને ઋષિરૂપા ગોપીજનો

(૮૬) જેમ અગ્નિકુમારિકામાં સ્ત્રીભાવ અને પુંભાવ એમ બન્ને ભાવો છે તેમ શ્રીશ્રુતિરૂપાઓમાં પણ બન્ને ભાવો છે. શ્રુતિનું જે બીજું નામ વેદ છે તે પુંભાવનું સૂચક છે. “**वेदा यथा मूर्तिधरास्त्रिपृष्ठे**” આ વાકયમાં વેદોનું સાકાર પુરુષ તરીકે નિરૂપણ છે. શ્રીઠાકોરજીનાં દર્શન કરતાં તેઓને પણ સ્ત્રીભાવ ઉત્પન્ન થયો છે. તેઓમાં

પુંભાવ છે એટલે તેઓનો પુષ્ટિમાં અંગીકાર છે. એ પુંભાવ ન હોત તો તેઓનો શુદ્ધપુષ્ટિમાં અંગીકાર હોત.

(૮૭) જેઓના વચનમાં કઠોરતા છે તે મર્યાદા શ્રુતિઓ.

(૮૮) ઋષિરૂપાઓ તો અનન્યપૂર્વા અને શ્રુતિ રૂપાઓ અન્યપૂર્વા પરંતુ દેહે કરીને તેઓ પરકીયા છે, ભાવે કરીને તો સ્વકીયા છે. તેમણે જન્મ પ્રભુ માટે લીધો છે. નહીં કે ગોપો માટે. પરંતુ પ્રભુની આજ્ઞા થઈ કે તમે ગોપભાર્યા થશો તોજ મારો આસ્વાદ પ્રાપ્ત કરી શકશો એટલે તેમણે ગોપોને પતિ તરીકે સ્વીકાર્યા છે. અને આ રીતે પરકીયાભાવનો આસ્વાદ પ્રાપ્ત થયો. પરકીયા ભાવમાં એક બીજો લાભ એ છે કે તેમાં પ્રભુ તરફ દોષબુદ્ધિ નથી રહેતી. સ્વકીયા પ્રભુને અને પ્રભુની બીજી પ્રિયતમાને ધમકાવી શકે છે. પરકીયા એવું કાંઈ કરી શકતી નથી. "**प्यारी प्रियको बरजे**" એ પદમાં આ ભાવનું દર્શન થાય છે. અને આ રીતે કીર્તનનું અવગાહન જેને નથી તે સંસ્કૃત ગ્રંથો ચાહે તેટલા વાંચે પરંતુ તેને ભાવ સ્ફુરતો નથી.

(૮૯) ઋષિરૂપાઓએ કામભાવથી ભજ્યા છે. તેઓનો અંગીકાર નિત્યસિદ્ધામાં છે.

(૯) પ્રભુ શ્રીનટવરલાલ

(૯૦) શ્રીરઘુનાથજી મહારાજે શ્રીનટવરલાલજી જોધપુરથી રાજનગરમાં પધરાવ્યા. શ્રીશ્યામલાલજી ગોપાલદાસ નરોડાવાલા ઉપર બીરાજતા, તે પછી જુદા જુદા વૈષ્ણવો માથે બીરાજેલા અંતે શ્રીનટવરલાલ પાસે પધાર્યા. શ્રીચંન્દ્રમાલાલ અને શ્રીગોપાલલાલ પણ તેજ પ્રમાણે પધાર્યા.

શ્રીશ્યામલાલ શ્રીનટરલાલ સાથે બીરાજ્યા તે પહેલાં રાજામહેતાની પોળમાં જે શ્યામલાલનું ડેલું હાલ જે કહેવાય છે ત્યાં બીરાજતા. શ્રીલાલજી ગોપાલદાસ 'વલ્લભાખ્યાન' વાળા ઉપર બીરાજતા. પછી જુદા જુદા વૈષ્ણવો ઉપર બીરાજેલા અંતે શ્રીછોટાજી મહારાજનાં વહુજી તેમની સેવા કરતાં. અને શ્રીવ્રજરાયજી મહારાજ સાથે કચ્છમાં પણ પધારેલા. પરંતુ ત્યાં એક વખત આપને બહુ પરિશ્રમ પડ્યો. વહાણ આડે રસ્તે ચઢી ગયું અને આપની કેટલાકે કલાક સુધી ઝારી પણ ન ભરી શકાઈ. જલગરીયાઓ એવો દુરાગ્રહ લઈ બેઠા કે અમે ટાઢમાં અજાણી વાવમાં રાતે નહીં ઉતરીયે, એટલે આખી રાત આપશ્રી જલ વગરના રહ્યા. પછી શ્રીલાલજીને એવો કોપ થયો કે શ્રીવ્રજરાયજી મહારાજનું શ્રીઅંગ શિથિલ થયું અને શ્રીરણછોડલાલ બાવા કે જેમનું વય છ–સાત વર્ષનું હતું અને એક ભીતરીયો, તે સિવાય સૌ માંદા પડ્યા. ભીતરીયો જ્યાં સુધી સેવામાં પહોંચવું હોય ત્યાંસુધી સાજો

રહે અને સેવાથી પરવારે કે પડે માંદો ! તે કહેતો જાય એ પ્રમાણે શ્રીરણછોડલાલ બાવા સેવા કરતા જાય, શ્રીવ્રજરાયજી મહારાજ કેવલ મરીનો કાઢો આરોગે અને પોઢી રહે. આ પ્રસંગ બન્યા બાદ શ્રીલાલજીને શ્રીનટવરલાલ પાસે પધરાવ્યા. શ્રીગોવર્ધનનાથજીને તો શ્રીમધુસૂદનલાલજી મહારાજે પધરાવેલા છે.

(૯૧) શ્રીનટવરલાલજીના મંદીરનું પગથિયું ચડ્યો એજ કૃપાનો પ્રત્યક્ષ પુરાવો. પરંતુ જે ભગવદીયો કૃપાની માગણી કરી રહ્યા છે તે દીનતા ખાતર.

(૯૨) શ્રીનટવરલાલે અમારી તબીયત નરમગરમ રાખી છે એમાં અમારૂં હિત છે. સારી તબીયત હોય અને ખુબ ખાતા હોત તો સામગ્રીમાં મન જાત.

(૯૩) એક વખતે અહીં બધા મથુરાંવાળા ભાઈઓ (શ્રીગોપાલલાલજી શ્રીજીવનલાલજી, શ્રીબાલકૃષ્ણજી, શ્રીગિરિધરલાલજી, અને શ્રીમધુસૂદનલાલજી) ભેળા થયેલા. આપ સૌ જ્યારે સેવામાં પધાર્યા, ત્યારે એક ચર્ચા ચાલી કે લાલજીને શ્રીનટવરલાલનું પ્રસાદી કેમ ધરાય છે ? કેટલાકે આજ્ઞા કરી કે તે ઠીક નથી અને કેટલાકે આજ્ઞા કરી કે એ ઠીક છે. કોઈ પ્રકારનો નિર્ણય ન આવ્યો. ત્યારે સૌથી મોટા શ્રીગોપાલલાલજીને આ વિષયમાં વિનંતી કરવામાં આવી ત્યારે આપે આજ્ઞા કરી કે જેમ શ્રીનટવરલાલ નંદરાજકુમાર અને લાલજી પણ નંદરાજકુમાર તેમ શ્રીમહાપ્રભુજી અને શ્રીગુસાંઈજી ક્યાં નંદરાજકુમાર નથી ? પરંતુ

તેઓ બન્ને શ્રીનંદરાજકુમાર હોવા ઉપરાંત પિતાપુત્ર પણ છે ને! તો પછી પુત્ર પિતાનું પ્રસાદી લે એમાં અનુચિત શું! માટે મોટાઓએ જે કાંઈ રીત બાંધી છે તે વિચારીતેજ બાંધી છે. હવે બન્ને સાથે આરોગે તેમાં પણ અનુચિત નથી. પિતા પુત્રને ખોળામાં બેસાડી આરોગાવે અને પોતે આરોગે.

(૯૪) ઉપર જે ભાવ કહ્યો એ ઉપરાંત એક ગૂઢભાવ પણ છે. શ્રીઠાકોરજી ગુપ્તરસની ભાવનાનુસાર આરોગે છે. આપ એક જ વસ્તુ વારંવાર રૂપ બદલીને ભોગવે એમાં વાંધો શો ?

શ્રીનટવરલાલજીના મંદીરમાં જે ગાદીઓ બીરાજે છે તે આ પ્રમાણે છે :– આપણે દર્શન કરીએ ત્યારે આપણા ડાબા હાથથી ગણતાં પહેલી ગાદી શ્રીવ્રજભૂષણજી એટલે શ્રીછોટાજી મહારાજની છે. બીજી શ્રીવ્રજરાયજી મહારાજની છે. ત્રીજી ગોપીનાથજી જેમનો અખંડ દીવો બળે છે તેમની છે. અને ચોથી શ્રીપીતાંબરજી એટલે શ્રીછગુજી મહારાજની છે. શ્રીપાદુકાજી શ્રીરઘુનાથજી મહારાજની છે. જેમનો વંશ ચાલ્યો હોય તેમનાં શ્રીપાદુકાજી પધરાવાય અને જેમનો વંશ ન ચાલ્યો હોય તેમનાં શ્રીગાદીજી પધરાવાય.

શ્રીછોટાજી મહારાજ, શ્રીગોપીનાથજી અને શ્રીછગુજી મહારાજ એ ત્રણે શ્રીરઘુનાથજીના લાલજી. આ ઉપરાંત જેમનો વંશ ચાલે તેમનો ગિરિરાજમાં તુલસી ચોતરો થાય. અને જેમનો વંશ ન ચાલે તેમની સમાધિ થાય.

જેમનો વંશ ચાલ્યો હોય તેમનો તુલસી ચોતરો થાય તેમાં ઉત્પત્તિ એ છે કે જેમ તુલસીજીની શાખા વધે છે તેમ આ બાલકોનો વંશ વધ્યો છે. વહુબેટીના જુદા ચોતરા ન હોય. તેમનો અંગીકાર બીજા દ્વારા છે. તેઓ સહચરીઓ છે. વહુજીઓનો અંગીકાર પોતાની પતિ યા સસરા જે લીલાસ્થ હોય તેમના દ્વારા છે. અને બેટીજીઓનો અંગીકાર પોતાના પિતા યા પિતામહ જે લીલાસ્વરૂપ હોય તેમના દ્વારા છે. તેઓ સહચરીઓ એટલે તેમનો અંગીકાર પોતપોતાના સ્વામિજી દ્વારા જ થાય.

(૧૦) શ્રીહરિરાયજી

(૯૫) શ્રીહરિરાયજી એટલે શ્રીગોસાંઇજીનું પ્રાકટ્ય. શ્રી કલ્યાણરાયજી આ વાત સમજતા હતા. છતાંયે નાનપણથી ભગવદ્વાર્તામાં છૂટથી રસ લેતા રોકવા કોટડીમાં પૂરેલા તે લોકને દેખાડવા ઉપરાંત શ્રીહરિરાયજીનું ખરૂં સ્વરૂપ પ્રકટ પણ દેખડાવા.

(૯૬) શ્રીહરિરાયજી શ્રીગુસાંઈજીનું પ્રાકટ્ય અને શ્રી પુરુષોત્તમજી શ્રીગોપીનાથજીનું પ્રાકટ્ય.

(૯૭) શ્રીહરિરાયજી બીમનોરમાં બીરાજતા તે વખતે શ્રીવિઠ્ઠલનાથજી તો હાલ જ્યાં બીરાજે છે ત્યાંજ બીરાજતા. જ્યાંસુધી આપનું શ્રીઅંગ ચાલ્યું ત્યાંસુધી આપે સેવા કરી. અને આપના નાના ભાઈ શ્રીગોપેશ્વરજી મોટા થયા સેવા સાવધાનીપૂર્વક કરી શકે તેવા થયા અને આપનું શ્રીઅંગ

શિથિલ થયું ત્યારે આપશ્રીએ શ્રીગોપેશ્વરજીને સેવા સોંપી વિરહરસનો અનુભવ કરવા અલગ થઈ ખીમનોર પધાર્યા આપનાં વહુજીએ તો ઘણા વખત પહેલાંજ લીલા કરી હતી.

(૯૮) "કોરડા અંગીકાર કર્યા" શ્રીહરિરાયજીની વાણીમાં વિવેક કેટલો છે !

(૧૧) શ્રી ઠાકોરજીની કૃપા

(૯૯) શ્રીઠાકોરજીની દયા થઇ ત્યારે સમજવી કે જ્યારે પોતાના દોષ સુઝે અને બીજાના ગુણ સુઝે.

(૧૦૦) પ્રભુ જીવ ઉપર આટલી બધી કૃપા કેમ કરી રહ્યા છે તેવો કોઈને પ્રશ્ન ઉઠે તો એનો જવાબ એ કે આપણા શ્રમની એમને કિંમત છે. પછી ભલે એમના શ્રમની આપણને કિંમત ન હોય. રાઈ જેટલી સેવા મેરૂ સમાન માને તે આ.

(૧૦૧) શ્રીઠાકોરજીની બે શક્તિઓ છે. એક ઇચ્છાશક્તિ અને કૃપાશક્તિ. ઈચ્છાશકિતથી સૌ જીવોમાં ભાગ્યનું નિર્માણ થાય છે જ્યારે કૃપાશકિતથી જે ભોગ ભોગવવાના હોય છે તે અલ્પ સમયમાં ભોગવાવી દે છે અને જીવને પોતા તરફ ખેંચે છે.

(૧૦૨) એક જીવનો ઉદ્ધાર કરવા તે જીવ જ્યાં હોય ત્યાં શ્રીઠાકોરજી પધારે છે અને તેની સાથે તેવા થઈને રહે છે. જીવને બે જન્મનો અંતરાય હોય તો આપ પણ

એ જન્મનો અંતરાય અંગીકાર કરે છે. આપણી વચ્ચે આપણા જેવા થઈને બીરાજે છે.

(૧૦૩) ઇન્દ્રે જે વૃષ્ટિ કરી તે શ્રીઠાકોરજીએ સેવા માની. એક તો વ્રજભક્તોએ આટલું બધું આરોગાવ્યું તો પછી જલ પણ એટલું બધું જોઈએ. બીજું, તે વૃષ્ટિ થઈ એને લઈ બધા વ્રજભક્તો એકઠા થઈ પ્રભુ સન્મુખ થયા અને બ્રહ્માજીએ વ્રજભક્તોને જુદા કર્યા એટલે પ્રભુ તેમના ઉપર અપ્રસન્ન થયા અને કણીક પ્રસાદ પણ તેને મલવા ન પામ્યો.

(૧૦૪) પ્રભુ તો જીવનું હિત જ કરી રહ્યા છે. દુર્ભાગ્યની વાત તો એટલી જ કે જીવને આ વાતની ગમ નથી.

(૧૦૫) પ્રભુએ જીવ પર આટલી બધી કૃપા કરી છે છતાંએ જીવને તે ધ્યાનમાં નથી આવતી. આથી તે મોટી કૃતઘ્નતા બીજી કઈ?

(૧૦૬) જીવમાં તે વળી પ્રભુની સેવા કરવાની યોગ્યતા શી હોય! પ્રભુ કૃપા કરીને એટલું કરવા દે છે. એ જ આપની વડાઈ છે.

(૧૨) કૃપાસાગર શ્રી મહાપ્રભુજી

(૧૦૭) આટલો આટલો પરિશ્રમ શ્રીઠાકોરજીને પડે છે છતાંયે આપ કશું ચિત્તમાં લાવતા નથી અને બધું નિભાવે જાય છે તે શ્રીમહાપ્રભુજીની કાનીથી.

(૧૦૮) શ્રીમહાપ્રભુજીની કૃપા વગર ક્રિયા વધે પરંતુ ભાવ તો સર્વથા ન વધે.

(૧૦૯) શ્રીઠાકોરજી ભલે સાનુભાવ હોય પરંતુ શ્રીમહાપ્રભુજીની કૃપા વગર વ્રજલીલાનો અનુભવ તો ન જ હોય; માટે જ્યાં શ્રીમહાપ્રભુજીનો સંબંધ નથી તે બધી મર્યાદા.

(૧૧૦) જીવ પાસે શ્રીઠાકોરજીને બીજું નિવેદન કરવાનું શું હોય! તે તો પોતાના પાપનો ભારો અને અપરાધો જ શ્રી આગળ લાવીને ધરે છે અને અગ્નિસ્વરૂપે શ્રીમહાપ્રભુજી આ બધાં પાપો ને અપરાધોને ભસ્મ કરી નાખી તે જીવને કંચન જેવો બનાવી શ્રીઠાકોરજી સન્મુખ કરે છે.

(૧૧૧) શ્રીમહાપ્રભુજીએ હાથ ઝાલ્યો છે એટલે ઉદ્ધારમાં તો વાંધો નહીં જ આવે, પરંતુ લીલાનાં સુખ તો બહુ આઘાં છે.

(૧૧૨) શ્રીયશોદાજીનું વાત્સલ્ય એટલે પરાકોટિ, અને શ્રીમહાપ્રભુજીએ તો હદ વાળી દીધી છે. આપની સૃષ્ટિમાં આજે ઘેર ઘેર શ્રીયશોદાજીનાં લાડ છે.

(૧૩) શ્રી વલ્લભકુલ

(૧૧૩) દર ત્રીજી પેટીએ તેજ સ્વરૂપ વલ્લભકુલમાં પ્રાગટ્ય લે છે. આ વલ્લભ બાલકોનું મુખ્ય સ્વરૂપ

"સદા પ્રકટ શ્રીવલ્લભનંદન દ્વિજકુલ ભક્તિ" આજ ભાવે વિદ્યમાન તેમ લીલાસ્થ ગોસ્વામિ બાલકોના પ્રાકટ્યોત્સવ મનાય છે.

(૧૧૪) પવિત્રાં પેરાવતી વખતે પોતાના પૌત્રને ચરણસ્પર્શ કરવાનો રીવાજ શ્રીવલ્લભકુલમાં છે તે એમ બતાવે છે કે દર ત્રીજી પેઢીએ તેનું તેજ સ્વરૂપ પ્રાકટ્ય લે છે. શ્રીવ્રજરાયજી મહારાજે શ્રીરણછોડલાલજી મહારાજને આ રીતે ચરણસ્પર્શ કરેલા અને શ્રીમધુસુદનલાલજી મહારાજે શ્રીલાલબાવાને આ રીતે ચરણસ્પર્શ કરેલાં. "લાલ" શબ્દ અત્યારનું પ્રાકટ્ય વખતનું સ્વરૂપ બતાવે છે. લોકમાં પણ 'બેટા'ને 'બાપ' કહી વહાલ કરવામાં આવે છે તેની પાછળ ઊંડું રહસ્ય આ છે. હવે બાપ કહેવાથી કાંઈ ન વળે. એ બાપે આપણું પહેલાં કર્યું છે તેથી સવાયું આપણે કરી બતાવવું જોઈએ.

(૧૧૫) શ્રીગુસાંઈજી પોતાના સાત બાલકોને નીચે મુજબને નામે સંબોધતાં.

શ્રી ગિરિધરજીને 'ગોવર્ધન'

શ્રી ગોવિંદરાયજીને 'રાજાજી'

શ્રી બાલકૃષ્ણજીને 'રાજીવલોચન'

શ્રી ગોકુલનાથજીને 'વલ્લભ'

શ્રી રઘુનાથજીને 'રામચંદ્ર'

શ્રી યદુનાથજીને 'મહારાજજી'

અને શ્રીઘનશ્યામજીને 'પ્રાણવલ્લભ' કહી આપ બોલાવતા.

(૧૧૬) શ્રીમધુસૂદનલાલજીને દશહજાર કીર્તનો મોઢે હતાં અને અખંડ તે કીર્તનોની માલા તેમને ચાલુ જ રહેતી અને લીલાનું અવગાહન કર્યા જ કરતા.

(૧૧૭) વલ્લભકુલનાં કલંક દીઠાંનાં સગાં છે.

(૧૧૮) કાં તો અમે લઈએ નહીં અને લઇએ તો મુકીયે નહીં.

(૧૧૯) કાશીવાળા શ્રીગિરધરજી શ્રીયદુનાથજીનું પ્રાકટ્ય એટલે પોતાનો રહી ગયેલો વાંટો પોતે લીધો. આ હિસાબે શ્રીમુકુંદરાયજી છઠ્ઠા ઘરમાં ગણાય છે.

(૧૨૦) શ્રીગોપીનાથજીનાં વહુજીનું નામ 'પ્રિયાજી' અને શ્રીઘનશ્યાયજીના બીજાં વહુજીનું નામ 'ભાગેરથી.'

(૧૨૧) શ્રીવ્રજરાયજી મહારાજે એક બાઈના ઠાકોરજી ઝુંટવી લઈ એમ આજ્ઞા કરેલી કે તું તારે ઘેર સેવા કરીશ તો મંદીરમાં સેવા કોણ કરશે ? અને શ્રીઘનશ્યામલાલજી મથુરાવાળાએ પણ તેમજ કરેલું. એમણે આજ્ઞા કરેલી કે હું તારો ઠાકોરજી. લે હું તને શીખવું. નવી નવી વસ્તુ

સિદ્ધ કરી મને ધરાવ. આમ આજ્ઞા કરી પોતે શીખવે અને તાજી તાજી વસ્તુ સિદ્ધ કરાવીને આરોગે અને અમે જઈએ એટલે અમને પણ લેવડાવે.

(૧૨૨) શ્રીમહાપ્રભુજીએ અને આપના વંશજોએ જે દેહ ધારણ કરી પ્રાકૃતલીલા દેખાડી છે તે આયુર્વેદ, જ્યોતિષશાસ્ત્ર, અને ધર્મશાસ્ત્રને માન આપી કૃતાર્થ કરવા.

(૧૨૩) શ્રીદામોદરલાલજીએ આ વિપરીત લીલા થયા પછી એવી આજ્ઞા કરેલી કે હું હવે શ્રીનાથજીના કામનો નથી રહ્યો અને તે તાપમાં ને તાપમાં આપે દેહ છોડી દીધો. નહીંતર આપની વય કાંઈ એટલી બધી ન હતી. જે શ્રીદાઉજીમહારાજને યવનનો સ્પર્શ થયેલો અને તેને લઈ થયેલ તાપને લીધે આપ લીલામાં પધાર્યા તેજ શ્રીદાઉજીમહારાજનું શ્રીદામોદરલાલજી એ પ્રાકટ્ય હતું. તે શ્રીદાઉજીમહારાજે જેમ સાતે સ્વરૂપ ભેળાં પધરાવી અન્નકૂટ આરોગાવેલો તેમ સાતે સ્વરૂપ ભેળાં પધરાવવાનો અને અન્નકૂટ આરોગાવવાનો મનોરથ આપનો પણ હતો પરંતુ શ્રીનાથજીની તેવી ઇચ્છા નહીં એટલે બધું વિપરીત થયું અને તે વિપરીત લીલા થોડા વખતમાં જ બધી સમેટાઈ ગઈ. (હાલના તિલકાયત શ્રીગોવિંદરાયજી મહારાજે આ મનોરથ સં. ૨૦૨૨માં પૂર્ણ કર્યો છે.)

(૧૨૪) જે બાલક અત્યારે પઠન પાઠનમાં રચ્યાપચ્યા છે એ આગળ ઉપર પાછું પ્રાકટ્ય લેશે, સેવા કરશે અને દૈવી જીવોને આનંદનું દાન કરશે.

(૧૨૫) શ્રીઠાકોરજીની સામગ્રીમાં દૃષ્ટિ ન પડે માટે બાલકો અલગ તપેલી કરે છે.

(૧૨૬) “ધર્મકી જડ હંમેશ હરી હૈ” શ્રીબાલકૃષ્ણલાલ કાંકરોલીવાળા એવા ધર્માત્મા હતા કે આપની વેલ સદા ફાલીફૂલી જ રહેવાની. આપનાથી કોઈનું દારિદ્ર જોયું ન જાતું. આપની પાસે કોઈ દરિદ્ર આવતો તો તેનું દારિદ્ર હંમેશને માટે નષ્ટ થઈ જાતું. આપનું સ્વરૂપ બહુ અલૌકિક હતું. દુઃખની વાત છે કે એ સ્વરૂપ કોઈએ જાણ્યું નહીં.

(૧૨૭) અમે કોઈનો અપરાધ ગણીએ તો તમને અમારો અપરાધ પડે પરંતુ અમે કોઈનો અપરાધ ગણતા નથી.

(૧૨૮) શ્રીપુરુષોત્તમજીને ગાદી સોંપવી કે શ્રીગુસાંઇજીને તે ઝઘડો પડ્યો તે અરસામાં શ્રીગુસાંઈજીને વિરહ થયો છે.

(૧૨૯) બાલકે શૃંગાર ધર્યા હોય એટલે કે શ્રીયશોદાજીના કે શ્રીચન્દ્રાવલીજીના શૃંગાર ધર્યા હોય અને જે ભેટ આવે તે બધી શ્રીઠાકોરજીને જાય. આજ પ્રમાણે બાલક મંદિરમાં બીરાજતા હોય અને જે ભેટ આવે તે પણ શ્રીઠાકોરજીને જાય.

(૧૩૦) વલ્લભકુલના બાલકો હજી એવી હિંમત કરી દેખાડે કે પોતાના સેવક ખાતર સર્વસ્વ છોડી દે. પરંતુ સેવકને એવી હિંમત દેખાડતાં ભારે પડી જાય.

(૧૩૧) શ્રીદામોદરલાલજી મથુરાવાળા કોઈ આપને શ્રીમહાપ્રભુજી કહે તો રીસે ભરાતા. એમાં કારણ એ કે કેટલાક વૈષ્ણવો ભાવ ન રાખે અને મોઢેથી આપ પુરુષોત્તમ છો એમ કહ્યા કરે એનો અર્થ એ નીકળે કે મહારાજ પોતે આવા વૈષ્ણવો દ્વારા પોતાનું માહાત્મ્ય વધારે છે એવું બીજા સમજે તે ઠીક નહીં.

(૧૩૨) શ્રીવિઠ્ઠલનાથજી (શ્રીમધુસુદનલાલજીના લાલજી ના લાલજી શ્રીવ્રજનાથજીનું શ્રીઅંગ સારૂં ન રહેતું અને સૌ કહેતા કે એમને કોણ પુત્રી આપશે ? અને એમને ત્યાં શી રીતે બાલકો થશે ? ત્યારે આપે આજ્ઞા કરેલી કે એમને ત્યાં ચાર લાલજી અને ચાર બેટીજી થશે. અને થયું પણ એમજ. વળી આપનો લીલામાં પધારવાનો સમય નજીક આવ્યો ત્યારે પંચક હતું તે વખતે વૈદ્ય અને જોશી ત્યાં હાજર હતા. વૈદ્યે આપની નાડી તપાસી કહ્યું કે આપ હવે થોડા વખતમાં પધારશે. ત્યારે જોશીએ કહ્યું કે આજ તો પંચક છે ત્યારે આપ આ સાંભળી ગયા અને આજ્ઞા કરી કે જોશીજી ! ચિંતા ન કરો ! હું પંચકમાં જઈશ. તે મારા કુટુંબમાં પાંચ લાલજીનું પ્રાકટ્ય થશે અને થયું પણ તેમજ.

(૧૩૩) વલ્લભ બાલકો સદા સર્વદા વિદ્યમાન છે માટે તેમના ઉત્સવો લૌકિકમાં તો તે દિવસે રંજ કરે છે.

(૧૩૪) શ્રીગોપાલલાલજી મથુરાવાળાને શૃંગાર કરવાનો બહુ શોખ. જેમ શ્રીઠાકોરજી શૃંગાર નિત્ય નવા નવા ધરે

એમ આમ પણ નિત્ય નવાં નવાં વસ્ત્રો અને શૃંગાર ધરે આપને આપનું શ્રીઅંગ શણગારતાં કલાકોના કલાક જાતા.

(૧૩૫) શ્રીદેવીકીનંદનજી મહારાજને ફરવાનો બહુ શોખ હતો. આપ ઘાટાથી કામવન દિવસમાં બે વાર ચાલીને પધારતા અને પાછા પધારતા. કોઈવાર તો આપ ચાલીને પધારતા અને આપની બન્ને બાજુ આપનું રક્ષણ કરવા બે વાઘો ચાલ્યા આવે.

(૧૩૬) શ્રીવ્રજરત્નલાલજી સુરતવાળાને પહેલાં થઈ ગયેલ લક્ષ્મીબેટીજીએ સ્વપ્નમાં આવી એવું કહ્યું કે હું પાછી તમારા લાલજીને ત્યાં જન્મી છું અને મારૂં નામ લક્ષ્મી રાખજો.

(૧૩૭) શ્રીગોપીનાથજીનાં પાદુકાજી ક્યાંય બીરાજતાં નથી. પરંતુ આપનો ઉત્સવ સાતે ઘરમાં મનાય છે. અને સુરતમાં તો જેવો શ્રીગુસાંઈજીનો, તેવોજ શ્રીગોપીનાથજીનો મનાય છે. શ્રીપુરુષોત્તમજી લેખવાળાએ આ ઉત્સવ મનાવવો શરૂ કર્યો છે.

(૧૩૮) બાલકોમાં સેવા પણ કરી હોય અને વિદ્વાન પણ હોય એવા બાલક તો કાશીવાળા શ્રીગિરધરજી. આપે શ્રીનાથજીની પરચારગી કરી. શ્રીમુકુંદરાયજીને કાશીમાં પધરાવી જઈ લાડ લડાવ્યાં અને એમનો વૈભવ વધાર્યો. વિજ્ઞાનોને આપે વાદમાં હરાવ્યા. તેમ સ્વતંત્ર ગ્રંથો અને ટીકાઓ પણ આપે કર્યા. બીજા બાલકોમાં સેવા વ્યસન હોય તો વિદ્યા વ્યસન ન હોય, અને વિદ્યા વ્યસન હોય

તો સેવા વ્યસન ન હોય. આપને બેટીજી હતાં. તેમનું નામ શ્યામાબેટીજી હતું પરંતુ તેમનું સામર્થ્ય લાલજી જેવુ અને લાલજી જેવાં તેમણે કાર્ય કરેલાં એટલે આપ શ્યામલાલ એ રીતે ઓળખાતાં.

(૧૩૯) મથુરાવાળા શ્રીવિઠ્ઠલનાથજીનો ઉત્સવ વસંતપંચમીનો આવે છે. આપને ગાયો તરફ બહુજ ભાવ હતો. આપ પરદેશમાં પણ ગાયો સાથે રાખતા અને આપ આજ્ઞા કરતા કે મારૂં ને કાંઈ છે તે આ ગાયોના પ્રતાપથી છે.

(૧૪૦) આ શ્રીવિઠ્ઠલનાથજીના ભાઈ શ્રીપુરુષોત્તમજી શ્રીમધુસૂદનલાલજીના ગુરૂ થાય શ્રીમધુસૂદનલાલજીને યજ્ઞોપવીત થયું તે વખતે વૃદ્ધ સૌથી આપ શ્રીપુરુષોત્તમજી હતા. આપના લાલજી શ્રીરમણલાલજી. શ્રીવિઠ્ઠલનાથજીના બે લાલજી શ્રીવ્રજનાથજી અને શ્રીકલ્યાણરાયજી. શ્રીવ્રજનાથજીના બે લાલજી–શ્રીગિરિધરલાલજી અને શ્રીમધુસૂદનલાલજી અને શ્રીકલ્યાણરાયજીના ત્રણ લાલજી–૧ શ્રીગોપાલલાલજી ૨–શ્રીબાલકૃષ્ણલાલજી અને ૩ શ્રીજીવણલાલજી. પોરબંદરવાળા જીવણલાલજી અને મુંબઈવાળા શ્રીનૃસિંહલાલજી પણ આ પાંચ ભાઈઓના સંગી.

આ પાંચભાઈઓ બધી રીતે પૂર્ણ હતા. કોઈ બાબતની ન્યૂનતા નહીં અને સાતે ઘરમાં શ્રીગુસાંઈજીના સાતે લાલજીની ઝાંખી થતી. શ્રીબાલકૃષ્ણલાલ સાક્ષાત શ્રીબાલકૃષ્ણજીની ઝાંખી આપતા અને શ્રી ગિરિધરલાલજી અને શ્રીમધુસૂદનલાલજીમાં મહારાજજીના બધા ગુણો હતા. શ્રીમધુસૂદનલાલજી તો

વૈદ્યકમાં નિપૂણ હતા. આ બાલકો આજ્ઞા કરતા કે અમારૂં કામ તો શ્રીઠાકોરજીની સેવા કરવાનું. અમારે કઈ વસ્તુ વિના ચાલે ! અમારે તો બધું તૈયાર જોઇએ. શ્રીગોપાલલાલજી જેવા શ્રીઠાકોરજીએ ઘેરદાર અને ચાકદાર વાઘા ધર્યા હોય તેવા ઘેરદાર અને ચાકદાર વાઘા ધરતા.

(૧૪૧) શ્રીબાલકૃષ્ણલાલજી કાંકરોલીવાળા ડમરૂં બહુ સુંદર બજાવતા.

(૧૪૨) વલ્લભકુલમાં પિતાની પુત્ર એટલી બધી આમન્યા રાખે છે કે તેમની આજ્ઞા વગર તેમની સાથે યા સામે તે ન બિરાજે. આનો અર્થ અણબનાવ છે એમ ન કરવો.

(૧૪૩) શ્રીવલ્લભલાલજી કામવનવાળાના બીજા લાલજી શ્રીગોકુળનાથજી શ્રીકનૈયાલાલજીનું પ્રાકટ્ય છે અને આપ ડંડો પણ આપના જેવો જ ચલાવવાના. ગાદી ઉપર પ્રાકટ્ય આ ઘણે વખતે થયેલ છે.

(૧૪૪) તમે અમને બાલકોને મરજી પડે તેમ લખો પણ અમે સૌ એક બાપના બેટા છીએ. તમે એમ સમજશો કે અમે લડશું પરંતુ અમે તો હારે બેસીને ભોજન કરવાના.

(૧૪૫) તાતજી મહારાજના વખતમાં સેવકમંડલ બહુ થતાં અને આ રીતે લૌકિક વૈદિકનો અલૌકિકમાં વિનિયોગ થતો. દાદાજી મહારાજે આ બંધ કર્યો, કારણકે

પછીથી વિનતિનું સ્વરૂપ ફરી ગયું. આવીને લોકો એમ કહેવા લાગ્યા કે એના બાપનું શ્રાદ્ધ કર્યું અને અમારા બાપનું કાં નહીં ?

(૧૪૬) મારા દાદાજી મહારાજનો તો એવો સ્વભાવ કે કોઈનું દુઃખ આપ દેખી શકે જ નહીં. મહાનાલાયકમાં નાલાયક હોય તોયે તેનું દુઃખ આપ દેખી શકે જ નહીં.

(૧૪૭) વધાઇ બેઠા પછી અમારામાં જુવાન મરણું થાય તોએ લૌકિક ન હોય. ન અમે કોઈને ત્યાં જઈએ કે ન કોઈ અમારે ત્યાં આવે.

(૧૪૮) જે દ્વારિકેશજીને અન્યાશ્રય થયા બાદ શ્રી દ્વારકાધીશે અંગીકાર ન કર્યા અને જેઓએ અનશન વ્રત લઈ દેહ ત્યાગ કર્યો એ પાછા શ્રીબાલકૃષ્ણલાલ કાંકરોલીવાળાને ત્યાં પધાર્યા અને સેવા કરી. જનોઈ થયા પહેલાં પધાર્યા. આ પ્રમાણે શેરગઢવાળા શ્રીગિરિધરલાલજીએ આજ્ઞા કરેલી.

(૧૪૯) અમારા કુટુંબમાં જે મોટો હોય તે બ્રહ્મસંબંધ આપે અમારી બેટીના લગ્ન જો કોઈ બેટીજીના લાલા સાથે થાય તો તે બેટીજીના કુટુંબમાં જે મોટો હોય તે બ્રહ્મસંબંધ આપે.

(૧૫૦) શ્રીગોકુલનાથજી સદા સર્વથા બીરાજે છે અને પ્રકટ છે. નહીંતર આટલો બધો આનંદ ક્યાંથી હોય !

(૧૫૦/૧) અમે બાળકો અત્યારે યે બધા એવા છીએ.

(૧૫૧) શ્રીમુકુંદરાયજીને કાશીમાં પધરાવી ગયા તે શ્રીગિરિધરજીનાં વહુજી, સાતે સ્વરૂપોને એક સાથે અન્નકોટ આરોગાવ્યો તે શ્રીદાઉજીનાં વહુજી, તથા ચટુજી-મટુજીના પિતા શ્રીદ્વારિકેશજીનાં વહુજી-એ ત્રણે સગાં બહેનો. શ્રીદ્વારિકેશજીના સૌથી મોટા પુત્ર શ્રીગોકુલાલંકારજી કે જેમણે શ્રીનાથજી સાથે રાજભોગ આરોગેલો. તેમનાં બેટીજીનું નામ ચંદાબેટીજી કે જેનું મંદિર મુંબઇ કોટમાં છે અને જેમાં ચતુર્ભુજ શ્રીમદનમોહનજી બીરાજે છે. મટુજી અથવા શ્રીગોપિકાલંકારજી અને ચટુજી અથવા શ્રીગિરિધરજી એકસો વીસ વચનામૃતવાળા એ બન્ને આપશ્રી (શ્રીગોકુલાલંકારજી)ના નાના ભાઇ થાય.

(૧૫૨) કોઈ વલ્લભકુલના બાલક લીલા કરે ત્યારે બીજા બાલકો શોક પાળે છે તે શા ભાવથી ? ન પાળે તો લોકમાં નિન્દા થાય. પાળે તો શ્રીઠાકોરજીનો વિરોધ કર્યો કહેવાય, માટે શોક પાળતી વખતે એમ વિચારવું કે ઠાકોરજીએ કૃપા કરી અને વહેલા વહેલા બોલાવ્યા અને મને કેમ ન બોલાવ્યો ! મારા ઉપર કૃપા કેમ ન વિચારી ! આ વાતનો શોક.

(૧૫૨-૧) અત્યારે લોકો એમ અમારા ઉપર આક્ષેપ કરે છે કે અમે વલ્લભકુલના બાલકો કાંઈ બોલતા નથી. પરંતુ અમે નથી બોલતા તેમાં એક મોટું કારણ છે. એક વખતે રાજામહેતાની પોળમાં મચકણિયાઓએ સભા કરી

હતી અને તેમાં વસંતરામ શાસ્ત્રિ વ્યાખાતા હતા. મને પ્રમુખ તરીકે પધરાવી ગયા. વસંતરામ શાસ્ત્રિએ વ્યાખ્યાન પૂરૂં કર્યું, બાદ શ્રોતાઓએ ઇચ્છા દર્શાવી કે હું પણ કાંઈક બોલું પણ તે વખતે મને બોલવાનો અભ્યાસ નહીં. પછી વસંતરામ શાસ્ત્રીએ કહ્યું કે આપશ્રી પાસે વ્યાખ્યાન કરાવું પરંતુ એ શરતે કે તમારે તેઓશ્રી જે કહે તે પ્રમાણે કરવું. ત્યારબાદ મેં ફક્ત એટલુંજ કહેલું કે તમે આટલા બગ્ગા ઘોડા પાળો છો તેની સાથે ફક્ત એક એક ગાય પાળો. પરંતુ એ માનવું હતું કોને ! અમે આજ્ઞા કરીયે તે તમે ન પાળી શકો અને પડે અપરાધ, તેના કરતાં અમારે ન બોલવું એજ સારૂં. માટે અમે નથી બોલતા.

બડે ટિકૈતો તો મોટે ભાગે સેવાપરાયણ જ રહ્યા છે. એટલે તેઓએ રૂપ-સેવાજ કરી છે. અને છોટા ભૈયાઓએ નામસેવા કરી છે.

(૧૫૨-૩) શ્રીગોવર્ધનલાલજી મહારાજ વેરાવલવાળા, આપ જબ્બર વિદ્વાન, પરંતુ વિદ્વાન તરીકે આપ પ્રસિદ્ધ થવા ન માગતા. કારણ કે પ્રસિદ્ધ થયેલ માણસને લોકો હેરાન બહુ કરે. આપ એકલા બીરાજતા હોય અને બે ચાર ભાવિક વૈષ્ણવો આવી જાય તો શ્રીસુબોધિનીજી સાર્થ સંભળાવે વધારે સંખ્યા વૈષ્ણવોની જેવી થાય એટલે આપ મનમાં પાઠ કરવા મંડે અને આજ્ઞા કરે કે હું તો પાઠ માત્ર કરું છું, બીજું કશું આવડતું નથી.

(૧૪) વહુ-બેટીજીના પ્રસંગો

(૧૫૩) વહુ-બેટીજીઓ એ અગ્નિકુમારિકાઓ છે. તેઓનો અંગીકાર નિત્યસિદ્ધા શ્રીસ્વામિનીજીના યૂથ સાથે છે એઓને લૌકિક ભાવ છે તેમ પતિભાવ છે એઓએ શહેરો ધર્યો છે. અન્તર્ધાનલીલા પણ એઓની સાથે છે. એઓની નિત્યપરીક્ષા લેવાયા કરે છે. એઓને શ્રીઠાકોરજીનો વિયોગ અને સંયોગ થયા કરે છે. વહુબેટીજીઓને વૈધવ્ય પ્રાપ્ત થાય છે તે આ ભાવથી. દ્વારકાલીલાની પટરાણીઓ તેમ સોલ હજાર નાયિકાઓ પણ અગ્નિકુમારિકાઓના યૂથમાં મલી ગઈ. છે. શ્રીઠાકોરજીએ પ્રાકૃત લીલા કરી ત્યારે અર્જુન સાથે બધી પટરાણીઓ તેમ સોલ હજાર નાયિકાઓ તીર્થયાત્રા કરવા નીકળી ત્યારે શ્રીયમુનાજીનાં દર્શન સર્વ સૌભાગ્યચિહ્નો સાથે થયાં. અને ત્યારે શ્રીયમુનાજીએ કહ્યું કે શ્રીઠાકોરજી તો વ્રજમાં નિત્ય બીરાજે છે. તે વખતે તે પટરાણીઓના તેમ નાયિકાઓના પ્રાકૃત દેહો છુટી ગયા અને બધી લીલામાં ગઈ.

(૧૫૪) વહુજી મહારાજ સધવા હોય ત્યાંસુધી પતિસેવા પરાયણ રહે અને વિધવા થયા બાદ પ્રભુસેવા પરાયણ બને. વહુબેટીજીઓનું લૌકિક દૃષ્ટિએ વૈધવ્ય છે પરંતુ અલૌકિક દૃષ્ટિએ તેઓ વિપ્રયોગ રસનો અનુભવ કરે છે. માટેજ લૌકિક વૈધવ્ય બાદ તેઓને મંદીરની સેવાનો અધિકાર પ્રાપ્ત થાય છે. તે પહેલાં ફક્ત ભોગ ધરી શકે અને ચરણ-સ્પર્શ કરી શકે પરંતુ ઝારી ન ભરી શકે. પરંતુ

શ્રીનાથજીમાં, શ્રીનવનીતપ્રિયાજીમાં તેમજ ચંદ્રમાજીમાં તેઓ શ્રીઝારીજી ભરી શકે છે. બાલકોએ પ્રસન્ન થઈ આ અધિકાર આપ્યો છે. બાકી બહારની સેવા જેવી કે ગાગર લાવવાની તેઓ કરી શકે છે. કોટમાં સ્નાનયાત્રાને આગલે દહાડે ઠેક ચંબલથી વહુ–બેટીઓ જલ લાવે છે.

(૧૫૫) પ્રાચીન બેટીજીઓ કેટલાંક એવાં થઈ ગયાં છે કે જેમને વિષય વાસનાજ નહીં. એક દેખાડવા ખાતરજ પતિ કરે એટલુંજ તેઓ નિત્ય સેવામગ્ન રહેતાં. અત્યારે બેટીજીઓના લગ્ન થયા પછી ચાર દિવસ પછી બ્રહ્મસંબંધ અપાય છે તે ચાર દિવસમાં પતિની સાથે ભોજન કરે છે. બ્રહ્મસંબંધ કર્યા પછી નહીં. અમે પણ અમારી મેળે વહુજીને અમારૂં જુઠણ લેવાનો આગ્રહ ન કરીયે, ભાવથી ભલે લે. ધરાર કરાવ્યો ધરમ નહી. વૈષ્ણવે પણ પોતાનું જુઠણ બીજાને પોતાની મેળે આપવું ન જોઈએ. તે ભાવથી લે તેની વાત જુદી. જો અમને જુઠણ આપવાનો આગ્રહ થાય તો અમારામાં સ્વામિત્વ આવે અને પહેલું અમારૂં જ પતન. કારણ કે અમારો કે અમારા વહુજીઓનો સ્વામિ તો શ્રીઠાકોરજી એકજ છે.

(૧૫૬) વહુબેટીઓ વાળ નથી લેવડાવતી એને માટે એ કારણ કે ગૈષ્ણવોએ તેમને માત્ર તૈલંગા બ્રાહ્મણ નથી ગણ્યાં.

(૧૫૭) ચંદ્રાબેટીજી જેમનું મંદીર મુંબઈ કોટમાં છે તે શ્રીગોકુલાલંકારજીનાં બેટીજી થાય. ગોકુલાલંકારજી શ્રી-

મટુજી તથા શ્રીચટુજી મહારાજના ભાઈ થાય. તેમના માતાજીને બે બેન હતાં. એક બેન શ્રીદાઉજીમહારાજનાં વહુજી થાય અને બીજાં બેન શ્રીગિરિધરજી કાશીવાળાનાં વહુજી થાય.

(૧૫૮) શ્રીગોપાલનાથજીનાં એક બેટીજી વિધવા થયાં. પછી બાર માસ થયા એટલે બધા વાળ કઢાવીને આપ શ્રીનવનીતલાલજીની સેવામાં પધાર્યાં ત્યારે શ્રીનવનીતલાલે આજ્ઞા કરી કે તમે આમ કેમ કરાવ્યું ? મને તે જોતાં ડર લાગે છે. અને જે ગયો તે તો તમારો લૌકિક પતિ ગયો. હું તમારો સાચો પતિ તો સદા સર્વદા બિરાજમાન છું. તે બેટીજીએ આ વાત શ્રીગુસાંઈજીની આગળ કરી. પછી આપે તે રીવાજ તદ્દન બંધ કરી દીધો. પરંતુ અશુદ્ધિ ટાળવા આપે એક બીજો માર્ગ લીધો. જન્મના વાળને સૂતક લાગે છે, માટે અમારા કુલ અને કુટુંબી જનોમાં છોકરીઓને પણ મુંડન કરાવે છે.

(૧૫૯) પહેલાં નાટકોનો પ્રચાર હતો તે વખતે વેશપલટો કરી વહુબેટીજીએ નાટક જોવા જવા લાગી હતી. આ વાત શ્રીદેવકીનંદનાચાર્યજી મહારાજના સાંભળવામાં આવી એટલે આપે આ છાનું છાનું થવા ન પામે એટલા ખાતર ખાસ વ્યવસ્થા પડદા વગેરેની રખાવી સૌને નાટક દેખાડયાં હતા. હું પણ આ ખાતર વ્યવસ્થા રખાવી જવા દઉં છું.

(૧૫૯-૧) પહેલાં તો બેટીજી આઠ વર્ષનાં થાય કે

અમે લગ્ન કરી નાખતા. કારણ કે લગ્ન થયા બાદ બ્રહ્મસંબંધ કરાવી શકાય, અને સેવામાં લઈ જઈ શકાય. હવે એ નથી રહ્યું એટલે અમારે પહેલાંથીજ સેવાના સંસ્કારો આપવા પડે છે ફક્ત એટલુંજ કે સાક્ષાત સ્પર્શનો અધિકાર નહીં.

(૧૫૯–૨)પટલાણી મરે એટલે ભેંસ થાય અને ભેંસ મરે એટલે પટલાણી થાય. એ કહેવત પ્રમાણે વલ્લભકુલની વહુ–બેટીઓમાં પણ બને છે. બાલકના અપરાધમાં પડે એટલે વહુજીને બેટીજી તરીકે બીજો જન્મ લેવો પડે. અને લાલાજી દ્વારા જ્યારે દુઃખ પડે અને અપરાધની નિવૃત્તિ થાય એટલે પાછો વહુજી તરીકે જન્મ પ્રાપ્ત થાય.

(૧૫) શ્રીનંદ–યશોદાજી

(૧૬૦) સારસ્વત કલ્પનું અને પ્રતિકલ્પ જે પ્રકટ થાય છે તે એમ શ્રીનંદરાયજીનાં બે સ્વરૂપો છે.

(૧૬૧) એક પ્રશ્ન ઉપસ્થિત થાય છે કે શ્રીયશોદાજી એ મર્યાદા–પુષ્ટિ નહીં, હવે પુષ્ટિ–પુષ્ટિ કે શુદ્ધ પુષ્ટિમાં શ્રીયશોદાજીનું સ્થાન ખરૂં કે નહીં ? આ પ્રશ્નનો જવાબ આ પ્રમાણે છે. શ્રીનંદાલયમાં બીરાજતાં શ્રીયશોદાજી મર્યાદા પુષ્ટિ છે. તેમને શ્રીનિકુંજમાં અધિકાર નથી. તેમનો શુદ્ધ વાત્સલ્ય રસ છે. જો તેમને નિકુંજલીલાનું જ્ઞાન હોય અથવા તો ભાવ હોય તો રસાભાસ થઈ જાય. પરંતુ અંતર્ધાન-લીલા વખતે શ્રુતિરૂપાઓએ વિહ્વલ બની જે લીલાઓ કરી

તે લીલામાં શ્રીયશોદાજી બીરાજે છે તે પુષ્ટપુષ્ટિ શ્રીયશોદાજી અને શ્રીસ્વામિનીજીનો વાત્સલ્ય રસ અલગ કર્યો તે શ્રીયશોદાજીનું પ્રાગટ્ય તે શુદ્ધ પુષ્ટિ શ્રીયશોદાજી છે.

હવે અત્યારે જે શ્રીયશોદાજી બને છે તેના ભાવ પુરુષોત્તમદાસ શેઠને ઘેર જયારે પહેલાં શ્રીનંદમહોત્સવ થયો ત્યારે શ્રીનંદરાયજી, શ્રીયશોદાજી વગેરે સાક્ષાત કુવામાંથી પ્રકટ થયાં અને શ્રીનંદ મહોત્સવ કર્યો. તે વખતે શ્રીમહાપ્રભુજીએ વિનંતી કરી કે હવે પછી આપે સાક્ષાત શ્રમ ન લેવો. પરંતુ શ્રીનંદરાયજી અથવા યશોદાજીના જેમને શૃંગાર ધરાવ્યા હોય તેમાં આપના સ્વરૂપનો આવિર્ભાવ કરજો. ત્યાર બાદ મુખ્યાજી હવે શ્રીયશોદાજી બને છે અથવા તો શ્રીવલ્લભકુલના બાલકો શ્રીયશોદાજી બને છે. જયારે મુખ્યાજી યશોદાજી બને છે ત્યાર મર્યાદા પુષ્ટિ સ્વરૂપ અને શ્રીવલ્લભકુલના બાલકો યશોદાજી બને છે ત્યારે પુષ્ટપુષ્ટિ અથવા તો શુદ્ધ પુષ્ટ સ્વરૂપ. માટે શ્રીમથુરેશજી અને શ્રીદ્વારકાધીશજીના ઘરમાં વલ્લભ બાલક જયારે શ્રીયશોદાજી બને છે ત્યારે મુદાજીમાંથી આવેલ સાડી ધારણ કરે છે પરન્તુ મુખ્યાજી જયારે યશોદાજી બને છે ત્યારે પીળીપુંજ ધરે છે. ભૂતલ ઉપર શુદ્ધ પુષ્ટ અને પુષ્ટ-પુષ્ટ યશોદાજીનાં પહેલાં દર્શન શ્રીબાલકૃષ્ણજીએ કરાવ્યા " पुत्र स्नेह स्नुतकुचयुगम् "

(૧૬) ભગવદ્ અવતારો

(૧૬૨) વામનજીએ બ્રાહ્મણકુલમાં સત્ય યુગમાં જન્મ લીધો અને બ્રાહ્મણોનો ઉદ્ધાર કર્યો. રામચંદ્રજીએ ક્ષત્રિય યુગમાં ત્રેતાયુગમાં જન્મ લીધો અને ક્ષત્રિયોનો ઉદ્ધાર કર્યો કૃષ્ણભગવાને વૈશ્યકુલમાં દ્વાપરયુગમાં જન્મ લીધો અને વૈશ્યોનો ઉદ્ધાર કર્યો. નંદરાયજી જન્મથી વૈશ્ય પણ કર્મથી શૂદ્ર જેવા હતા. યજ્ઞોપવીત ધારણ તેઓએ ન કરેલું પછી સંધ્યા પૂજનાદિ તો કયાંથી જ હોય! એટલે સાથોસાથ શૂદ્રોનો પણ ઉદ્ધાર થયો. ગોપીઓનો ઉદ્ધાર એ સ્ત્રીઓનો ઉદ્ધાર. શ્રીમહાપ્રભુજીએ તો જન્મથી પણ શૂદ્રો હોય એવ લોકોને અને સ્ત્રીઓને શરણે લીધાં, માટે આપશ્રી **સ્ત્રીશૂદ્રાદ્યુદ્ધૃતિક્ષમઃ** એમ કહેવાયા. સારસ્વતકલ્પની લીલ પૂરી કરવા આપશ્રીનું પ્રાગટ્ય છે. ત્યાં જે અધુરૂં રહ્યું તે અહીં પૂરૂં કરે છે. થોડા વખતમાં આ કાર્ય ન થા માટે વંશ પ્રકટ કર્યો.

(૧૬૩) આપણે ત્યાં ચાર જયંતિઓ શા મ મનાય છે?

(૧) એક તો શ્રીનૃસિંહ જયંતિ–સત્યયુગમાં નૃસિંહ અ તાર લઈ આપશ્રીએ બતાવ્યું કે હું અજન્મા છું મારે –બાપ નથી, હું સર્વ વ્યાપક છું. નિશ્ચય એ સત્યયુગ મુખ્ય ધર્મ, તે પ્રહ્લાદજીનો દ્રઢ નિશ્ચય એટલે ખંભમાં શ્રીનૃસિંહજી પ્રકટ થયા.

(૨) બીજી શ્રીવામન જયંતિ–ત્રેતાયુગમાં વામન અવતાર. બ્રાહ્મણ ભગવાનના મુખમાંથી પ્રગટ થયા છે. તે બ્રાહ્મણના કુલમાં જન્મ લીધો. કર્મકાંડને કૃતાર્થ કર્યો અને આ યુગમાં મુખ્ય ધર્મ કર્મકાંડ છે એટલે કર્મકાંડદ્વારા પોતાના મનોરથો પરિપૂર્ણ કર્યા.

(૩) ત્રીજી રામજયંતિ–દ્વાપરમાં રામાવતાર. ક્ષત્રીયો એ શ્રી ઠાકોરજીના બાહુ છે. અહીં શસ્ત્રવિદ્યા તેમ ન્યાયાસનને કૃતાર્થ કર્યા. અહીં લૌકિક ધર્મ મુખ્ય છે. શ્રીરામચંદ્રજીએ તે લૌકિક ધર્મનું સ્થાપન કર્યું.

(૪) ચોથી શ્રીકૃષ્ણ જયંતિ–કલિયુગના પ્રારંભની પહેલાં તરતજ કૃષ્ણાવતાર. અહીં પ્રભુએ ક્ષત્રિય તેમ વૈશ્ય બન્ને કુલોને કૃતાર્થ કર્યાં. કર્મથી શ્રીનંદરાયજી શૂદ્ર જેવા હતા એટલે શૂદ્રો પણ કૃતાર્થ થયા.

(૧૬૪) શ્રીરામચંદ્રજી શ્રીઠાકોરજીના શ્રીઅંગ ઉપર કૌસ્તુભ સ્વરૂપે બીરાજે છે. શ્રીવામનજી ક્ષુદ્રઘંટિકા સ્વરૂપે અનેશ્રીનૃસિંહજી વઘનખા સ્વરૂપે.

વિભાગ બીજો

(૧૭) બ્રહ્મસંબંધ

(૧૬૫) જે વખતે બ્રહ્મસંબંધ થાય છે તે વખતે ગોસ્વામિ બાલકમાં શ્રીમહાપ્રભુજીનો—વૈષ્ણવમાં શ્રીદામોદરદાસજીનો અને જેના ચરણમાં તુલસીજી ધરાય છે તે સ્વરૂપમાં શ્રીનાથજીનો આવિર્ભાવ સમજવો. માટે સેવનીય સાતે સ્વરૂપો પરંતુ સ્મરણીય શ્રીનાથજી.

નિધિસ્વરૂપો તો શું પરંતુ વૈષ્ણવોને ઘેર બીરાજતાં સ્વરૂપોમાં પણ આ જ ભાવ રાખવાનો છે. આ પ્રમાણે શ્રીદ્વારકેશજી ભાવનામાં આજ્ઞા કરે છે. આ પ્રમાણે શ્રીનાથજીનું સ્મરણ ન રાખીયે તો અવતારીની સેવા મટ અવતારની થઇ જાય અને જે અવતાર છે તે પણ અવતાર પાસે લઈ જવા માટે છે.

सदा सर्वात्मना सेव्यो भगवान् गोकुलेश्वरः ।
स्मर्तव्यो गोपिकावृन्दे क्रीडन् वृन्दावने स्थितः ॥

આ પ્રમાણે શ્રીદ્વારકેશજી ભાવનામાં આજ્ઞા કરે અવતારી તો નિકુંજનાયક શ્રીનાથજી. અવતાર સ્વરૂપ નવનીતપ્રિયાજી. સાતે સ્વરૂપો તેના અંગમાં છે. આમ સ્વરૂપો મલી ભક્તોને ત્રિવિધ લીલાનું સુખ આપે છે.

(૧૬૬) બાલકો પ્રભુની વધારે નજીક છે એટલે તે

બ્રહ્મસંબંધ કરાવવાથી વિશેષ લાભ થાય છે. મોટાઓને સંસારનો વા વધારે વાયો હોય છે. તેઓ તેને લઈ પ્રભુથી વધારે દૂર હોય છે. માટે નાનપણમાં બ્રહ્મસંબંધ કરાવવું વધારે લાભદાયી છે.

(૧૬૭) બ્રહ્મસંબંધ લેતી વેળાયે કેમાં કેવા સ્વરૂપનો આવિર્ભાવ! બ્રહ્મસંબંધ આપનાર ગુરુદેવમાં શ્રીમહાપ્રભુજી શ્રીગુસાંઈજી, સાત લાલજીમાંથી જેની ગાદી પર આપ બીરાજતા હોય તે અને તેમના પછીની બ્રહ્મસંબંધ પરંપરાનો આવિર્ભાવ.

બ્રહ્મસંબંધ લેનારમાં દામોદરદાસજી, ચાચા હરિવંશજી અને તે પછી ગુરુપરંપરામાં આવતા દરેકના મુખ્ય સેવકનો આવિર્ભાવ. અને જે સ્વરૂપ સમક્ષ બ્રહ્મસંબંધ લેવાય તેમાં શ્રીનાથજીનો. ગુરુદેવ જે ઘરના હોય, તે ઘરના સેવ્ય સ્વરૂપનો અને તેના અંગમાં કોઈ સ્વરૂપ બીરાજતું હોય તેનો આવિર્ભાવ.

(૧૬૮) બલીહારી તો શ્રીવલ્લભાધીશની છે અને તે જે સ્વરૂપે બિરાજતા હોય તેની છે. નહીંતર લાલા પાસેથી કોઈ બ્રહ્મસંબંધ કેમ નથી લેતા! અરે લક્ષ્મણ ભટ્ટજી તો શ્રીવલ્લભાધીશના પિતા હતા, છતાં તેના શ્રાદ્ધને માટે ઘી આપવા રજોક્ષત્રાણીએ સાફ ના પાડી.

(૧૬૯) સામાન્ય રીતે ગોસ્વામિ બાલકોને યજ્ઞોપવીત આપ્યા બાદ બ્રહ્મસંબંધ કરાવવામાં આવે છે. આને માટે પ્રમાણ એ કે બ્રહ્મસંબંધ એ સૌથી ઉત્તમ સંસ્કાર છે.

તે સંસ્કાર પછી બીજો કોઈ સંસ્કાર હોય જ નહીં. બેટીજીઓને પણ લગ્ન કર્યા બાદ બ્રહ્મસંબંધ કરાવવામાં આવે છે, ત્યાં પણ આ જ પ્રમાણ છે. પરંતુ શ્રીરણછોડલાલજી મહારાજને શ્રીવ્રજરાયજી મહારાજે યજ્ઞોપવીત આપ્યાં પહેલાં બ્રહ્મસંબંધ કરાવેલું. તેઓશ્રી આજ્ઞા કરતા કે વલ્લભકુલમાં પ્રાકટ્ય થયું એટલે બ્રહ્મસંબંધ તો સહજ છે. તે થઈ જ ચુક્યું છે. પરંતુ જે બ્રહ્મસંબંધ કરાવવામાં આવે છે તે દેખાડવા પુરતું છે. શ્રીરણછોડલાલજી પાંચ વર્ષના હતા ત્યારે તો તપેલી કરીને શ્રીઠાકોરજીને ભોગ ધરતા. હવે જ્યારે યજ્ઞોપવીત આપ્યું તે વખતે તિલકાયિત શ્રીગોવર્ધનલાલજીને તેડાવેલા. શ્રીવ્રજરાયજી મહારાજે પહેલાં તો બ્રહ્મસંબંધ આપવા મથુરાવાળા શ્રીગોપાલલાલજી ને વિનંતી કરી. કારણ કે પાંચે ભાઈઓમાં તેઓશ્રી સૌથી મોટા હતા. પરંતુ તેઓશ્રીએ કહ્યું કે અહીં જે તિલકાયિત શ્રીગોવર્ધનલાલજી પધાર્યા છે તે સાક્ષાત શ્રીનાથજી છે. તો તેમની પાસે બ્રહ્મસંબંધ અપાવો. એટલે તિલકાયિત શ્રીગોવર્ધનલાલજીએ શ્રીરણછોડલાલજીને બ્રહ્મસંબંધ કરાવ્યું. નહીંતર એકવાર બ્રહ્મસંબંધ લીધા પછી કોઈપણ કારણે જો બ્રહ્મસંબંધ લેવાનો ફરીવાર પ્રસંગ ઉપસ્થિત થાય તો જે ઘરના આપણે સેવક હોઈએ તે જ ઘરનું લેવું જોઈએ.

(૧૭૦) કેટલાક અનાચાર એવા ભયંકર છે કે બ્રહ્મસંબંધ લીધું હોય તે વ્યર્થ જાય અને બીજી વાર લેવું

પડે. એક ભગતનો સંગ કરનાર કેટલાક આપણા વૈષ્ણવ ભાઈઓને તાતજી મહારાજે ફરી વાર બ્રહ્મસંબંધ લેવડાવ્યું હતું. તેઓએ જે જલમાં તે ભગતને નવડાવેલા તે જલનું આચમન લીધેલું. અને તેના ખાપણના ટુકડા ગણમાં બાંધેલા. આપશ્રીએ એ બધાની ડોઢી બંધ કરાવી અને જ્યારે બ્રહ્મસંબંધ લીધું ત્યારે પાછા અંદર આવવા દીધા.

(૧૭૧) બ્રહ્મસંબંધ કર્યા પહેલાં અપરસમાં નવડાવીને જે મુઠ્ઠી બંધ રખાવવામાં આવે છે તેનો ભાવ એ છે કે બ્રહ્મસંબંધ બીજો જન્મ છે.

(૧૭૨) વળી એક સિદ્ધાંતની વાત એમ છે કે કોઈ જીવ બ્રહ્મસંબંધ લેવા આવ્યો અને નહાઈને શ્રીઠાકોરજી સન્મુખ થાય તે વખતે કાંઈ અનાચાર દેખાય તો તેને પાછો નહાવા ન મોકલવો. પછી આપણા માણસને સૂચના આપવી કે તેવો અનાચાર ફરી વાર ન થવા દે. તે જીવ પ્રભુ સન્મુખ થયો ત્યાંથી તેને પાછો નહાવા મોકલીયે અને આડાં સો વિઘ્નો આવે. દાખલા તરીકે સ્ત્રી હોય અને છોવાઈ જ જાય.

(૧૭૩) પ્રાચીન બાલકોની બ્રહ્મસંબંધ આપવાની રીત એ કે બ્રહ્મસંબંધ મિશ્રી જુઠણ કરી તે જ વખતે લેવડાવે.

(૧૭૪) બ્રહ્મસંબંધ લેવા માટે વ્રતની જે આજ્ઞા લેવામાં આવે છે તેમાં એક પ્રયોજન એ છે કે આજ્ઞા લેતી વખતે ખબર પડી જાય કે એ જીવ નામ પામ્યો છે કે

નહીં. કારણ કે નામ ન પામેલ જીવની અપરસ બ્રહ્મસંબંધ માટે કામ ન આવે. જ્યાં સુધી નામ ન પામ્યો હોય ત્યાં સુધી સેવકી અપરસ થઈ જ કેવી રીતે શકે? શ્રીમહાપ્રભુજી તો નામ પણ નવડાવીને આપતા. શ્રીગુસાંઈજી નામ એમને એમ સુનાવતા. પરંતુ બ્રહ્મસંબંધ વ્રત કરાવીને આપતા.

(૧૭૫) બ્રહ્મસંબંધ થયા બાદ પૂર્વના અપરાધ તો એકેય રહેતા નથી. ત્યારબાદના અપરાધનું ફળ ભોગવવું પડે તે બીજી વાત. પરંતુ પૂર્વના અપરાધ તો સર્વથા નિવૃત્ત થઈ જાય છે.

(૧૭૬) બ્રહ્મસંબંધ થયા બાદ પણ ઈર્ષ્યા–દ્વેષ જેને રહે છે તે મોક્ષનો અધિકારી છે, લીલાનો નહીં.

(૧૭૭) ચોરાસી અને બસો બાવને એ પ્રમાણે વિનતિ કરેલી કે "મહારાજ! અમને કૃપા કરીને શરણે લ્યો." અત્યારે કોઈપણ એ પ્રમાણે વિનતિ કરતું નથી એટલે તેઓને (ચોરાસી–બસો બાવનને) કૃપા કરીને શરણે લીધેલા જ્યારે અત્યારે કોઈને કૃપા કરીને શરણે લેવામાં નથી આવતા. અત્યારે ભાવ નષ્ટ થઈ ગયો છે, અને વાત વહેવારમાં પડી ગઈ છે. બ્રહ્મસંબંધ બધા લેવરાવે છે. માટે લેવું એ હિસાબે આજ લેવાય છે, કર્તવ્ય બુદ્ધિથી નથી લેવાતું. મહારાજશ્રી પાસે આવે અને એમને એમ ઉભો રહે. તો ખોટું દેખાય. આટલા ખાતર દંડવત કરે છે, ચરણસ્પર્શ કરે છે, નહીં કે ભાવથી. અરે! બ્રહ્મસંબંધ લેતાં પહેલાં તો ભાવ ઠરાવાય છે. મફત મલે તો એના

જેવું કાંઈ નહીં. આવું આવું જોઈને મને તો પરદેશ કરવાનું પણ મન નથી થતું, પરંતુ તે બાલકોને ખરેખર ધન્ય છે કે આવા વિપરીત કાલમાં પણ પરદેશ ફરી જીવોને અંગીકાર કરે છે. અપમાન સહન કરવું એ કાંઈ સહજ વાત નથી. મારાથી તો આવું અપમાન સહન નથી થઈ શકતું.

(૧૮) શરણમંત્ર તથા નિવેદનમંત્ર

(૧૭૮) શરણમંત્રથી સાત ભક્તિ સિદ્ધ થાય છે અને નિવેદનથી બાકીની બે ભક્તિ સિદ્ધ થાય છે. ત્યારબાદ પ્રેમ, આસક્તિ અને વ્યસન સિદ્ધ કરવાનાં છે. અને શ્રીમહાપ્રભુજીના માર્ગમાં જે સાધનો છે તે આ ત્રણ વસ્તુની સિદ્ધિ માટે.

(૧૭૯) અલૌકિક સંબંધ થતી વેળાએ એ–કે લૌકિક બંધ ન હોવો જોઈએ તે સૂચવવા બુતાન યા કસ ખોલાવી નાખવામાં આવે છે.

(૧૮૦) પંચાક્ષર સંયોગનો મંત્ર છે અને અષ્ટાક્ષર વિયોગનો મંત્ર છે. ભાવનાપૂર્વક પંચાક્ષરનો જપ થાય તો સંયોગરસનો અનુભવ થાય.

(૧૮૧) શ્રીઅષ્ટાક્ષાર મંત્રથી આનંદની પ્રાપ્તિ થાય છે અને પંચાક્ષરમંત્રથી પરમાનંદની પ્રાપ્તિ થાય છે.

(૧૮૨) નિવેદન કરાવનાર ગુરુ પ્રથમ શરણ મંત્ર બોલાવે છે અને પછી ગદ્ય મંત્ર બોલાવે છે એટલે મુખ્ય મંત્ર તે જ છે. પાંચમા ઘરમાં શરણમંત્ર·ગદ્યમંત્રની પહેલાં તેમ પછી એમ બે વાર બોલાવે છે.

(૧૮૩) સ્મરણ એ પરોક્ષમાં હોય માટે શ્રીઠાકોરજી અને વલ્લભકુલના બાલકોની સાન્નિધ્યમાં કોઈ વૈષ્ણવને ભગવત્ઃસ્મરણ ન કરાય. તેથી આપણો ભવ ખંડિત થાય છે. સાક્ષાતનાં દર્શન કરવાનાં હોય, સ્મરણ કરવાનું નહીં. તેમ સાન્નિધ્યમાં શરણમંત્ર પણ ન બોલાય. શરણભાવના તો પરોક્ષની છે. પ્રત્યક્ષમાં તો નિવેદન જ હોય. માટે સાન્નિષ્યમાં પંચાક્ષર બોલવાનો.

(૧૯) કંઠીનો ભાવ–એક પ્રસંગ

(૧૮૪) કંઠી આપણે શ્રીમહાપ્રભુજીના ભાવથી ધારણ કરીએ છીએ. અહર્નિંશ તે દ્વારા આપણે શ્રીમહાપ્રભુજીને કંઠ અને હૃદયમાં ધારણ કરીએ છીએ. એક માજી મહારાજનો એટલો બધો દૃઢ વિશ્વાસ કે મારી કંઠી એ સાક્ષાત શ્રીમહાપ્રભુજી છે અને તદનુસાર એક લાલાને એવું કહ્યું કે જયારે મને અગ્નિસંસ્કાર કરાવો ત્યારે મારા કંઠમાંથી કંઠી કાઢી લઈ શ્રીયમુનાજીમાં પધરાવજો પરંતુ લાલાજી તેમ કરતાં ભૂલી ગયા અને કંઠી સાથે જ અગ્નિ સંસ્કાર કરી દીધો. અગ્નિસંસ્કાર કર્યા બાદ આ વાત

લાલાજીને યાદ આવી અને તે પસ્તાયા. પરંતુ બન્યું એવું કે અસ્થિસંચય વખતે એ કંઠી એવીને એવી હાથ આવી. દઢ વિશ્વાસ આવી જબ્બર વસ્તુ છે. એમને શ્રી મહાપ્રભુજી વિષે એટલો બધો ભાવ હતો એટલે અગ્નિ-સ્વરૂપે સાક્ષાત શ્રીમહાપ્રભુજીએ તેમના દેહનોય અંગીકાર કર્યો. અને પોતે જ અંગીકાર કર્યો છે એ જતાવવા કંઠીને એના એ સ્વરૂપમાં રહેવા દીધાં. નહીંતર જડ અગ્નિ કાષ્ટને ન બાળે એવું તે કાંઈ બને ?


॥શ્રી કૃષ્ણ શરણં મમ॥

વિભાગ ત્રીજો

ગુરુમાં ભાવ કેવો હોવો જોઇએ ?

(૧૮૫) જેણે કૃપા કરી અંગીકાર કર્યા તે તેને માટે શ્રીમહાપ્રભુજી.

(૧૮૬) પોતાનો સ્વામિ મુખ્ય એ ન્યાયે જેના ઘરનો જે સેવક હોય તે તે બાલકને ધર્મી માને અને બીજાને ધર્મરૂપ માને. દાખલા તરીકે પાંચમા ઘરનો સેવક શ્રીરઘુનાથજીને ધર્મી માને અને બીજામાં એક એક ધર્મ પ્રગટ માને. શ્રીદ્વારિકેશજીએ પ્રથમ આ જ ભાવ પ્રકટ કર્યો છે અને શ્રીરઘુનાથજીને ધર્મી માન્યા છે.

(૧૮૭) ગુરુદેવ પ્રત્યે પુરુષોત્તમભાવ રાખી તેમને માટે વિરહાર્તિ રહે તો શ્રીઠાકોરજી અવશ્ય સાનુભાવ જતાવે.

(૧૮૮) તાતજી મહારાજ શ્રીવ્રજરાયજી બીરાજતા ત્યાંસુધી મનોરથોનો પ્રકાર ભિન્ન હતો. વૈષ્ણવો આવીને આપ આગળ દ્રવ્ય નિવદન કરે અને વિનતિ કરે કે આપની પ્રસન્નના આ દ્રવ્યને આપ વિનિયોગ કરાવો. ત્યારબાદ બાલકોમાં અવિશ્વાસ લોકોનો વધ્યો ત્યારથી અમુક મનોરથ કરજો એ પ્રમાણે તેઓ કહેવા લાગ્યા, ત્યારબાદ બાલકોએ લીલા પણ એવી દેખાડવી શરૂ કરી કે લોકોનો અવિશ્વાસ વધે. પરંતુ લોકોએ એ વીચારવાનું છે કે વિશ્વાસ

તો પુષ્ટિમાર્ગનું પહેલું પગથીયું છે. તે વગર બધું ખોટું છે. વિશ્વાસ તો દીવા જેવો છે. તે માર્ગને ઉજાળે છે. તે ગયો એટલે બધું અંધારૂં. બાકી બાલકોની તો પોષણલીલા છે. વિશ્વાસ રાખનારાઓના વિશ્વાસનું પોષણ કરે છે અને અવિશ્વાસ રાખનારાના અવિશ્વાસનું પોષણ કરે છે.

(૧૮૯) અમે વૈષ્ણવોની સાથે વાતો કરીએ. એ અમારો તો જપ છે. અને વૈષ્ણવો પણ અમારી સન્મુખ રહે અને અમારી વાતો સાંભળે એ એમનો જપ છે પરંતુ તેઓ તેમ સમજતા હોય તો.

(૧૯૦) શરણ સિદ્ધ તો તોજ થાય કે જે સ્વરૂપે આપણો હાથ ઝાલી આપણને શ્રીઠાકોરજીના ચરણમા સમર્પ્યા છે એ સ્વરૂપનું અને એ સમયના સ્વરૂપનું નિરંતર ધ્યાન કરીએ. આ લીલા જ અપ્રાકૃત અને બાકી બધી પ્રાકૃત. અને તે અસુરોને મોહ ઉપજાવવા. અને શ્રીમહાપ્રભુજીએ પોતાના વંશમાં જે અશેષ માહાત્મ્ય સ્થાપ્યું છે એ પણ આ સ્વરૂપ. તત્કાલ તો શ્રીમહાપ્રભુજીનું જ આ સ્વરૂપે પ્રાકટ્ય. માટે શ્રીમહાપ્રભુજીના ચિત્રજી સિદ્ધ કરાવવાં તો પણ મુખાકૃતિ તો પોતાના ગુરૂદેવ જેવી જ સિદ્ધ કરાવવી.

(૧૯૧) આપશ્રીને કોઈ વૈષ્ણવે પ્રશ્ન કર્યો કે કૃપા કરી આપ આપનું સ્વરૂપ જતાવો. ત્યારે આપશ્રીએ આજ્ઞા કરી અમારૂં સ્વરૂપ તો જડ છે. તમારા ભાવથી તમે જેટલું ચૈતન્ય પ્રગટાવો તેટલું ખરૂં. તેનો દાખલો જોઈતો હોય તો જેમાંથી નૃસિંહજી પ્રકટ થયા તે સ્તંભ, તે થાંભલો

તો જડ હતો, પરંતુ પ્રહ્લાદનો નિશ્ચય હતો તો તેમાંથીયે શ્રીઠાકોરજી પ્રકટ થયા. જેટલી કચાસ છે તેટલી તમારા નિશ્ચયની છે.

૨૧ વૈષ્ણવો અને વલ્લભકુળનો સંબંધ

(૧૯૨) અમારો અને તમારો સંબંધ ગાઢ છે. તમે પડશો તો અમે પડશું અને અમે ચડશું તો તમે ચડશો માટે અમે જેટલું શ્રીઠાકોરજી તરફ વધારે ધ્યાન આપીયે છીએ અને તમને ઓછું માન આપીયે છીએ. તેમાં તમારું જ હિત છે.

(૧૯૩) અમારી લીલા વૈષ્ણવને નથી ગમતી અને વૈષ્ણવની લીલા અમને નથી ગમતી. અમે સિંહાસનવાળાને છોડયો છે અને વૈષ્ણવોએ અમને છોડયા છે.

(૧૯૪) એક વૈષ્ણવે શ્રીરણછોડલાલજી મહારાજ પાસે લૌકિક ખર્ચ માટે આજ્ઞા મંગાવી ત્યારે લખેલું કે “મહારાજ ! અમે તો આપના ઘરના ચોર છીયે.”

(૧૯૫) અમારામાં જે ભાવ રાખશો તેવાં દર્શન તમોને થશે. અને લૌકિક ભાવ રાખશો તો અમે લૌકિક લીલા એવી દેખાડશું કે તમે મ્હોમાં આંગળી ઘાલી જશો.

(૧૯૬) શ્રીદામોદરલાલજી મથુરાવાળા ચરણસ્પર્શ માટે ભાગે ન આપતા અને બાકીના બાલકો આપે છે, એનો અર્થ એવો નહીં કે આપનામાં દીનતા હતી અને બીજામાં નથી. દીનતા તો અમારા સૌમાં છે. અને અમે તો વૈષ્ણવોના

પગરખાં પણ માથે મુકવા સુધીની દીનતા દેખાડીયે અને અમારું કાંઈ ન બગડે, કારણ કે અગ્નિને ઉધઈ ના ચડે. પરંતુ તેમ કરવામાં એ વસ્તુની હાનિ થાય છે. એક તો શ્રીમહાપ્રભુજીના વંશનું ગૌરવ જાય અને બીજું વૈષ્ણવોને યોગ્યતા આવી જાય તો એનું બગડે. ઉપરાંત અમે એ ગૌરવ ન સાચવીયે તો તમે વૈષ્ણવો દાસભાવનો અનુભવ કેવી રીતે કરો ? બાકી એકની એક વસ્તુ સંબંધે સુધરે અને સંબંધે બગડે. ગૌરવ એ પણ અભિમાન અને અહંકાર એ પણ અભિમાન. સાચું અભિમાન તે ગૌરવ અને ખોટું અભિમાન તે અહંકાર. ગૌરવ સારૂં અને અહંકાર ખરાબ.

(૧૯૭) હસ્તમેલાપ વખતે જે વલ્લભકુલના બાલકોને પધરાવે છે અને તેમને હાથે જે હસ્તમેલાપ કરાવે છે. તેનો નિગૂઢ ભાવ એ છે કે પહેલાં કન્યાનો બાપ તે કન્યાનો હાથ શ્રીવલ્લભના શ્રીહસ્તમાં મુકે છે એટલે શ્રીવલ્લભને સોંપે છે. અને પછી શ્રીવલ્લભ આજ્ઞા કરે છે કે આ વૈષ્ણવ સાથે તું ગૃહસ્થાશ્રમ ભોગવ. આવી અનન્યતા આ સિદ્ધાંતમાં રહી છે. આ પછી જે વિશેષ સંબંધ એમાં રસાભાસ થાય. આ માર્ગ આર્તિ બઢાવવાનો છે તે સંબંધ કે હું વલ્લભની છું એનું અનુસંધાન આબાદ રહેવું જોઈએ. અને દીવસે દીવસે આ ભાવ બઢે, એનો ઉપાય લેવો જોઈએ. નહીં કે આ ભાવ બુઝાય તેનો. બાકી તો ‘પાણી છુટયું અને કરમ ફૂટયું” એવો ઘાટ બને.

(૧૯૮) કોઇ ખાઈ જાય તેની અમને બીક નથી પરંતુ અનાચાર કરે એની અમને બીક છે. અને બીજું વૈષ્ણવનું બગડે છે એ અમને બીક છે.

(૧૯૯) વૈષ્ણવ તરીકે સૌનો ધર્મ એક સરખો છે. અમારા સેવક ટહેલવાઓ અને અમારી બેટીજીઓને પણ બ્રહ્મસંબંધ થાય છે તેમનો ધર્મ પણ કાંઈ જુદો નથી છતાં તેઓ અમારૂં ન લે તો અમારે અન્યાશ્રય કરવો પડે એટલે અમારો અન્યાશ્રય છોડાવવા તેઓ અમારું લે છે.

(૨૨) ૮૪ તથા ૨૫૨ વૈષ્ણવોના પ્રસંગોનો સાર

(૨૦૦) દિનકરદાસશેઠને કાચી અંગાખરી નડી નહીં કારણ કે અંદર જેને અગ્નિ ન હોય તેને બહારના અગ્નિની જરૂર પડે. દિનકરદાસશેઠને તો અંદર શ્રીમહાપ્રભુજી નિત્ય બીરાજતા અને તે ઉપરાંત કથાશ્રવણને માટે તો તાપ હતો જ.

(૨૦૧) ભગવદીયનો દેહ સદા તરુણ જ હોય છે. વયને તો કેવલ માન આપે છે. શ્રીપુરુષોત્તમદાસશેઠે પોતાના પુત્ર ગોપાલદાસને આ બતાવી આપ્યું છે.

(૨૦૨) શ્રીપુરુષોત્તમદાસશેઠના પ્રસંગમાં મહાદેવજીને સાક્ષાત સેવાનો લાભ ન મળ્યો એની પાછળ રહસ્ય એ છે કે મહાદેવજીએ પ્રસાદ મંગાવેલો એ શુદ્ધ ભાવથી નહીં. પરંતુ એ મિષે પુરુષોત્તમદાસશેઠ ત્યાં આવે અને એનું અનુકરણ કરી બીજાઓ પણ આવે અને ભગવદ્-ભક્તિથી વિમુખ રહે.

(૨૦૩) એક હજાર રૂપીયાનું ખરબુચું આરોગાવ્યું છે અને એક લાખ રૂપીયાનું ફૂલ ધરાવ્યું તે વાત ઉપરથી એ સમજવાનું કે શ્રીઠાકોરજીને માટે એક વસ્તુ જરૂરની હોય ત્યારે તે વસ્તુ તરફજ નજર કરાય, તેની કિંમત તરફ નજર ન કરાય. વેપારીબુદ્ધિ ભગવદ્‌ધર્મમાં બાધક છે.

(૨૦૪) વિષ્ણુદાસ છીપા સિંહદ્વાર પરથી જ પંડિતોને નિરુત્તર કરી કાઢી મુકતા. અહીં બે ભાવ સંભવી શકે છે. શ્રીગુસાંઈજી એના હૃદયમાં બીરાજી પંડિતોને નિરુત્તર કરતા, એમાં વિષ્ણુદાસનું કાંઈ કર્તવ્ય ન હતું આ માહાત્મ્ય. પરંતુ વિષ્ણુદાસ માહાત્મ્યથી પર એવા વાત્સલ્યરસમાં મગ્ન હતા. તેને તો એ ભાવ કે હું નિરૂત્તર કરી પંડિતોને કાઢી મુકું તો શ્રીગુસાંઈજીને ઓછો પરિશ્રમ પડે. માહાત્મ્ય હોય તો વાત્સલ્ય ન રહે અને આપણે ત્યાં વાત્સલ્ય મુખ્ય છે.

(૨૦૫) પ્રભુદાસ જલોટાને શ્રીમહાપ્રભુજીએ આજ્ઞા કરી કે તમે પ્રસાદ લો ત્યારે તેણે કહ્યું કે નાહ્યો નથી. ત્યારબાદ શ્રીમહાપ્રભુજીએ **जलादपि रज: पुण्यं रजसोपि जलं वरम् । यत्रवृन्दावनं तत्र स्नानास्नानकथा कुत :** એ પ્રમાણે શ્લોકની આજ્ઞા કરી. આમાં રહસ્ય એ કે આચારપાલન શ્રીમહાપ્રભુજીની આજ્ઞાથી કરવાનું છે. હવે વ્રજરજનું માહાત્મ્ય, જેની પાસે આચારપાલન કાંઈ હિસાબમાં નથી તેની આજ્ઞા પણ શ્રીમુખે કરાવી.

(૨૦૬) દામોદરદાસજીએ કહ્યું કે “સુન્યો પણ કહ્યુ

સમજ્યો નહીં.” જે નહોતા સમજતા એને સમજવાનું ઘણું હતું, પરંતુ આપણે બધા સમજીયે છીએ એટલે આપણે સમજવાનું કાંઈ બાકી નથી.

(૨૦૭) જ્યારે તે વૈષ્ણવથી ગદ્દર આવવી બંધ થઈ ત્યારે શ્રીરઘુનાથજીએ તે સેવા માગી લીધી.

(૨૦૮) પુરુષોત્તમદાસશેઠના ઠાકોરજીને શ્રીમહાપ્રભુજીએ પંચામૃત સ્નાન કરાવ્યું તેનો ભાવ એ કે તેથી પુરુષોત્તમદાસશેઠના પાંચ તત્ત્વની શુદ્ધિ થઈ. આથી સમજવાનું એ કે ભગવાન અને ભક્ત વચ્ચે અભેદ છે. ઉપરાંત શ્રીઠાકોરજી એટલે આસક્તિનું સ્વરૂપ. શ્રીપુરુષોત્તમદાસશેઠને હજી સુધી આચાર્ય સ્વરૂપમાં આસક્તિ હતી. મૂલ સ્વરૂપ જે શ્રીગોવર્ધનધર તેમાં ન હતી. પંચામૃત કરાવી તે સ્વરૂપ પધરાવ્યું એટલે પુરુષોત્તમદાસ શેઠની આસક્તિ ઠેઠ મૂલ સ્વરૂપ પર્યંત થઇ.

(૨૦૯) ગડુસ્વામિની કેટલી બધી સરલતા કે શ્રીઠાકોરજીએ સાક્ષાત કરી શ્રીમહાપ્રભુજીને શરણે મોકલ્યા. શ્રીઠાકોરજી સરલતાથી નિત્ય પ્રસન્ન રહે છે. ગડુસ્વામિ શ્રીયશોદાજીની દાસી હતા તેમણે જે દામણું આપ્યું તેથી શ્રીઠાકોરજી બંધાયા એટલે શ્રીરોહિણિજીએ તેમને શાપ આપ્યો. શ્રીયશોદાજી કરતાંયે શ્રીરોહિણિજીમાં વિશેષ વાત્સલ્યનાં દર્શન થાય છે.

(૨૧૦) હવે જીવ જે વખતે આવે છે તે વખતે નામ

પામે છે તે બસો બાવન પૈકીના વૈષ્ણવ વૃન્દાવનદાસ છબીલદાસની આડીથી.

(૨૧૧) કૃષ્ણદાસ અધિકારીને પહેલાં અભિમાન હતું કે હું શ્રીમહાપ્રભુજીનો સેવક છું. શ્રીગુસાંઈજીના સ્વરૂપનું ભાન જ્યારે થયું ત્યારે તેને તેનું અભિમાન દૂર થયું અને પછી “ **परमकृपाल श्रीवल्लभनंदन** ” વગેરે પદો ગાયાં.

(૨૧૨) કૃષ્ણભટ્ટજીએ અષ્ટભુજાજીને સેવ્યા હોત તો પોતાનું માહાત્મ્ય વધત પરંતુ માહાત્મ્ય વધારવું એ મારગની રીત નથી માટે તે શ્રીમહાપ્રભુજીની નિધિનું સ્વરૂપ પધરાવી આપ્યું અને પોતે શ્રીબાલકૃષ્ણજીને પધરાવી સેવા કરવા લાગ્યા.

(૨૧૩) ધર્મ તો કેવલ ચોરાશી અને બસો બાવન જ જાણતા.

(૨૧૪) માધવભટ્ટ શ્રીમહાપ્રભુજી પહેલાં લીલામાં ગયા. એટલે કે શ્રીમહાપ્રભુજીએ જ પોતાની પહેલાં તેમને લીલામાં મોકલી દીધા એનો ભાવ એ છે કે શ્રીમહાપ્રભુજી પધારે ત્યારે જે તેમને દુઃખ થાય તે ન થવા દેવું. દામોદરદાસજી જે પાછળ રહ્યા તેનો ભાવ એ કે શ્રીમહાપ્રભુજી નિત્ય બીરાજે છે કારણ કે આપ ન બીરાજતા હોય તો દામોદરદાસજી એક ક્ષણ પણ ન જીવી શકે અને આપ નિત્ય ન બીરાજતા હોય તો પછી માર્ગની સ્થિતિ ક્યાં ?

(૨૧૫) ડોકરી સૂતર કાંતીને સાત મહોર કમાયેલી તેનો શ્રીમહાપ્રભુજીએ અંગીકાર કર્યો.

(૨૧૬) ભોળો પટેલ જ્યારે શ્રીનાથજી અને શ્રીસ્વામિનીજી પધાર્યાં, ત્યારે દંડવત્ કરી રહ્યો છે. શ્રી સ્વામિનીજી કોણ છે એ જાણવા પણ તેને મન નથી થયું. આ પ્રસંગ વાર્તામાં સ્પષ્ટ કરવામાં નથી આવ્યો.

(૨૧૭) "એવા માં પ્રગટ્યા શ્રીવલ્લભદેવ" આ વધાઈ જન્મતી વેંત જ હરજીવનદાસે ગાઈ છે અને પોતાની માતાને સંભળાવી છે.

(૨૧૮) જે વૈષ્ણવની મિશ્રી આપે શ્રીયમુનાજીમાં પધરાવી તે વૈષ્ણવના પ્રસંગમાં આપે સુંદર રીતે પ્રમાણ સાચવ્યું છે. પુણ્યાર્થે અપાયેલ દ્રવ્યનો આપ અંગીકાર નથી કરતા. આપ તો પોતે પ્રયત્ન કરી જે કમાયો હોય તે દ્રવ્ય અંગીકાર કરે છે. હવે દલાલીનું દ્રવ્ય પણ દૈવી બન્યું એટલે બધાનો અંગીકાર કર્યો. છતાં એ યમુનાજી નિમિતે આવેલું દ્રવ્ય યમુનાજીમાં પધરાવ્યું. એ પણ પ્રમાણ અને આપે ત્યાગ લીલાનું પણ દર્શન કરાવ્યું.

(૨૧૯) નંદદાસજીનો શુદ્ધ સ્નેહ એટલે પેલી વૈષ્ણવ બાઈને ત્યાં આરોગવા પધારેલા શ્રીનાથજીના સાક્ષાત દર્શન થયાં છતાં તે છુપાઈ ગયા. રખે ને પોતાને જોઈ શ્રીનાથજીને સંકોચ થાય.

(૨૨૦) એક સાડીવાળી વૈષ્ણવ બાઈના પ્રસંગમાં સમજવાનું એ છે કે આવેલા વૈષ્ણવોએ દુરાગ્રહ કર્યો શ્રીઠાકોરજી અને શ્રીસ્વામિનીજીને પરિશ્રમ પડ્યો માટે

વૈષ્ણવે દુરાગ્રહ ન કરવો. ઉત્તરીય વસ્ત્ર શ્રીઠાકોરજીએ ઓઢાડયું કારણ કે પ્રાચીન રીવાજ તે મુજબનો છે. રાસમાં શ્રીગોપીજનોએ પોતાના ઉત્તરીય વસ્ત્રોનું આસન સિદ્ધ કરી શ્રીઠાકોરજીને તેના ઉપર પધરાવેલા. શ્રીનાથજીએ પણ ચાદર આ રીવાજને હીસાબે ઓઢાડી.

(૨૨૧) શ્રીનાથજીની સેવા પહેલાં રામદાસ ચૌહાણની મલી, ત્યારબાદ કૃષ્ણદાસ અધિકારી અધિક માણસોની તપાસ કરવા નીકળ્યા. કારણ કે શ્રીનાથજીને હવે વૈભવ વધારવાની ઈચ્છા છે એમ તેમને ખબર પડી પછી રામદાસ ભીતરીયા રહ્યા. તે બાલભોગીયા હતા અને ઉત્તમશ્લોકદાસ અને ઈશ્વરદાસ રસોઇયા હતા.

(૨૨૨) મોટા ઉત્તમશ્લોકદાસ મંદિરમાંથી વધારે ઘી પીરસતા અને છોટા ઉત્તમશ્લોકદાસ ઘરમાંથી વધારે ઘી પીરસતા.

(૨૨૩) દામોદરદાસ સંભલવાળાનું દ્રવ્ય યમુનાજીમાં પધરાવી દઈ આપે પ્રમાણ અને પ્રમેય બન્નેનું રક્ષણ કર્યું. પ્રમાણની રીતે આશૌચવાળું દ્રવ્ય અંગીકાર ન થાય.

(૨૨૪) નારાયણદાસ બ્રહ્મચારી ગાયના પેટમાં પણ રજ ન જાય એવી સાવધાની રાખતા. જ્યારે અત્યારે શ્રી ઠાકોરજીનાં પેટમાં રજ જાય એનો પણ વૈષ્ણવોને વાંધો નથી. ભાજી ત્રણ વાર ધોવી જોઈએ તેને બદલે એકવાર પણ નથી ધોતા. ધર્મ દેખાડવાનો છે અંતરનો નથી.

(૨૨૫) નારાયણદાસ બ્રહ્મચારી જ્યાં રજ લેવા હાથ નાખે ત્યાં તેમના હાથમાં દ્રવ્ય આવતું. ઘરમાંયે જ્યાં ત્યાં લક્ષ્મી દર્શન દેતી પરંતુ તે તેથી લોભાતા નહીં. તેને તો બગાડ સમજતા અને તે જગાએ પોતનું કરાવતા. આનો ભાવ એ કે શ્રીઠાકોરજીની સેવામાં જ્યાં આટલી બધી સાવધાની રહે ત્યાં લક્ષ્મી, અષ્ટ સિદ્ધિ અને નવનિધિ એની મેળે આવે. પરંતુ અત્યારે એ સાવધાની ક્યાં છે? દેહના સુખનો વિચાર છે. શ્રીઠાકોરજીના સુખનો સહેજે વિચાર નથી. શ્રીઠાકોરજીના બંધાએલા નથી. મરજી પડે ત્યારે પોઢાડીયે.

(૨૨૬) પ્રભુદાસ જલોટાની વાર્તાના એક પ્રસંગમાં એવું આવે છે કે સૌ સૌનું ભાવનું સ્વરૂપ ભિન્ન છે અને તે સ્વરૂપ તે ભક્તના હાથની સામગ્રીની અપેક્ષા રાખે છે. આ સિદ્ધાંતનો નાથદ્વારાવાળા યદુનાથદાસ બહુ પ્રચાર કરતા અને આ સિદ્ધાંતાનુસાર આપણા ઉપર બીરાજતા સ્વરૂપને આપણે પ્રસાદી ભોગ ધરી ન શકીયે. કાશીમાં હજી આ બાબતને માટે ઘણો આગ્રહ છે. થોડું પણ નવું સિદ્ધ કરી ભોગ ધરવો. છેવટે છાનીને જલ ધરવું પરંતુ કાંઇક ધરવું તો ખરૂં.

(૨૨૭) શ્રીમહાપ્રભુજીએ અને શ્રીગુસાંઈજીએ જે સેવાની રીત પ્રગટ કરી છે તેમાં ચતુરાઇ કરી કાંઈપણ ફેરફાર કરે તો અપરાધ પડે. એ સિદ્ધાંત માધવભટ્ટ કાશ્મીરીને તીર લાગ્યું એ પ્રસંગમાંથી પ્રાપ્ત થાય છે. અને જો

શ્રીઠાકોરજીને પુષ્પશય્યા ઉપર પોઢાડવાનો પ્રસંગ આવે તો વસ્ત્રપર રંગેલ ફૂલો પર આપને પોઢાડવા.

(૨૨૮) ગુરુમાં આસક્તિ સાચી તો કૃષ્ણભટ્ટની કે તેણે શ્રીઠાકોરજીને ખેલાવ્યા અને શ્રીનાથજીએ ખેલાવ્યાના દર્શન આપ્યાં.

(૨૨૯) ભગવદીયો સત્યસંકલ્પ હોય છે. એટલે જગન્નાથ જોશીને અગ્નિએ કાંઈ ન કર્યું અને રાણા વ્યાસે જે કરેલું તે અનુચિત નહોતું. તેનું ઇન્દ્રિયજીતપણાનું અભિમાન દૂર કરવા પ્રભુએ તે તેની પાસે કરાવેલું. માટે જગન્નાથ જોશીને કાંઈ ન થયું.

આવા પ્રસંગોનો અનર્થ કરવા લોકો લાગ્યા ત્યારે અમારા ઉપર આ પ્રસંગો પાછળથી ઉમેરાયા છે એમ કહેવાની ફરજ આવી પડી. આમ અમે કહીયે છીએ તેનો અપરાધ આ પ્રસંગોનો દુરુપયોગ કરનાર ઉપર છે.

(૨૩૦) વાસુદેવદાસ છકડા, વિષ્ણુદાસ છીપા, ઇશ્વરદાસ દવે, ઉત્તમશ્લોકદાસ વગેરે વૈષ્ણવો નાની ઉંમરમાં સેવક થયેલા એટલે તેમણે શ્રીગુસાંઇજીની ટહેલ કરેલી.

(૨૩૧) ભોળીને સમજાય એવું ચતુરને ન સમજાય. ભોળીવહુને એવું સમજાયું કે શ્રીગુસાંઈજીના શ્રીમુખમાંથી જે વચન નીકળે તે બધાં મંત્ર રૂપ છે અને શ્રીઠાકોરજીએ પણ આ ભોળી વહુ ઉપર કેટલી કૃપા કરી કે બાર માસના શૃંગાર એકકાલાવચ્છિન્ન કરાવી લીધા.

(૨૩૨) શ્રીનરહરિ સન્યાસીને નામ–નિવેદન કરાવતા પહેલાં વ્રત કરાવ્યું પરંતુ વેણું કોઠારીને ન કરાવ્યું તેનું કારણ એ કે નરહરિ સન્યાસીને સ્વામિત્વનું અભિમાન હતું.

(૨૩૩) તુલસીદાસજીનો મોટો ગુણ તો તેમનો નિશ્ચય, જ્યારે શરણે આવ્યા ત્યારે તેમને એમ કહ્યું કે અમે તમને શરણે નથી લેતા. એનું કારણ એ કે તમારા જેવા અમારે ત્યાં અનેક ભક્તો છે. પરંતુ તમારા જેવા તમારે મર્યાદામાં એકજ ભક્ત છે. તો તમારા વગર મર્યાદા રખડી જશે માટે બીજા જન્મમાં તમારો અંગીકાર થશે. હવે બીજા જન્મમાં પણ 'રામદાસ' તરીકે પ્રાકટ્ય લીધું પરંતુ કૃષ્ણદાસ તરીકે નહીં. ધન્ય છે એમના નિશ્ચયને રામદાસનાં ઘણાં સુંદર કીર્તનો છે. (જુઓ વચનામૃત ૨૯ મું)

(૨૩૪) એક વખતે શ્રીનાથજી, ગોવિન્દસ્વામિ અને કુંભનદાસજી સાથે ખેલતા હતા. તેવામાં ઉત્થાપનના શંખનાદ થયા એટલે તે બે સખાઓ અર્ધો ખેલ મૂકીને ઉઠ્યા એટલે શ્રીનાથજીએ કહ્યું કે આ ખેલ તો પૂરો કરો, ત્યારે તેઓએ કહ્યું કે શ્રીમહાપ્રભુજીએ અને શ્રીગુસાંઈજીએ જે કાર્ય અમને સોપ્યું છે એ અમે સંભાળીયે છીએ એટલે તો આપ અમારી સાથે ખેલો છો. બલિહારી તો તે બે સ્વરૂપોની. તેમનું કર્યું પહેલું.

(૨૩૫) ચોરાશી બસોબાવન સાથે શ્રીઠાકોરજી વાતો કરતા અને આપણી માથે શ્રીઠાકોરજી વાતો નથી કરતા તેનું કારણ એ કે તેઓને સેવા કરતાં શ્રીઠાકોરજીના સુખનો

વિચાર રહેતો અને આપણને સેવા કરતાં આપણાં સુખનો વિચાર રહે છે. શ્રીઠાકોરજી આપણને તો આધીન થઈને રહ્યા છે. જ્યારે જગાવીયે ત્યારે જાગે, જ્યારે આરોગાવીયે ત્યારે આરોગે અને જ્યાં પધરાવીયે ત્યાં પધારે, વગેરે વગેરે. પરંતુ આપણે શ્રીઠાકોરજીને આધીન થઈને નથી રહ્યા શ્રીઠાકોરજીએ તો આપણને વહાલા કર્યા છે, પરંતુ શ્રીઠાકોરજીને આપણે વહાલા નથી કર્યા. આ જબ્બર તારતમ્ય.

(૨૩૬) માધવદાસ કાબુલવાળાએ જે ઉપરણાનું અંચલ ફેરવ્યું તે શ્રીનાથજીના શ્રીમુખપરની રજ પોછવા.

(૨૩) ભગવદીયનાં ચરિત્રો

(૨૩૭) કચ્છ મુદ્રામાં એક નારણભાઈ કરીને ભાટીયા વૈષ્ણવ હતા. તે બહુ પૈસાદાર તેમ બહુ ભાવિક હતા. તે પોતાની સ્ત્રીને કહેતા કે તું તો દાસી છે, તને કેસરી સાડી અને મોતીની માળા ન શોભે, એ તો શ્રીસ્વામિનીજીને શોભે માટે જા! વહુજી મહારાજને ધરાવી તેમનાં દર્શન કરીને કૃતાર્થ થા. અમારા નશીબમાં તો તે દર્શનનો લાભ નથી પણ તું શા માટે એ લાભ ગુમાવે છે? તેણે દેહમુક્તી વેળાએ પણ પોતાની સ્ત્રી ને પણ એવું કહેલું કે ધ્યાન રાખજે, તારી મિલ્કત કોઈ તારા માટી (સગા) ન ખાઈ જાય, જે હોય, તે ગુરુને ઘેર પહોંચાડજે. તે સ્ત્રી પણ એવી જ ભાવિક હતી. તેની એક પાઈ પણ લૌકિકમાં

નહોતી ખર્ચાઈ. વાહ ! ધણી–ધણીઆણીનો કેવો સુંદર ભાવ ? આવા ભગવદીયોનાં તો આજે દર્શન પણ દુર્લભ છે.

(૨૩૮) ભગવદીયો એ શ્રીઠાકોરજીના મનરૂપ છે. માટે જ તેઓએ શ્રીઠાકોરજીના મનની વાત જાણી છે.

(૨૩૯) કોઇ એક બાવો એક વ્રજવાસણને ત્યાં માગવા આવ્યો. વ્રજવાસણે પોતાની દિકરીને ભીક્ષા આપવા કહ્યું પરંતુ તે દિકરીએ વાર કરી એટલે તે વ્રજવાસણે પોતાની દિકરીને કહ્યું કે મારી સોત ! વાર કેમ કરે છે ? આ સાંભળી પેલો બાવો ચમક્યો અને તેણે કહ્યું કે પોનાની દિકરીને સોત કહેનારનું મને ન ખપે. ત્યારે વ્રજવાસણે જવાબ આપ્યો કે પતિ તો અમારો સૌનો એક કનૈયો છે. અમે બધા સોતો છીએ.

(૨૪૦) એક વખતે હું વ્રજમાં ગયેલો ત્યાં કોઈ વ્રજવાસણે મારી પાસે માગ્યું, ત્યારે મેં કહ્યું કે એમને એમ હું કાંઈ ન આપું, તમે કનૈયાને પહેલાં નચાવતી અને પછી આપતી. હવે હું તમને પહેલી નચાવીશ અને પછી આપીશ. આ મારા શબ્દો સાંભળી તે એકદમ આનંદમાં આવી નાચવા લાગી. આવી તેની નિર્દોષતા !

(૨૪૧) ધ્રાફામાં ઠક્કર માધવજી નામના એક વૈષ્ણવને ઘરમાં પાણીઆરૂં માંડવા પથ્થર જોઈતા હતા. તેણે પાવરિયા (પાળીયા) ખોદી તેના પત્થરનું પાણીઆરૂં બનાવ્યું. અને તેના પર શ્રીઠાકોરજી માટેના જલની મથની

ધરી. તે જીવોની (જેના પાળીયા હતા તે) તેને લઈ મુક્તિ થઈ અને પોતાને નૈવેદ્ય કરનારા માણસોને સ્વપ્ન દ્વારા જતાવ્યું કે હવે અમને નૈવેદ્ય કરવા ન આવશો. અમે હવે મર્જાદીના ઘરમાં છીએ. પછી તેઓ પાવરીયાના પત્થરના બનેલ પાણીઆરાના દર્શન કરવા આવેલા. આ વૈષ્ણવ તાતજી શ્રીવ્રજરાયજી મહારાજનો સેવક હતો.

(૨૪૨) પાજોદવાળા પાનમાએ એક વખતે શ્રીરણછોડલાલજી મહારાજને પધરાવ્યા. તે વખતે આપશ્રીએ પાન માને પૂછ્યું કે ‘મા’! તમારા પગ કેમ આવા થઈ ગયા છે? ત્યારે પાન માએ વિનતિ કરી કે ‘જે’! મારા પ્રભુને છોડી હું વારંવાર મનોરથમાં દોડતી એ મારા પ્રભુને ન સોહાતું એટલે પોતાની પાસે રાખવા એમણે આવી લીલા કરી છે.

(૨૪૩) વેલજીભાઈ જ્યારે કાઠીયાવાડમાં રહેતા ત્યારે વલ્લભકુલના કોઈ બાલક પધારે એટલે ઘર-વખરી બધી ભેટ કરી દેતા.

(૨૪૪) પેટલાદમાં ગોકુલદાસ કરીને ડીસાવળ જાતના એક વૈષ્ણવ હતા તે તાતજી મહારાજ વ્રજરાયજીના સેવક હતા. તેમણે એક દિકરી પરણાવી ત્યારે શ્રીવ્રજરાયજી મહારાજને પધરાવ્યા. હું તે વખતે સાથે હતો. તેણે પોતાની થેલી અને છોકરી આગળ ધરીને વિનતિ કરી કે ‘રાજ’! આ બધું આપનું છે. આ કાજ આપ જ પાર પાડો. હું કાંઈ ન જાણું. આપ નાતજાતવાળાને બોલાવીને જે કરવેરા

હોય તે ચૂકાવી બાકીનું બધું દ્રવ્ય શ્રીનટવરને અંગીકાર કરાવો. અમારૂં દ્રવ્ય બળતામાંથી આપે બચાવવાનું છે. મારા નિર્વાહ માટે તો આપની કૃપાથી મને મળી રહે એમ છે. આ છોકરી પણ આપને સોંપી. આપ જેની સાથે સંબંધ જોડો એ એનો પતિ. આવા ભાવવાળા પહેલાંના વૈષ્ણવો હતા. અત્યારે તો આ ભાવની વાત કરીએ તો પણ જગતમાં નિંદા થાય. લૌકિક વૈદિક જેટલું આપની આજ્ઞાથી થાય એ બાધક ન થાય. બાકી અન્યાશ્રય થાય, ને બાધક થાય.

(૨૪૫) જશરાજભાઈ કરીને એક હાલારના વૈષ્ણવ હતા. એ બધાને કહેતા કે તમે ચતુરાઈમાં બહુ રહેશો નહીં.........મોટાને ઘેર રહેવું હોય તો બહુ ચતુરાઈ ન કરવી. વેલજીભાઈને પણ એ એમ વારવાર કહેતા. તે સેવક હતા શ્રીવ્રજરાયજી મહારાજના અને આસકિત શ્રીકનૈયાલાલજી ગોકુલવાળામાં, અને રહેતા પણ ત્યાં અને ટહેલ પણ એઓશ્રીની કરતા. બીજા એક રાજનગરના વૈષ્ણવ વંદ્રાવનદાસ કંદોઈ હતા. તે સેવક હતા શ્રીકનૈયાલાલજીના, પણ એમની આસક્તિ શ્રીવ્રજરાયજીમાં અને ટહેલ પણ શ્રીવ્રજરાયજીની કરે. પછી એકવાર મેં તેમને કહેલું કે તમે આ નાતરૂં ઠીક ગોઠવ્યું. “ એક ખસમ એ બીજાનો યાર ”

(૨૪૬) દયારામભાઈ પહેલાં મર્યાદા ભકત હતા. પહેલાં તેમનું નામ દયાશંકર હતું. તેઓને ડાકોરના રણછોડરાયજી અને ચાણોદના શેષશાયીજીમાં ઘણી આસક્તિ હતી.

તેઓનું પહેલવહેલું પદ શેષશાયીજીના સંબંધમાં છે. પછી રાજનગરવાળા છોટાજીમહારાજના સંગમાં આવ્યા અને બ્રહ્મસંબંધ લીધું. ત્યારબાદ વ્રજચોર્યાશી કરી અને તેમને પુષ્ટિનો રંગ લાગ્યો. સીધા પુષ્ટિમાં આવનાર કરતાં મર્યાદામાંથી પુષ્ટિમાં આવનાર જીવોની આસક્તિ વધારે દૃઢ હોય છે.

૨૪ – વૈષ્ણવી સૃષ્ટિ

(૨૪૭) વૈષ્ણવો હાલ કૃતિ સામું વધારે જુએ છે અને સ્વરૂપ સામું થોડું જુએ છે.

(૨૪૮) પિતા વૈષ્ણવ હોય અને જ્યારે આપણને બ્રહ્મસંબંધ લેવરાવે ત્યારે આપણે તેમનામાં દૂતીભાવ રાખવો. દૂતી વગર આપણા માર્ગમાં કાર્ય થતું નથી.

આ પુરુષોત્તમદાસશેઠ કાશીવાળાની વાતમાં પ્રસિદ્ધ છે, તેમનો દિકરો ગોપાલદાસ તેમની સખી છે. એટલે જે જેની સખી, તેનો અંગીકાર તેના દ્વારા.

(૨૪૯) પ્રજા કાં તો મોહસંબંધથી જન્મ લે છે અને કાં તો ભગવત્ સંબંધથી. અને શ્રીભગવત્ સંબંધથી આવેલ પ્રજા આપણને શ્રીભગવત્ કાર્યમાં સહાયક થઇ પડે છે, અને બીજી કાં તો બાધા કરે છે અથવા તો ઉદાસીન રહે છે, તેના મનનું આ વલણ હોવા છતાંએ તે પ્રજા આપણને વહાલી લાગે ત્યારે સમજવું કે તે મોહ સંબંધથી આવેલી છે. હવે તેમાં મોહ ન રાખવો. જો મોહ રાખ્યો

તો પ્રભુ પ્રાપ્તિમાં મહાન અંતરાય પડશે. તે પ્રજા વિમુખ છે એટલે પ્રભુને પામવાની નથી, અને આપણને તેમાં મોહ રહેશે તો પાછું તેને ત્યાં જન્મ લેવો પડશે. આ પ્રસંગ ૮૪ વૈષ્ણવની વાર્તામાં પ્રસિદ્ધ છે. જુઓ.

(૨૫૦) આપણી પ્રજાની સુધારણા પર આપણે સંપૂર્ણ ધ્યાન આપવું જોઈએ. આપણે તો સંસ્કાર વગર હેરાન થયા, પરંતુ આપણી પ્રજાને સંસ્કારવિહોણી ન રાખવી. ઉપરાંત પહેલેથીજ આપણી પ્રજા તરફ આપણે અલૌકિક ભાવ રાખવો. આપણે ત્યાં વૈષ્ણવ જીવ જ આવે એમ વિશ્વાસ રાખવો અને તેને વષ્ણુવતા દિન-પ્રતિદિન વધતી ચાલે તેને માટે પુષ્કળ કાળજી રાખવી. કારણ કે દુઃસંગ સર્પ જેવો છે. સર્પના મ્હોમાં છોકરૂં હાથ ઘાલવા જાય છે તો તેને માર મારીને પણ રોકીયે છીએ, તેમ આપણી પ્રજાને દુઃસંગથી બચાવવી. આ બધું કરવું પરંતુ તેમાં જો એમ ભાવ રાખીયે કે આ મારો છોકરો છે અને એ કેમ સારો ગૈષ્ણવ બની અમારી આબરૂ વધારે ? તો વળી લૌકિક ભાવ અને અહંતા આવે, માટે આ બધું છતાંએ તેવો ભાવ ન રાખવો. પરંતુ એવો ભાવ રાખવો કે અમારા મા-બાપે અમારા પર ગૈષ્ણવના સંસ્કારો રેડ્યા છે અને અમને એક ગૈષ્ણવ તરીકે પાળી પોષી મોટા કર્યા છે તેનો બદલો અમારે કેમ વાળવો ? હવે આ ગૈષ્ણવ જીવ અમારે ત્યાં આવ્યો છે તેને પાળી પોષી તેના પર ગૈષ્ણવના સંસ્કારો રેડી અમે અમારા મા- બાપે કર્યું

છે તેનો બદલો વાળીયે અને આ રીતે અમે અમારા પર રહેલા અમારા મા–બાપના ઋણમાંથી કાંઇક મુક્ત થઈએ આ ભાવ રાખવો.

ઉપરાંત એક બીજો પણ ભાવ રાખવાનો છે. આપણે આ જીવન પૂરૂં થયા બાદ કયાં જવાનું છે તેનો પણ વિચાર કરી લેવો. જ્યાં આપણી વાસના હોય ત્યાં આપણે જન્મ લેવો પડે. આપણી સમ્પત્તિ અને આપણી પ્રજામાં આપણને સહજ વાસના હોય છે. આ વાસનાને લઈને અરે! ભૂત પ્રેત કે કુતરા તરીકે પણ માણસોને પણ જન્મ લેવો પડે છે. મનુષ્ય જન્મનું જેણે સાર્થક નથી કર્યું અને તેમ છતાંએ જેને વાસના રહી છે. તેઓને તો આવી યોની પ્રાપ્ત થાય છે. માટે જો આપણે આપણી પ્રજા પર વૈષ્ણવી સંસ્કારો રેડયા હોય ને આપણી સમ્પત્તિ અને પ્રજા પર આપણી વાસના રહી હોય તો પછી ત્યાંજ પાછો વૈષ્ણવ તરીકે આપણને જન્મ મલે અને આપણું આ જન્મનું કાર્ય બીજા જન્મમાં સવિશેષ કરી શકીયે. આમ ન કરીયે તો પછી કુતરાનો જન્મ મલે અને હડ હડ અને ટાઢો ટુકડો મલે; અથવા તો કોઈ બીજાને ત્યાં જન્મ લેવો પડે એટલે જે સ્વરૂપને આપણાં આ જીવનમાં લાડ લડાવ્યાં છે અને બીજા જન્મમાં લાડ લડાવવાનાં ન મલે. મનુષ્ય જીવનનું સાર્થક્ય જ એ કે આપણે આ જન્મ તેમ બીજો જન્મ પણ સુધારી શકીયે. વાત ચુકીયે તો મનુષ્યોના કરતાંયે નપાવટ છે. પશુની તો ખાલ પણ કોઈ ભગવદીયના જોડા

બનાવવા કામ આવે. મનુષ્યનું તો કાંઈ એ કામ ન આવે. માટે આ મનુષ્યયોનિને કૃતાર્થ કરી લેવી.

(૨૫૧) શાંતિ તો આજે પુષ્ટિમાર્ગીય વૈષ્ણવને ઘેર છે અને સદાય રહેવાની.

(૨૫૨) શ્રીવ્રજરાયજી મહારાજ વૈષ્ણવોની પરીક્ષા બહુ કરતા. પરિણામે સાચા તરી આવતા અને ખોટા ખરી જતા. અત્યારે પરીક્ષા કરવા બેસીયે તો સાવ આવતા બંધ થઈ જાય.

(૨૫૩) ચોરાશી અને બસો બાવન જે પહેલાં થઈ ગયા તેની આપણે વાતો કરીએ પરંતુ તેઓને અત્યારે ક્યાંથી કાઢવા ? અમારે તો તમે જ ચોરાશી અને બસો બાવન. એક પણ ગુણ જોઈ તેમાં ભાવ રાખવો અને બીજા દોષો જોવા નહીં. પરંતુ આ ભાવ મનમાં રાખવો, પ્રકટ કરવો નહીં.

(૨૫૪) મને તો કોઈ માણસ ખરાબ દેખાતો જ નથી. એ ખરાબ હોય તો તેને મનુષ્યયોની ક્યાંથી મલે ! માટે કોક ને કોક ગુણ તો તેમાં હોય છે જ.

(૨૫૫) પહેલાંના શાસ્ત્રિઓ નર્યા શાસ્ત્રિઓ ન હતા, વૈષ્ણવ હતા. ખાસા અપરસમાં નાહી કલાક પણ નિત્ય નિયમ કરતા પોતાના થોડા પગારમાંથી પણ એક જલગરીયાની સગવડ રાખતા. મંગલાના દર્શન કરવા આવે તે પણ નિત્ય નિયમથી પરવારીને આવે. મુંબઈવાળા

નરસિંહલાલજી મહારાજના શાસ્ત્રિ છગનલાલ આવા હતા. કલ્યાણજી શાસ્ત્રિને તો ઠેઠ નાના સ્વરૂપોના શણગાર કરવાની આજ્ઞા પણ શ્રી ગોવર્ધનલાલજી મહારાજે શ્રી ત્રિભંગીરાયજીના મંદિરમાં આપી હતી.

(૨૫૬) વૈષ્ણવોને ભાવ ન હોય એમ ન બને. કોઈને એ ભાવ ઠંડો પડી ગયો હોય, જેવી રીતે. મહાપ્રસાદ ઠંડો પડી ગયો હોય તેવી રીતે. હવે તેને ગરમ કરવા જાય તો કોઈ વાર બગડી પણ જાય.

વિભાગ ચોથો

(૨૫) જન્મ મહોત્સવ અને પાટોત્સવ

(૨૫૬-૧) જન્મ મહોત્સવ તો જન્મદિન હોય ત્યારે મનાય. બાકી તો પાટોત્સવ મનાય.

(૨૫૭) પાટોત્સવ એ નિકુંજમાં જન્મ. શ્રીઠાકોરજી જન્મ્યા તો જન્માષ્ટમીને દિવસે. પરંતુ મોટા થયા અને જ્યારે પ્રથમ નિકુંજમાં પધાર્યા ત્યારે ત્યાં પ્રકટ્યોત્સવ માન્યો તે પાટોત્સવ. માટે જન્મદિવસના જેવો જ ક્રમ પાટોત્સવને દહાડે હોય છે.

(૨૫૮) વ્રજભક્તોને ઘેર પધાર્યા, તે ભાવે પાટોત્સવ મનાય છે.

(૨૬) નંદ મહોત્સવ

(૨૫૯) શ્રી વ્રજરાયજી મહારાજે એક વખત શ્રી મધુસૂદનલાલજી મહારાજે કરેલ નંદ મહોત્સવનાં દર્શન કરી એવી આજ્ઞા કરેલી કે નંદ મહોત્સવ તો બાવા આપહી કરી જાણો.

(૨૬૦) નંદ મહોત્સવ વખતે આભૂષણોના આધિદૈવિક સ્વરૂપો પ્રગટ થયાં એટલે તે બધાની અનોખી શોભા ઊઠી નીકળી. અને જે જડ હતા એમાં પણ આનંદ ઊભ-

રાઈ આવ્યો અને તે નાચવા લાગ્યા. શોભા તો આ અમારો ધણી પ્રગટ થયો તે ભાવથી ત્યાં પ્રગટ થઈ.

(૨૬૧) "**नान्दी मुख पितर पूजाय, अन्तर शीच हरे**" આનો અર્થ એ કે પુત્ર પિતાને પું નામના નરકથી બચાવે છે. તે પુત્ર નંદરાયજીને પ્રાપ્ત થયો, એટલે નરકમાં પડવાની બીક ગઈ. પરંતુ ભાવાર્થ એ કે નંદરાયજીએ શ્રી ઠાકોરજીને પોતાના પુત્ર જ માન્યા છે. એમ ન હોય તો બધું કૃત્રિમ થઈ જાય. વસ્તુસ્થિતિ એમ છે કે વસુદેવજીએ પું નામના નરકમાંથી બચવા પુત્ર માગેલ. જ્યારે શ્રી નંદરાયજીએ પુત્ર તરીકે આનંદ આપવા પ્રભુને વિનતિ કરેલી એટલે વસુદેવજીને નરકપાત બચ્યો એટલું જ ફળ મળ્યું. જ્યારે નંદરાયજીને સમગ્ર ફળ મળ્યું. આત્મજ એટલે પોતેજ પ્રકટ તો નંદરાયજીને ત્યાંજ થયેલા. "**आत्मा एव ज**" નંદરાયજીને ત્યાં શ્રી ઠાકોરજી સ્વયં પુત્ર તરીકે પ્રગટ થયા છે તેની નંદમહોત્સવ દ્વારા ખાત્રી થાય છે, નહીંતર આટલો બધો આનંદ ન હોય.

(૨૬૨) નંદમહોત્સવ વખતે એક શ્રી નંદરાયજી જ સફેદ વસ્ત્ર ધારણ કરે છે, બાકી બધાં કેસરી વસ્ત્રો ધરે છે. તેનું કારણ એ કે સફેદ રંગ એ નિર્ગુણના ભાવથી છે. જ્યાં નિર્ગુણ સ્થિતિ હોય ત્યાં પ્રભુનું પ્રાકટ્ય થાય, અને હવે મહોત્સવ થશે, અને બીજા એમને રંગશે.

(૨૬૩) શ્રી નંદમહોત્સવ વખતે શ્રી દ્વારિકાધીશજીને ત્યાં આઠ વધાઇ અને આઠ પલના બોલાય ત્યાં સુધી

ઉત્સવ થાય. પરંતુ શ્રીનાથજીને ત્યાં ફક્ત અર્ધો કલાક જ શ્રીનંદમહોત્સવ થાય છે અને તે પણ શ્રીનવનીતપ્રિયાજી ત્યાં પધારી ઝુલે છે તેમની સમક્ષ. પરંતુ દર્શન તો બે કલાક થાય છે. શ્રીનાથજીનાં દર્શન કરી વૈષ્ણવ શ્રીકાંકરોલીમાં શ્રીનંદમહોત્સવનાં દર્શન કરી શકે છે.

(૨૭) છઠ્ઠી પૂજનની ભાવના

(૨૬૪) છઠ્ઠે દહાડે શ્રીઠાકોરજીએ પૂતના મોક્ષ લીલા કરી તે દિવસની ધમાલમાં છઠ્ઠી પૂજન ન થયું. તે પાછું પાછો જન્મદિવસ આવ્યો તે પહેલાં એક દહાડો થયું.

(૨૬૫) છઠ્ઠી પૂજન વખતે શ્રીદ્વારકાધીશજીના ઘરમાં શ્રીતિલકાયત પોતે પૂજન કરે છે જ્યારે બીજાં ઘરોમાં શ્રીવલ્લભકુળના બાલકો ફક્ત પાસે બીરાજે છે, આમાં એટલે ત્રીજા ઘરમાં શ્રીતિલકાયત પૂજન કરે અને બાકીના ઘરોમાં શ્રીવલ્લભકુલ બાલક શ્રીનંદરાયજીના પાસે બીરાજે તેમાં એ ભાવ છે. અત્યારે તો શ્રીમહાપ્રભુજી જ નંદરાયજી છે. આપશ્રીના ઘરમાં જ શ્રી ઠાકોરજીનું પ્રાકટ્ય છે, અને આપશ્રી જ સ્વવંશ દ્વારા છઠ્ઠી પૂજન કરે છે.

(૨૮) પવિત્રાંની ભાવના

(૨૬૬) પવિત્રાં ગુરુદેવને ધરાવ્યા બાદ જે વૈષ્ણવ પોતે ધરે છે તેનો ભાવ એ છે કે શ્રીઠાકોરજી સહિત વ્રજભક્તો તેમ શ્રીગુરુદેવને પોતાના હૃદયમાં પવિત્રાં દ્વારા

ધારણ કરે છે. આને લઈ નિત્ય નિયમ કરતી વેળાએ પહેલાંના બાળકો અને વૈષ્ણવો પ્રસાદી પવિત્રું ધારણ કરતા તે ઉપરાંત પરસ્પર વૈષ્ણવોને પણ પવિત્રાં ધરાવવાનો ચાલ હતો, અને તે પણ પ્રસાદ લીધા પહેલાં. ઉપરાંત પરસ્પર મિશ્રી લેવડાવવાનો પણ ચાલ હતો. આ રીવાજ પાછળ એ ભાવ છે કે આપણી પહેચાન પુરાણી છે, પરંતુ આપણે નથી આપણું સ્વરૂપ જાણતા, કે નથી બીજાનું સ્વરૂપ જાણતા. આપણું લૌકિક સ્વરૂપ પ્રકટ છે જ્યારે અલૌકિક ગુપ્ત છે. અરસપરસ પવિત્રું ધરાવવાથી લાભ એ કે કોઈ ગુપ્ત સ્વરૂપે પણ બીરાજતા ચોરાશી–બસેં બાવન તે પવિત્રાંનો અંગીકાર કરી લે.

(૨૬૭) સૂતરનું પવિત્રું સફેદ છે તે નિર્ગુણ છે તે શ્રીચંદ્રાવલીજીના ભાવથી છે. તેના પર જે કેસર લગાવવામાં આવે છે તે શ્રીસ્વામિનીજીના ભાવથી.

(૨૬૮) ત્રણસો સાઠ તાંતણાનું સૂતરનું પવિત્રું ધરવું એ તો સૌ સૌના ઘરને માટે છે. મંદિરમાં આગ્રહપૂર્વક એ આપવું એ ભૂલ છે.

(૨૬૯) વૈષ્ણવો જે અરસપરસ પવિત્રાં ધરાવે છે, તેમાં ભાવ પુરાણી પહેચાનનો છે. એક બીજાના લીલાસ્વરૂપનું અનુસંધાન કરે છે અને તેના સ્વરૂપમાં બીરાજતા શ્રીઠાકોરજીને પવિત્રાં ધરાવે છે.

(૨૭૦) ગુરુદેવને પવિત્રાં ધરાવી મિશ્રી આરોગાવવાનો આગ્રહ ખાસ રાખવો. એ એક નિયમ સચવાયો

એટલે બધું સચવાયું. મિશ્રી રસ રૂપ છે તેમાં ઝારી ભરવાનું પણ આવી જાય છે. પરંતુ લોકો આળસ કરે માટે અમે કેવળ મિશ્રીની આજ્ઞા નથી આપતા.

(૨૭૧) સામાન્ય રીતે રાખી ધરાય તેની પહેલાં જ બાળકોને પવિત્રાં ધરાવવાં જોઈએ. કાંઇ બાધક આવે અથવા બહારગામ રહેતો હોય અને આવવામાં વિલંબ થાય તો પછી જન્માષ્ટમી સુધીમાં ધરી શકાય.

(૨૭૨) શ્રીઠાકુરજીને પહેલું પવિત્રું અને ભેટ ધરાય તે **यज्ञभोक्ता** ના ભાવથી. બીજું પવિત્રું અને ભેટ ધરાય તે **यज्ञकर्ता** ના ભાવથી. આ વાત **पवित्रा पहेरावत विट्ठलनाथ** એ પદમાં **भिन्न भिन्न पहेराय, भेट धर दिप चरण पर माथ। मिश्री भोग धर वारत तन मन, व्रजजन गावत हे गुणगाथ** એ તુકમાં કહેવાયેલ છે.

(૨૯) ઉત્સવોના ભાવો

(૨૭૩) સાંઝીનો ભાવ—શાસ્ત્રમાં પૃથ્વી પરિક્રમાનું મોટું ફ્લ કહ્યું છે. માટે શ્રીમહાપ્રભુજીએ ત્રણવાર પૃથ્વી પરિક્રમા કરી છે. તેમ કરવાથી બધા તીર્થોની યાત્રા કરવાનું ફલ પ્રાપ્ત થાય છે. બીજા યુગોમાં આયુષ્યબલ વધારે હતું. પરંતુ કલિયુગમાં તે કમ છે. ઉપરાંત ક્યાં સુધી આયુષ્ય. ટકશે એનું પણ કોઈ નિયામક નથી. મોટા બેઠા હોય અને નાના ચાલ્યા જાય માટે આ પૃથ્વી પરિક્રમા કરવી મોટે ભાગે રહી જ જાય છે. તેમાં બીજાઓ

તો હજી કરી શકે, પરંતુ કુમારિકાઓને માટે આ કાર્ય ઘણું મુશ્કેલ છે માટે તેઓ ભાદરવા માસમાં વ્રત કરે, સાંઝી ભરે અને તે સાંઝીને પ્રદક્ષિણા કરે એટલે પૃથ્વી-પરિક્રમાનું તેમને ફલ મલે. આ રીવાજ દક્ષિણ મારવાડ-માં અને વ્રજમાં વિશેષ છે. બાર મુખ્ય તીર્થો છે. નાનાં તીર્થો તેના અંગમાં આવી જાય છે. આ બધાં તીર્થોની ભાવનાનું જ્ઞાન ન હોય, તે બધાંની યાત્રા કરવાનું સામર્થ્ય ન હોય માટે આ સાંઝી. તેથી બધાં તીર્થોની યાત્રા કરવાનું ફલ મલે છે.

ભાદરવા સુદ ૧૩ થી વદ ૧૩ સુધી આ સાંઝી ભરાય છે. વદ ૧૪ ને દહાડે કોટ તૈયાર કરે છે. આ કોટ એ વિરાટ સ્વરૂપના ભાવથી છે. તેમાં સાત સ્વર્ગો, સૂર્ય ચંદ્ર, ભૂમંડલ, પર્વતો, નદીઓ, સમુદ્રો, પશુ, પક્ષી, મીન નર, નારી, કલ્પવૃક્ષ, કામધેનુ વગેરે વગેરે ચીતરવામાં આવે છે. તે કોટને ભોગ ધરે છે. તેની આસપાસ કુમારિકાઓ બેસે છે. અને મંગળ ગાય છે, તેની આરતી કરે છે, પરિક્રમા કરે છે, દંડવત કરે છે, અને આનંદ માને છે. આ લૌકિક અને અલૌકિક ભાવના.

(૨૭૪) કાર્તિકથી તે ફાગણ સુધી અધિક માસ ન આવે. ચૈત્રથી તે આશ્વિન સુધી આવે. ઉત્સવો કરવા માટેનો સામાન્ય નિયમ એ કે જે માસ અધિક હોય તે માસના ઉત્સવો કરી શકાય. કારણ કે તેમ કરવાથી શ્રીઠાકોરજીને પરિશ્રમ ન પડે. બાકીના બાર માસ પૈકીના ઉત્સવો

કરવાના હોય તે એ રીતે કરવા કે જેથી શ્રીઠાકોરજીને પરિશ્રમ ન પડે. દાખલા તરીકે વૈશાખ અને જેઠમાં તાપ બહુ પડે એટલે ડોલના મનોરથ ન થાય. શીતકાલના મનોરથો અધિક આશ્વિનમાં થાય. પરંતુ જરી-કિનખાબ-સાટિનનાં વસ્ત્રો ન ધરાય; જયંતિઓ પૈકી ફક્ત એક જ જન્માષ્ટમિનો મનોરથ થાય, અને તે પણ નંદાલયને હિસાબે, એટલે જન્મ ન થાય, મંગલા પછી અભ્યંગ થાય, પંચામૃત નહીં. પાટોત્સવમાં પણ પંચામૃત ન થાય અને પટોત્સવ એ નિકુંજની જન્માષ્ટમી. શ્રીઠાકોરજી નિકુંજમાં પધારે અને શ્રીસ્વામિનીજી ઉત્સવ માને એટલું જ. તે વખતે શ્રીઠાકોરજીનો જન્મ નથી થતો. અને જો જન્મ નથી તો પછી પંચામૃત પણ ન હોય. અધિક માસમાં મનાતો જન્માષ્ટમીનો ઉત્સવ પાટોત્સવને હિસાબે છે, જયંતિના હિસાબે નથી, માટે પંચામૃત નહીં. ત્યારબાદ શૃંગારમાં તિલક થાય, રાજભોગમાં મહાભોગની સામગ્રી આવે, રાજભોગ આરતી ભીતર થાય. પછી પલનામાં શ્રીઠાકોરજી પધારે અને નંદમહોત્સવ થાય. ત્યારબાદ સમય હોય તો અનોસર થાય, નહીંતર ઉત્થાપન ભોગ આવે અને શયન પર્યંત નિત્યક્રમ ચાલુ રહે અને શ્રીઠાકોરજી વહેલા પોઢી જાય.

ઉત્સવ નિમિત્તે કેવલ વધાઈઓ બોલાય અને સંધ્યા આરતીમાં ઢાઢી ગવાય. જયંતિઓમાં બાકીની ત્રણ અધિક માસમાં નથી મનાતી. તેનું કારણ એ કે ઉત્સવો તો

નિકુંજ અને નંદાલયને હિસાબે થાય. આ ત્રણ જયંતિઓ તો તે તે મર્યાદા સ્વરૂપે પણ પુષ્ટિકાર્ય કર્યાં છે, તે ખાતર સ્વીકારવામાં આવી છે, તે તે સ્વરૂપોને આદર આપવા. તેમાં ઉત્સવ જેવું કાંઈ એ નથી અને મનોરથો તો ઉત્સવના હોય.

(૨૭૫) જે અધિક માસ હોય તેના ઉત્સવો નક્ષત્રને હિસાબે આવે. ડોલ નક્ષત્રને હિસાબે અથવા તિથિને હિસાબે આવે. દાનના મનોરથો એકાદશીને દહાડે હોય અને રાસના પૂર્ણિમાને દહાડે હોય. અધિક માસમાં ત્રણ મુકુટ ધરાવે અને તે વખતે આ મનોરથો પણ થાય. જન્માષ્ટમી તો કૃષ્ણ-અષ્ટમી ને દહાડે થાય. વર્ષના ઉત્સવોમાં પાછો વ્યુત્ક્રમ ન થાય એ ધ્યાન રાખવું. જે માસ અધિક હોય તેનો ઉત્સવ નક્ષત્રને હિસાબે થયો, પછી તે માસ પછીના માસનો ઉત્સવ તિથિને હિસાબે કરવો. અન્નકોટ સૌથી છેલ્લો કરવો.

(૨૭૬) રથયાત્રામાં ચાર ભોગનાં દર્શન થાય છે એમાં એ ભાવ છે કે રથમાં બીરાજી આપ ચારે યૂથમાં પધારે છે અને ચારે યૂથ ભોગ ધરે છે, માટે ચાર ભોગ આવે છે.

(૨૭૭) સ્નાન યાત્રાને દહાડે ચાર કલશ-ચાર વેદના ભાવથી હોય છે.

(૨૭૮) અક્ષય તૃતીયાને દહાડે વરસાદ આવ્યો હોય અને ઠંડી જણાતી હોય તો ચંદન ગરમ ગરમ સોહાય તે તે રીતે ધરવું, અને માલા સાથે વડૂં કરી લેવું.

(૨૭૯) શ્રીઠાકોરજી આરોગવા દક્ષિણાભિમુખ પણ બીરાજી શકે પરંતુ જન્માષ્ટમી અને રાધાષ્ટમીમાં તિલક થાય ત્યારે તે મુખે આરોગવા બીરાજી ન શકે.

(૨૮૦) ઉત્સવના શૃંગાર મુખ્ય એટલે પર્વને દહાડે ઉત્સવ આવે તો ઉત્સવના જ શૃંગાર થાય, પર્વના બીજે દહાડે થાય.

(૨૮૧) જ્યારે ઘટા હોય ત્યારે માળા ઘટાના રંગની જોઈએ, તેમાં ફક્ત વચ્ચેનો એક જ થાક આવે અને તે પણ ઘટામાં ભળી જાય એવો.

(૨૮૨) સ્નાન યાત્રાના કીર્તનમાં પંચામૃતનો ભાવ આવે છે તેનો હાર્દ આ પ્રમાણે છે. પંચામૃત તો રામનવમી અને જન્માષ્ટમીને દહાડે થાય, પરંતુ તે દિવસે વધાઈ બોલાય, એટલે પંચામૃતનો ભાવ વ્યક્ત કરવાનો સમય રહે નહીં, માટે તે વ્યક્ત કરવા સ્નાન યાત્રાના કીર્તનમાં તે ભાવ આવે છે.

આ ઉપરાંત પણ એક ભાવ છે. પંચામૃત સ્નાન પાંચે યૂથોના ભાવથી છે. તે ભાવ વ્યક્ત કરવા માટે પણ પંચામૃતનો ભાવ આવે છે. સ્નાનયાત્રાને દહાડે પણ સ્નાન તો પાંચ યૂથો જ કરાવે છે.

(૨૮૩) સારસ્વત કલ્પમાં શ્રીઠાકોરજી શ્રીચંદ્રાવલીજીને ઘેર પધારેલા, વ્રજ ફાગણ વદ સાતમને દહાડે પાછા શ્રી ચંદ્રાવલીજી શ્રીગુસાંઈજી સ્વરૂપે પ્રકટ થયા અને શ્રીઠાકોરજી

શ્રીનાથજી સ્વરૂપે પ્રકટ થયા, ત્યારે પણ સ્વેચ્છાથી જ્યારે શ્રીગુસાંઈજીના ઘેર પધારેલા ત્યારે પણ ફાગણ વદ સાતમને દહાડે પધારેલા, પાછો મ્લેચ્છનો ઉપદ્રવ થયો ત્યારે પણ આપ ફાગણ વદ સાતમને દહાડે પધારેલા. સ્વેચ્છાએ જે વખતે પધારેલા તે વખતે ગ્વાલનો સમય હતો. વહુ-બેટી-ઓ રોટલી કરતી હતી એટલે બેલાવીને રોટલી પર માખણ લગાવી બુરૂં ભરભરાવી ખરમંડા સિદ્ધ કરી ભોગ ધર્યો, માટે આજે ખરમંડા ખાસ આવે છે.

(૨૮૪) ચૈત્ર નવરાત્ર નિત્યસિદ્ધા શ્રીસ્વામિનીજીનાં, જયેષ્ટ નવરાત્ર તૂર્યપ્રિયા શ્રીસ્વામિનીજીનાં, આશ્વિન નવરાત્ર શ્રુતિરૂપા શ્રીચંદ્રાવલીજીનાં અને માર્ગશીર્ષ નવરાત્ર ઋષિ-રૂપા શ્રીઅગ્નિ કુમારિકાનાં.

(૨૮૫) દશેરાને દહાડે નવપૂર્વા એ નવધા ભક્તિના ભાવથી. દશમો મોટો પૂવો એ પ્રેમલક્ષણાના ભાવથી અને ચાર નાના પૂવા આવે છે તે ચાર મુક્તિના ભાવથી આવે છે.

ભક્તિ સ્વયં લુખી છે પરંતુ શ્રીસ્વામિનીજી અને શ્રી ચંદ્રાવલીજીનો ભાવ અનુરાગ પૂર્વક તેમાં આવે અને પછી ભગવત્સંબંધ થાય તો જ તે રસરૂપા બને છે. આ ભાવથી પીણ, અક્ષત, સિન્દુર અને પ્રસાદી જવારા તે પૂઆ ઉપર ધરાય છે. મુક્તિ તો ભક્તિના હિસાબમાં કાંઈએ નથી માટે તેના નાના નાના પુઆ આવે છે. આ પુઆને સુકવી દેવામાં આવે છે અને એ સૂકાઈ જાય પછી રૂપ ચતુર્દશીને

દહાડે જલ વડે ગરમ કરવામાં આવે છે અને તે જલથી પ્રભુને સ્નાન કરાવાય છે. આનો ભાવ એ છે કે તે ભક્તિ તાપાત્મક બને છે પછી જ પ્રભુના રૂપનો પ્રકાશ થાય છે.

(૨૮૬) મહા વદી ૧૨ ના રોજ માસ્તરનો મનોરથ આવે છે. તે આ પ્રમાણે ચાલુ થયો છે. —રણછોડદાસ માસ્તરે શ્રીવ્રજરાયજી મહારાજને એવી વિનંતિ કરી કે “ આ લ્યો પૈસા અને એ આપ એવી રીતે અંગીકાર કરો કે કાયમને માટે તેનો વિનિયોગ થયા કરે. ત્યારે શ્રીવ્રજરાયજી મહારાજે સ્વતઃ કૃપા કરી આ મનોરથનો ક્રમ ચાલુ કર્યો. આ દિવસે શ્રી રઘુનાથજી મહારાજનો ઉત્સવ આવે છે, એ હિસાબે આ દિવસ પસંદ કર્યો. ઉપરાંત અગાઉના વખતમાં રેલવે નહીં એટલે પરદેશમાંથી વારંવાર ઘેર આવી નહોતું શકતું. એટલે શ્રીનાથજીનો પાટોત્સવ કરી આ મનોરથ કરી આપ પરદેશ પધારતા. એટલે પછી આપને ડોલ ઉપર પધારવાની જરૂર ન રહેતી, ડોલ આપ આજે જ માની લેતા. વહેલાં પલના, એકેક દિવાળીનો ક્રમ બે ખેલ સેનમાં અને રાજભોગ–રાળ ઉડે, ચાર ભોગ આવે. એટલે આ ઉત્સવમાં દીવાળી, હોળી અને ડોલની સેવા આવી જાય છે.

(૨૮૭) હોળી સુધી બંડી પહેરવી, નહીંતર ગુલાલની શરદી લાગે. શ્રી ઠાકોરજીને કેટલો પરિશ્રમ પડે છે તે વાતનો ખ્યાલ તો આપણે આપણી જાત ઉપર તેટલો રંગ અને ગુલાલ પડવા દઈએ ત્યારે આવે.

(૨૮૮) ફરરા નાગપંચમીને દહાડે આવે છે. ચોખાના લોટમાંથી સખડીમાં તે તૈયાર કરવામાં આવે છે. યશોદાજી પોતાના ભાઈનું કલ્યાણ થાય તે ખાતર નાગપંચમીને દહાડે અલૂણું વ્રત કરે છે એટલે શ્રી ઠાકોરજી પણ ચાર મીઠી વસ્તુ આરોગે છે. અનસખડીમાં શેવની ખીર, પુઆ અને થૂલી અને સખડીમાં ફરરા. શ્રીઠાકોરજી તો ઘરમાં જે થાય તે બધું માગે, પરંતુ ઊંડો આશય એ છે કે આ વ્રત તો એક લૌકિક બાબત થઇ, એટલે તે કરતાં અન્યાશ્રય થાય. શ્રીઠાકોરજી વ્રત માટે તૈયાર થયેલ સામગ્રી આરોગી અન્યાશ્રય છોડાવે છે. હાલ તો ફરરા દક્ષિણમાંથી આંહી દાખલ થયેલ છે.

વિભાગ પાંચમો

(૩૦) શ્રી સર્વોત્તમ સ્તોત્ર

(૨૮૯) પવિત્રાં ધરાવ્યા બાદ જે મિશ્રી મલે છે તે સર્વોત્તમજીના પાઠનું અહીં જ ફલ છે. **कृष्णाधरामृतास्वाद् सिद्धिरत्र न संशयः ।**

(૨૯૦) સર્વોત્તમ સ્તોત્રના પાઠના પ્રકારો :–

(૧) પહેલે "**प्राकृत धर्मानाश्रय**" થીપ્રારંભ તે "**नाम्नामष्टोतरं शतम्**" સુધી આ પહેલો પાઠ., ત્યારબાદ "**आनन्दः परमानंदः**" થી પ્રારંભ તે "**नाम्नामष्टोत्तरं शतं**" સુધી આવા તેંત્રીસ (૩૩) પાઠ. ત્યારબાદ "**आनन्दः परमान्दः** થી પ્રારંભ તે "**जप्यं कृष्णरसार्थिभिः**" સુધી, આ છેલ્લો પાઠ. આ રીતે કુલ ૩૫ પાઠ થશે.

(૨) પહેલો શ્રીવલ્લભાષ્ટકનો પાઠ, પછી શ્રીસર્વોત્તમજીનો પાઠ, પછી નામાવલીનો પાઠ, પછી "સ્ફૂરત્ કૃષ્ણ" નો પાઠ. આ રીતે એક પાઠ એવા ૧૦૮ પાઠ.

(૩) પહેલો શ્રી વલ્લભાષ્ટકનો પાઠ, પછી શ્રી સર્વોત્તમજીનો પાઠ, પછી "સ્ફૂરત્ કૃષ્ણ" નો પાઠ, પછી નામાવલીના ૧૦૮ પાઠ; ત્યારબાદ ફરી શ્રી વલ્લભાષ્ટકનો

પાઠ, પછી શ્રી સર્વોત્તમજીનો પાઠ અને ‘ સ્ફૂરત્ કૃષ્ણ ’ નો પાઠ.

(૪) પહેલો શ્રી વલ્લભાષ્ટકનો પાઠ, પછી નામાવલી ના ૧૦૮ પાઠ, “ સ્ફૂરત્ કૃષ્ણ ” નો પાઠ.

(૨૯૧) નામાવલી એટલે સર્વોત્તમજીની નામાવલી **'आनन्दाय नमः । परमानन्दाय नमः ।** એ પ્રમાણેનો તેનો પાઠ એટલે માળા. આ સર્વ નિષ્કામ બુદ્ધિથી કરવાના. આ સર્વોત્તમજીના પાઠ પ્રકારો મન, વાણી પવિત્ર કરવા માટે છે, કોઈ ફલાર્થે નથી. માટે અહીં કાલાદિ નિયામક નથી. આ પુરશ્ચરણ નથી. પુરશ્ચરણ કરવું હોય તો ગાયત્રીનું કરવું. તેમાં રસાત્મક પુરુષોત્તમનું જ નિરૂપણ છે. સર્વોત્તમ જીનું પુરશ્ચરણ ન હોય.

(૩૧) ભગવત્ સ્તોત્રનો પાઠ

(૨૯૨) સ્તોત્રનો પાઠ તો નાહીને શુદ્ધ થયા પછી કરી શકાય, પરંતુ નામોચ્ચાર ગમે તે સ્થિતિમાં થઈ શકે. સ્તોત્રો મંત્રરૂપ છે, તે ગોપ્ય છે, માટે ગોપ્ય વાતને સંસ્કૃતમાં મંત્ર કહે છે, અને વ્રજભાષામાં ‘મતો’ કહે છે. પરંતુ નામો લઈ શકાય, ધોળ પણ ગાઇ શકાય. આ મંત્ર રૂપ નથી.

હવે વાંધો ઉચ્ચારનો છે, વિચારનો નથી. કારણ કે વિચાર એ મનનું કાર્ય છે અને મનનો સંબંધ આત્મા સાથે છે, જ્યારે વાણીનો સંબંધ દેહ સાથે છે, માટે શુદ્ધ

ન હોઈએ એવી સ્થિતિમાં પણ સ્તોત્રોના અર્થાદિનો વિચાર કરી શકાય, પરંતુ ઉચ્ચાર કરી ન શકાય.

(૨૯૩) જે ભગવદીય નિમિત્તે જે ગ્રંથ શ્રીમહાપ્રભુજીએ પ્રકટ કર્યો હોય તે ભગવદીયને યાદ કરી તેની આડીથી તે ગ્રંથનો પાઠ કરવામાં આવે તો ફલ થાય. અને તે ગ્રંથ તેને માટે પ્રકટ કર્યો સમજવો કે જેને તે ભણાવ્યો કે લીલા યા સિદ્ધાંત સ્ફૂરાયમાન થયાં.

(૨૯૪) નામાવલી કોઈની પ્રકટ કરેલી નથી. જપ માટે નામોને ચતુર્થ્યન્ત બનાવી **नमः** લગાડવામાં આવે છે. પહેલો શ્રી સર્વોત્તમજીનો પાઠ **'नाम्नामष्टोत्तरं शतम्'** ત્યાં સુધી પછી ૧૦૮ જપ પછી.

(૨૯૫) શરણમંત્રનો જપ પરોક્ષમાં હોય, સાન્નિધ્યમાં નહીં. એટલે શ્રી મહાપ્રભુજીની આજ્ઞાથી કૃષ્ણાશ્રયનો પાઠ સાન્નિધ્યમાં કરવો. પરિવૃટાષ્ટકનો પાઠ સાન્નિધ્યમાં થાય; પરંતુ તેનો તથા મધુરાષ્ટકનો પાઠ કરવાનો અધિકાર કેવલ ગોસ્વામિ બાલકોનો છે, વૈષ્ણવોનો નથી. વૈષ્ણવોને તો જો તેમનો અધિકાર વિચારી આજ્ઞા આપી હોય તો જ તેઓ તેનો પાઠ કરી શકે. પ્રાચીન ગ્રંથોમાં આ બે અષ્ટકો ન આવતાં.

(૨૯૬) પરિવૃઢાષ્ટક, મધુરાષ્ટક અને પ્રબોધનો પાઠ કરવાનો અધિકાર કેવલ ગોસ્વામિ બાલકોનો છે અને તે પણ ખાસા અપરસમાં.

(૨૯૭) શ્રીમદ્‌–ભાગવતજી બીરાજતાં હોય ત્યારે ચરણસ્પર્શ તેમની સમક્ષ ન અપાય.

(૩૨) ગ્રન્થોનો પરિચય

(૨૯૮) સહસ્રી ભાવના એ ગુપ્તરસ ઉપરની ટીકા છે.

(૨૯૯) "ગ્રંથ સર્વે રસરૂપ કીધા પોતાને સિદ્ધાંત" એ શ્રી વલ્લભાખ્યાનની તુકનો વિશાળ અર્થ તો એ છે કે જગત ભરમાં જે પ્રાચીન ગ્રંથો બીરાજતા હતા તેમનો અર્થ મારી મચડીને નહીં પરંતુ જેમ હતો તેમ રાખી તે સૌને રસરૂપ બનાવી દીધા.

(૩૦૦) શ્રી પુરુષોત્તમ સહસ્રનામ એ આપણો કોષ અને ષોડશ ગ્રંથો એ આપણાં કાવ્યો.

(૩૦૧) बाललीलानामपाठात् श्रीकृष्णे प्रेमः प्रजायते ।
आसक्तिः प्रौढलीलाया नामपाठाद्भविष्यति ॥
व्यसनं कृष्णचरणे राजलीलाभिधानतः ।
तस्मान् नामत्रयं जाप्यं भक्तिप्राप्तीच्छुभिः सदाः ॥
(ત્રિવિધ નામાવલી.)

આમાં બતાવેલ ફલ જીવ સ્વભાવને અનુસરીને કહ્યાં છે. બાલક તરફ પ્રેમ સહેજે થાય છે. તે મોટો થાય એટલે આસક્તિ વધે. તેનું મોઢું જોયા વગર ચેન ન પડે અને તે પરાક્રમો કરવા મંડે એટલે ચિત્તનો તેમાં નિરોધ થાય. નાનપણથી જે કન્યાની સગાઈ થઈ હોય તેને આ બધો અનુભવ થાય.

(૩૦૧) કયા કયા ગ્રંથો કયા કયા ભગવદીયો પર કૃપા વિચારી શ્રીમહાપ્રભુજીએ પ્રકટ કર્યા એ જાણી એ ભગવદીયને હૃદયમાં પધરાવી તે ગ્રંથનો પાઠ થાય તો તે ગ્રંથ હૃદયારૂઢ થાય અને તેનો ગૂઢ અર્થ સ્ફૂરે. આ માર્ગમાં કાર્ય ભગવદીયની કૃપા દ્વારા છે.

(૩૦૨) આપણા માર્ગમાં ફલરૂપ પાઠ તો શ્રીમદ્‌ભાગવતાનુક્રમણીનો છે. તેના પાઠથી શ્રીઠાકોરજીની અલૌકિક લીલાઓ હૃદયમાં મૂકે છે. શ્રીમદ્‌ભાગવત તો વ્યાસજીની વાણી છે. જ્યારે અનુક્રમણી સાક્ષાત શ્રીમહાપ્રભુજીની વાણી છે. શ્રીમદભાગવતનો પાઠ તો સૂરદાસ, પરમાનંદદાસ અને પદ્મનાદાસ વગેરે પહેલેથીજ કરતા હતા. પરંતુ જ્યારે શ્રી મહાપ્રભુજીએ કૃપા કરીને અનુક્રમણી શીખવી ત્યારે જ તેઓને શ્રી ઠાકોરજીની અલૌકિક લીલા હૃદયમાં સ્ફૂરાયમાન થઈ અને માર્ગનો સિદ્ધાંત હૃદયારૂઢ થયો. આ અનુક્રમણીના પાઠથી જ અલૌકિક અર્થો સ્ફૂરે છે. જ્યારે કેવલ શ્રીમદ્‌ ભાગવતના પાઠથી તો જીવ પ્રવાહમાં તણાઈ જાય છે.

(૩૦૩) શ્રી ગોપીનાથજી શ્રીમદ્‌ ભાગવતનો પાઠ પૂરો થયા પછી ત્રણ દિવસે એકવાર ભોજન કરતા. શ્રીમહાપ્રભુજીએ ત્યારે આપશ્રીને આજ્ઞા કરી કે તમારે ઘણાં કાર્યો કરવાનાં છે. બધો સમય પાઠમાં ગાળશો તો કાર્ય કયું થાશે ? ત્યારબાદ આપશ્રી માટે શ્રીમહાપ્રભુજીએ પુરુષોત્તમ સહસ્ત્રનામ પ્રગટ કર્યાં.

(૩૦૪) પહેલાં શ્રીભાગવત પરની ભેટ શ્રીઠાકોરજીને જાતી.

(૩૦૫) પુસ્તક પર ધરાયેલી ભેટ, પછી જાણ્યે ધરી હોય કે અજાણ્યે ધરી હોય તે બધી શ્રીઠાકોરજીને જાય.

(૩૦૬) સો વાર જન્મ લો અને શ્રી સુબોધિનીજીનું અધ્યયન કરો તો પણ પાર ન આવે. ફરીવાર અધ્યયન કરો અને કાંઈ અને કાંઈ નવીન અને નવીન વસ્તુનું દર્શન થાય. આ પ્રમાણે તાતજી મહારાજ–શ્રીવ્રજરાયજી મહારાજ આજ્ઞા કરતા.

(૩૩) દશમ સ્કંધના પ્રસંગો

(૩૦૭) શ્રીપુરુષોત્તમ જુઠું કદી ન બોલે. આપશ્રીએ શ્રીયશોદાજીને કહ્યું "મેં માટી ખાધી નથી" ત્યારે આપશ્રી સાચું જ બોલ્યા છે. કારણ કે માટી તો અંદર રહેલા જીવોને ખવડાવી છે. પોતે નથી ખાધી.

(૩૦૮) આઠ કૃષ્ણ અને સોળ ગોપી એ મુખ્ય પક્ષ. આઠ કૃષ્ણ અને આઠ ગોપી એ ગૌણ પક્ષ. એક કૃષ્ણ અને અનેક ગોપી એમ પણ એક પક્ષ. આમ અનેક પ્રકાર છે.

(૩૦૯) વસ્ત્ર–હરણ લીલા વખતે કુમારિકાઓ સાત વર્ષની હતી. તેમણે નંદરાયજીની ગાયોની બહુ સેવા કરેલી એટલે પ્રસન્ન થઈને યશોદાજીએ તેમને કાત્યાયની વ્રત કરવાની રજા આપેલી.

વિભાગ છઠ્ઠો

(૩૪) ભૂતલ ઉપર પુષ્ટિમાર્ગની સમય-મર્યાદામાં વધારો

(૩૧૦) શ્રીગોકુલનાથજીનો એક સોની વૈષ્ણવ સેવક હતો. તે જબરો કારીગર હતો. તેને એકવખતે આપે આજ્ઞા કરી કે અમારો એવો મનોરથ છે કે શ્રીનાથજીને એક સુવર્ણનો કુલ્હે મુકુટ અંગીકાર કરાવવો. માટે તેવો મુકુટ તું એક તૈયાર કર. તે સોનીએ વિચાર્યું કે હું જેવો મુકુટ સિદ્ધ કરીશ કે તરત જ આપ આપનો મનોરથ સિદ્ધ કરશે અને પધારશે તેથી તેણે તે સિદ્ધ કરવામાં વિલંબ કર્યો. છેવટે આપે સ્પષ્ટ આજ્ઞા કરી કે હવે અમારે પધારવું છે અને તું મુકુટ સિદ્ધ નહીં કરે તો અમારો મનોરથ અપૂર્ણ રહી જશે. આમ આજ્ઞા થઇ એટલે તેણે તે તરત જ સિદ્ધ કર્યો. તેમાં માણેક અને બીજા નંગો પણ જડેલાં છે.

હવે જેવો તે સિદ્ધ થયો એટલે આપે આપના જન્મ-દિવસે એટલે મહોત્સવને દહાડે શ્રી નાથજીને અંગીકાર કરાવ્યો. આપ બીરાજ્યા ત્યાં સુધી આપ જ ટિકેત હતા. બીજા ટિકેત તો આપના પધાર્યા પછી થયા. હજી સુધી તે મુકુટ મહોત્સવને દહાડે શ્રીનાથજી ધરે છે. તે દિવસે ટિકેતના શૃંગાર હોય છે. અમારા તાતજી શ્રીવ્રજનાથજીનો

પણ ઉત્સવ તે દિવસે આવે છે. એટલે એક વખતે મોટા દાદાજી શ્રીગિરિધરલાલજી શેરગઢવાળા જેમણે શ્રીનાથજીની પરચારગી ખૂબ કરેલી, તેમને તે દિવસે તે શૃંગાર મળેલો અને આપને મળેલો. હું પણ એક દિવસે તે મહોત્સવને દહાડે શ્રીનાથજીમાં હતો. મેં પણ ટિકેત પાસેથી એ શૃંગાર માગેલો અને મને પણ તે મળેલો. અને મેં તે કુલ્હે મુકુટ ધરાવેલ છે.

હવે જ્યારે શ્રીગોકુલનાથજીએ તે મુકુટ ધરાવ્યો ત્યારે શ્રીનાથજી બહુ પ્રસન્ન થયા એટલે આપે તે સોનીને કહ્યું કે કાંઈક માગ. શ્રીનાથજી આજે અતિ પ્રસન્ન છે. ત્યારે સોનીએ માગ્યું કે શ્રીનાથજી ફરી એકવાર વચનામૃત કરે. આ તેની વિનંતી સાંભળી શ્રીગોકુલનાથજી શ્રીનાથજી પાસે પધાર્યા અને વિનંતી કરી કે "બાબા ! સોની, આપ ફરી એકવાર વચનામૃત કરો એમ માગે છે." ત્યારે શ્રીનાથજીએ આજ્ઞા કરી કે "અમને બોલતા બંધ આપે કર્યા છે અને આપ કહો તો ખુશીથી બોલીયે." શ્રીનાથજી પહેલાં તો સૌની સાથે વાતો કરતા. પરંતુ શ્રી ગુંસાઇજીએ અમુક સમય પછી વિનંતિ કરેલી કે "બાબા ! હવે આપ આજ્ઞા કરશો તો સેવકોનો ધર્મ નહીં રહે અને આપના પ્રતિનિધિ તરીકે અમે અને અમારા બાલકો આજ્ઞા કરશું, માટે આપ હવે ન બોલો, આપ આજ્ઞા કરો અને જીવથી તેનું પાલન ન થાય તો જીવનું બગડી જાય." એટલે શ્રીનાથજી ન બોલતા. પરંતુ શ્રીગોકુલનાથજીની વિનંતિથી

આપ ફરી એકવાર બોલ્યા. ત્યારબાદ આપે ફરીવાર તે સોનીને કહ્યું કે "અમે તારા પર પ્રસન્ન છીએ માટે કાંઇક માગ." ત્યારે તે સોનીએ માગ્યું કે "પુષ્ટિમાર્ગનો આજથી પહેલો દહાડો ગણાય. એટલે કે પુષ્ટિમાર્ગ પ્રકટ થયો ત્યારબાદ જેટલો વખત ભૂતલ પર તે પ્રગટ રહે એમ આપે વિચાર્યું હોય તેટલા વખતમાં અત્યાર સુધીનો વખત ન ગણાય. આજથી પાછી તે વિચારેલ વખતની શરૂઆત થાય." શ્રીગોકુલજીએ પ્રસન્ન થઈ "તથાસ્તુ" એ પ્રમાણે આજ્ઞા કરી. ભગવદીય જ આવી માગણી કરી જાણે, અને આ ભગવદીયની આડીથી આજે આપણે આ આનંદ માણી રહ્યા છીએ, નહીંતર પુષ્ટિમાર્ગ કંયેનો અલોપ થઈ ગયો હોત.

વિભાગ સાતમો

(૩૫) શ્રીવ્રજ-ભૂમિ

(૩૧૧) વ્રજમાં જઈએ અને ત્યાં દિવ્યદૃષ્ટિ ન હોય તો વ્રજમાં ગયા ન ગયા બધું સરખું છે. સામાન્ય જલથી જેમ ખડાવ ધૂએ તેમ યમુનાજલથી પણ ધૂએ તો પછી યમુનાજી ગયા ન ગયા બધું સરખું છે. આચારની કાંઈક તો મર્યાદા હોવી જોઈએ.

(૩૧૨) વ્રજ અનાથ હતું તેમાં આપે પ્રાકટ્ય લીધું અને સનાથ કીધું. આ બધી લીલા શ્રીમહાપ્રભુજીએ ફરીથી પ્રકટ કરી.

(૩૧૩) "નિત પ્રતિ રમણ રેતીમાં નાહિયે, ગુલાબ છડી દર્શન કરીયે જી." ગોવર્ધન ટીલા પરથી વૈષ્ણવો જ્યારે રમણ રેતીમાં લોટતા ત્યારે શ્રીઠાકોરજીની કૃપાથી તેમાંના કેટલાકને ગુલાબની પાંખડીઓનાં, ગુલાબ-છડીનાં, ચંદનનાં, ઘુઘરીઓનાં અને મોતી વગેરેનાં દર્શન થતાં. ઘુઘરીઓ; મોતી વિગેરે પાછાં રેતીમાં દાબી દેતા. જ્યારે ગુલાબ-છડી, ચંદન વગેરે ચરણસ્પર્શ માટે સાથે લાવતા.

(૩૧૪) બાલકોમાં નિરોધનું સ્વરૂપ તો શ્રી રણછોડલાલજી કોટાવાલા હતા. આપ ઝાઝું બોલતા પણ નહીં. આપ બહુ બોલો તો "હું" બોલે, એટલાથી પ્રશ્ન પૂછનારે

સમજી જાવું. આપશ્રી મથુરેશજીને પધરાવી વ્રજમાં પધાર્યા ત્યારે મથુરામાં શ્રીમદનમોહનલાલ સાથે મથુરેશજીને પધરાવ્યા હતા. તે પ્રસંગે આપે આજ્ઞા કરેલી કે સામાન્ય રીતે જોડ ન મલે, પરંતુ વ્રજમાં કોઈ બાધ નથી.

(૩૧૫) ચાતુર્માસમાં વરસાદ પડ્યા બાદ વન લીલું બને છે. એટલે તેમાં લીલી પરિક્રમા કરવામાં આવે છે. વ્રજમાં બધાએ તીર્થોનાં આધિદૈવિક સ્વરૂપો તો નિત્ય બીરાજે છે. પરંતુ વનયાત્રાના દિવસોમાં આધિભૌતિક સ્વરૂપે પણ બધાં તીર્થો ત્યાં આવે છે. આ લીલી પરિક્રમાનો પ્રકાર શ્રીગુસાંઈજીએ પ્રકટ કર્યો છે. અને પહેલી પરિક્રમા આપશ્રીએ સંવત ૧૯૦૦ના ભાદરવા વદી બારસને દહાડે શરૂ કરેલી. ત્યારબાદ આ પ્રકાર લુપ્ત થઈ ગયેલો. પરંતુ ખ્યાલવાળા શ્રીપુરુષોત્તમજીએ પાછો ચાલુ કર્યો. રાસ પણ પહેલાં શ્રીગુસાંઈજીએ પ્રકટ કર્યો છે. પહેલો મુકુટ શ્રીગોકુલનાથજીને ધરાવ્યો છે. “પ્રથમ ભાદોમાસ” એ વધાઈમાં ગંગાબાઈએ શ્રીગોકુલેશના પ્રાકટ્ય સમયે કૃષ્ણલીલાનાં દર્શન કરીને તે લીલા ગાઈ છે. નક્ષત્રની ગણત્રીએ શ્રીગોકુલેશનું નામ કૃષ્ણ હતું. પરંતુ તે વાત ગુપ્ત રાખવા ‘શ્રીગોકુલેશ’ નામ ધર્યું. જોકે આનો અર્થ તો તે જ થાય છે.

(૩૧૬) ગોકુલમાં શ્રીગોકુલેશની બેઠક છે તે સારસ્વત કલ્પનું નન્દાલય. મહાવનમાં જે ગોકુલ છે; તેમાં જે છઠ્ઠીનું પારણું છે. તે શ્વેતવારાહકલ્પનું નન્દાલય. ગોકુલમાં શ્રીગોકુલનાથજીનું મંદિર છે તેમાં સમગ્ર નન્દાલય છે.

(૩૬) બેઠક અને ગાદીજી

(૩૧૭) બેઠક અને ગાદીજી વચ્ચે આ તફાવત છે. જ્યાં આપશ્રી બીરાજ્યા હોય અને આપશ્રીએ સપ્તાહ કરી હોય તે બેઠક. પરંતુ જે ભાવથી પધરાવવામાં આવે તે ગાદીજી.

બેઠકમાં સ્થાનની મુખ્યતા છે તે સ્થાન પર ગાદીજી પધરાવ્યાં એટલે તેમાં આપશ્રીનો આવિર્ભાવ થયો. પરંતુ ગાદીજી જ્યાં બીરાજે છે ત્યાં પહેલાં ગાદીજી પધરાવાય છે. અને તે ઉપર આપશ્રી આવીને બીરાજે છે, બેઠક અને ગાદીજી જ્યાં હોય ત્યાં આપશ્રી તિલક, કંઠી સ્વરૂપે બીરાજે છે. જીર્ણ વસ્ત્ર અથવા કંઠી બદલવાનાં હોય ત્યારે જીર્ણ વસ્ત્ર પર નવીન વસ્ત્ર ધરાવી તિલક કરવું. અને ત્યારબાદ જીર્ણ વસ્ત્ર સરકાવવું. કંઠી બદલાવતી વેળાએ પણ તેમ કરવું. ક્ષણ પણ વિચ્છેદ ન થવો જોઈએ. આપણે પણ કંઠી બદલાવતી વેળાએ પણ તેમ કરવું. ક્ષણ પણ વિચ્છેદ ન થવો જોઈએ. કરવું. નહીંતર આસુરાવેશ થાય.

(૩૧૮) શ્રીમહાપ્રભુજીનાં ચિત્રજી અથવા બેઠકજીને સખડી ભોગ ન ધરી શકાય. પરંતુ શ્રીનાથજીના હૃદયમાં સ્વામિનીજી ભાવે બીરાજતા શ્રીમહાપ્રભુજીને સખડી ભોગ ધરી શકાય. ધોતી અને ઉપરણા ધરનારૂં સ્વરૂપ આચાર્ય સ્વરૂપે બીરાજે છે. માટે આ મર્યાદા રાખવામાં આવી છે. હસ્તાક્ષર, પાદુ-

કાજી અથવા ચરણ બીરાજતાં હોય ત્યાં ભાવ સ્વરૂપે બીરાજે છે એટલે સખડી ભોગ ધરી શકાય. હવે જ્યાં આચાર્ય સ્વરૂપે આપશ્રી બીરાજતા હોય ત્યાં જો સખડી ભોગ ધરવામાં આવે તો તે આપશ્રી આરોગે નહીં અને તે અણપ્રસાદી સખડી આપણે લઈએ તો આપણી બુદ્ધિ બગડે.

(૩૧૯) વિરહની બેઠકોમાં મેવો, દૂધઘર ભલે ધરે પરંતુ સખડી ભોગ ન ધરી શકાય.

(૩૭) શ્રીબેઠક પ્રાગટ્ય

(૩૨૦) આપશ્રીની આજ્ઞાથી ભ. ડોસાભાઈ વિઠ્ઠલદાસ અધિકારીએ શ્રી નરોડા બેઠકનું પ્રાગટ્ય કયે પ્રકારે થયું તે કહી સંભળાવ્યું તે અહીં ઉતારેલ છે.

શ્રીગિરિધરલાલજી મહારાજ શેરગઢવાળા, હું (એટલે ડોસાભાઈ) અને એક કોઈ ત્રીજાને સ્વપ્ન આવ્યું કે શ્રીમહાપ્રભુજીની બેઠક આ સ્થળે છે. બીજે દહાડે શ્રીગિરિધરલાલજી મહારાજે કેસરી વસ્ત્રો ધર્યાં, અને મુકટા તથા મેવો સાથે લીધો અને બેઠકવાળા ખેતરમાં ગયા. પહેલાં હાલ જ્યાં સેવકીનું જલઘરૂં છે તેની સહેજ ઉત્તરે સહેજ ખોદવું શરૂ કર્યું. પરંતુ શ્રીગિરિધરલાલજીએ મને પૂછ્યું કે "બોલ! બેઠકજીનાં તમને ક્યાં દર્શન થયેલાં?" મેં હાલ જ્યાં બેઠકજી છે એ જગ્યા બતાવી. પછી ત્યાં ખોદવું શરૂ કર્યું. થોડું ખોદ્યું ત્યાં કડીંગ એમ અવાજ થયો. શ્રીગિરિ-

ધરલાલજીએ મારી પીઠ થાબડી. અને આપ એ ખાડામાં કૂદી પડયા, આપની પાછળ હું કૂદી પડયો. તે વખતે જે કડીંગ અવાજ થયેલો તે ઝારીજીનો, અને તે ઝારીમાંથી જલની ધારા છૂટી. આપશ્રીની આજ્ઞાથી મેં તે શ્રી યમુનાજીનું પાન પણ કર્યું. પછી આપશ્રીને મેં પ્રશ્ન પૂછયો કે ઝારીમાં તો રેતી છે અને આ જલ કયાંથી? જેવો મેં પ્રશ્ન કર્યો કે જલધારા અલોપ થઈ ગઈ. પછી અમે ખોદવું શરૂ કર્યું. ચોતરાના દર્શન થયાં અને એમ ખોદતાં ખોદતાં એવું થોડું નીકળ્યું કે જેના ઉપર આજે જ કર્યું હોય તેવું અર્ધું તિલક—પછી તે ખેતર વેચાતું લીધું અને ત્યાં બધું કર્યું. તે ખેતર નીલકંઠ મહાદેવવાળા બાવાનું હતું.

આ પ્રાગટ્ય થયું સં. ૧૯૫૯ના પોષ સુદ છઠને દહાડે. અને શ્રીગુસાંઇજીની બેઠકનું પ્રાકટ્ય થયું પોષ વદ નોમને દહાડે. આ દહાડે શ્રીગિરિરાજલાલજીને આનંદ તો માય જ નહીં. આપશ્રીએ શ્રીમધુસૂદનલાલજી મહારાજને પણ કહ્યું કે આપ કેસરી વસ્ત્રો ધરી પધારો. પરંતુ તાતજી શ્રીવ્રજરાયજી મહારાજ લીલા વિસ્તાર્યે હજી બાર માસ નહોતા થયા. એટલે શ્રીમધુસૂદનલાલજીએ ના પાડી અને કહ્યું કે મારે ગુજરાતમાં રહેવું અને ત્યાંનો રીવાજ સાચવવો પડે. બેઠકજી પ્રકટ થયાં એટલે અમે બધાયે અપરસ કરી મેવો સિદ્ધ કરી ભોગ ધરેલો. આ મારા એટલે ડોસાભાઈના અનુભવની વાત છે.

(૩૨૧) જગન્નાથજીમાં હાલ જે બેઠક છે તે શ્રી-

ગોવર્ધનલાલજી ટિકૈત મહારાજે ભાવનાથી પ્રકટ કરી છે. પ્રાચીન બેઠક તો તિરોહિત થઈ ગઇ છે.

(૩૨૨) ગણેશ સુતારે શ્રી વ્રજરાયજી મહારાજને બે ત્રણ વાર વિનંતિ કરેલી કે મને અનુભવ થયો છે અને આપ બેઠક પ્રકટ કરો. પરંતુ આપશ્રીએ આજ્ઞા કરેલી કે અમે એમના કુલના બાળક છીએ. અમને આપ આજ્ઞા કરશે ત્યારે પ્રકટ કરીશું. પછી આપે લીલા કરી. અને વડોદરાવાળા શ્રી ગિરધરલાલજી મહારાજને આજ્ઞા થઈ એટલે એઓશ્રીએ પ્રકટ કરી.

॥શ્રી કૃષ્ણઃ શરણં મમ॥

વિભાગ આઠમો

(૩૮) સેવા-શૃંગારની ભાવના તથા પ્રકારો.

(૩૨૩) બધાં ઘરોમાં સેવ્ય તો એક જ છે તેમ છતાંએ જે સેવાક્રમમાં ભેદ છે તે લીલા ભાવભેદને લીધે છે.

(૩૨૪) નિકુંજમાં શ્રીસ્વામિનીજી સેવા કરે છે. નન્દાલયમાં શ્રીયશોદાજી સેવા કરે છે. અત્યારે ભૂતલ ઉપર શ્રીમહાપ્રભુજી અને શ્રી ગુસાંઈજી સેવા કરે છે. બીજાઓ તો એઓશ્રીની આડીથી હાથ માત્ર પવિત્ર કરે છે.

(૩૨૫) શ્રીઠાકોરજીને શૃંગાર કરી શ્રીયશોદાજી દર-રોજ દર્પણ દેખાડે છે પરંતુ શ્રીઠાકોરજીને સ્વરૂપનું જ્ઞાન તો શ્રીસ્વામિનીજીની કૃપાથી જ થાય છે. કારણ કે "નેનનમેં ઝલકે ગિરધારી," "અપની ઉપમા આપહી આપ," "આયો આયોરી સાવન."

(૩૨૬) બધી વસ્તુનું નિરૂપણ પ્રમાણ પુરઃસર કરવું આ શૃંગાર 'શ્રીસ્વામીનીજીના ભાવથી' કે 'શ્રીચંદ્રાવલીજીના ભાવથી' એમ આપણે કહીયે તે બીજા ન માને, માટે એમ કહેવું કે શ્રીસ્વામિનીજી અથવા શ્રીચંદ્રાવલીજીએ જે ભાવથી આ શૃંગાર ધરાવ્યો, તે ભાવથી અમે ધરાવીયે

છીએ. પ્રમાણ પુરઃસર નિરૂપણ એટલે સામાને ગળે વાત ઉતરે એ રીતે નિરૂપણ.

(૩૨૭) જવારા શ્રીઠાકોરજીને શ્રીમસ્તક ઉપર ધરાય. અને શ્રીસ્વામીનીજીને ડાબા શ્રીહસ્તમાં ધરાય. જવારાનું શુકન એટલું જબરૂં માન્યું છે કે શ્રીવલ્લભકુલના બાલક જ્વરાક્રાંત હોય તો યે બે માણસની મદદથી બહાર પધારે, પાઘ ધરે અને જવારા ધરાવે.

(૩૨૮) વધારેમાં વધારે મુકુટો છત્રીસ ધરી શકાય અને ઓછામાં ઓછા મુકુટો સોળ ધરી શકાય છે. શ્રીચન્દબાવાને સોળ મુકુટો ધરાય છે. (એક વરસમાં)

(૩૨૯) માનસીમાં પ્રથમ શ્રીનાથજીની માનસી કરવાની. પછી આપણા ગુરુદેવના ઠાકોરજીની, પછી આપણા પોતાના ઠાકોરજીની. શ્રીનાથજીની માનસીમાં નિકુંજની ભાવના કરવી અને શ્રીનવનીતપ્રિયાજીની માનસીમાં નંદાલયની ભાવના કરવી.

(૩૩૦) તિલક વખતે અને પલને ઝુલતી વખતે શ્રીસ્વામિનીજી શ્રીઠાકોરજી સાથે જ રહે એટલે શ્રીસ્વામિનીજીને પણ તિલક થાય. પરંતુ પંચામૃત અને સ્નાન વખતે અલગ બીરાજે. રાધા–અષ્ટમીને દિવસે બધાં સ્વામિનીજીનીઓને પંચામૃત એટલે કેવલ દૂધથી સ્નાન થાય, પરંતુ શ્રીચંદ્રાવલીજીના ઉત્સવને દહાડે કેવલ શ્રીચંદ્રાવલીજીને જ પંચામૃત થાય, બીજાને નહી. તેવી રીતે શ્રીમહા-

પ્રભુજી કે શ્રીગુસાંઈજીનો ઉત્સવ હોય ત્યારે બધાં પાદુકાજીને પંચામૃત થાય, પરંતુ બીજા બાલકોના ઉત્સવને દહાડે કેવલ તેમનાં જ પાદુકાજીને સ્નાન થાય, બીજાં પાદુકાજીને નહીં.

સિદ્ધાંત એ કે મુખ્યમાં ગૌણ સાથે લેવાય પરંતુ ગૌણમાં મુખ્ય સાથે ન લેવાય.

(૩૩૧) મૂર્તિભાવ નિવૃત્તિપૂર્વક જ્યારે સ્વરૂપાસક્તિ થાય ત્યારે માનસી સિદ્ધ થઈ કહેવાય. દાખલા તરીકે, શ્રીનટવરલાલજીનું સ્વરૂપ તો બહુ છોટું છે તેની સાથે આલિંગન કેમ કરીને થાય! અને આલિંગન કર્યા વગર પણ છૂટકો નહી, એટલે આરસી બતાવી તે આરસી આપણા હૃદયમાં લગાવવી. આરસી નજીક આવે ત્યારે એ ભાવ કે જાણે શ્રીનટવરલાલ આલિંગન દેવા પધારે છે. ઉપરાંત આપણી (સત્તાનો–આસક્તિનો) અંગીકાર તે સ્વરૂપથી થાય ત્યારે માનસી સિદ્ધ થઈ કહેવાય.

(૩૩૨) શ્રીચંદ્રમાજીને ટોપીનો શૃંગાર નહીં, કારણ કે એ પ્રૌઢ સ્વરૂપ છે.

(૩૩૩) શ્રીમથુરાધીશ કુલ્હે પાઘ પર બાવન આભરણ ધરે છે અને શ્રીદ્વારકાધીશજી એકસો આઠ આભરણ ધરે છે અને શ્રીદ્વારકાધીશજીની કુલ્હે પાઘ શ્રી નાથજીની કુલ્હે પાઘ કરતાંયે મોટી હોય છે.

(૩૩૪) શ્રીનવનીતપ્રિયાજીના મંદિરમાં બે શય્યાઓ

રહે છે. એક પર શ્રીનવનીતપ્રિયાજી પોઢે છે અને બીજી શય્યા પર શ્રીનાથજીનાં વેણુજી પોઢે છે. વેણુ એ શ્રીચંદ્રાવલીજીનું સ્વરૂપ છે.

(૩૩૫) જે શ્રીગાદીજીને ખેલાવવામાં આવે છે તે શ્રીયશોદાજી અને શ્રીસ્વામિનીજીના અંકમાં બીરાજ્યા છે અને ખેલાવાય છે.

(૩૩૬) શ્રીઠાકોરજીના ચરણારવિંદમાં તુલસીજી સમર્પાય છે તે શ્રીચરણારવિંદ ઉપર ન સમર્પાય, પરંતુ શ્રીચરણારવિંદની સમીપ ગાદીજી ઉપર સમર્પાય. નહીંતર પ્રભુને પરિશ્રમ પડે. લીલાં તુલસીજી ન મળે તો સુકાં પણ સમર્પી શકાય. અને આ રીતે સમર્પેલ તુલસીજી શ્રીચરણારવિંદ ઉપર જ ધર્યા તુલ્ય છે. કારણ કે જ્યાં જ્યાં શ્રીઠાકોરજીના ચરણારવિંદ પધારે ત્યાં ત્યાં બધે તે ચરણારવિંદો જ સાક્ષાત છે. માટે ઠેઠ ડોઢી ઉપર પણ ચરણસ્પર્શ કરે છે. કારણ કે શ્રીઠાકોરજી તો બાલક છે, એ બધે આંટા મારે છે.

(૩૩૭) પાદુકાજીને સ્પર્શ કર્યા બાદ ઝારીજીને સ્પર્શ કરવામાં આવે તો તે ઝારીજી છોવાઈ જાય.

(૩૩૮) બીજા બધા ભોગો ભોગ–ઘરમાં આવે પરંતુ ઉત્થાપન ભોગ તો સિંહાસન પાસે જ આવે. કારણ કે તે "શ્રીગિરિરાજજી" સિંહાસન સ્વરૂપે બીરાજે છે.

(૩૩૯) કેટલાંક ઘરોમાં જેમકે શ્રીદ્વારિકાધીશજી

અને શ્રીમથુરાધીશજીમાં મુખ વસ્ત્રાદિ ડાબી બાજુ આવે છે. જ્યારે શ્રીનાથજી, શ્રીનવનીતપ્રિયાજી અને શ્રીચન્દ્રમાજીના ઘરમાં તે જમણી બાજુ આવે છે. આમાં એક ઉચિત અને બીજું અનુચિત, એવો ભાવ કદી પણ ન લાવવો. બન્ને ઉચિત જ છે. લીલામાં અનુચિત તે વળી શું હોય? જે છે તેનો ભાવ સમજવો. જ્યાં જમણી બાજુ આવે છે ત્યાં એમ સમજવું કે શ્રીચંદ્રાવલીજી શ્રીઠાકોરજીને અને મુખ-વસ્ત્રાદિ કરાવે છે અને જ્યાં ડાબી બાજુ આવે છે ત્યાં એમ સમજવું કે શ્રીસ્વામિનીજી શ્રીઠાકોરજીને મુખ-વસ્ત્રાદિ કરાવે ત્યારે તેમને દૂર જવું ન પડે.

(૩૪૦) શ્યામ સ્વરૂપોને સ્નાન કરાવવાની જરૂર નથી, કારણ કે શ્યામ સ્વરૂપો તો યમુનામય છે. માટે અમુક દિવસોએ જ સ્નાન કરાવવામાં આવે છે. જરૂર ફક્ત સ્નેહની જ છે એટલે ફૂલેલ-અત્તર લગાવાય છે, અને સ્નાન કરાવ્યા બાદ શ્રીયમુનાજીના ભાવથી આવતા ચુવા સાથે મિલાવી તે (ફૂલેલ-અત્તર) લગાવવામાં આવે છે.

(૩૪૧) અનેક સ્વરૂપો બીરાજતાં હોય ત્યારે સ્નાન કરાવતી વેળા પુરૂં ધ્યાન રાખવું. એક સ્વરૂપને સ્નાન કરાવી અંગવસ્ત્ર કરાવી, વસ્ત્ર, કંઠાભરણ-અલંકાર, શ્રીમસ્તક પરનું વસ્ત્ર વગેરે ધરાવી આસન પર પધરાવી બીજાં સ્વરૂપને સ્નાનાદિ કરાવવાં. વિશેષ અલંકારો મોડા થાય એનો વાંધો નહીં પરંતુ આટલા અલંકારો તો ધરાવવા

જ જોઈએ, નહીંતર સ્વરૂપ–ભાવના ન આવે, અને ભોગ સાજેલ હોય તો પણ આરોગે નહીં. પરંતુ બધાં સ્વરૂપોને એકી સાથે સ્નાન કરાવી એકને ધરાવવા માંડવું અને બીજા સ્વરૂપોને ઠરતાં મુકવાં, આવી ભયંકર ભૂલ કદાપિ ન કરવી.

(૩૪૨) અનોસરના બંટામાં ઓછામાં ઓછા બે અને વધારેમાં વધારે સોળ નંગ આવે. ગ્રહણ સિવાય જારી બંટા સિવાય શ્રીઠાકોરજી કદી ન રહે.

(૩૪૩) તલ, ગોળ અને દૂધ પ્રાકટ્યદિનને દહાડે ધરાય અને તેમાંથી એક બુંદ પ્રસાદ તરીકે લેવાય.

(૩૪૪) તપ્તોદક સોવાતું હોવું જોઈએ. બહુ ઉકાળે તો ભાવ ખંડિત થાય. શ્રીયમુનાજીને કાંઈ ઉકાળાય ? ટાઢ ઊડે એટલું જ જલ ગરમ હોવું જોઈએ.

(૩૪૫) ખુલતી સાડી એટલે ખુલ્લા રંગની. બીજું એ ધ્યાનમાં રાખવાનું કે ચોલી અને ચણીયાનો જે રંગ હોય તેથી જુદો વર્ણ સાડીનો હોય. કેવલ ઘટામાં જ બધાં વસ્ત્રો એક રંગના આવે.

(૩૪૬) શ્રીનવનીતપ્રિયાજીના આગ્રહથી શ્રીમહાપ્રભુજીની શય્યા શ્રીઠાકોરજી પાસે રહે છે, એટલે આપશ્રીની પાદુકા શ્રીઠાકોરજીની પાસે પલંગડી ઉપર રહે છે. અને મૂલ સ્વરૂપે સખડી સુદ્ધાં આરોગે છે. કોક ઘરમાં જમણી

બાજુ તો કોક ઘરમાં ડાબી બાજુ આ પાદુકાજી બીરાજે છે. શ્રીદ્વારિકાધીશજીના ઘરમાં છ માસ એક બાજુ અને છ માસ બીજી બાજુ બીરાજે છે.

(૩૪૮) શ્રીઠાકોરજીનાં આભૂષણો શ્રીગોપીજનના ભાવથી છે. એ વાત રાસ પંચાધ્યાયીના છેલ્લા અધ્યાયના-

तत्रारमत गोविन्दो रासक्रीडामनुव्रतैः
स्त्रीरत्नैरन्वितः प्रीतैरन्योन्यावद्धबाहुभिः ॥

એ શ્લોકમાં આવે છે. બાકીના શૃંગારનો આ ભાવ છે. આ વાત ગોવર્ધનલીલાન એક પદની તુકમાં પણ આવે છે.

“ગોપનકો સાગર ભયો, ગિરિ ભયો મંદારાચાર,
રત્ન ભઇ સબ ગોપિકા, કાન્હ વિલોપન હાર”

(૩૪૮) શ્રીનાથજીને અલંકાર એ રીતે ધરવા જોઈએ કે અર્ધી કીકીનાં દર્શન થાય. પહેલા શ્રીનાથજી આ પ્રમાણે અલંકાર ધરતા. અત્યારે બહુ જ ઢળતા ધરાવવામાં આવે છે.

(૩૪૯) શય્યામાં ફૂલ યા તુલસીજી એ માટે નથી આવતાં કે આ તો પ્રાકૃત એટલે સુકાય અને શ્રીઠાકુરજીને પરિશ્રમ પડે.

(૩૫૦) શ્રીઠાકોરજીનાં પ્રૌઢ સ્વરૂપો તો પાઘ ધરી પોઢે. બાલ સ્વરૂપો ટોપી પહેરી પોઢે. પરંતુ ટોપીને તુઈ ન જોઈએ અને હોય તો બારીક.

(૩૫૧) નવા પંખા અક્ષયતૃતીયાથી ધરાય. જુના

પંખા રામનવમીથી ચાલુ થાય. વહેલી ગરમી પડે તો હાથના પંખા દર્શન વખતે કરાય અને અનોસરમાં તૈયાર રખાય વ્રજભક્તોને તો કોઇ વાતની ખોટ નથી પરંતુ આપણી એટલી સેવા છૂટી જાય. વ્રજભક્તોને ઈચ્છામાત્રથી બધી વસ્તુઓ સિદ્ધ થાય છે. પરંતુ પૃચ્છા કરવા પૂરતો પણ પરિશ્રમ આપણાથી બને ત્યાં સુધી તેમને કેમ અપાય ?

(૩૫૨) રાળ કુંજએકાદશીથી શરૂ થાય, તે પાંચ દિવસ ઊડે. તિથિ ક્ષય હોય તો ચાર દિવસ ઊડે.

(૩૫૩) સૂક્ષ્મક્રમ હોય ત્યાં સ્વાંગ અષ્ટમીથી થાય. મથુરેશજીના ઘરમાં મથુરેશજીના પાટોત્સવથી શરૂ થાય. એથી મોટો ક્રમ હોય તો ત્યાં શ્રીનાથજીના પાટોત્સવથી શરૂ થાય છે. શ્રીનવનીતલાલ, શ્રીદ્વારિકાધીશ વગેરેમાં તે પ્રમાણે રીત છે.

(૩૫૪) શ્રીનાથજી, શ્રીનવનીતપ્રિયાજી, શ્રીદ્વારકાધીશ અને શ્રીચન્દ્રમાજીના ઘરમાં વ્રજભક્તોના ઓસરા પર વિશેષ ધ્યાન અપાય છે. જ્યારે અમારા ઘરમાં જાતે સેવા કરવાનો વિશેષ આગ્રહ છે.

(૩૫૫) શ્રીનાથજી અને શ્રીચન્દ્રમાજીના ઘરમાં નિકુંજલીલાનું પ્રાધાન્ય છે એટલે મનોરથ વિગેરે નહીં. બીજા ઘરોમાં નન્દાલયની લીલાનું પ્રાધાન્ય છે એટલે મનોરથો વિગેરે થાય છે.

(૩૫૬) મનોરથના ફળ–ફૂલોનો તે જ વખત ઉપયોગ

કરી શકાય. પરંતુ અનોસર થયા પછી નહીં. તાતજી મહારાજે એકવાર એ પ્રમાણે કરાવેલું. તે જ વખતે તે ફળો સિદ્ધ કરાવી શાક સિદ્ધ કરાવી શ્રીઠાકોરજીને ભોગ ધર્યા. શ્રીનાથજીમાં મનોરથનાં ફૂલ વગેરેનું જલ કે અત્તર બનાવે તે શ્રીનાથજીના ઉપયોગ માટે નહીં પરંતુ મહારાજશ્રીના ઉપયોગ માટે.

(૩૫૭) શ્રીનાથજી અને શ્રીનવનીતપ્રિયાજી તો નિકુંજ અને નન્દાલય છે. ત્યાં તો અધિકાર પૂરતી સેવા મળે. વલ્લભકુળ ઉપર બીરાજતાં સ્વરૂપો પણ જગતને હિતાર્થે બીરાજે છે. એટલે ત્યાં પણ પ્રમાણસર સેવા થાય. પરંતુ જે સ્વરૂપ આપણે માથે બીરાજે છે તે તો સર્વથા આપણને આધીન છે. તે સ્વરૂપને આપણે ફાવે ત્યારે જગાવીયે અને ફાવે ત્યારે પોઢાડીયે. ફક્ત આપણે વિચારવાનું એ કે જે સ્વરૂપ આપણને આટલું બધું આધીન થઈને રહ્યું છે તે સ્વરૂપને આપણે કેટલા બધા આધીન થઈને રહેવું જોઈએ ? સ્નેહથી સેવા કરતા હોઈએ તો અવેર પણ શ્રીઠાકોરજીને સોહાય અને એ સ્નેહને વશ આપ આનંદથી અધિક સમય બીરાજે.

(૩૫૮) એટલી બધી સેવા અને શ્રીઠાકોરજી ન બોલે ? શ્રીઠાકોરજી શું આટલા બધા નિર્દય છે ? પણ સેવા જ ક્યાં છે !

(૩૫૯) વૈષ્ણવને ગુરુદેવની આજ્ઞા હોય તો તેના ઠાકોરજી ઢાલ-તલવાર ધરે.

(૩૬૦) શ્રીગોપાલલાલજીએ શ્રી દ્વારિકાધીશજીના એવા શૃંગાર કરાવેલા કે શ્રીચન્દ્રમાજીનાં દર્શન થાય. અને ઢૂકા દાઉજીના એવા શૃંગાર કરાવેલા કે નાર ઉપર શ્રીઠાકોરજી બીરાજેલા હોય એવાં દર્શન થાય.

(૩૬૧) બડે ટિકેતો તો મોટે ભાગે સેવાપરાયણ જ રહ્યા છે, એટલે તેઓએ રૂપસેવાજ કરી છે. અને છોટા ભૈયાઓ એ નામસેવા કરી છે.

(૩૬૨) એક દિવસે શ્રીગુસાંઈજીનો ઉત્સવ હતો તે વખતે બાદશાહ શ્રીનાથજીનાં દર્શન કરવા આવ્યો અને તે વખતે તેણે કુલ્હે પહેરેલ હતી. શ્રીનાથજીએ તે વખતે શ્રીગુસાંઈજીને આજ્ઞા કરી કે મારે આવી કુલ્હે ધરવી છે. ત્યારે શ્રીગુસાંઈજી તો ચતુર-શિરોમણી એટલે વાળ સમારી પાગ એવી રીતે ધરાવી કે કુલ્હે બની ગઈ. ત્યારબાદ શ્રીનાથજીએ તો એવી આજ્ઞા કરી કે મને દરેક ઉત્સવમાં આવી કુલ્હે ધરાવજો. ત્યારથી હવે દરેક ઉત્સવમાં કુલ્હે આવે છે. બાળભાવથી આવે છે અને જોડ કિશોર ભાવથી આવે છે. એટલે કુલ્હે-જોડ ઉભય ભાવ-વિશિષ્ટ છે.

(૩૬૩) મેં તો અધિક માસમાં એ નિયમ લીધો કે એટલાં બધાં સ્વરૂપોમાંથી કોઈ એક સ્વરૂપના શૃંગાર કરવા. અમુક જ સ્વરૂપના શૃંગાર કરવાનો આગ્રહ રાખીયે તો મહાત્મ્ય વધે અને ભાવ ખંડિત થાય.

૩૬૪ શ્રીનાથજીને ખગ્રાસ વખતે રાજભોગમાં કેવળ

અનસખડી આવે છે તે વધારે પડતું છે. માન તો છૂટી ગયું છે. ઓચિંતાં શ્રીસ્વામિનીજી પધારે અને માગે ત્યારે વ્રજભક્તોએ સખડી વગેરે તૈયાર રાખવું જોઈએ કે ના! એવે વખતે સખડી તૈયાર કરવા બેસવું જોઈએ! શ્રીદ્વારિકાધીશજીના ઘરની રીત સુંદર છે. સેનભોગ આવે ચન્દ્રદર્શન પછી એ બરોબર છે. પરંતુ ચન્દ્રદર્શન પછી રસોઈનો પ્રારંભ થાય એ વધારે પડતું.

(૩૬૫) શૃંગારી શ્રીનવનીતપ્રિયાજીની સેવા વગેરે કરે ત્યારે ટિકૈત શ્રીનાથજીનાં વેણુજીની સેવા વગેરે કરે. આ વેણુજી શ્રીનાથજી ખેલવા પધાર્યા હતા તે ભાવથી બીરાજે છે.

(૩૬૬) અમારા ઘરમાં રાજભોગમાં સન્મુખ ચોપાટ, અનોસરમાં શેતરંજ, ભોગમાં વાઘખેલ, સેનમાં સન્મુખ શેતરંજ અને સેન પછીના અનોસરમાં ચોપાટ મંડાય છે. અને આ નિત્યનો ક્રમ છે. પરંતુ બીજા ઘરોમાં અમુક ખેલ મંડાય એવો ક્રમ હોય છે. મુંબઈવાળા શ્રીજીવનેશરાયજીએ ઘોડદોડનો ખેલ માંડવો શરૂ કરેલો તે ઘણા વખત સુધી મંડાયો. હાલ શ્રીગોકુલનાથજીએ તે બંધ કર્યો.

(૩૬૭) જ્યાંસુધી લૌકિકાસક્તિ છે ત્યાંસુધી સેવામાં અધિકાર નથી એવી શ્રીગુસાંઈજીની આજ્ઞા છે. આ સખતાઈ આપે શ્રીગોકુલેશને ત્યાં રાખી છે. શ્રીગોકુલેશના ચરણ–સ્પર્શ કોઈ વલ્લભકુલના બાલકો પણ નથી કરતા, કરે તો નિર્વંશ જાય એવી માન્યતા છે. આપ સ્ત્રીના હાથની

સેવાથી બહુ પ્રસન્ન છે, એટલે મોટે ભાગે આપની સેવા માજીમહારાજોએ કરેલી છે. આપના ચરણ-સ્પર્શ કોઇ કરે તો આપ જબરદસ્તીથી તેની લૌકિકાસક્તિ છોડાવે છે.

(૩૯) સેવામાં આર્તિભાવ મુખ્ય છે

(૩૬૮) શ્રીમહાપ્રભુજીએ ત્યાગ પક્ષનો સ્વીકાર કર્યો પરંતુ તેથી શ્રીઠાકોરજીને પરિશ્રમ પડવા લાગ્યો એટલે આપશ્રીએ શ્રીગુસાંઈજી સ્વરૂપે રાગપક્ષનો સ્વીકાર કર્યો પરંતુ ત્યાગપક્ષ કે રાગપક્ષમાં આર્તિભાવ એટલે તાપ-ક્લેશ મુખ્ય છે.

(૩૬૯) શ્રીગુસાંઈજી પોતાના સેવકોને ઘેર જવા આજ્ઞા પ્રસન્નતાપૂર્વક આપતા. એનું કારણ એ કે તેથી તેમની આર્તિ વધે.

(૩૭૦) અંતર્યામિનું કોઇ અજાણ્યું નથી. ભક્તની આર્તિ જાણી પ્રભુ સ્વતઃ કૃપા કરી દર્શન આપે એ વાત સાચી, પરંતુ પારખું લેવા કોઈ કાંઈ સાધન કરતો હોય તો તો પ્રભુનાં દર્શન સર્વથા દુર્લભ છે. બ્રહ્માનાં સો વર્ષ સુધી પણ કોઈ સાધન કરો તો યે કાંઈ ન મળે.

(૩૭૧) એક વખતે શ્રીગુસાંઈજીને કોઈ વૈષ્ણવે વિનતી કરી કે આપ શ્રીનાથજી અને શ્રીનવનીતપ્રિયાજીને સાથે કેમ નથી પધરાવતા ? ત્યારે આપશ્રીએ આજ્ઞા કરી કે તેમ કરીયે તો શ્રીનાથજીના સાન્નિધ્યમાં શ્રીનવનીતલાલ

માટે આર્તિ અને શ્રીનવનીતલાલના સાન્નિધ્યમાં શ્રીનાથજીને માટે આર્તિ કેમ રહે ?

(૩૭૨) અત્યારે આપણે ત્યાં જે સેવા થઈ રહી છે તે અંતર્ધાનલીલા વખતે શ્રુતિરૂપાઓએ કરેલી લીલાના ભાવથી છે.

"गोपिकावद् विप्रयोगे काल क्षेपाय सर्वथा । कृष्णमूर्ति प्रियां कृत्वा भजेत् तत्तच्च भावतः ।" નહીંતર બધી સેવા સાધનરૂપ અને કૃત્રિમ બને, તેની ફલરૂપતા નષ્ટ થઈ જાય. જેમ અન્તર્ધાનલીલા પછી શ્રુતિરૂપાઓનો તાપ બહુ વધી ગયો અને શ્રીઠાકોરજી પ્રકટ થયા તેમ અહીં પણ તાપ બહુ વધી જાય ત્યારે કૃપા કરી શ્રીઠાકોરજી પ્રકટ થાય.

વહુ-બેટીયોનું પણ લૌકિક દૃષ્ટિએ જે વૈધવ્ય છે, અલૌકિક દૃષ્ટિએ એ વિપ્રયોગ છે. તે વખતે જે સેવામાં અધિકારી બને છે તે પણ અન્તર્ધાનલીલાના ભાવથી.

(૪૦) ભાવભાવના

(૩૭૩) **वृक्षे वृक्षे वेणुधारी, पत्रे पत्रे चतुर्भुजः । यत्र वृन्दावनं तत्र लक्ष्यालक्ष्य कथा कुतः ।** આ શ્લોકનો અર્થ એમ છે કે વૃક્ષના થડ પાસે સર્વત્ર પ્રમાણલીલાનાં દર્શન થાય છે. શ્રી ઠાકોરજી વેણુ ધારણ કરી ઠાડા રહ્યા છે. પાસે ગાયો તથા ગ્વાલો છે. પરંતુ પાંદડે પાંદડે નિકુંજલીલા થઈ રહી છે, કારણ કે બીજી બે ભુજાઓ શ્રીસ્વામિનીજીની છે.

(૩૭૪) રસિક એનું નામ કે જે અખંડ પ્રિયા-પ્રીતમની લીલાનું અવગાહન કરે, છતાં જેનું ચિત્ત ચલિત ન થાય. સુંદર વસ્તુઓ શ્રીઠાકોરજી માટે છે એમજ જેને નિત્ય ભાવ રહે અને એકે વસ્તુનો ભોગ કરવાની જેને ઇચ્છા થાય જ નહીં તે રસિક.

(૩૭૫) "ઉષ્ણોદક સોંધો ભેળીને અંગ અંગોળ કરાવેજી" એ શ્રીવલ્લભખ્યાનની તુકમાં જે ઉષ્ણોદકનું વર્ણન છે તે અગ્નિથી તપાવેલું નહીં, પરંતુ વિરહથી તપ્ત ગોપીજનોના હાથમાં રહીને તપી ગયેલું સમજવું.

(૩૭૬) નિકુંજમાં શ્રીઠાકોરજી તિલક કરે છે એમાં એ ભાવ છે કે શ્રીસ્વામિજીનું ચરણારવિંદ આમ લલાટ પર ધારણ કરે છે, પરંતુ નન્દાલયમાં તો કેવલ નંદરાયજીનું અનુકરણ કરે છે.

(૩૭૭) **हठस्त्याज्यश्च सर्वथा ।** એટલે કે બીજાને વાદે વાદે આપણે કરીયે છીએ તે છોડી દેવું. શકિત હોય તેટલું ભાવપૂર્વક કરવું. બીજાની દેખાદેખી ઠેઠ ભાવ ઊડી જાય ત્યાં સુધી ન કરવું.

(૩૭૮) રાત અને દિવસ, સ્ત્રીભાવ અને પુંભાવ. આવા ભેદો તો સગુણ સનેહીની લીલામાં છે. નિર્ગુણબ્રહ્મ શ્રીનાથજીની લીલામાં તો બધી સ્ત્રીઓ અને રાત-દિવસ એવો ભેદ જ નહીં. ખંડિતા એ પણ સગુણ સનેહીની લીલામાં. નિર્ગુણની લીલામાં તો પ્રીતમ અને પ્રિયાની રોમાવલી અને પ્રિયાની તૃપ્તિમાં સમગ્ર રોમાવલીની તૃપ્તિ

એટલે શોકભાવજ જ્યાં નહીં, ત્યાં ખંડિતાને સ્થાનજ ક્યાંથી હોય ?

(૩૭૯) પ્રકટ સ્વરૂપમાં નિશ્ચય થાય તો ભાવ સ્ફુરે.

(૩૮૦) શ્રીઠાકોરજીનું શ્રીસ્વામિનીજીના ભાવમાં ભાવિત જે સ્વરૂપ તે ગૌર સ્વરૂપ. શુદ્ધ પ્રેમનું લક્ષણ એ કે તે જે તરફ પ્રેમ હોય ત્યાં તન્મય વ્યક્તિ બની જાય.

(૩૮૧) પુષ્ટમાર્ગીય માનસીનો પ્રકાર મર્યાદા-માર્ગીય માનસી સેવાથી ભિન્ન છે. મર્યાદા માર્ગમાં બહાર બીરાજતું સ્વરૂપ ભીતર પધરાવે અને તેમાં સાક્ષાદ્ ભાવપૂર્વક વાત્સલ્ય રાખી તે સ્વરૂપની તનુજા–વિત્તજા કરે અને તન્મય થઈ જાય તે માનસી. –આ પ્રસંગ રાસ પંચાધ્યાયીના ચોથા અધ્યાયમાં છે.

तासामाविरभूच्छौरिः स्मयमानमुखाम्बुजः ।
पीताम्बरधरः स्रग्वी साक्षान्मन्मथमन्मथः ॥(१०–२९–२)

આપનું પ્રાકટ્ય થયું પછી આપને પધરાવ્યા તેનું વર્ણન :–

तद्दर्शनाह्लादविधूतहृद्रुजो, मनोरथान्तं श्रुतयो यथा ययुः।
स्वैरुत्तरीयैः कुचकुंकुमांकितैरचीक्लृपन्नासनमात्मबंधवे ॥
(१०–२९–१३)

એ શ્લોકમાં છે. અને આપ કેવા શોભ્યા તેનું વર્ણન

तत्रोपविष्टो भगवान् स ईश्वरो,योगेश्वरान्तर्हृदिकल्पितासनः।
चकास गोपीपरिषद्गतोर्चित स्त्रैलोक्यलक्ष्म्यैकपदंवपुर्दधत् ॥

એ શ્લોકમાં આવે છે અને આપની સાથે કેવી રીતે વાતો કરી તેનું વર્ણન નીચેના શ્લોકમાં આવે છે.

सभाजयित्वा तमनंगदीपनं, सहासलीलेक्षणविभ्रमद् भ्रुवा ।
संस्पर्शनेनांककृतांघ्रिहस्तयोः, संस्तुत्य ईषत्कुपिताबभाषिरे॥
(૧૦–૨૯–૧૫)

આપણે ત્યાં પંચામૃત કરાવવાનો પ્રકાર આ પ્રમાણે છે. પહેલાં પંચામૃત કરાવી પછી ગોપીજનોએ જે મંત્રોથી પુતના વધ પ્રસંગે શ્રીઠાકોરજીની રક્ષા કરી તે મંત્રોથી અંગન્યાસ કરાવવો. પછી ઉપરના ત્રણ શ્લોકોનો પાઠ કરી શ્રીગોપીજનવલ્લભનું સ્વરૂપ તેમાં પધરાવવું પછી શ્રીવલ્લભાષ્ટક, શ્રીસર્વોતમજી, શ્રીસ્ફૂરત્કૃષ્ણપ્રેમામૃત, શ્રીનામરત્ન અને શ્રીગુરુદેવાષ્ટકનો પાઠ કરવો. શ્રીમહાપ્રભુજીના શ્રીઠાકોરજી, પણ આપણા ઠાકોરજી તો શ્રીમહાપ્રભુજી. આપણને બધું આપના દ્વારા મલે, સીધું કાંઈ ન મલે. શ્રીઠાકોરજીના ચરણસ્પર્શ કરતી વેળાએ પણ આજ પ્રકારે શ્રીઠાકોરજીના ચરણસ્પર્શ કરી શ્રીમહાપ્રભુજીના ચરણસ્પર્શ કરવાં અને ત્યારબાદ આપણે આંખે હાથ લગાવવો. આનો ભાવ એ કે પ્રથમ શ્રીઠાકોરજીના ચરણસ્પર્શ શ્રીમહાપ્રભુજીને કરાવવાં અને આપણે તો આપની આડીથી એ ચરણસ્પર્શ મલે, સીધું કાંઈ નહીં. ઉપર કહ્યા સ્તોત્રોનો પાઠ કર્યા બાદ ચરણ–સ્પર્શ કરવાં અને ભોગ ઈત્યાદિ ધરવા.

(૩૮૨) માહાત્મ્યજ્ઞાનવાળાને જે કૃપારસનો અનુભવ થાય છે તે તે જ્ઞાનવગરનાને નથી થતો, છતાં તે માહાત્મ્ય જ્ઞાન એવું ન હોવું જોઈએ કે વાત્સલ્ય ચાલ્યું જાય.

(૩૮૩) આઠ કીર્તનીયા અષ્ટસખાના ભાવથી હોય છે.

(૩૮૪) ભાવની મઝા ગુપ્ત રાખવામાં છે, માટે શ્રીમહાપ્રભુજીએ સ્ત્રીભાવ રાખ્યો છે પણ સ્ત્રી વેશ રાખ્યો નથી.

(૩૮૫) દહીં એ નવનીતપૂર્ણ ભગવદ્ ભોગ્ય સુધાનું સ્વરૂપ છે.

(૩૮૬) આધાર ન હોય તો ભાવ કોને અવલમ્બીને રહે ? માટે ભાવ એ ભગવદ્રસ છે અને સ્વરૂપો તેના આધારભૂત છે.

(૩૮૭) ભાવ ઊડી ગયો પછી ક્રિયામાત્ર ભવાઈ છે. ભવાઈમાં નવે રસો છે છતાં તે ભવાઈ છે. ક્રિયા પણ બધી હોય છતાં ભાવ વગર ભવાઇ થઇ પડે છે.

(૩૮૮) સ્વરૂપનું અનુસંધાન નથી. એને લઈને બધી મુંઝવણ છે. હું કોણ છું ? મારે કયાં જાવાનું છે ? મારૂં શું કર્તવ્ય છે ? એનું જીવને ભાન નથી એટલે ગોથાં ખાય છે.

(૩૮૮–૧) પહેલાં ક્રિયાની માનસી અને તે પણ ગુરુની આજ્ઞાથી પ્રાપ્ત થઈ હોય તો ક્રિયાનો અધિકારી જીવ બને. ત્યારબાદ ક્રિયા અને ક્રિયા પછી માનસીનો અધિકાર પ્રાપ્ત થાય છે.

(૩૮૯) "ચલ સખી સોતન કે ઘર જઇએ" એ

અજ્ઞાત યૌવનાને પ્રૌઢાએ કહ્યું છે. "અનત ન જઈએ" અને "જેષ્ટ માસ તપત ધામ" આ પછીના ભાવનાં પદો છે.

(૩૯૦) શય્યામંદિર એ શ્રીસ્વામિનીજીની નિકુંજ, નિજમંદિર એ શ્રીચન્દ્રાવલીજીની નિકુંજ, ડોલ તિબારી એ શ્રીયમુનાજીની નિકુંજ, મણીકોઠો એ શ્રીકુમારિકાની નિકુંજ, છઠ્ઠી ઘર એ પણ શ્રીયમુનાજીની નિકુંજ. સર્વત્ર પ્રવેશ તો શ્રીયમુનાજીની નિકુંજ દ્વારા જ હોય, એટલે મણીકોઠામાં જે નવું દ્વાર પાડયું છે તે ભાવનાથી વિરુદ્ધ છે.

(૩૯૧) હવે ખેલ પૂરો થશે એવા વિચારમાં જે વિરહાગ્નિ થાય છે તે રાળ ઉડાડવાની ભાવના છે. આયુર્વેદ દષ્ટિએ રોગથી છે.

(૩૯૨) ટિકૈતમાં શ્રીસ્વામિનીજીનો ભાવ છે. જે શૃંગારી બાલક હોય તેમાં શ્રીચંદ્રાવલીજીનો ભાવ છે. છે. રાજભોગની માલા બીડી અને બે બીડાં ટિકૈતને મળે. સેનની બીડી શ્રીસ્વામિનીજીની છે.

મુખ્યાજીમાં શ્રીલલિતાજીનો ભાવ છે. શ્રીલલિતાજીનાં ચાર સ્વરૂપ છે.

(૧) મુખ્યાજી સાત્વિક–રાજસ, (૨) અધિકારી રાજસ તામસ (૩) કીર્તનીયો રાજસ-સાત્વિક, અને (૪) ઝાપટીયો તામસ–તામસ.

ઘરધણીને માલા-બીડાં નિયમિત જાય. બહારના

બાલક દર્શન કરવા પધારે તો જ માલા-બીડાં મલે. બીજાઓને કેવલ બીડાં જ મલે. લાલાજીઓને એક બીડું, મુખ્યાજી અને અધિકારીને બે બીડાં, કીર્તનીયાને એક બીડું અને બીજા કોઈ વૈષ્ણવ આવે તેને પણ એક બીડું.

(૪૧) સેવા

(૩૯૩) આપણો પ્રાચીન પદ્ધતિ એ છે કે સૌ પોતાને ત્યાં શ્રીનાથજીને જ સેવા કરવા માટે પધરાવતા. શ્રીમહાપ્રભુજીનાં ચિત્રજી કે શ્રીગુસાંઈજીનાં અથવા તો બીજા કોઈ નિધિનાં ચિત્રજી ન પધરાવતા. આ તો હમણાં હમણાં ચાલ્યું છે.

(૩૯૪) વૈષ્ણવ પર પધરાવી આપેલું સ્વરૂપ તેની આસક્તિનું છે જ્યારે તે દેહ મુકે છે ત્યારે તે સ્વરૂપ તેનો હાથ પકડી તેને લીલામાં લઈ જાય છે. તે સ્વરૂપ હવે ગ્વાલ રૂપે રહે છે. એટલે ગુરુદેવને ત્યાં તેને પધરાવવામાં આવે છે. ત્યાં તેને પંચામૃત કરાવી ગ્વાલ મંડલીમાં પધરાવવામાં આવે છે. તે વૈષ્ણવ દેહ મુકે તે વખતે બીજે દ્વારથી બીજો વૈષ્ણવ પધરાવી જાય પરંતુ તે પહેલાં નહીં. કારણ કે જ્યાં સુધી તે સ્વરૂપ બીરાજે છે ત્યાં સુધી તે ઘર વ્રજ છે તે સ્વરૂપ જો ત્યાંથી બહાર પધારે તો તે સ્મશાન તુલ્ય બની જાય. તે વૈષ્ણવના પુત્રે તે સ્વરૂપ તથા તે સ્વરૂપની સત્તાની ચીજો ગુરુદેવને ત્યાં પધરાવી પોતાની આસક્તિનું બીજું સ્વરૂપ પધરાવવું.

હવે ગુરુદેવ સિવાયના બીજા બાલકો કેવલ ચિત્રજીજ પધરાવી શકે અને આ રીતે ચીલે ચડાવે. પરંતુ સ્વરૂપસેવા તો કેવલ ગુરુદેવ જ પધરાવી શકે. કારણ કે જો બીજા બાલક સ્વરૂપ સેવા પધરાવી આપે તો પાછા પધરાવતી વેળા તકરાર થવાનો સંભવ રહે અને ધર્મ કરતાં ધાડ થાય.

ઉપરના સિદ્ધાંત માટે પરમ પ્રમાણ શ્રીકૃષ્ણભટ્ટજીનો પ્રસંગ છે. તેના પિતા પદ્મા રાવલ. તેને માથે શ્રીમહાપ્રભુજીના નિધિ શ્રીઅષ્ટભુજાજી બીરાજતા હતા. તેમ છતાંયે તે સ્વરૂપને શ્રીગુરુદેવને ત્યાં પધરાવી પોતે પોતાની આસક્તિનું સ્વરૂપ શ્રીબાલકૃષ્ણલાલજી અને સ્વામિનીજી (શ્રીરૂકમણીજી) પધરાવ્યું. કારણ કે તેમને આસક્તિ શ્રીગુસાંઈજીમાં હતી.

(૩૯૫) કરીને પણ કહી બતાવીયે તો કર્યું નકામું જાય. માટે આપણે તો આપણું સેવાદિ કાર્ય કર્યા જ કરવું. હું કરૂં છું એવો ભાવ પણ મનમાં ન લાવવો.

(૩૯૬) શ્રીતાતજી મહારાજ તો ગોપીવલ્લભ ભોગમાટે સ્વયં રસોઈ સિદ્ધ કરતા. અત્યારે અગવડ છે એમ સમજી તે કાર્ય ન કરવું તેમ નહીં. અગવડ વેઠીને પણ કાર્ય કરવા મંડીયે તો શ્રીઠાકોરજી બધી સગવડ કરી આપે.

(૩૯૭) શ્રીમહાપ્રભુજીએ ઉત્સવોને માટે સેવાનો સમય સવારે છ કલાક અને સાંજે ચાર કલાક, અને હંમેશ

માટે સવારે પાંચ અને સાંજે ત્રણ કલાક એમ નિયત કર્યો છે. આથી જેટલું વધારે થાય તે પ્રમાદ.

(૩૯૮) અધિકાર વિના ઉત્તમ વસ્તુ મલે તોયે કાંઈ અર્થ સરતો નથી. સેવા ઉત્તમ છે પરંતુ હુલાસથી કરવામાં આવે તે જ સેવા પોતાને યા બીજાને કલેશ આપી જે સેવા કરવામાં આવે છે તે સેવા. નથી. મર્જાદીના ધર્મો એવા છે કે તે નિત્ય વખણાય જ. પરંતુ જ્યારે ડોળ વધી પડે ત્યારે તે ધર્મો વગોવાય.

(૩૯૯) જીવ કહે સેવા, પરંતુ પ્રભુ માને તે સેવા. માટે આચારનું પાલન અને સેવામાં તત્પરતા. રખેને કંઈ પણ આપના ધ્યાનમાં આવી જાય તો આપણો બેડો પાર.

(૪૦૦) આપણે ત્યાં દેહ–દમનનો નિષેધ છે. બહુ વધારી દઈએ અને પછી તણાઇ તણાઈને કરીયે તે સેવા નથી.

(૪૦૧) સેવા તો પ્રેમની છે. દેખાદેખીમાં મઝા નથી.

(૪૦૨) આપણે કરીયે તે સેવા નહીં પરંતુ પ્રભુ માને તે સેવા.

(૪૦૩) શ્રીનાથજી અને કાંકરોલી એ સેવામાર્ગ શીખવા માટેની નિશાળ છે.

(૪૦૪) નિકુંજમાં તો કેવલ સ્વામિનીજી સેવા કરે છે. નન્દાલયમાં શ્રીયશોદાજી જેને સોંપે તે કરે છે. માટે

ગોકુલેશ્વરની સેવા અને વૃન્દાવન સ્થિતનું સ્મરણ. માટે જ કહેલું છે કે "**सदा सर्वात्मना सेव्यो भगवान् गोकुलेश्वरः। स्मर्तव्यो गोपिकावृंदे क्रोडन् वृन्दावने स्थितः॥**

(૪૦૫) ઘરે તો શ્રીઠાકોરજીની એ પ્રમાણે સેવા કરવાની છે કે કોઈને ખબર જ ન પડે કે આ શ્રીઠાકોરજીની સેવા કરે છે.

(૪૦૬) સાવધાનીપૂર્વક કરવામાં આવે તે સેવા.

(૪૦૭) આપણે સેવાનો આગ્રહ રાખતાં પહેલાં આપણી યોગ્યતાનો વિચાર કરવો જોઈએ. આપણે મોટા થઈએ પછી શ્રીઠાકોરજીને રીઝવવાનું આપણી પાસે શું રહ્યું હોય? આપણે નાના નાના નવા નવા બાળકોને સેવામાં સન્મુખ કરવા. આપણે વિરહનો અનુભવ કરવો. આપણો તાપ એ બાળકોને ફલરૂપ નીવડે. શ્રીઠાકોરજીનું અને બીજાનું સુખ વિચારીએ એ જ ખરી પુષ્ટિ. બાકી તો આપણે જ બધું કર્યા કરીયે તેમાં તો સ્વાર્થ છે.

(૪૦૮) ભાવથી બને તે સેવા અને ઉત્સાહથી પાળી શકાય તે ધર્મ. બાકી ભાવ અને ઉત્સાહ ન રહે અને અભાવ આવી જાય ત્યાં સુધી સેવા કે ધર્મ કરે તો પરિણામ એ અભાવ આવી જાય ત્યાં સુધી સેવા કે ધર્મ કરે તો પરિણામ એ અભાવ આવ્યો હોય અને એ પરિસ્થિતિમાં દેહ છૂટે તો અવૈષ્ણવને ત્યાં જન્મ લેવો પડે.

(૪૦૯) પુષ્ટિમાર્ગીય સંકલ્પોમાં સર્વત્ર **कारयिष्ये**

આવે છે. કારણ કે સેવા તો શ્રીમહાપ્રભુજી કરે છે. આપણે તો કેવલ કરાવીયે છીએ.

(૪૧૦) વૈષ્ણવ વૈષ્ણવને માથે શ્રીઠાકોરજી પધરાવી દેવામાં આવે છે એનું કારણ એ કે અમારે ત્યાં સેવા કરનાર રખેને અમારી આજ્ઞાનું ઉલ્લંઘન કરે તો અપરાધ પડે. ઘરે સેવા કરતો હોય તો આવું બનવા ન પામે.

(૪૧૧) શ્રીમહાપ્રભુજીએ સેવાને મુખ્ય રાખી સૌ પક્ષોને ગૌણ રાખ્યા છે. બાકી તો જેવી જેની રુચિ.

(૪૧૨) માર્ગની રીત તો એ કે પોતે સેવા કરતો હોય તે બીજો જાણે જ કેમ! એક ખંભાલીયાનો વૈષ્ણવ દલાલી કરતો તે સૂર્યોદય પહેલાં તો રાજભોગ આરોગાવી દર્શનાદિક કરવા નીકળે અને ગામમાં કોઈને ખબર ન પડે કે એ સેવા કરે છે.

(૪૧૩) આળસ, ઉલટનો (ઉત્સાહનો) અભાવ, કૃપણતા અને શરીરની બેદરકારી, આ ચાર સેવામાં બાધક છે–મહાબાધક છે.

(૪૧૪) સેવા કરીને આપણે મરીયે છીએ તોએ શ્રીઠાકોરજી અમારી સાથે બોલતા નથી. આપણને આવો ભાવ છે માટે જ શ્રીઠાકોરજી આપણી સાથે નથી બોલતા. હું આ સેવા કરૂં છું એમાં શ્રીઠાકોરજીને પરિશ્રમ પડતો હશે એવી બીક રાખીયે તો તરત જ બોલે.

(૪૧૫) કર્તવ્ય સમજે ત્યાં સુધી સાધન, તત્ સુખનો વિચાર આવે ત્યારબાદ જ સેવા.

(૪૧૬) સેવા વખતે સ્મરણ ન હોય એટલે ગ્રન્થાદિકનો પાઠ ન થાય. લીલાનાં કીર્તનો ગવાય અને તે પણ બહાર કીર્તનો ન થતાં હોય ત્યારે.

(૪૧૭) મર્યાદીની કોટડી ત્યાં સુધી કે જ્યાં સુધી સેવામાં નહાતો હોય. મુખીયા ભીતરીયાથી કામ લેવાય તો પછી તે મર્જાદીની કોટડી નહીં.

(૪૧૮) પહેલાં તો એવી રીત હતી કે ક્રમે ક્રમે સેવામાં આગળ વધે. પહેલાં સેવકીનું જલ ભરે, પછી આજ્ઞા મલતાં ખાસા-જલ ભરે અને ત્યારબાદ આજ્ઞા મલતાં જારી ભરે. હવે તો મેળે મેળે પહેલેથી સૌ જારી ભરવા મંડી પડયા છે.

(૪૧૯) નંદાલયમાં તો સેવા વધારે મલે છે. જયારે નિકુંજમાં બહુ થોડી મલે છે અને અધિકારથી અધિક જો કોઈ કરવા જાય તો તરત જ શાપ.

(૪૨૦) આપણે તો શ્રીઠાકોરજીને પરિશ્રમ જ આપી રહ્યા છીએ; છતાંયે અમે જાતે સેવામાં ન પહોંચીયે અને બધું મુખ્યાજીને જ સોંપી દઇએ તો શ્રીઠાકોરજીને અધિક પરિશ્રમ પડે. બાળકને તો માના હાથનું ભાવે. અમે જાતે જો ભોગ ધરવા ન જઈએ તો શ્રીઠાકોરજી આરોગે જ નહીં. માટે અમારે શ્રીમથુરેશજીના ઘરમાં તો જાતે જ

સેવામાં પહોંચવાની રીત. બીજા ભોગ ધરવા ભલે ન પહોંચી શકાય પરંતુ રાજભોગમાં તો શ્રીઠાકોરજી બીજી લીલા કર્યા કરે પરંતુ આરોગે તો અમારા હાથથી જ. આ ઉપરાંત અમે જાતે જ સેવામાં ન હાજર રહીયે તો અમારામાં શિથિલતા આવી જાય, સેવા વિસારી મુકીયે, એટલે પછી શ્રીઠાકોરજીને પરિશ્રમનો પારજ ન રહે.

(૪૨૧) અમારાથી એ સેવા ન બનતી તો બીજાને અમે શું કહીયે ?

(૪૨૨) પુષ્ટાવેલું સ્વરૂપ જ્યાંસુધી રીતસર સેવા થાય ત્યાંસુધી પુષ્ટ રહે છે. અને તેમ ન થયું એટલે સ્વરૂપ નિવૃત્ત થાય છે. પછી તેનો પ્રસાદ લેવામાં આવે તો દોષ લાગે.

(૪૨) પુષ્ટિભાવ

(૪૨૩) તિલકની વચમાં ટીકી કરવાનો મર્યાદાભાવ એ કે તિલક શૂન્ય ન રાખવું અને શ્રીપુષ્ટિભાવ એ કે વ્રજભક્તોના ભાવથી બિન્દી કરવી.

(૪૨૪) ચન્દ્રમાજીના ઘરમાં જે કેસરી વસ્ત્રોનો આગ્રહ છે તેમાં મર્યાદાભાવ ગોપાલોપાસન અને પુષ્ટિભાવ વ્રજભક્તોના વર્ણનો સમ્યક્‌વાણી શ્રી રાધિકા.

શ્રીઠાકોરજી પીતામ્બર ધારણ કરે છે અને શ્રીસ્વામિનીજી નીલામ્બર ધારણ કરે છે તે પરસ્પરનો ગાઢ અનુરાગ સૂચવે છે.

(૪૨૫) અનુભવો ગુપ્ત રાખવા. શ્રીઠાંકોરજી વિશેષ કૃપા કરે અને અનુભવ જતાવે તો દુનિયામાં પાગલ બનવાનો વખત આવે.

(૪૨૬) જેને ત્યાં પૂરતું ઘી ન હોય તેવા ભગવદીયનો સ્નેહજ ઘીરૂપે શ્રીઠાકોરજી અંગીકાર કરે છે.

(૪૩) પ્રાચીન રીત અને ગૃહાચાર

(૪૨૭) શ્રીગોકુલનાથજી અને શ્રીચન્દ્રબાવા હજીયે આલુ નથી આરોગતા.

(૪૨૮) અમારો—ગોસ્વામિ બાલકોનો એવો રીવાજ છે કે જ્યારે અમે ભટ્ટજીને ત્યાં જમવા જઈએ ત્યારે જારી અને બીડાં સાથે લઈ જઈએ તેનું કારણ એ કે તેઓ ભલે ભોગ ધરીને લેતા હોય છતાંએ તેટલી સગવડ જલ અને બીડાની તેમની પાસે કયાંથી હોય !

(૪૨૯) કયાંય પધરામણી થાય ત્યારે પહેલી વસ્ત્ર આડું રાખીને શ્રીનાથજીની ભેટ ગોસ્વામિ બાલકો લે છે તેનો ઈતિહાસ આ પ્રમાણે છે :– શ્રીગુસાંઈજીને જ્યારે વૈષ્ણવો ચરણમાં ભેટ ધરવા આવ્યા ત્યારે શ્રીગુસાંઇજીએ આજ્ઞા કરી કે તમારો તે ભાવ હોય તો તેમ ખુશીથી કરજો પરંતુ પહેલાં તો હું હાથમાંજ ભેટ લઇશ પછી વૈષ્ણવોએ પહેલી ભેટ હાથમાં દીધી. અને શ્રીગુસાંઇજીએ તે સીધી શ્રીનાથજી મોકલાવી એટલે હવે એ રીવાજ પડી ગયો છે કે પહેલી શ્રીનાથજીની ભેટ લેવાય છે. હવે

જો તે સાક્ષાત લે તો પોતાની માલીકી થાય એટલે વસ્ત્ર આડું રાખીને લે છે.

(૪૩૦) ડાબા હાથ તરફની તિબારી નવી તિબારી કહેવાય છે તે પ્રાચીન મંદિરોમાં ન હતી. મુંબઈના મંદિરોમાં પહેલી પહેલી તે બંધાઈ અને ત્યારપછી બીજે સ્થળે બંધાવા લાગી.

(૪૩૧) શ્રીગુસાંઈજી સુધી પડદાનો રીવાજ ન હતો. બજારમાં ન નીકળે એ ખરૂં પરંતુ વૈષ્ણવોને દર્શન આપતાં હવે એક પ્રસંગે એવું બન્યું કે શ્રીકમલાવહુજી (ત્રીજા લાલજી શ્રીબાલકૃષ્ણજીના વહુજી) છત પર પોઢેલાં અને આપ એવાં સુંદર કે ચંદ્રમા આપના રૂપમાં મુગ્ધ બની થંભી ગયો. હવે રાત કેમે વીતે નહીં અને સૂર્યોદય થાય નહીં. શ્રીગુસાંઈજી એ તપાસ કરો એટલે કારણ ધ્યાનમાં આવ્યું અને આપશ્રીએ તરત જ શ્રીકમલાવહુજીને ભીતર પધારવા આજ્ઞા કરી. વહુજી ભીતર પધાર્યાં કે ચન્દ્રે માર્ગ લીધો અને સૂર્યોદય થયો ત્યારબાદ મંગલા થઈ તે વખતે શ્રીનાથજીએ અજાણ્યા થઈ પૂછ્યું કે આજે મંગળામાં અવેર કેમ થઈ? ત્યારે શ્રીગુસાંઈજીએ સમગ્ર વૃતાન્ત કહી સંભળાવ્યો ત્યારે શ્રીનાથજીએ આજ્ઞા કરી કે આ પ્રસંગ પરથી હવે ચેતી જવાનું છે. દેવની પણ મતિ કલિયુગમાં ચળે તો પછી જીવની ચળે એમાં નવાઈ શી! માટે હવે ચાદર ઓઢાડો. ત્યારે શ્રીગુસાંઈજીએ વિનંતિ કરી જે અમે દક્ષિણનાં, ચાદરમાં કશું સમજીયે નહીં એટલે

આપ આજ્ઞા કરો તેમ કરીયે. પછી શ્રીગુસાંઈજીએ શ્રીનાથજીની આજ્ઞાથી શ્રીકમલાવહુજીને મંદિરમાં પધરાવ્યાં અને શ્રીનાથજીએ શ્રીહસ્તે શય્યાપરનો ચોરસો લઈ ઓઢાડાવી તે પ્રકાર બતાવ્યો અને ચાદર ઓઢાડી. ત્યારબાદ શ્રીગુસાંઇજીએ પોતાની સમગ્ર જ્ઞાતિ એકઠી કરી આ પ્રમાણેની શ્રીનાથજીની આજ્ઞા થઈ છે તે કહી બતાવ્યું એટલે સમગ્ર જ્ઞાતિએ તે આજ્ઞા માન્ય રાખી. અને વલ્લભકુલમાં આ રીતે પડદો શરૂ થયો.

(૪૩૨) બાદશાહે જેટલી વસ્તુઓ ભેટ કરેલી અને શ્રીગુસાંઇજીએ અંગીકાર કરેલી તેટલી વસ્તુઓનાં ફારસી નામો આપણે ત્યાં રહ્યાં છે.

(૪૩૩) શ્રીમથુરેશજીના ઘરમાં ખગ્રાસ ગ્રહણ હોય તે વખતે ગ્રહણ મુક્ત થયા બાદ જે રાજભોગ આવે તેની સખડી ઢાંકી મહાપ્રસાદ લેવામાં આવે છે, અને ચંદ્રદર્શન પછી તેજ સખડી મહાપ્રસાદ લેવામાં આવે છે. ચંદ્રદર્શન પછી સૌ નહાઈ, જલ કાઢી નાખે પરંતુ સખડી મહાપ્રસાદ લે. બીજા ઘરોમાં સખડી મહાપ્રસાદ પણ કાઢી નાખવામાં આવે છે. શ્રીમથુરેશજીના ઘરમાં જયન્તિઓ નિર્જલ કરવાનો રીવાજ છે.

(૪૩૪) મોટાં બેટીજીએ લીલા કરી ત્યારબાદ જન્માષ્ટમિ આવી ત્યારે બીજે દહાડે શ્રીરણછોડલાલજી મહારાજે ભીતર મુખીયાઓને પણ ખબર ન પડે તેમ શ્રીનટવરલાલને

શ્રીયશોદાજી બની ઝુલાવ્યા. અને ત્યારબાદ બહાર પધાર્યા. શોક તો લોક આગળ. શ્રીઠાકોરજીની આગળ નહીં.

(૪૩૫) પહેલાં આઠ વાગે એટલે રાજભોગ આવી જાય અને સાંજે છ વાગે શયન થઈ જાય અને નવ વાગે તો ભગવદ્ વાર્તા વગેરેથી પરવારીને બધા સૂઈ જાય. આ પ્રકાર સાત બાલકો અને ઠેઠ શ્રીહરિરાયજી સુધી ચાલુ હતો. શ્રીમહાપ્રભુજીએ નિબંધમાં જે પ્રણાલી બાંધેલી છે તે એવી સુંદર છે કે તે પ્રમાણે ચાલે તેનું સ્વાસ્થ્ય કદી પણ બગડે નહીં. આપણા માર્ગમાં ખટાસ વીગેરે છે જ નહીં. મિષ્ટાન્ન વધારે પ્રમાણમાં છે. પરંતુ તે વાંટીને લેવાનું છે એટલે સ્વાદને કારણે આપણે હેરાન થઇ એજ નહીં. હવે આ પ્રણાલી ચૂકીયે અને જે અપરાધ થાય એની પ્રથમ અલૌકિક શિક્ષા કે પ્રતિબંધ આવે અને આનાથી બીજી મોટી શિક્ષા કઈ?

(૪૩૬) આચાર્યશ્રીનું ચરણોદક નિત્ય લેવાની પ્રથા શ્રીવિઠ્ઠલેશરાયજીના ઘરમાં છે. બીજા કોઇ ઘરમાં આ પ્રથા નથી. બીજા ઘરમાં જ્યેષ્ટાભિષેકને દહાડે સ્નાન કરાવી તે ચરણોદક સાચવી રાખે છે અને બારમાસ સુધી રોજ રોજ લે છે. આજ તો આ પ્રથા પણ શિથિલ થઈ ગઈ છે. હવે તો ગ્રહણ આવ્યું, છોવાઈ ગયું વગેરે વગેરે નિમિત્ત ઉભાં કરી ચરણોદક કાઢી નાખે છે પરંતુ તેનું રક્ષણ બહુ ઓછા કરે છે.

(૪૩૭) સ્વરૂપ પધરાવી આપવાની પ્રાચીન રીત આ

પ્રમાણે છે. પહેલાં પૂતના લીલામાં જે મંત્રો વડે શ્રીગોપીજનોએ શ્રીઠાકોરજીના અંગમાં અંગન્યાસ કર્યો તે મંત્રો વડે અંગન્યાસ કરવાનો ત્યારબાદ મર્યાદાના મંત્રો બોલી પ્રાણ-પ્રતિષ્ઠા કરવી, તેમ પંચામૃત કરાવવું. તે પહેલાં મંદિરનું માર્જનાદિક કરાવી લેવું. ત્યારબાદ ફરીથી પૂતનાલીલાવાળા મંત્રોથી અંગન્યાસ કરવો. ત્યારબાદ શ્રીવલ્લભાષ્ટક, શ્રીસર્વોત્તમજી, સ્ફૂરત્ કૃષ્ણપ્રેમામૃત અને નામરત્નથી શ્રીમહાપ્રભુજી અને શ્રીગુસાંઈજીનું સ્વરૂપ પધરાવવું ત્યારપછી રાસ-પંચાધ્યાયી ના ચોથા અધ્યાયના **तासामाविरभूच्छौरिः स्मयमान मुखाम्बुजः** ત્યાંથી લઈ **सभाजयित्वात मनंगदीपनं** એ સમગ્ર શ્લોક સુધીના શ્લોકોથી શ્રીપુરુષોત્તમનું સ્વરૂપ પધરાવવું. આ પ્રાચીન રીત પરંતુ હાલ જે રીતે પધરાવી આપવામાં આવે છે તે જીવની યોગ્યતાનુસાર ચાલી છે. પ્રાચીન અધિકાર રહ્યો નથી એટલે પ્રાચીન રીત પણ હવે નથી રહીં.

(૪૩૮) પ્રાચીન સ્વરૂપોના શૃંગાર સીધા ઉપવસ્ત્ર ઉપર દર્શન થાય છે. પ્રાચીન બાલકો જ્યારે બહાર પધારતા ત્યારે વાઘા ધરતા, મંદીરમાં નહીં.

(૪૩૯) શ્રીગોકુલનાથજી કાશ્મીરમાં પધારી પહેલાં સોરમજી પધાર્યા ત્યાંથી શુદ્ધ થઈ પછી આપ ગોકુલ પધાર્યા. અત્યારે પણ આ રીત ચાલુ છે.

(૪૪૦) ભંડારમાંથી તપેલીમાં કાંઈ ચીજ-વસ્તુ જોઈએ

તો તે ચીજ–વસ્તુ ધરાય એવી હોય. દાખલા તરીકે ખાંડ અને ઘી તો તે શ્રીઠાકોરજીને ધરાવીને પછી મોકલવી.

(૪૪૧) વ્યાજપેટે આવેલું શ્રીઠાકોરજી અંગીકાર નથી કરતા માટે ભાડાની રીત સારી છે.

(૪૪૨) અમારે ત્યાં ચૂડલો ખરીદે સાસરેથી, પહેરાવે પિયરથી, અને મઢાવે મોસાળથી. મોટી ઉત્તરક્રિયા કરવાની ત્રેવડ હોય તોજ આમ સોનેથી મઢેલ ચૂડલો પહેરાય. ગુજરાતમાં પણ આ રીવાજ છે.

(૪૪૩) પ્રાચીન સમયમાં બાલકો ચોરસ ગાદી અને ચોરસ તકીયા ઉપર બીરાજતા અને વહુ–બેટીઓ આસન ઉપર બીરાજતાં. આનું પ્રયોજન એ કે લાંબી ગાદી ઉપર લોટવાનું મન થાય ને આ રીતે નિદ્રા અને આળસ વધે કે જે સેવામાં મહાન બાધક છે. વહુ–બેટીઓ હવે ગાદી પર બીરાજે છે તે રાગ કાશીથી શરૂ થયો છે.

(૪૪૪) પ્રાચીન રીવાજ એ કે જેટલું નીચે ભોગમાં આવતું હોય તેટલુંજ તપેલીમાં થાય. લાલ મરચાંનો રાગ હાલમાંજ શરૂ થયો છે. પહેલાં નહીં. શ્રીગુસાંઈજીએ જે રીત બાંધી તેજ પ્રમાણે તેમાં થોડું પણ આમતેમ ન કરી શકાય. અલગ તપેલી કરવાનો ને અલગ તપેલીના ઠાકોરજી રાખવાનો આ ભાવ છે. આમાં ભાવ નિયામક છે. તાતજી શ્રીવ્રજરાયજી મહારાજ ઉપર કશું કરતાજ નહીં. બધું નીચેજ કરતા. એમના ભાવનું સ્વરૂપ શ્રીનટવરલાલજ હતું.

(૪૪૫) પ્રાચીન વૈષ્ણવો મહારાજશ્રીની ભેટ ગોલખમાં પધરાવતી વેળા વસ્ત્રની આડીથી તેને લેતા.

(૪૪૬) પ્રાચીન વૈષ્ણવો પદ્ધતિસર કીર્તનનો અભ્યાસ કરતા એટલે કીર્તનીયાઓ રીસાઈને ચાલ્યા જતા.

(૪૪૭) અમારામાં પહેલાં એટલી બધી મર્યાદા સચવાતી કે ભાભી દીયર સાથે પણ ન બોલે.

(૪૪૮) પહેલાં અમારે ત્યાં લાલીઓને લગ્ન પહેલાં બહુ ન ખડાવતાં, કારણ કે જાડી થઈ જાય તો સારો વર ન મલે. અને અટકાવ વહેલો આવે એ બીકે ગરમ વસ્તુઓ ખાવા આપતાજ નહીં.

(૪૪૯) પવિત્રા એકાદશી અને દ્વાદશીને દહાડે ચરણ-સ્પર્શ સવારે આપવાની રીત નથી. પ્રમેયને હિસાબે બાલકો આપે તે જુદી વાત.

(૪૫૦) પ્રાચીન ગોસ્વામિ બાલકો અને અત્યારના ગોસ્વામિ બાલકો અને પંડિતોના પ્રકારમાં ફેર આ પડયો છે કે અત્યારના એમ માને છે કે અમે ખૂબ કહેશું અને ખૂબ સમજાવીશું એટલે લોકોને ગળે વાત ઉતરી જશે. જ્યારે પહેલાંના એમ સમજતા કે અમારે તો અમારા કર્તવ્ય-પરાયણ રહેવાનું છે. સેવા છોડી બીજાને કહેવા જઈએ કે તમે સેવા કરો તો તે એમ સમજે કે જો સેવા એવી કિમતી છે તો તે સેવા છોડીને અહીં શા માટે આવ્યા છે? માટે સેવા એવી કિમતી નથી લાગતી. અને આમ વિચારી તેઓ કાંઈ

ન કરે અને વળી એમ સમજે કે જેવા આ લોકો કેવલ કથન-પરાયણ છે તેવા અમારે પણ શ્રવણ-પરાયણ રહેવાનું. બીજું કાંઈ કરવાનું નહીં.

ભાષણોનો પ્રકાર હમણાં હમણાં ચાલ્યો છે. પહેલાં તો અમે સેવા-પરાયણ રહેતા અને સેવામાંથી પરવાર્યા બાદ કોઈ દૈવી જીવ આવે તો વચનામૃત કરતા, પરંતુ સેવા છોડીને કાંઈયે ન કરતા.

(૪૫૧) શ્રીવ્રજરાયજી મહારાજના સમયમાં મંદિરમાં કોઈ લૌકિક વાત કરવા દેવામાં આવતી નહીં. કોઈ કરે તો સિપાઈ હાથ પકડીને બહાર કાઢી મૂકે. કોઈ મુખીયો, ભીતરીયો લૌકિક વાત કરે તો પાછો નવડાવે. જે હાથ ધોઈ સેવામાં બેસે તેને જ મંદિરમાં પેસવા દે. આપશ્રી તપાસ રાખે કે કોઈ શાક-ઘર કે ફૂલઘરમાં લૌકિક વાત નથી કરતું ને? હરિકૃષ્ણભાઈ મુખ્યાજી પણ તેવાજ હતા.

(૪૪) આરતીના ભાવ અને પ્રકાર.

(૪૫૨) ચુનની આરતી આવે તે વખતે જે ચાર મૂઠીયાં આવે છે તે ચાર મુક્તિના ભાવથી આવે છે. શ્રી ઠાકોરજી ઉપરથી વારીને તે ફગાવી દેવામાં આવે છે અને એનો ભાવ એ કે ભક્તિ આગળ ચાર મુક્તિ તો વારીને ફેંકી દેવાની વસ્તુ છે.

(૪૫૩) સાત ઘરની સાત આરતી અને આઠમી

કાકા વલ્લભજીની. શ્રીગુસાંઈજીની પછી, તેનો જે વિસ્તાર શ્રી કાકા વલ્લભજીનો હતો. વેરાવળવાળા શ્રીમગનલાલજી મહારાજ એઓશ્રીના વંશમાં છે. હવે શ્રીટિકેત બીરાજતા હોય ત્યારે સાતે સ્વરૂપોની આરતી શ્રીટિકેત જ કરે.

(૪૫૪) આરતીના બે પ્રકાર—એક નાની અને બીજી મોટી. નાની આરતીમાં ત્રણ આંટા સમગ્ર શ્રીઅંગને, ત્રણ મુખારવિન્દને અને પછી એક સમગ્ર શ્રીઅંગને મોટી આરતીમાં સાત સમગ્ર શ્રીઅંગને, સાત મુખારવિન્દને અને એક સમગ્ર શ્રીઅંગને.

આરતીનો ભાવ એ કે સ્નેહ જ્યારે પ્રજ્વલિત થાય ત્યારે રૂપનો પ્રકાશ થાય. વાટ સ્નેહયુક્ત હોય અને બળે તો લાંબા વખત સુધી તે પ્રકાશિત રહે અને સ્નેહ પુરાયા કરે તો તે પ્રકાશ લાંબા વખત સુધી રહે પરંતુ એમને એમ લૂખી બળે તો પ્રકાશ પણ ન થાય અત્યારે લોકોના આયૂષ્ય ટુંકાં થઈ ગયાં છે. તેમાં પણ તે જ કારણ છે. સ્નેહ નથી એટલે જલદી જીન્દગી ખતમ થઇ જાય છે.

(૪૫૫) આરતી વખતે કડાં પહેરવાનો ભાવ એ છે કે કડાં દ્વારા અમને અમારા મૂલ રૂપનું ભાન થાય છે અને ભાન થતાં આર્તિ વધી પડે. અમારૂં મૂલ રૂપ શું છે અને આજે અમારી શી દશા છે! આ મૂલ રૂપનું અનુસંધાન પણ અમને નથી રહ્યું! આ પ્રકારની આરતીથી પ્રભુના સ્વરૂપનો પ્રકાશ થાય.

(૪૫૬) વૈષ્ણવોને ત્યાં સંધ્યા-આરતી ન હોય પરંતુ

શ્રીગુસાંઈજીના ઘરની ક્રિયામાં–માનસીમાં સંખ્યા આરતી હોય.

(૪૫૭) હવે વિજળી થઇ પહેલાં તો આરતી ઉંચી ધરે અને આરતી બતાવે. હવે વીજળીયે આપણી આંખ અંજાઈ અને આપણી દૃષ્ટિ તિમિર ભરી બની. નહીંતર આરતીનો ભાવ એ છે કે પ્રજ્વલિત સ્નેહથી પ્રભુના સ્વરૂપનો પ્રકાશ છે.

(૪૫) કીર્તન-ધોળ-પદ

(૪૫૮) કોઈપણ કીર્તન ગાતાં પહેલાં તે કોનું છે તે ખાસ ધ્યાનમાં લેવું. છાપ જાણ્યાથી તે ભગવદીયનું સ્વરૂપ હૃદયારૂઢ થાય છે, અને તેને લઈને કીર્તનના અલૌકિક ભાવો સ્ફુરે છે.

(૪૫૯) ધોળ ગાવામાં ભાવો એ છે. કોણ આ કહી રહ્યું છે તે સમજીને ગાવું તે પુષ્ટિ-ભાવ છે અને સમજ્યા વગર ગાવું તે મર્યાદા-ભાવ માટે. છાપ પહેલી જાણી તે ભગવદીયને હૃદયમાં પધરાવીને કીર્તન ગાવામાં આવે તો અલૌકિક ભાવો સ્ફુરે.

(૪૬૦) વિલાસનાં પદો શ્રીહરિરાયજીયે પ્રકટ કર્યાં છે અને તે બીજા અને ત્રીજા ઘરમાં ગવાય છે. બાકીના ઘરોમાં મુરલી અને કરખાનાં પદો ગવાય છે. (છાપ રસિકદાસની હોવાથી મટ્ટુજી મહારાજનાં પણ મનાય છે.)

(૪૬૧) ધોળમાં પણ રીત પ્રમાણે ગાવાં જોઈએ. પહેલાં શ્રીહરિરાયજીનાં અને પછી બીજાનાં.

(૪૬૨) લીલાનાં કીર્તનો ગાતાં પહેલાં તેના સમયનો વિચાર કરવો, સેનના શૃંગાર સમે કે શૃંગારના સેન સમે ન ગાવાં, રાગનો આ રીતે ખ્યાલ રાખવો. માહાત્મ્ય, આશ્રય અને શિક્ષાનાં પદો સન્મુખ નથી ગવાતાં ને જે સમયે ગાવાનો પ્રસંગ આવે તે સમયનાં ગાવાં. માહાત્મ્યનાં પદો ગ્રહણ વખતે સન્મુખ ગવાય છે. ઉત્સવને દહાડે કોઈ વાર શૃંગારમાં "નંદભૂવનકો ભૂષણ માઈ" એ સન્મુખમાં ગવાય છે.

(૪૬૩) સૂરદાસ પ્રભૃતિનાં શરણે આવ્યા પછીનાં પદો આપણામાં સ્વીકાર્ય છે.

(૪૬૪) ચોરાસી, બસો બાવન અને વલ્લભકુલનાં કીર્તનો સન્મુખમાં ક્યાંયે ગવાતાં નથી. સાક્ષાત શ્રીગોકુલનાથજી ઠાકોરજી સન્મુખ પણ ગવાતાં નથી.

(૪૬૫) ઠકુરાણી ત્રીજ પછી બધા રાગો ખુલ્લા થાય છે. પછી મનોરથના હિંડોલા થઈ શકે તે પહેલાં પદ કાંઈક બોલાય અને હિંડોલા કાંઈક થાય એવા ઘાટ બને. ફૂલના ભાવનું એક મલ્હારનું પદ છે એ સાતે ઘરમાં ક્યાંયે ગવાતું નથી.

(૪૬૬) ગ્રહણમાં પહેલું માહાત્મ્યનું પદ ગવાય. પછી ઋતુ અનુસારનાં ગવાય. ભાદરવા મહિનામાં દાનના, ફાગણમાં હોળીના વગેરે વગેરે.

(૪૬૭) પુષ્ટિમાં દયારામભાઈ અને મર્યાદામાં તુલસીદાસ. આ બે કવિઓના લીલા તેમ શિક્ષા, બન્નેનાં પદો બહુજ સુંદર. ગુજરાતી ભાષાને સૌથી પહેલી તો કૃતાર્થ કરી શ્રીગુસાંઇજીએ, શ્રીગોપાલદાસના હૃદયમાં બીરાજી આપશ્રીએ "શ્રીવલ્લભાખ્યાન" પ્રકટ કર્યું તેથી ગુજરાતી ભાષા કૃતાર્થ થઈ. પછી વિસ્તાર કર્યો શ્રીદયારામ ભાઈએ અને દયારામભાઈ એ શ્રીગોપાલદાસજીનું જ પ્રાકટ્ય.

(૪૬૮) મંગળદાસ કીર્તનીયા ઢાઢીલીલા કુન્દનસ્વામિ પાસેથી શીખેલ છે.

(૪૬) અપરસ વિવેક

(૪૬૯) "અપરસ" એટલે આપરસ, શ્રીઠાકોરજીના રસમા મગ્ન થવું તે.

(૪૭૦) ખાસા અપરસમાં છાપેલ પુસ્તકોનો સ્પર્શ ન થાય. કિરીટ વગેરે શૃંગાર એક કોરા કાગળ પર "શ્રી" એમ લખી તેમાં બાંધીને મોકલે પરંતુ છાપાના કાગળમાં નહીં. છપાઈને પહેલાં ટિપ્પણીઓ આવી ત્યારે પટ્ટવસ્ત્ર આડું રાખી અમે સ્પર્શ કરતા.

(૪૭૧) સ્વરૂપોની અપરસ પણ ન્યારી હોય છે. શ્રીનટવરલાલ અને શ્રીશ્યામલાલની અપરસ ન્યારી છે. પહેલાંનો તો ક્રમ એવો હતો. શ્રીશ્યામલાલની અપરસ ફરીવાર નહાય તો જ શ્રીનટવરલાલની અપરસમાં દાખલ થઈ શકે. શ્રીવ્રજરાયજી મહારાજે આ બંધ કર્યું. તો યે શ્રીશ્યામલાલની અપરસવાળો હાથ ખાસા કરીને જ શ્રીનટવ-

રલાલને ભોગ ધરી શકે. અને અહીં શ્રીમથુરેશજી કે શ્રી દ્વારિકાધીશજી પધારે તો લાલાજી અને શ્રીગોવર્ધનનાથજીને શ્રીશ્યામલાલમાં પધરાવી કેવલ શ્રીનટવરલાલને જ રાખીચે તો અપરસ મળે. શ્રીગુસાંઈજીએ જે આજ્ઞા કરેલી કે લૌકિક બઢેગો તેનો અર્થ આ.

(૪૭૨) ચામડાથી મઢેલ વાજીંત્રો શ્રીઠાકોરજીની સન્મુખમાં સેવકી અપરસવાળો વગાડે તો ન છોવાય. પરંતુ બીજે છોવાય. ઉપરાંત વાદળીથી બંધાયેલા હોવાં જોઈએ નહીંતર છોવાય.

(૪૭૩) ખાસા અપરસમાં પણ જોડા પહેરી શકાય પરંતુ તે વાધરીથી શીવેલ હોવા જોઇએ. હાથથી અડકે તો અપરસ છોવાય.

(૪૭૪) છાણાં ખાસા અપરસમાં ન છોવાય પરંતુ ભાંગી ચૂલામાં નખાય. આખાં છાણાં અશુભ છે.

(૪૭૫) હવે ખાસા અપરસ ઓછી કડક થઈ છે, અને સેવકી અપરસ વધારે કડક થઈ છે. તે અનાચાર વધે તેમ આચાર પણ વધે.

(૪૭૬) ખાસા અપરસમાં બગાસું, ઓડકાર, છીંક કે અધોવાયુ ન આવવા જોઈએ. અને સંધ્યા કરતાં તેમ થવા પામે તો તે પાછી શરૂ કરવી જોઇએ. એટલે ખાસા અપરસમાં સંધ્યા જલદી થાય.

(૪૭૭) ટેરો માયાનું સ્વરૂપ છે માટે તેને અડવાથી હાથ છોવાય, તેથી હાથ ખાસા કરી નાખવા જોઇએ.

(૪૭) મહાપ્રસાદ

(૪૭૮) અનાયાસે પ્રાપ્ત થાય તેજ મહાપ્રસાદ, અને તેમાં પણ જે પ્રથમ ગ્રાસ તેજ મહાપ્રસાદ. બાકીનો જે લેવાય છે તે પેટ ભરવા લેવાય છે, છતાંયે પણ અસમર્પિતથી પેટ ભરે એના કરતાં સમર્પિતથી પેટ ભરે એ સારી વાત છે. પરંતુ મહાપ્રસાદને નામે મર્યાદા તોડવી એ યોગ્ય પક્ષ નથી. અનાયાસે આવી જાય તો એકજ કણ લઈ તે મહાપ્રસાદનો આદર કરવો. પાતળ ધરાવીને લેવામાં મહાપ્રસાદત્વ નષ્ટ થઈ જાય છે.

(૪૭૯) પહેલાં પ્રસાદ વેચવાનો રીવાજ ન હતો. હરિકૃષ્ણ મુખીયાજી એમને એમ પ્રસાદ લેવડાવતા અને પ્રસાદ લેનાર એમ સમજતા કે અમારે એમ ને એમ પ્રસાદ લેવો ઉચિત નથી, એટલે તેઓ પોતાની શ્રદ્ધા અને શકિત અનુસાર તેમને કાંઈ પણ આપતા, તે પણ હાથે ન લે અને કહે કે પેલા ગોખલામાં મુકો. અત્યારે પ્રસાદ લેનાર પોતાનો ધર્મ ચૂકયા એટલે પછી પ્રસાદ વેચાવો શરૂ થયો.

(૪૮૦) શ્રીમહાપ્રભુજીએ શ્રીજગન્નાથજીનો પ્રસાદ લીધો તે વિભૂતિઓનું માન રાખવા અને બીજાઓનો અન્યાશ્રય છોડાવવા.

(૪૮૧) સૂતકમાં પ્રસાદ ન લઈ શકાય. સૂતકમાં શોક છે એટલે તેમાં આસુરાવેશ છે એટલે પ્રસાદ ન લઈ શકાય. પરંતુ સ્ત્રીઓને માસિક દરમ્યાન કેવલ દૈહિક અશુદ્ધિ છે

એટલે તેઓ દર્શન ન કરી શકે પરંતુ પ્રસાદ તેઓ ખુશીથી લઈ શકે. વૃદ્ધિમાં પ્રસાદ લઇ શકાય, કારણ કે તેમાં આનંદ છે અને આનંદ એ ભગવાનનું સ્વરૂપ છે.

(૪૮૨) ગોસ્વામિ બાલકો વૃદ્ધિમાં અનસખડી પ્રસાદ લે પરંતુ સૂતકમાં સ્વયં સિદ્ધ કરી ચરણામૃત પધરાવી સખડી લે. ભીતરીયો કરી આપે તે ન ચાલે કારણ કે ભીતરીયાએ કરેલ ધરવા યોગ્ય બન્યું પરંતુ તે જો ધરાય તો લેવાય નહીં. અને ન ધરાય તો અણ–પ્રસાદી લેવું પડે માટે સ્વયં સિદ્ધ કરી ચરણામૃત પધરાવી લેવું.

(૪૮૩) સામગ્રીના પ્રકાર પ્રકટ કરવાના નથી તે પ્રકટ કરતાં બીજાઓની દૃષ્ટિ તેના ઉપર પડે. વળી તેનો બીજા લોકો અનર્થ પણ કરે.

(૪૮૪) મર્યાદામાર્ગના મંદિરનો પ્રસાદ નથી લેવાતો તેનું કારણ એ કે તે દેવ–દ્રવ્ય છે. તેથી આપણે અભડાઈ જઇએ, તે દષ્ટિથી આપણે તે લેતા નથી એમ નહી, પરંતુ દેવદ્રવ્ય હોવાને કારણે તે આપણે લેતા નથી. તે મહાપ્રસાદ જ નથી તે દેવદ્રવ્ય છે. તેવી જ રીતે આપણે ત્યાં સન્મુખ ભેટ થાય છે તે પણ દેવ–દ્રવ્ય છે અને તે સામગ્રીના કામમાં નથી આવતી. શ્રીગોકુલનાથજી અને શ્રીચંદ્રમાજીના ઘરમાં હજી આ નિયમનું પાલન થાય છે. ત્યાં જે સન્મુખ ભેટ થાય છે તે કીર્તનીયો લઈ જાય છે. એ કીર્તનીયો મહાવનીયો હોય છે, તે વલ્લભકુલનો, યમુનાજીનો ગોર હોય છે. બીજો તેનું અનુકરણ કરે તે ખોટું અને આમ

કરવામાં લાભ પણ છે. શ્રીચંદ્રમાજી વગેરે મંદિરોમાં લોકો બીજા બીજાને સમજાવે છે કે સન્મુખ ભેટ ન કરશો, તે કીર્તનીયો લઈ જશે. અમે શ્રીનાથજી. અગાડી જે સન્મુખ ભેટ ધરીયે છીએ તે શ્રીમહાપ્રભુજીની પાદુકાજીને ધરીયે છીએ છતાં તે અલંકારાદિકમાં વપરાય છે, સામગ્રીમાં નહીં. સન્મુખ ભેટ ધરવામાં ઘણો અનાચાર થાય છે.

(૪૮૫) આજે મહાપ્રસાદમાં મહાપ્રસાદ બુદ્ધિ કોઇને રહી નથી. સૌને લસલસતાં ગરમાગરમ ખાવાં છે. આજે તો મહાપ્રસાદ વાસી હોય તો શું શ્રીઠાકોરજી આવું આરોગતા હશે ? અમે તો તે નોકરને આપી દીધો. આવું બોલવું શું વૈષ્ણવનો ધર્મ છે. આ સારૂં અને આ નરસું એ બુદ્ધિ આવી એટલે મહાપ્રસાદ બુદ્ધિ નષ્ટ થઈ ગઇ. માટે સીધો ગળામાં સ્વાદ લીધા વગર જાય તે મહાપ્રસાદ. જેનો સ્વાદ આવ્યો તે તો મિષ્ટાન્ન. મહાપ્રસાદથી કોઈ ન છોવાય, પરંતુ મિષ્ટાન્નથી સૌ છોવાય, માટે મિષ્ટાન્ન લેતી વેળાએ સંપૂર્ણ વર્ણાશ્રમ મર્યાદા જાળવવી.

(૪૮૬) પ્રસાદને દંડવત કરવામાં આવે છે અને તુલસીજી સૂંઘ્યા બાદ લેવામાં આવે છે તેમાં ભાવ એ છે કે તેમાં રહેલ ભગવત્ સ્વરૂપ પહેલાં હૃદયમાં પધરાવીયે તો પછી તેને દાંત વગેરે લગાડવાનો દોષ ન લાગે.

(૪૮૭) શ્રીઠાકોરજી નિમિત્તે કાંઇ મંગાય નહીં કે કાંઈ અપાય નહી. એ રીતે આવેલ દ્રવ્ય દેવ–દ્રવ્ય બને અને શ્રીઠાકોરજી તે અંગીકાર કરે નહીં એટલે સામગ્રી

મહાપ્રસાદ થાય નહીં અને તે લેનારની બુદ્ધિ બગડયા વગર ન રહે.

(૪૮૮) સાંચોરા વગેરેને અંદર નવડાવી તેમને હાથે પાતળ ધરાવવી એ તો શ્રીગુસાંઈજીના ઘરની રીત છે વૈષ્ણવના ઘરની નહીં. વૈષ્ણવનો તો દાસ–ધર્મ છે. વલ્લભકુલના બાલકોની બરોબરી એમનાથી ન કરી શકાય. ભાટિયાઓએ અને ત્યારપછી વાણીયાઓએ આમ કરવું શરૂ કર્યું છે. માંડવીમાં પન્નાલાલજી મહારાજનાં વહુજી બીરાજતાં ત્યાં સુધી મંદિરમાંથી નીકળેલ અથવા બીજા કોઈ સાંચોરાને ભાટિયો ઘરમાં નવડાવી શકે નહીં. નવડાવે તો એની દોઢી બંધ થાય, મર્જાદીઓ એને ત્યાં પ્રસાદ ન લે અને ખાસ અગવડ હોય તો તે ભાટિયાને પોતાનો ગોર જે પુષ્કરણો બ્રાહ્મણ તેને નવડાવવાની આજ્ઞા મળે અને તે પણ જો તે બ્રાહ્મણ મર્જાદ લે તો, નહીંતર નહીં. હવે તો આજ્ઞા પણ વિચિત્ર રીતે લેવાય છે. મહારાજ પાસે આવીને આજ્ઞા માંગે કે “જે” અમે આ માણસને નવડાવીયે ? મહારાજ આજ્ઞા આપે. પરંતુ આનો અર્થ ઠેઠ મર્જાદીને પાતળ ધરાવવાની આજ્ઞા છે એવો કરે. મહારાજ પ્રસન્નતાથી તો આજ્ઞા ન જ આપે, પરંતુ મલાયજાને લઈ આપે. આપ સમજે કે જો આજ્ઞા નહીં આપીયે તો શ્રીઠાકોરજીને પારાવાર પરિશ્રમ પડશે અને આપ ન છૂટકે આપે. હવે મર્જાદીને પાતળ ધરાવે તે બાબતમાં આપ એવું વિચારે કે નિરપેક્ષ મર્જાદીઓ તો પ્રસાદ તેમને ત્યાં લેવાનાજ નથી અને સાપેક્ષ

મરજાદીઓ પ્રસાદ લે કે ન લે, એ બાબતની આપને ઝાઝી પડી નથી.

(૪૮૯) એક વૈષ્ણવે એકવાર પ્રસાદનો અનાદર કરાવવો તેનો અપરાધ આપવા જનાર ઉપર છે.

(૪૯૦) વેંગણ શું પણ સ્વાદબુદ્ધિથી લીધેલ કોઈ પણ પ્રસાદ બુદ્ધિમાં વિકાર ઉત્પન્ન કરે છે. પ્રાચીન રીત થોડું થોડું બધું પીરસવાની છે, સામટું પીરસવાની નથી.

(૪૯૧) શ્રીઠાકોરજીને આરોગાવી મહાપ્રસાદમાં શ્રાદ્ધ કરવું એ આપણી રીત છે. શ્રાદ્ધનિમિત્તે શ્રીઠાકોરજી આરોગતા નથી. મહારાજને ત્યાં શ્રાદ્ધ છે માટે ન લેવું એ પણ લૌકિક ભાવના છે. **'इष्टैःसह भुज्यताम्'** એ પ્રમાણેની ગોરની આજ્ઞા થાય છે અને અમારા ઈષ્ટ વૈષ્ણવ સિવાય બીજું કોણ હોય ?

(૪૮) વસ્તુવિચાર

(૪૯૨) આલુ (બટાકા) પહેલાં શ્રીનાથજીને અને શ્રીદ્વારિકાધીશજીને શ્રીબાલકૃષ્ણજીએ ધરાવ્યાં. શ્રીનટવરલાલજીને કોટાવાલા શ્રીરણછોડલાલજીનાં બેટીજીયે પહેલ વહેલાં આલુ આરોગાવ્યાં.

(૪૯૩) મિશ્રી રસરૂપ છે, તેમાં નથી છોતરાં કે નથી ઠળીચો. શ્રીમધુસૂદનલાલજી મહારાજ આજ્ઞા કરતા કે અન્નકૂટની સખડી અને નંદ–મહોત્સવનું દહીં અને ડોલોત્સવનો ગુલાલ એ કયાંથી !

(૪૯૪) પુષ્ટિમાર્ગમાં શ્રીનંદરાયજીના ઘરમાં ચાર વસ્તુઓનો અંગીકાર નથી (૧) ઉનનાં વસ્ત્ર (૨) લીલાં મરચાં (૩) તેલની અનસખડી (૪) ગોરોચન. ઉનનાં વસ્ત્ર એ માટે નહીં કે ઉનનું રૂંવાડું ચર્મતુલ્ય છે તે ખાવામા આવે તો ચર્મ ભક્ષણનો દોષ થાય. માટે સેવામાં તેનો ઉપયોગ નહીં. ભલે બહાર અપરસમાં તે ઓઢે પરંતુ તે પહેરીને ભોગ ન ધરાય, કે ન ઝારીજી ભરાય. ગોરોચન એ માટે નહીં કે આપ તો ગાયોના પાલક છે. તે આપ ગાયોના હિંસક કેમ બને ? ગોરોચન ગાયની હિંસા વગર પ્રાપ્ત થાય નહીં. સુગંધમાં તેનો અંગીકાર ખરો, પરંતુ શ્રી અંગ ઉપર નહીં. ગોરોચન વાપરવાનો જો કોઈ વિચાર માત્ર કરે કે હિંસા થઇ ચૂકી અને હિંદુત્વ નષ્ટ થઇ ચૂકયું. મર્યાદામાં ગોરોચન અંગીકાર છે પરંતુ શ્રીમહાપ્રભુજીએ શ્રીઠાકોરજીને પુષ્ટ બનાવી બતાવ્યું કે આપ તો ગાયના પાલક છો. તે આપ ગાયના હિંસક કેમ બની શકો ? શ્રીઠાકોરજીને પોતાના સ્વરૂપનું ભાન પણ શ્રીમહાપ્રભુજીએ કરાવ્યું શ્રીમહાપ્રભુજી તો શ્રીઠાકોરજીના આરસી. ધર્મનો લોપ થયે આપનું પ્રાકટય શ્રીઠાકોરજીના ગોપાલકત્વમાં ખામી આવતી હતી તે ધર્મનો લોપ થતો હોય એટલે આપજ શ્રીમહાપ્રભુજી સ્વરૂપે પ્રકટયા અને એ શ્રીમહાપ્રભુજીએ શ્રીઠાકોરજીના ધર્મનું પુનઃસ્થાપન કર્યું.

(૪૯૫) પંચામૃતમાં પાંચ ચીજો આવે છે તે પાંચ યૂથોના ભાવથી. (૧) દૂધ–શ્રીસ્વામિનીજીના યૂથના ભાવથી. (૨) દહીં–શ્રીયમુનાજીના યૂથના ભાવથી. (૩) ઘૃત–શ્રીશ્રુતિ-

રૂપાના યૂથના ભાવથી, (૪) સાકર–શ્રીઅગ્નિરૂપાના યૂથના ભાવથી. (૫) અને મધ–શ્રીપુલિન્દીજીના યૂથના ભાવથી.

(૪૯૬) ઉત્સવને દહાડે જે ખીર આવે તે સંજાબની હોય છે, કારણકે ચોખાની ખીર તો પિતૃકાર્ય સંબંધી હોઇ, જે આવા કાર્યો માટે શુભ નથી ગણાતી.

(૪૯૭) રાળ એ શ્રીસ્વામિનીજીના ભાવથી છે. તેમાં અબીર મેલાવાય છે એ શ્રીચંદ્રાવલીજીના ભાવથી, અને બન્ને મસાલાઓ તેમના વિરહથી તપ્ત હૃદયો છે. એ વિરહ તાપ એમને બાળે છે અને એની જ્વાળા ઠેઠ શ્રીઠાકોરજી સુધી પહોંચે છે અને શ્રી ઠાકોરજી પ્રકાશ કરે છે.

(૪૯૮) અનાજ બે સંસ્કારથી સખડી બને, અને ફૂલ ત્રણ સંસ્કારથી સખડી બને, મેડની અંદર રહેલ સર્વ વસ્તુને એક સરખો બાધ લાગે.

(૪૯૯) પહેલાના કારભારીઓ વસ્તુ જેમ જોઈતી તેમ લાવતા એટલે ભાવ પણ વધારે આપવો પડતો, અને કોઇવાર વસ્તુ ન મલે તો શ્રીઠાકોરજીને પરિશ્રમ પડતો. અત્યારે પહેલેથી વસ્તુઓ ભરી રાખવામાં આવે છે, એમાં કરજ તો કરવું પડે છે પરંતુ શ્રીઠાકોરજીને વસ્તુ જે સમયે જોઇએ તે હાજર હોય છે, એટલે પરિશ્રમ પડતો નથી.

(૫૦૦) જલેબીમાં ગુપ્ત રસનો ભાવ છે “ સરસ લગે જ્યાં સીત ” માં બધું આવે છે.

(૫૦૧) “औषधार्थे सुरां पिबेत्” એ પ્રમાણે ધર્મ શાસ્ત્રની આજ્ઞા છે માટે શોખ ખાતર લેવાય છે એ અધર્મ છે. આસવો એ એક જાતની સુરા જ છે. બહુ જુના ન

થયા હોય, જેમાં જીવડાં ન થયાં હોય તેવા આસવો ઔષધાર્થે લેવામાં બાધ નથી. ઈંજેકશન પણ બધાં ખરાબ નથી. જેમાં શુદ્ધ પદાર્થો આવે, તેવાં ઇંજેકશનો લેવામાં બાધ નથી. જેની બનાવટ શુદ્ધ છે તેવાં ઔષધો માટે પણ બાધ નથી. નવું એટલું બધું ખરાબ, એમ જોયા કરશું તો ધર્મ પાલનારા માટે તો એક મોત જ રહેવાનું, કારણ કે અત્યારે તો ઇંજેકશન અને ડોકટરોની દવાથીજ બધો વ્યવહાર થઈ ગયો છે.

(૫૦૨) જૈન દેરાસર (મંદિર)નું કેસર અને પારસી અગીયારીનું ચંદન દેવનિમિત્તે આવે છે, માટે તે વેચાતું લઈ આપણાથી ઉપયોગમાં લઈ ન શકાય.

(૫૦૩) ધન ફળ-જલ જેવું છે, ઉપરનો પ્રવાહ તે ઉલેચાય પછી જે સરવણ આવે તે મર્યાદા-તે પણ ઉલેચાય. પછી જે આવે તે પુષ્ટિ-તે જલની જારી ભરાય. ધનના વિષયમાં પણ તેમજ સમજવું.

(૫૦૪) બીજાં બધાં ધાન્ય કરતાં ચોખાને વધારે પવિત્ર માનેલ છે. ખીર એ સખડી તે નારાયણદાસ બ્રહ્મચારીના પ્રસંગ પછી શ્રીનાથજીની આજ્ઞાથી તે અનસખડી બની. પૌવા દૂધમાં સિદ્ધ કરે તે સખડી જ થાય. સિન્ધાલૂણથી હવે કામ લે છે, પણ તે સાદા લૂણ જેવું જ છે. સિન્ધાલૂણ પધરાવવું હોય તો તે શાક ઠંડું થાય અથવા વસ્તુની વરાળ ઉડી જાય પછી પધરાવવું. ભીંજી દાળ અને લૂણ બધા ઘરોમાં અલગ ધરાય છે, પરંતુ સાથે ધરે તો તે સખડી થાય.

વિભાગ નવમો

(૪૯) પુષ્ટિમાર્ગીય સિદ્ધાંત

(૫૦૫) પુષ્ટિમાર્ગમાં ચાર વસ્તુનો ત્યાગ કરવો, તે ચાર વસ્તુ (૧) અવિશ્વાસ, (૨) અન્યાશ્રય (૩) અનૃત ભાષણ (૪) અસમર્પિત.

(૫૦૬) શ્રીપુષ્ટિમાર્ગમાં અવિશ્વાસ, અન્યાશ્રય, અસમર્પિત અને અનૃત ભાષણ કેવલ બાધક છે એટલું જ નહી પરંતુ પાતક પણ છે. શરણે આવ્યા પછી પહેલું કર્તવ્ય તો વિશ્વાસ—જેને હું શરણે આવ્યો છું, તે મને કદી પણ છોડે તેમ નથી એવો દઢ વિશ્વાસ રાખવો જોઇએ. વિશ્વાસથી ચિંતા દૂર થાય છે. બીજું કર્તવ્ય આચાર શાસ્ત્રમાં આચારને પ્રથમ ધર્મ કહ્યો છે, કેવલ આચારથી કામ ન ચાલે, સાથે વિચાર પણ હોવો જોઈએ. વર્ણાશ્રમ વ્યવસ્થા એ માટે છે કે ઉંચામાં નીચાનો આચાર ન આવે, હવે અન્યાશ્રય એ જ વ્યભિચાર. આપણને બીજાનું સારૂં લાગે છે એનું કારણ એ કે આપણે આપણું જોયું નથી. આપણું શું છે એનો વિચાર કરીએ તો બીજે જવાનું દિલ ન થાય. વિચાર તો દરેક બાબતમાં પહેલો.

(૫૦૭) અશ્વિવાસ ઉંચેથી નીચે પાડે છે. વિશ્વાસ એ સત્ય અને અવિશ્વાસ એ અસત્ય. વિચારથી બને છે.

જેવા આચાર તેવા વિચાર, આ બધાનું મૂલ કારણ સત્સંગ છે. સત્સંગ હોય તો ઊતરવાનો પ્રસંગ ન આવે. દુઃસંગ મહાન બાધક છે. ભગવદ્ભાવ અગ્નિરૂપ છે અને સત્સંગ કાષ્ટરૂપ છે. તે ભાવનું પોષણ કરે છે. હવે દુઃસંગ જલ રૂપ છે. તે ભાવનો નાશ કરે છે. સત્સંગ પાત્રરૂપ છે. પાત્રમાં જલ હોય અને તેને અગ્નિ ઉપર મુકવામાં આવે તો તે જલ અગ્નિને બાધ નથી કરતું. એટલે કે જ્યાં સુધી સત્સંગ છે ત્યાં સુધી દુઃસંગ બાધ નથી કરતો. ત્રીજા શિક્ષાપત્રમાં શ્રીહરિરાયજી આજ આજ્ઞા કરે છે.

निधिः प्राप्तः सुसंरक्ष्यो दुःसंगादिकतः सदा ।
त्यक्त्वापि लोकसंकोचं यथा वह्निर्जलादिभिः ॥
वह्निवद् भगवद्भावः सत्संगव्यवधानतः ।
नाशयेत् संसृतिं यद्वत्पात्रव्यवहितं जलम् ॥
जलवल्लौकिकं प्रोक्तं साक्षात्तन्मेलनेन तु ।
मूलतो नाशयेद्भावं यथा वैश्वानरं जलम् ॥

આ દુઃસંગથી આપણાં બચ્ચાંઓને બચાવવાં એ આપણું પ્રથમ કર્તવ્ય છે. પહેલાં નાટકોમાં એક ગાયન આવતું.

પૈસાદારો નિજ બાલકને, જગમાં કરે ખુવાર જોને,
અઘટિત રસ્તે લાડ લડાવે, જગતમાં કરે ખુવાર જોને,
દોષ બધો મા–બાપ તણો, નિર્દોષ નાનાં બાળ જોને,
બાળપણાની ટેવ પડી તે કહો કેમ બદલાય જોને.

“**प्रार्थिते वा ततः किं स्यात्**” પુષ્ટિમાર્ગમાં પ્રાર્થના કયે પ્રકારે કરવી! તેનો પહેલો જવાબ તો એ કે શ્રી

ગુસાંઈજીએ વિજ્ઞપ્તિમાં કરેલી છે તે પ્રકારે, પરંતુ આ પ્રકાર તો ફલરૂપ છે. સાધનરૂપ પ્રકારનો ખ્યાલ આપણને ચોરાસી વૈષ્ણવો પૈકીના વૈષ્ણવોએ કરેલી પ્રાર્થના પરથી આવે. દાખલા તરીકે—કૃષ્ણદાસ મેઘને મારો મુખરતા દોષ જાય વગેરે માગ્યું. એક દયારામભાઈના પદમાં પણ આ પ્રકાર સ્પષ્ટ છે. એવું માગ્યું કે આપણો અલૌકિક પ્રેમ અને ભાવ ઉત્તરોત્તર વધે.

(૫૦૯) "એક એકથી અધિક શોભા" એ આપણા માર્ગનો સિદ્ધાંત છે. એક અધિક અને બીજો ન્યૂન એ આપણા માર્ગનો સિદ્ધાંત નથી.

(૫૦) પુષ્ટિમાર્ગ

(૫૧૦) પુષ્ટિમાર્ગમાં શ્રીઠાકોરજી સમર્પેલી વસ્તુ અંગીકાર કરે તે ફલ.

(૫૧૧) ખાધું બગાસું અને મ્હોમાં આવી પડી સાકર આ રીતે પુષ્ટિમાર્ગનો આનંદ જીવને મલી રહ્યો છે. સાકર માટે કોઈએ મોઢું ફાડ્યું હોય એવું ક્યાંય દેખાતું નથી.

(૫૧૨) પુષ્ટિમાર્ગમાં આવ્યા પછી પાપ રહેતું નથી, ફક્ત અપરાધ પડે છે અને તેની નિવૃત્તિ સેવાથી છે.

(૫૧૩) આપણો માર્ગ તો નાવ જેવો છે. નાવમાં બેસે એ સૌ પાર ઉતરે. નાવ જોતી નથી કે મારામાં બેઠેલ બ્રાહ્મણ છે, વાણીયો છે, શૂદ્ર છે કે શ્વપચ છે. તે તો,

અંદર બેઠો એટલે માણસને પાર ઉતારવાની. આ વાત અક્ષરે અક્ષર સાચી છે. પરંતુ તે કહેવા જેવી નથી. કહેવા જતાં લોકોમાં એકદમ શિથિલતા આવે.

(૫૧૪) કરે કરે અને નથી કરતો એવી બુદ્ધિ રહે તેનું નામ નિઃ સાધન. અને આવા નિઃસાધન જનોનો આ માર્ગમાં અંગીકાર છે.

(૫૧૫) પુષ્ટિમાર્ગમાં જન્મ જ છે, મરણ નથી. પુષ્ટિમાર્ગીય મર્યો તો ત્યારે સમજવો કે જ્યારે તે સંસારાસક્ત થાય. બાકી તો લીલામાં પડેલ અપરાધને લઈ બધા ભૂમિપર જન્મ લે છે એવું કાંઈ નથી. આપને ભૂમિ ઉપર વિહાર કરવો છે, ત્યાંસુધી આપ પોતાના જીવને કોઇને કોઈ બહાને આગળ મોકલવાના અને પાછળ આપ પધારવાના.

(૫૧૬) ગોડીયા સંપ્રદાય અને આપણા સંપ્રદાયમાં તફાવત એ કે ત્યાં શ્રીસ્વામિનીજીની મુખ્યતા. ભકત શ્રીઠાકોરજીની પાછળ ને પાછળ ફર્યા કરે એજ ભાવ. પરંતુ આપણે ત્યાં શ્રીસ્વામિનીજીની મુખ્યતા ખરી, પરંતુ એવા શ્રીઠાકોરજીને વશ કર્યા છે માટે મુખ્યતા અને “માઈ મેરો શ્યામ લાગ્યો સંગ ડોલે” એટલે કે ભકતની પાછળ ભગવાન ફરે એ ભાવ. એમનો પ્રેમમાર્ગ અને આપણો પુષ્ટિમાર્ગ.

(૫૧૭) શ્રમ ઉઠાવ્યા બાદ થોડું થોડું પણ કામ કરવું, નહીંતર કાયા બહુજ શિથિલ થઈ જાય. આપણે નંદ મહોત્સવ

થયા બાદ આપણા શ્રમનો વિચાર કરી આરામ લેવાનો વિચાર કરીએ અને શ્રીઠાકોરજીને જેટલો પરિશ્રમ પડયો છે તેનો વિચાર ન કરીએ એ પુષ્ટિમાર્ગની રીત નહીં.

(૫૧૮) બીજે તો કીચડ ઉડે છે. ગુલાલ તો પુષ્ટિમાર્ગમાં છે.

(૫૧) વૈષ્ણવધર્મ

(૫૧૯) પુષ્ટિમાર્ગમાં નાસ્તિક એ કે જેનાથી બનતું ન હોય અને છતાં ઉપરથી ડોળ રાખે કે હું બધું કરૂં છું, અને આસ્તિક એ કે જેનાથી બનતું ન હોય અને ડોળ પણ ન રાખતો હોય. વ્યવહારમાં લૌકિક ન છોડે અને પછી કહે કે હું અસમર્પિત નથી લેતો. આવો માણસ તે નાસ્તિક અને તે ધર્મને વગોવે. નહિંતર વૈષ્ણવધર્મમાં એવું કાંઇએ નથી કે જેનાથી ધર્મ વગોવાય.

(૫૨૦) પુષ્ટિમાર્ગમાં ચમત્કાર દેખાડવાના ન હોય. શ્રીમહાપ્રભુજી અને આપશ્રીના અંગીકૃત જીવો તો હરિના પણ હરિ છે. એટલે કે શ્રીઠાકોરજી જગત આખાનું મન હરે છે. તેવા શ્રીઠાકોરજીનું મન આપશ્રી અને આપશ્રીના અંગીકૃત જીવોએ હરી લીધું છે. આવા હરિના પણ હરિ શા ચમત્કારો દેખાડી ન શકે! પરંતુ તેવાઓ ચમત્કાર ન દેખાડે એટલું જ નહીં પરંતુ તેવાઓએ ચમત્કાર દેખાડવાના પણ નથી. પોતાની વડાઈ થાય અને શ્રીઠાકોરજીને

પરિશ્રમ પડે એવો માર્ગ લે તો પુષ્ટિમાર્ગનો ધર્મ જાય માટે ચમત્કાર ન દેખાડવા.

(૫૨૧) શ્રીમુકુંદરાયજીની પ્રાકટ્ય વાર્તામાં શ્રીગિરિધરજી મહારાજે એક પ્રસંગ ટાંક્યો છે. જ્યારે શ્રીદાઉજી મહારાજે સાતે સ્વરૂપોને સાથે પધરાવી અન્નકૂટ આરોગાવ્યો, ત્યારે કોઈ એક ગોસ્વામિ બાલક કૂવામાં પડી ગયા. તે વખતે ત્યાં ઉભેલા ગુજરાતી વૈષ્ણવે બીજાઓને કહ્યું કે "ચાલો–ચાલો બાવા કૂવામાં પડી ગયા છે તો આપણે ચરણામૃત લઈએ. તેણે પોતાનો લાભ વિચાર્યો; પરંતુ તે બાળકનું શું થશે એ ન વિચાર્યું. આ પુષ્ટિમાર્ગ કે વૈષ્ણવધર્મ નહીં.

(૫૨૨) વૈષ્ણવને ઘેર અન્નકૂટ તો શ્રીનાથજી અન્નકૂટ આરોગી લે તે પછી જ થાય. એમ ન કરીયે તો મોટાની મેંડ શી?

(૫૨૩) આપણા માર્ગમાં સ્ત્રીપુત્રાદિકનો ત્યાગ કરવો એ નિષ્ઠુરતા છે, અને આપણે એ નિષ્ઠુરતા ન કરવી. જો સ્ત્રીપુત્રાદિકનો ત્યાગ કરવો ઈષ્ટ હોત તો શ્રીમહાપ્રભુજી ગૃહસ્થાશ્રમનો અંગીકાર જ શા માટે કરત? આપણો તો ધર્મ એ છે કે સ્ત્રીપુત્રાદિકને શામ, દામ, દંડ અને ભેદ, આ ચારેય ઉપાયો લઈ પ્રભુ સન્મુખ કરવા. માટે જ નવરત્નના ધોળમાં કહ્યું છે કે "સ્ત્રી પુત્રાદિક પુષ્ટિમાં આણવાં જી" આટલું આટલું કરતાંએ તે ન સુધરે તો આપણે ઘર

છોડીને ચાલ્યા જવું, નહીં કે તેને ઘરમાંથી કાઢી મુકવાં. કારણકે તેઓ ઘરને વરેલ હોય છે નહીં કે વરને. માટે તેમને ઘરમાં રાખી પોતે અલગ થઈ જવું. આને માટે ગુજરાતીમાં કહેવત છે કે " વર વગર ચાલે પણ ઘર વગર ન ચાલે."

(૫૨૪) એમાં શું ? આમ કહેતા લોકો થયા, ત્યારથી અનાચાર વધ્યો અને મારે શું ? એમ કહેતા લોકો થયા તે દિવસથી સ્વાર્થપરાયણતા વધી.

(૫૨૫) લૌકિક સગાં તરફ પણ અલૌકિક ભાવ રાખવાનો છે. લીલાના સંબંધે જ અહીં સંબંધ જોડાયો છે એમ સમજવું. અને પ્રેમ રાખવો તે પણ તેજ ભાવે કરીને રાખવો.

(૫૨૬) વૈષ્ણવોથી કેસરી ધોતી પહેરી ન શકાય. કંકન ન પહેરી શકાય. આમ કરવાં જતાં વલ્લભકુલની બરોબરી કરવા જેવું બને છે અને તે અતિક્રમ બાધક છે.

(૫૨૭) વૈષ્ણવ ધર્મ જેમ ગુપ્ત તેમ ઉત્તમ. પહેલાંના વૈષ્ણવ તિલક પણ મીટાવીને બહાર નીકળતા અને કંઠી પણ દેખાવા ન દેતા. શ્રી ગોકુલનાથજીના માલા પ્રસંગ પછી બધા પોતાની બડાઈ કરવા તિલક અને મોટી માલાઓ ધરવા લાગ્યા.

(૫૨૮) **हत्वा नृपं** (એક ગોપ ભાર્યાનો પ્રસંગ, વિવેક–ધૈર્ય–આશ્રયની ટીકામાં છે.) એ શ્લોકમાં જે પ્રસંગ વર્ણવ્યો છે તેમાં ધૈર્ય સિદ્ધ થયું પરંતુ આશ્રય સિદ્ધ

નથી થયો. હઠથી ધર્મ કરવા ગઇ, તો બધું ઊંધું પડયું માટે ધર્મનું અભિમાન ન કરવું. નિઃસાધન બની ભગવદાશ્રય રાખ્યો હોત તો બધું સીધું પડત.

(૫૨૯) પ્રથમ તો જીવ સેવક થાય છે. આજ્ઞાપાલનનો આગ્રહ રહે છે ત્યાં સુધી સેવક. ભગવદીય તો ત્યાર પછી થાય. પ્રભુના સુખનો વિચાર રહે ત્યારે ભગવદીય.

(૫૨) વૈષ્ણવનું કર્તવ્ય

(૫૩૦) પ્રભુકૃપાથી કોઈનું સારૂં થઈ શકે એમ હોય તો વૈષ્ણવે કરવું પરંતુ વૈષ્ણવે બુરૂં તો કોઈનું કદાપિ ન કરવું.

(૫૩૧) વગોવો તો અમને અથવા શ્રી ઠાકોરજીને વગોવજો. બીજાને નહીં. (અર્થાત્ વૈષ્ણવ નિંદા તો ન જ કરવી.)

(૫૩૨) તન, મન અને ધનનો વિવેક—શ્રીઠાકોરજીને તન, શ્રી ગુરુદેવને ધન અને ભગવદીયને મન.

(૫૩૩) આહાર, નિદ્રા અને મૈથુન તો જે યોનિમાં જશું ત્યાં મલશે. પરંતુ ભજન તો આજ યોનિમાં છે. માટે તે ભજન કરી આ યોનિને કૃતાર્થ કરી લેવી. શ્રીવલ્લભાધીશે હાથ ઝાલ્યો છે તો હવે પછી બીજી યોનિ તો નથી જ મલવાની. પરંતુ આ મનુષ્યયોનિને કૃતાર્થ તો કરવી જ એ જીવ માત્રનું કર્તવ્ય છે. માટે દરેક જીવે આ

કર્તવ્ય પરાયણ રહેવું જોઈએ. જો નહીં રહે તો પસ્તાશે અને એવો પસ્તાવો થાશે કે નહીં કહેવાય કે નહીં સહેવાય.

(૫૩૪) આપણને કોઈ વૈષ્ણવના દોષ દેખાય ત્યારે આપણે એ વિચારવું કે વૈષ્ણવ એવું કદી કરે નહીં. બધા વૈષ્ણવો પ્રત્યે આ જાતનો દૃઢ વિશ્વાસ રાખવો. આવે પ્રસંગે ભગવદ્ ઇચ્છા આવી છે એમ માની ચૂપ રહેવું. તે વૈષ્ણવ એકાંતમાં મલે અને આપણું કહ્યું માને એમ હોય તો તેને તે દોષથી દૂર રહેવા વિનવણી કરવી. જાહેરમાં તેને કહેવું નહીં; તેમ તેની નિંદા કરતા ફરવું નહીં એથી એવડી હાનિ છે. આપણે તેના દોષ સર્વત્ર કહેતા ફરીયે તેમાં એક તો તે સુધરે નહીં, ઉલટું પહેલાં શરમને લીધે છાના કરતો હોય તે છત્તો કરતો જાય, અને આપણું મગજ બગડે અને આપણે આપણા કર્તવ્યથી ચૂકીયે. બાંધ્યો ભરમ રહે ત્યાંસુધી સારૂં. શરમાતા માણસને કોઈક દિવસ પણ ઠેકાણે લાવી શકાય. પરંતુ જેની શરમ છૂટી અને જેણે આમન્યા તોડી, તે હાથથી ગયો સમજવો. વળી દોષ જોવા તો આપણા જોવા. અને આપણને આપણી ખામી દેખાય ત્યારે પ્રભુની આપણા પર કૃપા થાય. આપણને આપણી ખામી દેખાય ત્યારે તે દૂર કરવા આપણું દિલ પણ થાય, અને આપણે તે દૂર કરવા પ્રયત્ન પણ કરીયે અને સફલ પણ થઈએ. આપણા બચ્ચાંઓના પણ દોષ જોવા અને તેથી તેઓ દૂર રહે એની ખાસ કાળજી રાખવી. બીજાના દોષ ન જોવા. જોવામાં આવે ત્યારે પ્રભુ

પાસે પ્રાર્થના કરવી કે "હે પ્રભુ તું સર્વ સમર્થ છે, તું સ્વયં તે સુધારી લે. અને પ્રભુ સર્વસમર્થ હોઈ તે સ્વયં સુધારી લેશે. એવો વિશ્વાસ રાખવો. નિંદા કરવા ન નીકળવું. દોષદૃષ્ટિમાં એક મહાહાનિ બીજી એ છે કે જ્યારે જ્યારે આપણે બીજાના દોષો જોઈએ છીએ ત્યારે અંદરથી આપણે આપણી જાતને સારા અને ડાહ્યા માનીયે છીએ. એટલે જ્યાં સુધી આપણામાં બીજાના દોષ જોવાની વૃત્તિ રહે છે ત્યાં સુધી આપણી અહંતા છૂટતી નથી, દીનતા આવતી નથી અને તેને પરિણામે આપણે પ્રભુથી વેગળા રહીયે છીએ. શ્રીહરિરાયજી પણ આજ્ઞા કરે છે

" यत्र प्रभुकृतं नैव गूढ दोष विचारणम् ।
तत्कृतावुत्तमज्ञानं पुष्टिमार्गः स कथ्यते "
(પુષ્ટમાર્ગ લક્ષણાનિ.)

(૫૩૫) પ્રભુ તો સર્વજ્ઞ છે અને ભક્તોની પ્રતીક્ષા પણ કરે છે. માટે કયાંય જઈએ તો પ્રભુનાં દર્શન કરવાં ન ચૂકવા. પ્રભુ આપણને યાદ કરે અને આપણે ન જઈએ. તે આપણી કેટલી બધી નિષ્ઠુરતા.

(૫૩૬) શ્રીમહાપ્રભુજીનું પ્રાકટ્ય સ્ત્રીશૂદ્રાદિના ઉદ્ધાર માટે છે. શ્રીગોપીજન આપણા ગુરુ છે. તેઓનો વેદાદિમાં અધિકાર ન હતો, તેને તો કેવલ શ્રીઠાકોરજીનો આશરો હતો. આપણે માટે પણ તેજ રસ્તો છે. સ્ત્રીશૂદ્રાદિ તુલ્ય આપણને સેવા સિવાય બીજું કામ શું હોય ?

(૫૩૭) આપણાં સગા–વહાલાંઓને પ્રભુ સન્મુખ બનાવવા પ્રયત્ન કરવો તેમ છતાંએ તે પ્રભુ સન્મુખ થતાં ન હોય તો મનમાં પશ્ચાત્તાપ રાખવો. તે પશ્ચાત્તાપને પરિણામે પહેલાં ભગવદીયો દયા કરે અને ભગવદીયોની વિનંતિ પ્રભુ ધ્યાનમાં લે અને દયા કરે એટલે આપણું કાર્ય સિદ્ધ થાય.

(૫૩૮) “ હું તારો છું. હું તારો છું એમ વારંવાર કહીને શ્રીઠાકોરજીના કાન નાહક ન ફોડવા. આ વાત અહર્નિશ યાદ રાખી વર્તન તે જાતનું રાખવું. અન્તર્યામિ તો બધું જાણે છે.

(૫૩૯) સખી ભેખના શૃંગાર હોય ત્યારે વૈષ્ણવોએ પણ સખી ભેખ ધરી જાવું. નહીંતર શ્રીઠાકોરજી સંકોચ પામે.

(૫૪૦) વૈષ્ણવોને વ્યભિચાર કરવાથી મહાન અપરાધ પડે છે. એક તો સંયોગે સંયોગે જીવ હત્યા. બીજું શ્રીમહાપ્રભુજીએ આટલો બધો પરિશ્રમ લઈ આવો શુદ્ધ માર્ગ પ્રકટ કર્યો તેને લાંછન લગાડવું તેના કરતાં બીજો મહાન અપરાધ કયો હોઈ શકે ?

(૫૪૧) શ્રીનાથજી, શ્રીમહાપ્રભુજી અને દામોદરદાસજી એ અપ્રસન્ન થાય એવું કાંઈ કાર્ય વૈષ્ણવથી થાય તો વૈષ્ણવની વૈષ્ણવતા કયાં રહી ?

(૫૪૨) વૈષ્ણવો એવો ભાવ રાખે કે જે થાય છે તે ભગવદ્-ઈચ્છાથી થાય છે, પછી તે બાબતનો તેમને હર્ષ-શોક રહેતો નથી.

(૫૪૩) આપણો માર્ગ તો શિક્ષાનો નથી, પરંતુ સ્નેહનો છે. દાસાનુદાસ ભાવે જાતે બને તેટલી ટહેલ કરવાની છે. આમ કરવું અને આમ ન કરવું એ રીતે બીજાને શિખામણ આપવાનું આપણું કામ નથી.

(૫૪૪) 'હાથનાં કર્યાં હૈયે વાગે' એવું દુઃખ શું ? આપણે બચ્ચાંઓને રોકવા પ્રયાસ કર્યો હોત અને બચ્ચાંઓ ખોટે માર્ગે ગયા હોત તો આપણે દુઃખ કર્યું પણ બરોબર ઉલટું આપણે જાતે જ છોકરાંઓને તે માર્ગે મોકલ્યા છે. "પિતા પિતા થઈને રહે તો છોકરાં છોકરાં થઈને રહે" એવું એક નીતિવાકયમાં કહ્યું છે.

(૫૪૫) હું કોણ છું, મારે શું કરવાનું છે, મારે કયાં જવાનું છે તે આપણે સમજતા નથી એ આપણી મોટી ભૂલ છે. આપણા બચ્ચાંઓમાં આ ભૂલ ન રહે તેની ખાસ કાળજી રાખવી. વિશ્વાસ અને આચાર-એ બે વસ્તુ વૈષ્ણવને ત્યાંજ હોય છે. માટે વૈષ્ણવ જીવ વૈષ્ણવને ત્યાંજ જન્મ લે છે ત્યારે તેનું હૃદય સફેદ વસ્ત્ર જેવું હોય છે, તેના પર જે રંગ ચડાવો તે ચડે. કારણ કે સંગ એવો રંગ. માટે તે જીવને દુઃસંગથી બચાવવો એ આપણા વૈષ્ણવોનું મોટું કર્તવ્ય છે.

બાળકોનું હૃદય કેવું નિર્મલ હોય છે તે બતાવવા ચાતક પક્ષીનું એક દૃષ્ટાંત ઘણું સરસ છે. એક ચાતક પક્ષી વૃદ્ધ થયું, ત્યારે તેના બચ્ચાંઓને બોલાવીને કહ્યું કે બચ્ચાંઓ, આપણે સ્વાતિના જલ સિવાય બીજું જલ ના પિવાય." ત્યારે બચ્ચાંઓએ જવાબ આપ્યો કે " બાપા સ્વાતિના જલ સિવાય બીજું જલ જગતમાં છે એમ અમે જાણતા નથી." વૃદ્ધ ચાતક સમજી ગયું અને પોતાની ભૂલ સુધારી કહેવા લાગ્યો કે "જલ તો સ્વાતિનું જ હોય, હું હવે વૃદ્ધ થયો એટલે મારામાં ગમ ઓછી થઇ ગઈ હશે અને બીજું આડું-અવળું બોલાઈ ગયું હશે. સ્વાતિના જલ સિવાય દુનિયામાં બીજું જલ છે જ નહીં. આ દૃષ્ટાંત ઉપરથી બીજું એ સમજવાનું કે નાનાની સાચી વાત ઉપરથી મોટાઓએ પોતાની ભૂલ નાના ઉપર ઠસાવવી.

(૫૪૬) જે સિદ્ધ છે એને બીક. સ્વચ્છ વસ્ત્રને ડાઘ લાગે, માટે આપણે બહુ જ સાવધાનતા રાખવાની છે. શ્રીમહાપ્રભુજીએ આપણને શરણે લીધા અને આપણને બધાદોષોમાંથી મુક્ત કર્યા, તો પછી આપણને હવે દોષ ન લાગે તેને માટે ચીવટ રાખવી. આમ ચીવટ ન રાખીયે તો શિથિલતા આવી જાય. ઉપરાંત આપણે સિદ્ધાઇનો ડોળ પણ ન કરવો. મનમાં એમ આવ્યું કે હું સિદ્ધ છું એટલે કર્યું કરાવ્યું બધું પાણીમાં. સાવધાની સાથેની દીનતા એ પુષ્ટિ.

(૫૪૭) શરીરનું પોષણ તેટલા પ્રમાણમાં કરવું કે

જેને લઈને તે શ્રીઠાકોરજીની સેવા વગેરેમાં તૈયાર અને સ્ફુર્તિવાળું રહે. વિકાર અને પ્રમાદ થાય તેટલું બધું તેનું પોષણ ન કરવું.

(૫૩) આચાર અને સદાચાર

(૫૪૮) અમે બને તેટલા અનાચારથી દૂર રહીયે, પરંતુ સિદ્ધાઇનો ડોળ ન કરીયે અને તેના ડંકા ન બજાવીયે. અનાચારથી આપણને પણ ગ્લાનિ થાય છે, તો પ્રભુને કેમ ન થાય? એ વિચાર રાખી અનાચારથી દૂર રહેવું.

(૫૪૯) દુર્ગુણ એ આપકલા છે પરંતુ સદ્ગુણ એ બાપકલા છે. દુર્ગુણ એની મેળે આવે પરંતુ સદ્ગુણ શીખવો હોય તો કોક ને. બાપ એટલે ગુરુ કરવો પડે.

(૫૫૦) આચારપાલન સેવા–સ્મરણ માટે છે. બહુ ચીકણાસ અને કકળાટ કરી સેવા સ્મરણ ઉલટું છૂટી જાય ત્યાં સુધી ઠેઠ ન જાવું.

(૫૫૧) મરજાદ લેવાનો હેતુ એ છે કે તે લેવાથી લૌકિક સંબંધ ઓછો થાય અને ભગવાન અને ભગવદીયોની ટહેલ કરવા માટે વધારે સમય મલે. આ હેતુ સધાય તો મરજાદ લીધી પ્રમાણ, નહીંતર કેવલ કરવા ખાતર કરવાથી કાંઈ લાભ નથી થવાનો.

(૫૫૨) વૈષ્ણવો અને વલ્લભકુલના બાલકો તર્પણાદિ

પ્રસાદી જલથી કરે તેથી એક તો આસ્તિકતા બની રહે, વેદ-મર્યાદા સચવાય અને તે દેવોને ભગવત્પ્રસાદ મલે એટલે તેઓ કૃતાર્થ થાય.

(૫૫૩) સૂતકમાં જેઓનો નિયમ હોય તેણે જ દર્શન કરવાનાં છે. બાકીના તો અનાચાર ફેલાવવા આવે છે.

(૫૫૪) દીવો એમને એમ ભૂમિ પર ન ધરવો, તે અશુભ છે. કોઈ શુભ ધાન્ય પર તેને ધરવો.

(૫૫૫) તિલક મીટાવીને હજામત કરાવવી, નહીંતર જો તેના પર અસ્ત્રો ફરે તો સ્વરૂપ ખંડિત થાય.

(૫૫૬) શ્રીમથુરેશજીના ઘરમાં મહાપ્રસાદ ગ્રહણમાં છોવાતો નથી અને વ્રતો બહુ કડક રીતે કરવામાં આવે છે. હવે વૈષ્ણવો પહેલી વાત સ્વીકારી લે છે અને બીજી છોડી દે છે. ધર્મ આ રીતે સગવડીયો થઈ ગયો છે એટલે પછી તેનું ધર્મત્વ નષ્ટ થઈ જાય છે.

(૫૫૭) ભલે ભોગ ધરીને લેતો હોય પરંતુ તેના આચાર વિચાર એવા સુંદર હોવા જોઈએ કે પાકી મરજાદવાળો પણ જલ લેવા સંકોચ ન પામે. કોઇ પાકી મરજાદવાળાને જલની જરૂર પડી અને તે જો તેને કૂવેથી અણપ્રસાદી જલ લાવવું પડે તો આપણે ભોગ ધરીને લેતા હોઈએ તે શા કામનું ?

(૫૫૮) શ્રીવ્રજરાયજી તાતજી મહારાજે વિલ કર્યું છે એમાં એવી આજ્ઞા કરી છે કે શક્તિ હોય તે પ્રમાણે શ્રીઠાકોરજીને અંગીકાર કરાવવું. કરજ કદાપિ ન કરવું.

(૫૫૯) શ્રાદ્ધને દિવસે જુઠણ ન લેવું એ રીવાજ હાલ હાલમાં શરૂ થયો છે. શ્રાદ્ધ પ્રસાદી અન્નથી કરવામાં આવે છે. શ્રાદ્ધ પ્રાચીન ગોસ્વામિ બાલકોને ઉદ્દેશીને હોય છે, આમાં અન્ય સંબંધ ક્યાં રહ્યો ?

(૫૬૦) વ્રતને દિવસે ઔષધની દૃષ્ટિએ તો મરી પણ નિષિદ્ધ છે. શ્રીઠાકોરજીને અંગીકાર થાય છે, માટે જ તે ફલાહારમાં લેવાય છે. આપણે વ્રત શ્રીમહાપ્રભુજીની આજ્ઞાના પાલનાર્થે કરવાનાં છે બાકી અન્યાશ્રય થાય.

(૫૬૧) પિંડરૂમાં ઝાંપી પોતે બીજે પધરાવી શકે છે પરંતુ સૂતકમાં તેમ થઈ શકે નહીં. પિંડરૂમાં શ્રીઠાકોરજીને પરિશ્રમ પડે તેમ ન હોય તો પટ્ટવસ્ત્રથી મિશ્રી ભોગ ધરાવવાની તો શું પરંતુ ચરણસ્પર્શ કરવા સુધીની આજ્ઞા આપી શકાય છે.

(૫૬૨) કાઠીયાવાડમાં વર્ણાશ્રમની શિથિલતા આવી, તેનું મુખ્ય કારણ એ કે ત્યાં વૈષ્ણવો છે તેને વૈષ્ણવતાને માટે આગ્રહ એટલો બધો કે અવૈષ્ણવના હાથનું જલ પણ ન લે. ઉપરાંત એમને સત્સંગ વૈષ્ણવોનો, એટલે તેઓને તો વૈષ્ણવતાના આગ્રહ માટે ઉપદેશ મલે. જ્યારે ગુજરાતમાં વૈષ્ણવતાની શિથિલતા. એનું કારણ એ કે

અહીં બીજા માર્ગનો ઉપદેશ બહુ મલે. તે ઉપદેશમાં વર્ણાશ્રમ માટે આગ્રહ ઘણો. એટલે અહીંના લોકો પોતાની જાતનો ભલે શ્રાવક હોય તો પણ તેના હાથનું લે. આ રીતે કાઠીયાવાડમાં વૈષ્ણવતાનો આગ્રહ અને વર્ણાશ્રમની શિથિલતા અને ગુજરાતમાં વર્ણાશ્રમનો આગ્રહ અને વૈષ્ણવતાની શિથિલતા. એટલે જે છે તે ભગવદ્-ઈચ્છાથી છે તો પછી દોષ જોવાથી શો લાભ ?

(૫૬૩) શૌચ વગેરેથી નિવૃત્ત થઇ તેલ લગાવી નાહવું જોઈએ. અને તે પહેલાં જો તેલ લગાવ્યું હોય તો તે પરસ કાઢી નાખવો જોઈએ.

(૫૬૪) છીલકા વગરની વસ્તુ આપણે ત્યાં કામ ન આવે અને તે કામમાં લેવી હોય તો ધોઈને લેવી. કારણ કે કેટલાકના કેવા હાથ અડક્યા હોય. ફોફલ એટલે છીલકાવાળી સોપારી અને શ્રીફલ એટલે છીલકાંવાળું નારીયેળ.

(૫૬૫) સામગ્રી થઇ ચૂકી હોય અને પછી સૂતક આવી પડે તો સામગ્રી આરોગાવવી. પરંતુ તેના પૈસા સૂતક નિવૃત્ત થયા પછી લેવા.

(૫૬૬) ચોરી; છીનાળી, હત્યા અને વટલાવું, આ ચાર એવાં પાપો છે કે તે સૌએ છૂપાવવાં જ પડે. આ પાપો સંબંધી કદાપિ કોઈને સોગનપૂર્વક પ્રશ્ન કરવો નહીં. પ્રશ્ન કરીયે એટલે તે ખોટું બોલવાનો જ. આ ખોટું

બોલાવવામાં કારણભૂત આપણો પ્રશ્ન; એટલે આપણને જ. દોષ લાગે. સાચું બોલે અને તેની ખરાબી થાય તેનો દોષ પણ આપણને લાગે, કારણ કે આપણે ડાહ્યા બની તે પૂછવા ગયા એટલે બધું થયું ને?

(૫૬૭) અશુભ હોવાને લઈ સૂતેલાના ચરણસ્પર્શ ન થાય.

(૫૬૮) પિંડરૂમાં ન રહેવાય તો જ સેવા કરવી.

(૫૬૯) ભોજન કર્યા બાદ ત્રણ કલાક સુધી અન્નરસ નથી બનતું એટલે સ્પર્શાદિકથી છોવાય છે.

(૫૭૦) આચારનું પાલન કરે એ આચાર્ય. ઉપદેશ માત્રથી આચાર્ય નથી થવાતું.

(૫૭૧) આવશ્યક ક્રિયા ન થઈ હોય તો અમુક દિવસ સુધી પિંડરૂવત્ સૂતક પાળવું પડે છે અને પછી શુદ્ધ થવાય છે.

(૫૭૨) પિતૃપક્ષમાં જેના પિતા વિદ્યમાન હોય તે ગોઠ કરી શકે અને પોતાના દિકરાની ગોઠમાં પિતા જઈ શકે, બીજાની ગોઠમાં નહીં. પિતૃપક્ષમાં ભોજન માટે સાસરા અને મોસાળ સિવાય અન્યત્ર ન જઈ શકાય.

(૫૭૩) પુષ્ટિમાર્ગમાં જેટલી દૃઢ વિશ્વાસની જરૂર છે તેટલી સદાચારની પણ જરૂર છે. કહ્યું છે કે "**आचारः प्रथमो धर्मः**" એમ શાસ્ત્રમાં આજ્ઞા છે. મર્યાદામાર્ગીય તે આચાર અને પુષ્ટિમાર્ગીય તે સદાચાર. શાસ્ત્રમાં આજ્ઞા

છે અથવા પરંપરાથી આ ક્રિયા ચાલી આવે છે, માટે મને કે કમને કરવું તે આચાર. પરંતુ તે આચારનું પાલન કરતાં ક્ષણે ક્ષણે સાવધાન રહી તે આચારનું પાલન કરવું તે સદાચાર. જેમકે કૂવે જઈને નાહી આવ્યો ને આવ્યો સીધો ઘેર. એ આચાર. પરંતુ કૂવે કોઈને છાંટો ન ઉડે, નહાતી વખતે ક્યાંયે કોરૂં ન રહે, રસ્તામાં આવતાં દોરાનો પણ સ્પર્શ ન થઈ જાય માટે ખડાઉ પહેરીને ચાલે, જલ પણ કંતાનમાં ગાગરને વીંટીને લાવે વગેરે વગેરે સદાચાર.

સદાચાર એ શબ્દના ચાર અર્થો છે. એક તો સારો આચાર અને પાછો તે સાચો આચાર હોવો જોઈએ. ખરા દિલથી એનું પાલન થવું જોઈએ. સારો આચાર એટલે આપણને તે સારો લાગ્યો એટલું જ નહીં પરંતુ સત્પુરુષ જે આચાર પાળતા હોય તે. ઉપરાંત આ આચારનું એક દિવસ પાલન કર્યું એટલે વાત પતી ગઈ એમ નહીં, પરંતુ તેનું હંમેશ માટે પાલન થવું જોઈએ, તો જ તે સદાચાર.

જેવા આચાર તેવા વિચાર. અનાચાર આદર્યો કે વિચારો બગડે, અને પાપના અંકુરો ફૂટે. આચારમાં ખામી એટલે વૈષ્ણવતામાં ખામી. આચારથી શરીર–સ્વાસ્થ્ય પણ સારૂં રહે છે, કારણ કે આચાર એ શાસ્ત્રે બતાવેલી શારીરિક શુદ્ધિ માટેના નિયમો છે.

હવે અનાચાર પાછળ દુરાચાર આવે અને દુરાચાર

પાછળ અત્યાચાર આવે અને અત્યાચાર પાછળ વ્યભિચાર આવે. તનને અને મનને કાંઈ કરવા તો જોઈએ. આચારનું પાલન કરતો હોય તેને તો પૂરંતુ કામ મલી રહે, પરંતુ આચારનું પાલન ન કરતો હોય તો તેની વૃત્તિ દુરાચાર તરફ જાય જ. દુરાચાર આગળ વધે એ કોઈ ઉપર અત્યાચાર કરતાં પણ પછી ન અચકાય. અને બીજા ઉપર અત્યાચાર કર્યો એટલે એ વ્યભિચાર થઈ ચૂકયો. પુષ્ટિમાર્ગમાં તો વ્યભિચારનું એવું સ્વરૂપ બાંધ્યું છે કે તે સમજાય અને તે તેથી દૂર રહેવાય તો અનાચાર, દુરાચાર અને અત્યાચાર બધાથી દૂર રહે. સ્વામિના સુખ સિવાય બીજો વિચાર એ વ્યભિચાર. સ્વામિ કરતાં બીજો સારો છે એવો વિચાર પણ વ્યભિચાર. શ્રીગુરુદેવના સિદ્ધાંતો કરતાં બીજા સિદ્ધાન્તો સારા છે એમ વિચાર આવ્યો એટલે પણ થયો વ્યભિચાર. આ વ્યભિચારનું બીજું નામ તે અન્યાશ્રય. ઓહો! કેવો સરસ પવન આવે છે? એમ કહ્યું, એટલે અન્યાશ્રય થઈ ચૂકયો. પરંતુ એમ કહેવું જોઈએ કે આ પવન એવો સરસ આવે છે કે શ્રીઠાકોરજીને અહીં પોઢાડયા હોય તો ઘણુ સુખ થાય. કહેવાથી કામ ન ચાલે! મનમાં આપણને ભાવ પણ તેવો હોવો જોઇએ!

(૫૭૪) વૈષ્ણવોના આચાર કર્મકાંડી બ્રાહ્મણો જેવા છે અને આનું પ્રયોજન એ કે નીચા વર્ણના લોકો ઊંચો વર્ણ પ્રાપ્ત કરે. વિશ્વામિત્ર ઋષિના પ્રસંગમાં આમ જ બન્યું છે. ક્ષત્રીય હતા તે તપના પ્રભાવથી બ્રાહ્મણ બન્યા છે.

(૫૭૫) સૂતક વધારે અભડાય છે અને પીંડરૂ ઓછું, તેનું કારણ એ કે પીંડરૂમાં આનંદ હોય છે અને આનંદ એ ભગવાનનું સ્વરૂપ છે. અને જ્યાં વધારે આનંદાવેશ ત્યાં વધારે ભગવદાવેશ અને વધારે શુદ્ધિ. પીંડરૂમાં પટવસ્ત્ર આડું રાખી સેવા પણ કરી શકાય છે.

એક વખતે શ્રીગુસાંઈજીના કુટુંબમાં સૂતક આવ્યું અને તે અરસામાં શ્રીનંદમહોત્સવ આવ્યો. શ્રીગુસાંઈજી અને બધા બાલકો એક છત ઉપર બીરાજી દર્શન કરતા હતા, તેવામાં તેમનામાંથી શ્રીબાલકૃષ્ણજી આવેશમાં આવી એકદમ નીચે કૂદી પડ્યા, અને શ્રીનંદમહોત્સવ કરવા લાગ્યા. શ્રીગુસાંઇજીને તે વખતે શ્રીગોકુલનાથજીએ વિનંતિ કરી કે ‘‘દાદાજી ! હું જાઉં ?’’ ત્યારે શ્રીગુસાંઈજીએ કહ્યું કે તમારે તો નથી જવાનું, એટલું તો નહીં, પરંતુ આપણે અહીંથી ઊઠીને ચાલ્યા જઇએ. કારણ કે આપણને જોશે અને શ્રીબાલકૃષ્ણજીને યાદ આવી જશે કે મને સૂતક છે તો આખો નંદ–મહોત્સવ છી જશે.

(૫૭૭) વર્ણોમાં અત્યારે બે વર્ણો રહ્યા છે, બ્રાહ્મણ અને વૈશ્ય. અને આશ્રમોમાં બે આશ્રમ રહ્યા છે, બ્રહ્મચર્ય અને ગૃહસ્થાશ્રમ. એટલે અમે બ્રાહ્મણેતર જે વૈષ્ણવ થાય તેની પાસે વૈશ્યના આચારો પળાવીએ છીએ.

(૫૭૮) શણગાર તો સધવાને શોભે. વિધવાને ન શોભે. વિધવા શણગાર સજી નીકળે ત્યારે સમજવું કે

તે ફસાઈ ચૂકી છે. શાસ્ત્રમાં તેના કેશ ઊતારવાનું કહ્યું છે તે શિરચ્છેદ તુલ્ય છે. (અને સ્તન ખુલ્લા રાખવાનું કહ્યું છે તે સ્તનચ્છેદ તુલ્ય છે.)

(૫૭૯) એક વસ્તુ સર્વમાન્ય થઇ પછી તેમાં દોષ થોડો દેખાય. ધર્મશાસ્ત્ર પણ એજ નિર્ણય આપે છે.

(૫૮૦) જોડો એ જોડો. પછી ભલે એ રેશમ, મખમલ કે કિનખાબનો હોય. તે કાંઈ માથે ન પહેરાય. કિંમતી છે તો સાચવીને રાખે- એટલું જ, પણ એટલા ખાતર માથે ન પહેરાય.

(૫૮૧) વાળ અને નખ શરીરથી નોખા પડ્યા, એટલે છોવાય. હાથથી જેનો સાક્ષાત સ્પર્શ થયો છે, તે અગ્નિ પણ છોવાય. ચામડીનાં સાત પડ છે. ત્રણ ત્રણ પડ દાઝે ત્યાંસુધી ખબર ન પડે જે અગ્નિએ ચામડી બાળી તે સ્મશાન અગ્નિતુલ્ય બન્યો, માટે હાથથી જેનો સાક્ષાત સ્પર્શ થયો છે તે અગ્નિ વર્જીત છે તેનો સેવામાં ઉપયોગ ન થઈ શકે.

(૫૮૨) ગૃહસ્થાશ્રમ બધા આશ્રમોમાં શ્રેષ્ઠ છે, તે આશ્રમમાં બીજાની ખાતર બરદાસ્ત કરી શકાય. બધા બાવા હોય તો કોણ કોને આશ્રય આપે ? પરંતુ આ રીતે બીજાને આશ્રય આપવામાં આવે, તો જ તે આશ્રમ શ્રેષ્ઠ, નહીંતર બીજા આશ્રમો જેવો તે. શ્રીમહાપ્રભુજીએ ગૃહસ્થાશ્રમનો અંગીકાર કર્યો તે તે માટે કે તે આશ્રમમાં ઘેરે આવેલ ભગવદીયનું સમાધાન થઈ શકે.

(૫૮૩) શ્રીઠાકોરજીને અદકી આરોગાવી મહાપ્રસાદ વડે શ્રાદ્ધ કરવાથી પિતૃઓ અને બ્રાહ્મણો બધા કૃતાર્થ થાય છે. પરંતુ શ્રાદ્ધ કરવું છે, એ ભાવના મુખ્ય રાખી કેવલ અસમર્પિત વસ્તુ ન લેવાય, એ ખાતર સમર્પીને લેવામાં આપણો ધર્મ જાય છે. પરંતુ શ્રાદ્ધ નિમિત્તે જે કાંઇ બ્રાહ્મણને પ્રાપ્ત થયું હોય તે તે જો અલૌકિકમાં જોડે તો તે પિતૃઓને કૃતાર્થ કરી દે છે.

(૫૮૪) શાસ્ત્રમાં કર્મલોપ ન થાય એ માટે ખાસ આગ્રહ છે. કાલલોપ થાય તેનો વાંધો નહીં. કાલાપકર્ષ કે કાલાતિક્રમણ થાય, ત્યારે પ્રાયશ્ચિત્ત કરીને પણ કર્મ કરવું પરંતુ કર્મલોપ તો ન જ થવા દેવો. અને જો કાલલોપ ન થાય એને માટે આગ્રહ રાખવામાં આવે, તો પછી કર્મ લોપ થઈ જવાનો.

(૫૮૫) તાવમાં સ્નાન ન કરવું, તેમાં અલૌકિક યુક્તિ આ પ્રમાણે છેઃ તાવ એ અસુર છે તે દેહમાં હોય ત્યાં સુધી નાહ્યાથી પણ કાંઈ શુદ્ધિ થતી નથી. તે અસુર નાહ્યાથી ઉલટો કોપે છે. પરંતુ ભગવદીયોનો ભાવ બીજો હોય છે. તેઓ તાવને તાપ સમજે છે. શ્રીઠાકોરજીના વિરહથી તે થયો છે. સ્નાન કરી શ્રીજીની સન્મુખ જતાં તે શાંત થઈ જશે, આ ભાવથી જે સ્નાન કરે છે તેને સ્નાન કર્યાથી તાવ દૂર થઈ જાય છે. બાકી તો ભાવના સ્ફૂરાવવાવાળા શ્રીઠાકોરજી છે, તે જે ભાવ સ્ફૂરાવે તે સાચો.

(૫૮૬) આપણા પૂર્વજો તો લીલાસ્થ છે, પરંતુ

આપણે તર્પણ કરીયે તેમાં બીજા સંબંધીઓને તો શ્રીઠાકોરજી અને આપણા પૂર્વજોના અધરામૃતનું પાન થાય.

(૫૮૭) દેહમાં ગળાથી ઉપરના ભાગને સ્વર્ગ માનવામાં આવ્યું છે. પછીનો ભાગ પર્વત માનવામાં આવ્યો છે. રોમાવળી એ વૃક્ષો છે. હાથ પગ એટલે હથેલી વગેરે સપાટ જમીન માનવામાં આવી છે. માટે મસ્તક છોવાય નહીં. ગળા સુધી સ્નાન કર્યાથી માણુસ શુદ્ધ બને છે અને શ્રૌત–સ્માર્ત કાર્યો કરી શકે છે. મસ્તક ઉપર રહેલ ઊનનાં વસ્ત્ર કે પટ વસ્ત્ર પણ ન છોવાય. જનોઈ કાને ચઢાવે છે તે પણ આ માટે અને ઊનનાં વસ્ત્રો વગેરેને માથે આવી રીતે રાખવાં જોઈએ કે આપણી દૃષ્ટિ ન પડે અને જનોઈને પણ નિવીત કરી કાને ચઢાવવી કે જેથી તેના પર દૃષ્ટિ ન પડે.

(૫૮૮) સૂતકમાં શૂદ્ર જેવો આચાર, એટલે દંડવત્ ન થાય, આશિર્વાદ ન અપાય. વડીલ આવે તો ઉભા ન થવાય. **अर्घ्यान्ते मानसी सन्ध्या प्राणायाम विवर्जिता।** કંકુનું તિલક નહીં, સૂકા ચરણામૃતનુંજ તિલક થાય. દશાહ પૂરા થયા પછી પણ ગોપીચંદનનું તિલક. કંકુનું તિલક તો જ્યારે સેવામાં નાહીયે ત્યારેજ કરી શકાય.

(૫૮૯) વ્રતમાં સોપારી કે વરીયાળી ન લઈ શકાય. પરંતુ મુખવાસ તરીકે એલચી, લવીંગ અથવા તો સોપારીને બદલે ખારેકના ઠળીયાનો ઉપયોગ કરવો. શ્રીઠાકોરજીને

સીધા તો ઠળીયા ન સમર્પિ શકાય એટલે આખી ખારેક જે ધરી હોય તેના ઠળીયા ઉપયોગમાં લેવાય.

(૫૯૦) **શૂદ્રસ્ય શુભં નાસ્તિ** સારાસાર વિચાર શૂદ્રને ન હોય, અને આપણે ત્યાં ઘણાયે શૂદ્રના આચાર આવી ગયા છે. દક્ષિણમાં તો સ્ત્રીઓ પણ કચ્છ મારે છે. આનું શાસ્ત્રિય પ્રયોજન એ છે કે કચ્છ ઉપર પહેરેલું વસ્ત્ર કાઢયા પછી પણ કટિમુક્ત નથી ગણાતું.

(૫૯૧) કંતાન મલ–મૂત્રાદિને અડકી જાય તો નકામું થઈ જાય. બાકી તો તે કાષ્ટવત્ છે. ઉન અને રેશમ શરીર પર ધારણ કરી આપણે ત્યાં મલમૂત્રાદિ નથી કરતા. કારણ કે તેમ કરવાથી તે છોવાય છે. પરંતુ આ અત્યાચાર છે.

(૫૯૨) થોડી ઘણી જે બને તે વ્યાવૃત્તિ કરી ભોગ ધરી લેવો એ પુષ્ટિમાર્ગનો સિદ્ધાંત છે. બાયડી છોકરાંને ઘરે છોડી પોતે રખડતા ફરવું એ માર્ગનો સિદ્ધાંત નથી. પોતે રખડતો ફરે, માલ ઉડાવે અને ઈંદ્રિયો વશમાં ન રહે અને વ્યભિચાર કરે, ભ્રૂણ હત્યા કરે તેનું પાપ પણ તેને છે.

(૫૯૩) અગીયારમે દિવસે સૂતક નિવૃત્ત થાય પરંતુ તેરમા દિવસ સુધી બાલકો પીંડરૂવત્ સૂતક પાળે છે. મંદિરમાં જાય પરંતુ ખાસા–અપરસનો જપ ન કરે. પહેલાં તો શ્રીસર્વોત્તમજીનો પાઠ પણ ન કરતા. ચરણસ્પર્શ ન કરે, કેવલ ચરણામૃત નેત્રે લગાવે અત્યારે આસુરાવેશ છે. માટે પિંડરૂ કરતાં આટલો વિશેષ નિયમ રહે છે.

(૫૯૪) પિંડરૂમાં સ્વરૂપસેવા ન થાય, ચિત્રસેવા થાય અને પટ્ટવસ્ત્રથી મિશ્રી તથા સૂકો મેવો ધરાય.

(૫૯૫) દાદાજી મહારાજ ઉપવાસ નકોરડો કરવાની ના પાડતા. તેવા ઉપવાસમાં આત્મા લોહી પીને પોતાની ક્ષુધા શાન્ત કરે છે.

(૫૯૬) અંગ સંગ થયા પહેલાં પ્રેમ શુદ્ધ રહે છે. અંગ સંગ થયો કે તરતજ સ્વાર્થવૃત્તિ જાગે છે.

(૫૯૭) છાયા છોવાય છે માટે દક્ષિણમાં છાયા ન લેવા માટે ઘણો આગ્રહ છે.

(૫૯૮) હાથથી ઘડેલ માટીનું વાસણ દૂધઘર સુધી ગ્રહણમાં ન છોવાય.

(૫૯૯) કેટલાક વર્ણો સરાવી શકે પરંતુ ધરાવી ન શકે.

(૬૦૦) આપણે ત્યાં શ્રાદ્ધાદિક કરવાનો રીવાજ છે એનું કારણ છે. સૌ વૈષ્ણવો સરખા નથી હોતા. જેઓને ભગવદાશ્રય છે તેઓને તો કાંઈ વાંધો નથી. તેઓ તો ભગવદ્દ લીલામાં પ્રાપ્ત થાય છે, એટલે તેમને શ્રાદ્ધાદિની અપેક્ષા નથી રહેતી, પરંતુ બીજાનું શું ? માટે આપે સૌને માટે શ્રાદ્ધાદિ કરવા આજ્ઞા કરી. જેને અપેક્ષા હશે તે સ્વીકારશે અને બાકીના નહીં સ્વીકારે. એમાં કરનારને કાંઈ પ્રત્યવાય નથી, ઉપરાંત વેદમાર્ગનો આદર થાય છે. કારણ કે આપણો માર્ગ આસ્તિકતાનો છે.

(૬૦૧) જે મરી જાય છે એને મરવાનું મન નથી હોતું, જબરદસ્તીથી જાવું પડે છે. ઉપરાંત ઘરના માણસોના મનમાં પણ કોઈવાર એવો ભાવ આવે છે કે આ જાય તો ઠીક. આ બધા કારણને લીધે એક પ્રકારની હત્યા પડે છે, અને તેને લઈ આભડછેટ માનનારની વાસના દેહમાં રહે છે. અંતિમસંસ્કાર થયો એટલે એ નિસાસો નાખે છે. બાર દહાડા સુધી તે ઘરની આસપાસ ભટકે છે, માટે તો તે પ્રેત કહેવાય છે. પિંડદાન પછી તે પિતૃલોકમાં જાય છે. પહેલાં તો સૂતક બાર માસ લગી લાગતું, પરંતુ બારમાસની ક્રિયા બાર દિવસમાં થઈ જાય છે એટલે શુદ્ધ થવાય છે. છતાં પત્નીને બારમાસ સુધી પિંડરૂવત્ સૂતક પાળવું પડે છે. આ હત્યા નદી વગેરેને ઓળંગીને નથી આવતી. આવે તો તે પ્રેતને મુક્તિ મળી જાય. એટલે એમ કહેવામાં આવ્યું છે કે નદી આદિ આવે તો સૂતક ન લાગે. સૂતક ન લાગવાનો નિયમ સગાં-વહાલાં માટે છે. પતિ-પત્નિને અરસ-પરસનું અને પુત્ર તથા મા-બાપને અરસપરસનું જ્યારે સાંભળે ત્યારે પૂરું પાળવું પડે છે. પિતા વિદ્યમાન હોય તો પુત્ર અશુભ કાર્યોથી મુક્ત રહે. અસ્થિસંચય થયા પછી પત્ર લખવાનો રીવાજ છે. આમાં દંડવત્ આશિર્વાદ વગેરે ન લખાય. સમાધાનના પત્રમાં પણ તેજ પ્રમાણે ખેદ તો ભૂતલ પર તેવા જીવની ખામી પડી તેનો. હરિશરણ થયાનો નહીં.

(૬૦૨) વ્યવધાન વધતાં વસ્તુ ઓછી છોવાય છે.

આધિદૈવિક નિવૃત્ત થાય છે. તે હિસાબે જનોઈ કંઠી બદલાવાય છે. નહિંતર ધોવા માત્રથી શુદ્ધ છે. ગાડીમાં એકાસન દોષને કારણે જનોઈ–કંઠી બદલાવાય છે. જેનું સૂતક લાગે એમ હોય તેનું સ્નાન કરતાં જનોઈ કંઠી બદલાવાં પડે પણ જેનું સ્નાન માત્ર લાગે તેનું સ્નાન કરતાં બદલવાં ન પડે.

(૬૦૩) આસુરાવેશી એ જ ચંડાલ, કારણ કે આપણે ત્યાં તો બહારવાળાઓ પણ એવા થઈ ગયા છે કે જેણે વિદ્વાનોના કાન આચાર વિષયમાં પકડાવ્યા છે.

(૬૦૪) ચોથી પેઢીયે શ્રાદ્ધ નિવૃત્ત થાય છે. ચાલુ રાખે તો તે અશુભ ગણાય. પુત્ર પરંપરામાં આમ બને છે પરંતુ જ્યારે બાલકો ગોદ પધારે છે ત્યારે આ રીતે શ્રાદ્ધ બંધ નથી પણ કરતા.

(૬૦૫) બ્રાહ્મણો માટે અવ્યાવૃત્તિ પક્ષ છે. બ્રહ્માણ વ્યાવૃત્તિ કરે તો અધર્મ અને ક્ષત્રિયાદિ અવ્યાવૃત્તિ સ્વીકારે તો અધર્મ.

(૬૦૬) નિયમ હોય એટલે કે દર્શન વિના જલ ન લેવું કે ન જમવું એ પ્રકારનો નિયમ હોય તોજ સૂતકમાં દર્શન કરવા આવવું, નહીંતર દર્શન કરવાથી અનાચાર વધારાય છે.

(૬૦૭) અત્યારે આશ્રમો બેજ રહ્યા છે. બ્રહ્મચર્ય અને ગૃહસ્થ. વાનપ્રસ્થ અને સંન્યાસ લૂપ્ત થઈ ગયા છે.

આપણા માર્ગમાં આ બે આશ્રમોનો કોઈ અંગીકાર કરે તો તેનું પતન થાય. વર્ણોમાં પણ બેજ રહ્યા છે. બ્રાહ્મણ અને વૈશ્ય. બ્રાહ્મણો તો કંઈક અંશે બ્રાહ્મણો રહ્યા છે. પરંતુ ક્ષત્રીયો, વૈશ્યો અને શૂદ્રો બધા એક સરખા થઈ ગયા છે. શ્રીમહાપ્રભુજીએ બ્રહ્મસંબંધ કરાવી એ ત્રણેય વર્ણોને વૈશ્યકોટીમાં મુકયા છે એટલે સૂતકાદિમાં-પક્ષથી તેઓની શુદ્ધિ થાય છે. નાઈ ધર્મશાસ્ત્રની દૃષ્ટિએ શૂદ્ર છે, છતાં બ્રહ્મસંબંધ થયા બાદ પંદર દહાડે તેનું સૂતક નિવૃત્ત થાય છે. અને એ સ્વરૂપ પધરાવી ભોગ ધરતો હોય તો તેને તેમ કરવા આજ્ઞા મળે છે.

(૬૦૮) ચરણ-સ્પર્શ માટે આપણે આગ્રહ હોવોજ જોઇએ, અને ગુરુદેવ ન બીરાજતા હોય તો ચરણ છપાવી તેનો સ્પર્શ નિયમિત રીતે કરવો જોઇએ.

(૬૦૯) આંખે, દાંતે અને ગાંડે ગરમ પાણી ઉપયોગમાં ન લેવું.

(૬૧૦) શ્રીયમુનાજલ એ જલ નહિં એટલે નિર્જલવ્રત કરવામાં તે લેવું બાધક નથી.

(૬૧૧) અમુક પેઢીની કોઈ એક પણ વ્યક્તિ જીવતી હોય ત્યાંસુધી બધાંને તેજ પેઢીને હિસાબે સૂતક લાગે.

(૬૧૨) શ્રીયમુનાજીના જલની ઝારી માત્ર ભરાય, તેનું રસોઈમાં આંધણ ન મૂકાય, તેથી હાથ ન ધોવાય.

(૬૧૩) સૂતકીને પાતળ ધરે તો બધું છોવાઈ જાય

એટલે પ્રથમ પોતે જમીને બાકીનું વધ્યું હોય તેમાંથી સૂતકીને પાતળ ધરાવી.

(૬૧૪) મર્યાદામાર્ગીય ભક્તોએ શ્રીઠાકોરજીની મર્યાદા તોડાવી છે. જ્યારે પુષ્ટિમાર્ગમાં શ્રીઆચાર્યજીએ શ્રીઠાકોરજીની પાસે મર્યાદા પળાવી છે. તે એટલે સુધી કે મરજાદીના ઠાકોરજીની વગર મરજાદીના ઠાકોરજી પરેજ રાખે, એનો અર્થ એ નહીં કે વૈષ્ણવો છોવાય, આમ કરે તો બધું પાણીમાં. વગર મરજાદીએ ધરેલ મિશ્રી, મેવો, દુધઘર વગેરે લઈ શકાય.

(૬૧૫) બાલકોને મારવા કે અપશબ્દો કહેવા–તે નથી અમારા ઘરની રીત, કે નથી વૈષ્ણવના ઘરની રીત.

(૬૧૬) વિષય–વાસના એ મુખ્ય અનાચાર. વિષય-વાસના થઈ કે અનાચાર થઈ ચૂકયો. માટે શ્રીઠાકોરજી ગોરસ ઝુંટવીને લે છે. ઇન્દ્રિયો વિષય તરફ ન જાય તે માટે શ્રીઠાકોરજીએ તેને બળાત્કારથી પોતા તરફ ખેંચી લે છે. આ દાન–લીલાનું રહસ્ય.

(૫૪) સત્યં વદ, પ્રિયં વદ

(વાણી કેવી હોવી જોઇએ ?

(૬૧૭) શ્રીમહાપ્રભુજીનો માર્ગ તો પરમ આસ્તિકતાનો છે. કોઈ માણસ એક વાત કહે અને આપણને એ ઠીક ન લાગતી હોય ત્યારે એમ કહેવું કે તમને પ્રભુએ એ

જાતનો અનુભવ કરાવ્યો હશે. પરંતુ અમે એવું કાંઈ હજી જાણ્યું નથી. આમ કહેવું પરંતુ તું ખોટો છે, એમ કદી પણ ન કહેવાય. પણ એમ કહેવાય કે અમને ખાત્રી કરાવી આપો તો અમને પણ માન્ય છે.

(૬૧૮) અનૃતભાષણ એટલે અપ્રયોજન બોલવું તે. પોતાનો ધર્મ રાખવા અસત્ય કોઈવાર બોલવું પડે. પાંડવો ગુપ્તવાસમાં રહેતા હતા ત્યારે જો દ્રૌપદી સત્ય બોલે તો તેનો ધર્મ જાય. ઘટતું બોલવું એનો નામ વ્યવહાર. સર્વત્ર સાચું બોલે તે મૂર્ખ.

(૬૧૯) વૈષ્ણવની વાણી હંમેશાં મીઠી હોવી જોઈએ. "પુરુષ એક પુરુષોત્તમ રે, બાકી સર્વે વ્રજનારી." નારી એ સારી કે જે મૃદુભાષિણી હોય. અમારા જીવોની નિંદા ન કરો, એમાં જ અમારી પ્રસન્નતા છે. બીજાના દોષ ન દેખાય અથવા તો દોષ ગુણરૂપ દેખાય, તે દિવ્યદષ્ટિ. બીજાના દોષ જોવામાં આવે તે પ્રાકૃત–દૃષ્ટિ. માટે જે સંસાર માયાવાદીઓને માટે મિથ્યા અને બાધક છે તે આપણે માટે સારરૂપ અને સાધક છે.

(૬૨૦) આપણે આપણી વાતનું મંડન કરવું, વિરુદ્ધ વાતનું ખંડન ન કરવું, એટલે આપણે બોલીને બગાડવું ન પડે અને સામો ચતુર હોય તો સમજી જાય.

(૬૨૧) આપણે ત્યાં વ્રજભક્તોના ભાવથી સેવા કહી છે. વ્રજભક્તો એ તો સ્ત્રીઓ છે. અને સ્ત્રીઓ ગુણે મૃદુભાષી હોય છે. એટલે જ્યાં મૃદુવાણી હોય છે ત્યાં તો

શ્રીઠાકોરજી પ્રસન્નતાથી બીરાજે છે. પરંતુ જ્યાં કઠોર વાણી હોય છે ત્યાંથી શ્રીઠાકોરજી દૂર રહે છે. તેવા જીવોની સાથે રમણ કરી તે જીવને આનંદ આપે છે તો પણ દૂર રહીને તેમ કરે છે.

(૫૫) ધર્મની સૂક્ષ્મગતિ

(૬૨૨) ધર્મ કરતાંયે કોઈવાર અધર્મ થઈ જાય છે. વસ્ત્રનું દાન કરતાં રાજાએ આપેલ વસ્ત્રમાંથી જાળ બનાવી એક માછીમારે માછલાં મારવા માંડયાં અને તેથી તેનું બધું પુણ્ય ધોવાઈ ગયું. માટે કોઈને આપવું તો મોટે ભાગે અન્ન આપવું. આ પ્રમાણે શ્રીગિરધરજી મહારાજના વચનામૃતોમાં આજ્ઞા છે, (૧૨૦) વચનામૃત કાંકરોલીવાળા

(૬૨૩) શ્રીગિરધરજી મહારાજના પંચ્યાસીમા વચનામૃતમાં ગયાજીમાં પિતૃદેવો હાથ કાઢી પિંડ લેતા તે બાબતનો પ્રસંગ છે. આ પ્રસંગમાં ધર્મની સૂક્ષ્મગતિનું નિરૂપણ છે. બાઈને કામવાસના નહોતી પરંતુ કેવલ ધર્મ બુદ્ધિથી અને તે પોતાના પતિને પિંડથી વિમુખ કર્યો તે તેનું કાર્ય વ્યભિચારરૂપ ન બન્યું.

(૬૨૪) ૮૬મા વચનામૃતમાં તે પિતૃદેવો હાથ કાઢતા કેમ બંધ થયા તે બાબતનો પ્રસંગ છે. સીતાજીએ રેતીનો પિંડ આપ્યો એ ઉપલક દૃષ્ટિએ વ્યતિક્રમ છે. પરંતુ ઊંડો વિચાર કરવાથી તે બરોબર એમ પ્રતીત થાય છે કે પિતૃઓ ભૂખ્યા થયેલા. સીતાજી પાસે બીજું કાંઈ નહીં.

પિતૃઓને પરિશ્રમ પડતો હતો. તે તેમનાથી સહન ન થયું એટલે તીર્થની રેતીના પિંડ આપી પિતૃઓને તૃપ્ત કર્યા. પિતૃઓએ તે આનંદથી સ્વીકારી લીધા. આમાં રહસ્ય એ કે સદ્ભાવ હોય તો ધૂળ પણ ધાન્ય-રૂપ બને છે.

(૬૨૫) સારૂં કે નરસૂં, એ તો વૈષ્ણવોએ જોવાનું છે. અમે તો જે આવે તે શ્રીઠાકોરજીને અંગીકાર કરાવીયે છીએ.

(૬૨૬) આપણે ત્યાં જે વ્રતો કરવામાં આવે છે તે કેવલ શ્રીમહાપ્રભુજીની આજ્ઞાનું પાલન કરવા માટે, કોઇ ફલ-આશાથી નહીં.

(૬૨૭) ધર્માદા માટે કાઢેલું દ્રવ્ય પ્રભુ અંગીકાર કરતા નથી.

(૬૨૮) લૌકિકમાં અલૌકિક બુદ્ધિ રાખનારા કાઠીચાવાડી પ્રેમલામાં ભગવદ્-ધર્મનો લેશ પણ નથી રહેતો.

(૬૨૯) પરિણામ શોચીને કાર્ય કરવું. ધર્મનું પણ જો પરિણામ ખરાબ હોય તો તે ન કરવો. કોઈવાર ધર્મ કરતાં અધર્મ થાય છે અને અધર્મ કરતાં ધર્મ થાય છે.

(૬૩૦) પ્રપંચ બે પ્રકારનો છે. લૌકિક અને અલૌકિક. હવે લૌકિકને પ્રપંચ કહેવો એ બરોબર છે. તેમાં જૂઠાનું સાચું અને સાચાનું જૂઠું બોલ્યા કરે છે. પરંતુ અલૌકિકને પ્રપંચ કઈ રીતે કહી શકાય ? તેમાં સાચાનું જૂઠું અને જૂઠાનું સાચું કરવાનું નથી હોતું. તો એનો

જવાબ એ કે ભગવદ્-ધર્મ ગુપ્ત રાખવા જે ખોટું બોલવું પડે તેટલા પૂરતો પ્રપંચ.

(૬૩૧) ધર્મશાસ્ત્રની રીત એવી છે કે જે પોતાનો પતિ ગત થઈ ગયો હોય છતાંયે ચાંદલો કરે તેનું મોઢું જોવાથી સચૈલ સ્નાન કરવું પડે.

(૬૩૨) ધર્મને માર્ગે ચાલે તે કદાપિ ભૂખ્યો ન સૂએ. આ ભયંકર કલિકાલમાં પણ આ વાત તો સાચી જ છે.

(૬૩૩) પ્રભુના ઘરનો ન્યાય તો ધીરે ધીરે થાય. જમણા હાથનું કરેલું ડાબા હાથે પણ ભોગવવું પડે.

(૬૩૪) યુધિષ્ઠિરે ચતુરાઈ કરી એમાં ન રહ્યો સ્વધર્મ કે ન બન્યો ભગવદ્-ધર્મ, એટલે નરકનાં દર્શન કરવા પડ્યા. દશરથે પોતાનું વચન રહે માટે અધર્મ આચર્યો માટે સ્વર્ગજ મલ્યું, નહીંતર વૈકુંઠ મળત.

(૫૬) આત્મ ધર્મ મુખ્ય છે

(૬૩૫) તિલકાયિત શ્રીગોવર્ધનલાલજીયે સિમલામાં જઈ લીલા કરી. તેમાં આ પ્રમાણે રહસ્ય છે. દીકરાનો સંબંધ દેહ સાથે છે, અને આત્માનો સંબંધ શ્રીઠાકોરજી સાથે છે. આપશ્રીએ સિમલામાં પધારી લીલા કરી એટલે દેહ રહ્યો દીકરા પાસે અને આત્મા રહ્યો શ્રીનાથજી પાસે જો આપશ્રીએ શ્રીનાથદ્વારામાં દેહ છોડયો હોત તો દેહ પણ શ્રીનાથજી પાસે ન રહેત અને આત્મા રહેત દીકરા

પાસે. એટલે આત્મા પણ શ્રીનાથજી પાસે ન રહેત. આ લીલા કરી આપે આ વાત જણાવી.

(૬૩૬) આત્મધર્મમાં રચેલા પચેલાનો વેદધર્મ અમે કરી લઈએ, પરંતુ આત્મધર્મ તો જાતે જ કરવાનો હોય છે.

(૫૭) અનન્યાશ્રય

(૬૩૭) શ્રીઠાકોરજીની અનેકવિધ લીલામાં એક રહસ્ય એ છે કે આપશ્રીએ પોતાના ભક્તોનો અન્યાશ્રય છોડાવી સ્વાશ્રય દૃઢ કરાવ્યો.

(૬૩૮) દવા લેવી એ પણ એક પ્રકારે અન્યાશ્રય છે અને તે અન્યાશ્રયથી મુક્ત રહેવા તેમાં ચરણામૃત પધરાવી તે લેવી, એટલે તે ભગવત્-સંબંધવાળી થઈ ગઈ.

(૬૩૯) **“सर्व धर्मान् परित्यज्य मामेकं शरणं व्रज”** એ શ્રીગીતાજીના શ્લોકનો એક બીજો પણ અર્થ છે. સર્વ ધર્મો એટલે સર્વ ઈન્દ્રિયોના ધર્મોને છોડી મારે એકને શરણે આવ. એટલે જોવું, સાંભળવું, જે કાંઈ છે તે બધું છોડી તે બધાનો આશરો ભગવાનને બનાવ. એટલે કે ભગવાનને જ જોવા, ભગવાનને જ સાંભળવા એવી વૃત્તિ-વાળો થા.

(૬૪૦) શીતળા નીકળે છે તેને ‘માતા’ કહેવામાં આવે છે. એનું કારણ એ કે માતાના પેટમાં બચ્ચું હોય

ત્યારે જે માતાની ગરમી તે બચ્ચાના પેટમાં રહી ગઈ હોય તે બહાર નીકળે છે. આ ગરમી બહુ જોર પકડે છે ત્યારે તેને ‘બળીયા’ કહેવામાં આવે છે. વૈષ્ણવોએ એ ખાતર અન્યાશ્રય કરવાની જરૂર નથી.

(૬૪૧) શ્રીગોકુલનાથજીના સેવકો જેવા ટેકીલા તેવા હોંશીલા પણ છે.

(૬૪૨) અમારા મોટાઓએ જે અમને સોંપ્યું છે એ અમારૂં સર્વસ્વ છે, તેનાથી ભલે બીજું સારૂં હોય, પરંતુ તેથી શું ? પાડોશી ચાહે તેટલો રૂપાળો હોય પણ પતિ તો તે જ કે જેની સાથે એ પરણી હોય.

(૫૮) સત્સંગ અને ભગવદ્-વાર્તા

(૬૪૩) બલિહારી સત્સંગની કે જેથી દુઃસંગ શું છે એની આપણને ખબર પડે. એટલે સત્સંગથી દુઃસંગનો પ્રકાશ થાય છે. દુઃસંગમાં તો આપણે પડયા જ છીએ અને તેનું આપણને ભાન જ નથી. સત્સંગથી આપણને ભાન થાય છે કે આપણે દુઃસંગમાં પડયા છીએ.

(૬૪૪) અત્યારે જે ચાલી રહી છે તે તો શિક્ષા છે. ભગવદ્-વાર્તા નથી. અત્યારે આ સારૂં અને આ ખરાબ આપણામાં આ ન્યૂનતા, આપણે આમ કરવું જોઈએ તેની જ વાતો ચાલે છે. ભગવદ્-વાર્તા તો તેનું નામ કે જે

શ્રીમહાપ્રભુજીએ દામોદરદાસને આજ્ઞા કરતા કે "આજ વારસું ભગવદ્-વાર્તા ન ભઈ" કેવલ લીલા સંબંધી વાત તે જ ભગવદ્-વાર્તા.

(૬૪૫) ભગવદ્વાર્તામાં નિત્ય નિયમનો ક્રમ એ કે પહેલાં મંગલાચરણમાં શ્રીસર્વોત્તમજીનું ધોળ અને એક આખ્યાન બોલવાં. ભગવદ્વાર્તા થઈ રહ્યા બાદ નવરત્નનું ધોળ બોલવું કે જેમાં બધી ભગવદ્ વાર્તાનો સાર આવે છે. પાછળ મોડું ન થાય માટે અને બધા ભેગાં થતાં હજી વખત થાય. એટલે નવરત્નનું ધોળ પહેલું બોલાય છે પરંતુ મૂળ રીત ઉપર મુજબ છે.

(૬૪૬) ભગવદ્ વાર્તા થતી વખતે કોઈ ભેટ ધરે તો તે ગાયમાં જાય.

(૬૪૭) ભગવદ્ વાર્તાના પુસ્તકોમાં જે શ્રીનાથજીનાં ચિત્ર પધરાવવામાં આવે છે તેનો ભાવ એવો છે કે "મંડલ મધ્ય બીરાજત ગિરધર."

(૬૪૮) શિક્ષા માટે ચોરાશી બસોબાવન અને શિક્ષા પત્રો, લીલા માટે કીર્તનો.

(૫૮) નિરોધ

(૬૪૯) નિરોધ એટલે પ્રપંચમાં રહીને પ્રપંચ ભૂલવો, નહીં કે પ્રપંચમાંથી બહાર નીકળી પ્રપંચ ભૂલવો. તેની

વિસ્મૃતિ તો મરણ છે. પ્રપંચમાં રહી પ્રપંચમાં લપટાઇ ન જવું, જલ કમલવત્ રહેવું અને ભગવદ્ધર્મપરાયણ રહેવું એનું નામ નિરોધ.

(૬૦) પુષ્ટિ-મર્યાદા-તારતમ્ય.

(૬૫૦) મર્યાદામાર્ગમાં પ્રાણપ્રતિષ્ઠા છે, આપણા માર્ગમાં પુરુષોત્તમપ્રતિષ્ઠા છે.

(૬૫૧) મર્યાદામાર્ગમાં કઈ ભક્તિ કોને સિદ્ધ થઈ તે એક શ્લોકમાં આવે છે. અને પુષ્ટિમાર્ગમાં તે ભક્તિનો કયે પ્રકારે અંગીકાર છે તે શ્રીદ્વારિકેશજીની ભાવનામાં આવે છે. દાખલા તરીકે ચરણ-સ્પર્શ એ પાદ-સેવન ભક્તિ, દંડવત એ વન્દન ભક્તિ વગેરે વગેરે.

(૬૫૨) શ્રીઠાકોરજી જ્યારે કાંઈ જીવ માટે પરિશ્રમ લઈ કાર્ય કરે ત્યારે મર્યાદા-માર્ગીય જીવ ફૂલાય પણ પુષ્ટિમાર્ગીય જીવને દુઃખ થાય.

(૬૫૩) પ્રભુ મારા છે, અને હું પ્રભુનો છું, જે પ્રભુનું છે એ મારૂં છે અને જે મારૂં છે તે પ્રભુનું છે. આ પ્રકારની પ્રભુ વિષે મમતા ન થાય ત્યાંસુધી પ્રભુના કાર્યમાં આપણું મન ન ચોટે. આવી મમતા થવી તેનું નામ તે “સર્વાત્મભાવ” દેહાદિનું પણ રક્ષણ સારી રીતે કરવું, કારણ કે તે શ્રીઠાકોરજીનો છે, અને મહાપ્રસાદ પણ પેટ ભરીને લેવો. કારણ કે તે મહાપ્રસાદથી પુષ્ટ થયેલ કાયા શ્રીઠાકોરજીના

કામમાં આવવાની છે. શરીર શણગારવા માટે પણ ખર્ચ કરવો, કારણ કે તેથી પ્રભુને રીઝવવાના છે. આ મારૂં અને આ શ્રીઠાકોરજીનું અને ઠાકોરજીનું મારાથી કેમ લેવાય ? વગેરે મર્યાદા માર્ગની વાતો છે, પુષ્ટિમાર્ગની નહીં.

(૬૫૪) દૃઢ વિશ્વાસ એ પુષ્ટિમાર્ગનું પ્રથમ પગથિયું.

કેટલાક લોકો કહે છે કે અમે વ્રજમાં જઈ દેહ છોડયો પરંતુ તેમ કરવા જતાં એક તો તેઓનું મન ઘરમાં રહે છે અને વળી બીજું તેઓ "મહોદાર ચરિત્રવાન" મહાપ્રભુજીના સિદ્ધાંતને પણ સમજતા નથી. શ્રીવલ્લભાધીશ્વરનો દઢ આશરો હોય તો જ્યાં તમો રહો છો, ત્યાં વ્રજ તો શું પણ પુષ્ટિમાર્ગના પાંચે તત્ત્વો હાજર છે. અરે! શ્રીવલ્લભાધીશ્વરનો જો આશરો દઢ હોય તો તે માણસ જંગલ ગયો હોય અને ત્યાં તેનો દેહ છૂટી જાય તો ત્યાં પણ પુષ્ટિમાર્ગનાં પાંચે તત્ત્વો હાજર છે. વાત એ છે કે આશરો દઢ સિદ્ધ થવો જોઈએ. લોકમાંયે સર્વત્ર માન્યતાની મુખ્યતા છે. પતિ-પત્નિ, પિતા-પુત્ર, રાજા-પ્રજા, અને ગુરુ-શિષ્ય વચ્ચેના સંબંધમાં પત્નિ, પુત્ર, પ્રજા અને શિષ્યની જેટલી ઉચ્ચ માન્યતા તેટલું ઉચ્ચ ફલ પ્રાપ્ત થાય છે. અત્યારે બાજી બગડી હોય અને જગત દુઃખી થાય છે તેનું કારણ આ માન્યતામાં કચાસ છે. એક જ દાખલો લો કે પરશુરામે બાપની આજ્ઞા માની તો તેનો ધર્મ રહ્યો, માતા જીવતી રહી અને દોષથી મુક્ત થઈ. પતિવ્રતાએ પોતાના પતિ પ્રત્યે જે ભાવ રાખવાનો છે અને તેણે જે ધર્મો પાળવાના

છે તે ભાવ વૈષ્ણવોએ પ્રભુ અને ગુરુ પ્રત્યે રાખવાનો છે, અને તે ધર્મો પાળવાના છે. એટલે જ મર્યાદામાર્ગ કરતાં પુષ્ટિમાર્ગ જુદો પડે છે. મર્યાદામાર્ગમાં ગુરુમાં દેવ બુદ્ધિ છે, તે પ્રસન્ન થાય તો પ્રભુ પાસે પહોંચાડે, જ્યારે પુષ્ટિમાર્ગમાં ગુરુમાં સાક્ષાત પુરુષોત્તમનું પ્રાકટ્ય છે. પુષ્ટિમાર્ગમાં પ્રભુ પ્રકટ છે. પતિવ્રતાની પણ પોતાના પતિ તરફ આજ બુદ્ધિ છે. તેમાં સહેજ પણ આવિશ્વાસ આવે તેથી તેનો અપરાધ થાય એટલું જ નહીં પરંતુ તે પાતક થાય, એટલે તે અવિશ્વાસને લઈ તેનું પતન થાય.

વિભાગ દસમો

(૬૧) ગઈકાલ અને આજ

(૬૫૫) પહેલાં લોકો લાંબુ જીવતાં, છતાં તેઓને મૃત્યુનો ખ્યાલ રહેતો. હાલ થોડું જીવે છે, છતાં લોકો એમ સમજે છે કે અમે અજરામર છીએ. અમારી આ જાણની વાત છે કે પહેલાં થોડું સંઘરતા છતાં સાત સાત પેઢી અવિચ્છિન્ન રીતે આબાદ રહેતી. જ્યારે અત્યારે સાત સાત પેઢી માટે સંગ્રહ કરે છે અને ત્રીજી જ પેઢીએ કાંઈ નથી રહેતું.

(૬૫૬) અત્યારે તો બે ત્રણ વાર કહીએ ત્યારે માંડ કહ્યું કરે. પહેલાં તો અમે શું કે અમારા માણસો શું, સૌ ઈશારામાંજ સમજી જઈએ અને મોટે ભાગે ઈશારો કરવો પડે, એટલો વખત પણ આવવા ન દઈએ. આટલી બધી સાવધાનતા અમારામાં હતી. અત્યારે તો અનાચાર વધ્યો, બુદ્ધિ ભ્રષ્ટ થઈ અને અસાવધાનતા અને પ્રમાદ વધી પડ્યા.

(૬૫૭) અમે પ્રાચીન બાલકો અભ્યાસ ન કરતા, તેનું કારણ એ પણ હતું, કે અમને અભ્યાસ કરાવવા સામ્પ્રદાયિક પંડિતો ન મળતા.

(૬૫૮) અત્યારે તો તમાચા મારી ગાલ રાતા રાખવાની

વાતો છે. સૌ કહે છે કે મારી બાયડી બહુ સારી છે, પરંતુ તે કેવી છે? તે તો તેનું મન જાણે. શ્રીઠાકોરજીની પણ એવી જ કાંઈ લીલા છે. આપણો ધર્મ તો આપણામાં નથી, તથાપિ શ્રીઠાકોરજી આપણને લોકો આગળ સારા કરી રાખે છે.

(૬૫૯) તમે નવા અને અમે જુના વચ્ચે ફેર આ કે તમારે સારા બનવું છે, જ્યારે અમે છીયે તેવા છીયે. અમારે સારા બનવું નથી, અને જે બનવું છે તે તો નાટક છે.

(૬૬૦) પ્રાચીન રીવાજ ચોતરા ઉપર બેસવાનો હતો.

(૬૬૧) પ્રાચીન વૈષ્ણવોએ જેટલો પરિશ્રમ વચનામૃતોના સંગ્રહ કરવામાં લીધો છે તેટલો આજ વાંચવામાં કોણ લે છે?.

(૬૬૨) અત્યારે વૈષ્ણવો આગળ સેવાના સૂક્ષ્મ પ્રકારોની વાતો કરવી તે કુંવારી આગળ રસની વાતો કરવા જેવું છે.

(૬૬૩) અત્યારે પુરુષ અને સ્ત્રીના સ્વભાવમાં પહેલાંના કરતાં વિપરીતતા જણાય છે. પહેલાં પુરુષ એક સ્ત્રી મરી જાય પછી બીજી કરવાની ઉત્કટ ઈચ્છા રાખતો. હાલ તેને તેવી ઈશ્છા નથી રહી. જ્યારે પહેલાં સ્ત્રી એક પતિ મરી જાય પછી બીજો કરવાની ઈચ્છા મુદ્દલ રાખતી ન હતી. હાલ બીજો પતિ કરવા તે જ તત્પર થઈ જાય છે.

પુરુષ બીજાના દબાણથી બીજી સ્ત્રી કરે અને સ્ત્રી બીજાના દબાણથી વિધવા રહે. એ જુદી વાત. પરંતુ તેમના અંતઃકરણના ભાવ તરફ દૃષ્ટિ કરતાં ઉપર કહ્યું તે મુજબ જ જણાય છે. પહેલાં સ્ત્રીના ભોગથી પુરુષનું બલ વધતું, અત્યારે તેનું બલ ઘટે છે. પહેલાં દશ–દશ સ્ત્રીનો ભોગ કરનાર પુરુષ એવોને એવો રહેતો, અત્યારે બેથીત્રણનો ભોગ કરનાર ક્ષીણ થઈ જાય છે. પહેલાં સ્ત્રી પુરુષથી દબાતી રહેતી, અત્યારે પુરુષ સ્ત્રીથી દબાતો રહે છે.

(૬૬૪) પહેલાં લગ્નમાં બાલકોને પધરાવવાનો મહિમા બહુ હતો, પરંતુ જ્યારે પરધર્મિંને કન્યા આપવાનો રીવાજ શરૂ થયો અને વેવાઇઓ વચ્ચે એકાદ બે વાર ઝગડા થયા એટલે તે ચાલ બહુ ઓછો થઈ ગયો છે.

(૬૬૫) વચનામૃતો બીરાજે છે એ વાંચવાની જેને નવરાશ નથી, એને નવાં વચનામૃતો લખી લેવાની નવરાશ ક્યાંથી હોય ? હવે તો બધા સમજવાવાળા થઈ ગયા છે, એટલે કાંઇ સમજવાનું બાકી રહ્યું નથી.

(૬૬૬) ન કહેવાય કે ન સહેવાય. તે વખત હવે ચાલ્યો ગયો. હવે તો ફૂટ ને રે ને કહી નાખે છે. પહેલાં તો કહેવાની વાત તો આઘી, પરંતુ પોતાના મનમાં પણ દુઃખ છે એમ લોકો જણાવા ન દેતા,

(૬૬૭) પંડિતો પણ આજે નકલી થઈ ગયા છે. તુકારામ, તુલસીદાસ વગેરે જેમ ભજન કરતા, તેમજ ભજન

તેના પાત્રો પણ કરે છે. પરંતુ પેલા અસલ અને પાત્રો નકલ.

(૬૬૮) પહેલાંના ભગવદીયો ખંડિતાનાં પદો કઈ નાયિકાના છે, તે નાયિકા સાત્વિક છે, રાજસ છે કે તામસ, તે બધું સમજતા, પરંતુ હાલ તેવું નથી.

(૬૬૯) જુના લોકો અને નવા લોકોમાં આટલો ફેર માલુમ પડે છે કે જુના લોકો ભણતર બગાડતા પણ જીવતર સુધારતા, જ્યારે નવા લોકો ભણતર સુધારે છે અને જીવતર બગાડે છે.

(૬૨) કલિયુગમાં ભક્તિમાર્ગ

(૬૭૦) કલિયુગ એક પ્રકારે દર્પણ જેવો છે. આપણી સામે જ એક પ્રવૃત્તિ ઉભી થાય છે. અને આપણી સામે જ એ પાછી નિવૃત્તિ થઇ જાય છે. બીજા યુગોમાં લોકો ચિરંજીવ હતા અને પરસ્પર આમન્યા રાખતા, એટલે એક બીજાનું નશ્વર અને ક્ષણિકપણું ધ્યાનમાં ન આવતું. અત્યારે તે સહજમાં સ્પષ્ટ થાય છે. માટે આ યુગને "કરજુગ" પણ લોકો કહે છે. એક હાથથી કર અને બીજા હાથે જો. એક કરથી કરવાનું અને બીજા કરથી જોવાનું.

(૬૭૧) એક એક ભક્તિ એક એક ઈન્દ્રિય સાથે સંબંધ રાખે છે. જેમકે શ્રવણ ભક્તિ કાન સાથે, કીર્તન વાણી સાથે, સ્મરણ મન સાથે, પાદસેવન અર્ચન વન્દન

એ હસ્ત સાથે, દાસ, સખ્ય અને આત્મનિવેદન સમગ્ર શરીર સાથે.

(૬૭૨) સત્યયુગમાં માણસો તપ કરતાં, તપ પછી રાજ્ય પ્રાપ્ત કરતાં, અને રાજ્ય ભોગવ્યા પછી પાછું તેઓને નરકમાં જવું પડતું. તેઓનું આયુષ્ય એટલું બધું લાંબું છતાં કોઈ તેને ભગવદ્ ભજન કરી કૃતાર્થ ન કરતાં. આ સત્યયુગનાં અંધારાં શ્રીમહાપ્રભુજીએ દૂર કર્યાં.

(૬૭૩) હવે બે જ આશ્રમો રહ્યા છે. બ્રહ્મચર્ય અને ગૃહસ્થ. બ્રહ્મચર્ય સોળ વર્ષ સુધી જ પાળવું. તેથી આગળ આ કલિયુગમાં નભે તેમ નથી. માટે જ શ્રીમહાપ્રભુજીની આજ્ઞા છે કે "अन्यथा पतितो भवेत्" ગૃહસ્થના ધર્મો પળાય તો જ ગૃહસ્થાશ્રમ સાચો.

(૬૩) ઉદારતા

(૬૭૪) ગ્વાલ શ્રીનાથજીમાં ચોરી કરી દૂધ પીતા તો તેને માટે નેગ બંધાયો. બાલકોનો આવો ન્યાય છે. જેને નુકશાનનું ભાન ન હોય તેને લાભનું પણ ભાન ન હોય.

(૬૭૫) શ્રીવ્રજરાયજી મહારાજ એક વખત શ્રીગોવિંદલાલજીને પરણાવવા બહાર પધારેલા. પધારતી વેળા પહેરાવાળાને એવી આજ્ઞા કરી કે હું મંદિરમાં નથી તો કોઈને ઘૂસવા દેતો નહીં, અને હું આવું તો મને પણ

ઘૂસવા ન દેજે. હવે બન્યુ એવું કે આપને દેહધર્મ બાધ કરી એટલે આપને વહેલું પધારવું પડયું પણ પહેરાવાળાએ આપને અંદર પધારવા ન દીધા અને કહ્યું કે આપ માલિક છો પરંતુ આપનો હુકમ છે અને હું આપને અંદર દાખલ થવા નહીં દઉં, પછી આપને યોગ્ય લાગે તેમ કરો. આપે તેનું કહ્યું માન્યું અને આપ ઘણો વખત બહાર બીરાજ્યા, લઘુશંકા પણ બહાર કરી. ત્યારબાદ જ્યારે અધિકારી આવ્યા અને આપને બહાર બીરાજેલ જોયા ત્યારે આપને પૂછયું કે આપ અહીં કેમ બીરાજો છો ? ત્યારે આપે બધી બીના બતાવી ત્યારે અધિકારી તે પહેરાવાળાને લડવા મંડયો ત્યારે તે અધિકારીને આપે રોકયા અને તે પહેરાવાળાને શિરપાવ આપવા આપે આજ્ઞા કરી.

न पारयेऽहं निरवद्यसंयुजां, स्वसाधुकृत्यं विबुधायुषापि वः
या मा भजन् दुर्जरगेहशृंखलाः संवृश्च्य तद्वः प्रतियातु साधुना

આ શ્લોકમાં આપે જે પોતાની દીનતા દર્શાવી વચન આપ્યું છે તે પાળવા વલ્લભી સૃષ્ટિમાં આપ ઘેર ઘેર બીરાજી આનંદનું દાન કરી રહ્યા છે.

(૬૭૬) યશોદાજીનું વાત્સલ્ય એટલે પરાકોટિ અને શ્રીમહાપ્રભુજી યે તો હદ જ વાળી દીધી છે. આપની સૃષ્ટિમાં આજે ઘેર ઘેર યશોદાજીનાં લાડ છે.

(૬૭૭) ગાડીમાં બેસીને નીકળાયે તો તે ગાડીને છાજે એવી રીતે ભિખારીને આપવું. એ પ્રમાણે દાદાજી શ્રીમધુસુદનલાલજીએ આજ્ઞા કરેલી.

(૬૪) પતિવ્રતા

(૬૭૮) સ્ત્રીએ શું સમજવું ? મારા બાપે આનો હાથ મને પકડાવ્યો છે એ એટલું સમજી તો બધું સમજી. એટલું ન સમજી તો કાંઇએ ન સમજી. વળી એમ સમજવું કે મારૂં સર્વસ્વ આ છે. પુરુષયોની ભલે હોય પરંતુ મારે તો આ એકજ પુરુષ છે. વળી ભગવાનજ આ સ્વરૂપે મારો આસ્વાદ લેવા આવ્યા છે. એવી ભાવના રાખવી. કારણકે પ્રભુ જ પિતા સ્વરૂપે ઉત્પન્ન કરે છે, અને પતિ સ્વરૂપે આસ્વાંદ લે છે. "યજ્ઞકર્તા" તેમ "યજ્ઞભોક્તા" આપ જ છે. ફકત લૌકિક વૈદિક મર્યાદા સાચવવા આપ ભિન્ન સ્વરૂપો ધારણ કરે છે.

(૬૭૯) પતિમાં સહેજ પણ અવિશ્વાસ આવ્યો એટલે સતીત્વ ગયું અને અવિશ્વાસનું પરિણામ એ આવે કે તેને વૈધવ્ય પ્રાપ્ત થાય. રામની માતાઓએ પતિમાં અવિશ્વાસ કર્યો, એટલે તેમને વૈધવ્ય પ્રાપ્ત થયું. માટે મર્યાદા પુરુષોત્તમે તેમને સતી થવા ન દીધાં. અને વૈધવ્યના ધર્મો પ્રકટ કર્યા. આમ ન કર્યું હોત તો માતૃહત્યા થાય.

(૬૮૦) એક કોઈ સ્ત્રી પાસે બીજી સ્ત્રી ગઈ અને એમ કહેવા લાગી કે તારો ધણી તો એક બીજી સ્ત્રી પાસે જાય છે. ત્યારે પહેલી સ્ત્રીએ જવાબ આપ્યો કે મારો ધણી એથી વધારે રાજી હશે. માટે ત્યાં જતો હશે, તો જે મારા

ધણીને મારા કરતાં વધારે સુખ આપે છે તેની તો મારે દાસી થઈ રહેવું જોઈએ. આનું નામ તે સાચી પતિવ્રતા.

(૬૮૧) પતિવ્રતાનું પતિવ્રતાપણું કેવળ શીયળ સાચવવામાં આવી નથી જતું પરંતુ પોતાનો પતિ કેમ પ્રસન્ન રહે તે માટે તત્પર રહેવામાં છે.

(૬૮૨) "પ્રભુ પતિવ્રતાના પતિ સાક્ષાત" પતિવ્રતા ભક્તિ જેને છે તેને શ્રીમહાપ્રભુજી સાક્ષાત પતિ તરીકેનાં સુખો આપે છે.

(૬૮૩) શ્રીહરિરાયજી આજ્ઞા કરે છે કે જેટલી ચતુરાઈ કરવી હોય તે ગુરુદેવને શરણે જતાં પહેલાં (એટલે કે ગુરુ કેવા હોવા જોઈએ, કેવા ગુરુ મારે કરવા છે વગેરે ચતુરાઈ) કરી લેવી. પરંતુ ગુરુ કર્યા બાદ ચતુરાઈ કરે છે તેટલી તેને બાધક થઈ પડે છે. કન્યા લગ્ન વખતે કંઈ ચતુરાઈ કરે છે? તે એટલુંજ સમજે છે કે મારા પિતાએ આનો હાથ મને પકડાવ્યો છે અને એ મારો પતિ છે અને એ મારૂં સર્વસ્વ છે. પતિવ્રતા ભક્તિમાં પતિના ગુણદોષ સામું જોવાતું નથી.

दुःशीलो दुर्भगो वृद्धो जडो रोग्यधनोपि वा ।
पतिः स्त्रीभिर्न हातव्यो लोके प्सुभिरपातकी ॥

(૬૮૪) પતિવ્રતાનાં લક્ષણો તો નથી, પરંતુ એ નથી તેનો તાપ રહે તો પણ ઘણું છે. ચોરાશીથી જે થયું એ આપણાથી થઈ શકે તેમ નથી. પરંતુ તેમનું સ્મરણ રહે

તોયે આપણું કાર્ય સિદ્ધ થાય. પરંતુ આપણું કાર્ય શું એની પણ આપણને ખબર નથી.

(૯૮૫) પ્રભુમાં પ્રાકૃત ભાવના એ અસંભાવના. અને વિપરીત ભાવનાનું ટુંકું લક્ષણ એ કે વાત્સલ્યને હિસાબે જ પ્રાકૃત ભાવના હોવી જોઇએ. વાત્સલ્યને લઈ હરિના હરિ બનવું એનું નામ પતિવ્રતા ભક્તિ.

(૯૫) ખરા પતિ કોણ ?

(૯૮૬) વેશ્યા અને શ્રીગોપીજનોમાં એ તફાવત કે વેશ્યા એમ સમજે છે કે હું શણગાર સજીને પરપુરુષને રીઝવીશ. જ્યારે શ્રીગોપીજનોને એ ભાવ કે પ્રભુ–અમે જેવાં છીયે એવાં છીયે, આપ કૃપા કરો. કોઈ એવી શંકા કરે કે શ્રીગોપીજનો પણ પોતાના પતિને છોડી બીજા પાસે ગયાં અને વેશ્યાઓ પણ પોતાના પતિને છોડી બીજા પાસે જાય છે. તો તે બન્ને વચ્ચે તફાવત શો ? તો તેનો જવાબ એ આપવો કે પહેલીને અભિમાન છે, જ્યારે શ્રીગોપીજનોને દીનતા છે. ઉપરાંત શ્રીગોપીજનો તો ખોટા પતિને છોડી સાચા પતિ પાસે ગયાં છે, જ્યારે પેલી તો સાચા પતિને છોડી ખોટા પતિ પાસે જાય છે. વળી વેશ્યા પરપુરુષ પાસે જાય છે એનો અર્થ એ કે પારકા પુરુષ પાસે જાયછે. જ્યારે શ્રીગોપીજનોતો પર પુરુષ એટલે **अव्यक्तात्** પુરુષઃ **पर : !, पुरुषान्न परं किंचित् !, सा परा काष्टा सा परा गति : ॥** એ શ્રુતિવાક્યમાં વર્ણવેલ “ પરમ પુરૂષ–પૂર્ણ પુરુષોત્તમ ” પાસે ગયાં છે. માટે આવી શંકા મનમાં પણ ન લવાય.

(૬૬) અધિકાર

(૬૮૭) અધિકાર વિનાની વાત કરવી તે નીચે બતાવ્યા મુજબ છે.–

“આંધેકે હાથ દઈ જો આરસી, ઓર બહેરેકે આગે બીન સુનાઈ,
હીરા ગમારકે હાથ દીયો, જૈસે ખરકો હાથીકી ઝુલ ઉઢાઈ
બેલકો ખવાઈ બરાસકી બોડી, લગાઈ શ્વાનકે અંગ સુગન્ધ
મૂરખકે આગે કવિતા પઢાયો, જેસે ભેંસકે આગે મૃદંગ બજાઇ.

(૬૮૮) પ્રભુ કોટિ કન્દર્પ લાવણ્ય તો છે પરંતુ તેવાં દર્શન થવા માટે જેટલી આપણો એક તરફી પ્રેમમાં કચાશ તેટલો વિલમ્બ.

(૬૮૯) જીવને વળી અલૌકિકમાં સૂઝ શું હોય ? શ્રીઠાકોરજી સુઝાડે એટલુંજ સુઝે.

(૬૯૦) આળસ હોય ત્યાંસુધી સેવામાં અધિકાર નહીં એવી શ્રીમહાપ્રભુજીની આજ્ઞા છે.

(૬૭) સ્વકીયા અને પરકીયા

(૬૯૧) સ્વરૂપથી સ્વકીયા પરંતુ ભાવથી પરકીયા. અને પરકીયા ભાવમાં આસ્વાદ વિશેષ અને માન મુદ્દલ નહીં.

(૬૯૨) “ સ્વકીયાનો પ્રેમ અને પરકીયાનો સ્નેહ. ”

(૬૯૩) આપણો સૌનો પરકીયા ભાવ છે. શ્રીચંદ્રાવલીજી અને તેમનું યૂથ છે તો સ્વકીયા પરંતુ તેમનો ભાવ પરકીયાનો છે. નહીંતર જેમનું પ્રાકટ્ય શ્રીઠાકોરજી

ખાતર છે તેને પરકીયા કેમ કહેવાય ? માટે કેવલ પરકીયાનો ભાવ જ છે, છે તો સ્વકીયા.

(૬૮) લીલા ભાવના

(૬૯૪) માન, દાન, ગોચારણ અને રાસ એ ચાર નિત્યલીલા છે. શ્રીપુરુષોત્તમ સહસ્ર નામમાં સૂક્ષ્મ રીતે આ લીલાઓનું નિરૂપણ હોય છે. "દધિભાંડ વિભેદન" એ નામમાં દાન લીલાનું દર્શન થાય છે.

(૬૯૫) પ્રાચીન રાસો અને અત્યારે કરવામાં આવતા રાસોમાં ઘણો ફેર પડી ગયો છે. પહેલાં સંગીત ઘણું ઓછું હતું. સંગીત દરમ્યાન શ્રીવલ્લભ બાલકો ઉભા રહેતા એટલે સહેજે ઓછું રાખવું પડતું. ઉપરાંત જ્યાંસુધી શ્રીનાથજીનો મુકુટ ધર્યો હોય ત્યાંસુધી શ્રીવલ્લભ-બાલક અને બીજા વૈષ્ણવો પણ ઉભા રહેતા, એટલે રાસમાં ઝાઝો વખત ન જાતો અને શ્રીઠાકોરજીને ઓછો પરિશ્રમ પડતો. રાસમાં નાની લીલા એક દિવસમાં બે થાય, અને મોટી લીલા ત્રણ દિવસ ચાલતી. માન અને રાસ–એ બે મોટી લીલા. રાસલીલા ત્રણ દિવસ ચાલે. પહેલે દિવસ અન્તર્ધાનલીલા સુધી થાય, બીજે દિવસે અન્તર્ધાન પછીના પ્રાકટ્ય સુધી અને ત્રીજે દિવસે બાકીના રાસ કલાકથી વધારે સમય ન લેતા. તેમાં ભાવ પણ રહેતો અને ભાવ રહે ત્યાંસુધી રાસ, નહીંતર ભવાઈ.

(૬૯૬) એક પ્રસંગે શ્રીઠાકોરજીએ શ્રીસ્વામિનીજીનો

શૃંગાર ધર્યો, અને શ્રીઠાકોરજીએ શ્રીસ્વામિનીજીનો શૃંગાર ધર્યો. ત્યારબાદ શ્રીઠાકોરજીએ માન કર્યું એટલે શ્રીઠાકોરજીને શ્રીરાધિકાજીએ ફક્ત એટલું જ કહ્યું કે હું માન કરીશ.

(૬૯૭) છઠ્ઠી પૂજા, ભઠ્ઠી પૂજા વગેરે જે તે નન્દાલયની ભાવનાથી નન્દારાયજી વ્રત કરતા એટલે હજી વ્રતોને દહાડે શ્રીનવનીતપ્રિયાજીને તથા સાતે સ્વરૂપોને ફલાહાર ભોગમાં આવે છે. કારણકે છોકરૂં રોટલા પણ ખાય અને કજીયો કરી ફલાહાર પણ માગે. પરંતુ નિકુંજમાં શ્રીસ્વામિનીજી કાંઈ વ્રત કરતાં નથી એટલે નિકુંજનાયક શ્રીનાથજીને ત્યાં અખંડ નિકુંજલીલા છે.

(૬૯૮) શ્રીનાથજીનું મંદીર તે નિકુંજ. શ્રીનવનીતપ્રિયાજીનું મંદીર તે નન્દાલય. ગોવર્ધન અક્ષર બ્રહ્મનું સ્વરૂપ વ્રજ છે. એ વ્યાપિવૈકુંઠનું સ્વરૂપ છે. તેને વ્યાપિવૈકુંઠ એ માટે કહે છે કે નિત્ય છે, તેનો કદાપિ લય નથી. શ્રીરંગજીનું મંદીર એ નારાયણ વૈકુંઠ, ત્યાં સાત પરિક્રમા કરવાની હોય છે. શ્રીનાથજીના મંદીરમાં કાચો જડાવ્યા બાદ હીરાનું તેજ કોઈક જ વાર દર્શન આપે છે. પહેલાં તો તે હીરો સતત ચમકારા મારતો.

(૬૯) વિપ્રયોગ

(૬૯૯) સૂતક એટલે સુંદર તક, એટલે વિપ્રયોગ ભાવના માટેની સુંદર તક. વિપ્રયોગ ભાવના ઉભય રીતેઃ—

એક તો જે બાલકે લીલા કરી એનો તો શ્રીઠાકોરજીએ લીલામાં અંગીકાર કર્યો, જ્યારે અમારો ન કર્યો. બીજી રીત એ કે અમારી બધી સેવા છૂટી ગઈ.

(૭૦૦) એકલાનો આનંદ એવો હોય છે કે પહેલાં પ્રભુને મહેણાં મારે, પછી રડે, પછી મૂર્છા પામે અને આ મૂર્છાદશામાં બધા અનુભવો કરે અને પછી કહે કે જેને તું બતાવવા આવ્યો છે (ઉદ્ધવજીનો પ્રસંગ) તે તો અહીં વિલસી રહ્યો છે, અમારી પાસેથી એક ઘડી પણ દૂર નથી.

(૭૦૧) પુષ્ટિમાર્ગમાં વિયોગ જ છે. સંયોગ તો ક્ષણમાત્રનો.

(૭૦૨) ફગવામાં વિરહની ભાવના છે. સર્વત્ર શુદ્ધિ તાપથી છે. હૃદયમાં માન થાય ત્યારે વિરહ તાપથી શુદ્ધિ, કાંઈ અનાચાર થઈ ગયો હોય તો જઠરાગ્નિના તાપથી શરીરની શુદ્ધિ, (ઉપવાસ) અને વાસણ છોવાઈ ગયુ હોય ત્યારે અગ્નિથી તપાવ્યાથી શુદ્ધિ.

(૭૦૩) તાપકલેશના અનુભવીની તબીયત નરમ-ગરમ રહેવાની જ.

૭૦ ચિત્રસેવા

(૭૦૪) જે સ્વરૂપ ભૂતલ ઉપર બીરાજતું હોય તેના ચિત્રજીને ચરણ-સ્પર્શ ન થાય. તેના છાપેલાં ચરણારવિન્દને થાય. શ્રીમહાપ્રભુજીના ચિત્રજીને ભોગ ન ધરાય. પરંતુ શ્રીનાથજીનું મુખારવિન્દ એ જ શ્રીમહાપ્રભુજી એટલે શ્રીનાથજીને ભોગ ધરાય. મૂલ આગ્રહ તો સ્વરૂપ સેવા માટે છે. સ્વરૂપમાં સેવા માટે છે. સ્વરૂપમાં સાક્ષાત ભાવ છે. પરંતુ જેટલી અપરસ વગેરે તે સ્વરૂપસેવામાં જોઇએ. તે પાળી ન શકાય એટલે ચિત્રસેવા એ પ્રતિનિધિ છે. મુખ્ય સ્વરૂપ જ્યાંસુધી બીરાજે ત્યાંસુધી પ્રતિનિધિને અવકાશ ન હોય.

(૭૦૫) ચિત્રસેવા એ ગૌણ પ્રકાર છે. સાક્ષાત સંબંધ વાળી વસ્તુની સેવા એ મુખ્ય પ્રકાર છે. છતાં અત્યારે લોકો આ ગૌણ પ્રકારના જ અધિકારી.

(૭૦૬) અમે ચિત્રજી પધરાવી ભોગ ધરીને લેવાની આજ્ઞા આપી ચીલે ચડાવી દઇએ. આટલું અમે કરીયે. પરંતુ સ્વરૂપસેવા કે મર્જાદ તો યોગ્યતાની પરીક્ષા કરી ગુરુદેવ જ આપે.



(૭૧) શંખનાદ-ઘંટાનાદ

(૭૦૭) શ્રીનાથજી અને શ્રી નવનીતલાલજીને ત્યાં સીધા શંખનાદ થાય છે. ઘંટનાદ નથી થતા.

(૭૦૮) શ્રીનાથજી અને શ્રીનવનીતપ્રિયાજીને ત્યાં પહેલાં શંખનાદ અને પછી તાલાં ખુલે. બીજે બધે પહેલાં તાલાં ખુલે પછી શંખનાદ થાય.

(૭૦૯) શંખનાદને માટે મૂળ નિયમ એવો છે કે જે સ્વરૂપો શ્રીનાથજી સાથે બીરાજીને આરોગ્યાં હોય તે સ્વરૂપોને ત્યાં શંખનાદ થાય. આજ હિસાબે શ્રીશ્યામલાલ શ્રીમહાપ્રભુજીના નિધિ છે છતાં ત્યાં શંખનાદ નથી થતા. આગળ ઉપર છૂટ ભૈયાઓને માથે સ્વરૂપો પધાર્યાં ત્યારે અમુક નેગને હિસાબે અને અમુક ઘરની પ્રણાલીના હિસાબે વલ્લભકુલના બાળકોએ પોતપોતાને ત્યાં શંખનાદનો પ્રારંભ કર્યો.

(૭૧૦) કેટલાક ઘરોમાં ઘંટનાદ શંખનાદ પછી શ્રીમહાપ્રભુજી જાગે છે, અને કેટલાક ઘરોમાં પહેલાં જાગે છે. આપણે ત્યાં પહેલાં પહેલા જાગતા, પરંતુ હવે હવે પછી જાગે છે.

શ્રીસ્વામિનીજીના કંઠનાદના ભાવથી શંખનાદ થાય છે અને શ્રીસ્વામિનીજીના નૂપુરના નાદના ભાવથી ઘંટાનાદ થાય છે. આ નિકુંજનો ભાવ. નન્દાલયનો ભાવ એ કે

ગાયોના કંઠમાં રહેલ ઘંટડીયો વાગે છે અને રાત દરમ્યાન બહાર ચરવા ચાલી ગયેલી ગાયોને બોલાવવા ગોવાળીયા શંખનાદ કરે છે. શ્રીનાથજી અને શ્રીનવનીતપ્રિયાજીને ત્યાં સીધો શંખનાદ જ થાય છે.

(૭૨) જગતના રિવાજ

(૭૧૧) આ દુનિયાનો રિવાજ જ છે કે પોતાના દોષ પોતાને ન સૂઝે. પોતાની ભૂલ તો બીજા જ કાઢે. કર કંકણ જેમ દેખાય એમ કાંઈ મોઢે અથવા પીઠે ચાઠું હોય તે કાંઈ દેખાય? આરસી વગર મોઢે ચાઠું હોય તો જોઈ ન શકાય. માટે બીજાની મદદથી જ આપણે આપણા દોષ જોઈ અથવા જાણી શકીયે.

(૭૧૨) દુનિયા એક બીજી રીતે પણ આરસી જેવી છે, જેમ આરસી મેલી હોય અને તેમાં આપણું મ્હોં મેલું દેખાય તેમ આપણામાં દોષ હોય તો આપણને બીજામાં દોષ દેખાય છે કે કેમ, તે પણ ધ્યાન આપવું.

(૭૧૩) નહીંતર દુનિયા ન હોત અને જો તેની બીક ન હોત તો લોકો બહેકી જાત. રાંડો કંકણ પહેરીને બીજાના હાથ પકડી છડે ચોક ચાલત. માટે દુનિયા છે એવી છે, એમાં લોકોને લાભ જ છે.

(૭૧૪) પતિ છોડયા એટલે વેદ છોડયો, અને પુત્ર છોડયા એટલે લોક છોડયો.

(૭૧૫) પહેલાંના લોકો મકાનમાં બહુ પૈસા ન

નાખતા. કારણ કે કયે વખતે એ બધું છોડીને ભાગવું પડે તેની કોને ખબર ? વળી મકાનમાં પૈસા નાખ્યાથી તેમાં વૃત્તિ રહે અને પાછો જન્મ લેવો પડે. આર્યસંસ્કૃતિ એ કે આપણું સંતાડીને રાખવું કે જેથી બીજા આપણને કનડગત ન કરે. રાક્ષસી કૃતિ એ કે ખૂબ દેખાવ કરે એટલે બીજાને ઈર્ષ્યા થાય અને લૂંટી લે.

(૭૧૬) મનનો વેગ એવો ભયંકર છે કે માણસ પોતાનું માથું પણ કાપી નાખે. માટે શ્રીઠાકોરજીએ એવું કર્યું છે આપણું ધાર્યું ન થાય. નહીંતર કોણ જાણે આપણે શું કરી નાખત ?

रूपनाम विमेदेन जगत् क्रोडति यो यतः

(૭૧૭) વાંઝીયા લોકો સંયોગમાં કસર રાખતા નથી, છતાંયે તેમને ત્યાં પ્રજા નથી થતી તેનું કારણ શું ? તે વાંઝીયાની ક્રિયા હોત તો તે પ્રજા ધાર્યા મુજબ થાત. પરંતુ ક્રીડા તો શ્રીઠાકોરજીની છે. જેમને બહુ પ્રજા હોય છે તેમના વિષયમાં પણ તેમજ સમજવું. આપણે તો નિમિત્ત માત્ર છીએ.

(૭૧૮) ઘોડા ઉપર બેઠેલો માણસ ઘોડા ઉપરથી લઈને ભાર પોતાના ઉપર મુકે એથી ઘોડા પરનો ભાર કાંઈ ઓછો નથી થતો, ઉલટો પોતાના પર વધે છે.

(૭૧૯) દુનિયામાં કાંઈ ખરાબ નથી. આપણને ખરાબ દેખાય છે એ જ ખરાબ છે. અને એ ખરાબી આપણા પોતાનામાં છે.

(૭૨૦) સંસારમાં રહ્યા એટલે આ પણ સંભાળવું પડે અને પેલું પણ સંભાળવું પડે. પાછળ રહ્યા એના શુકન ખાતર આગળ ગયા એને ભૂલવા પડે.

(૭૨૧) દુનિયા તો દર્પણ જેવી છે. આપણે જેવા હોઈએ એવા આપણને બતાવે એ કોઈની પરવા ન રાખે. અને આ સારૂં છે. આટલી દુનિયાની બીક ન હોત તો સૌ પાપ છૂટથી કરત.

(૭૨૨) અને દુનિયા કાંઈ આંધળી નથી. તમારી કૃતિ સામું એ જોવાની જ. તમે કરો નહીં અને કહ્યા કરો તો તે તમારૂં કહ્યું કદાપિ ન કરે.

(૭૨૩) લોકોનો તો સ્વભાવ પડયો છે કે જે જેવો હોય તેવો તેને કહે અને તેની નિંદા કરે તો પછી બધી પૂંછડી કપાવી બાંડા કહેવાવું એના કરતાં સાત પૂંછડી જે પ્રભુએ આપી છે તેટલી કાયમ રાખી તેવા કાં ન કહેવાવું ?

અમારા બાલકો જે શ્વેત વસ્ત્રો ધરી બહાર નીકળે છે અને કેસરી વસ્ત્રો ધરીને બહાર નથી નીકળતા. તેઓ કોક દિવસ કેસરી વસ્ત્રો ધરીને બહાર નીકળે તો લોકો કહે કે આ તો “રામરાજ્ય”ની જાહેર ખબર છે. જ્યારે અમે તો કેસરી વસ્ત્રો ધરીનેય બહાર નીકળીયે છીએ એટલે કોઈને અમારી બાબતમાં કાંઈ કહેવાનું, નથી રહેતું પણ કોઈ અમને “રામરાજ્ય”ની જાહેરખબર કહે તો અમે ખરેખર “રામ રાજ્ય”ની જાહેરખબર છીયે જ.

(૭૩) તીર્થયાત્રા

(૭૨૪) બદરીનાથ ન જવું એવી જે શ્રીમહાપ્રભુજીની આજ્ઞા છે તેની પાછળ રહસ્ય એ છે કે બદરીનાથ જે સમયે પધાર્યા એમાં આપને બહુજ પરિશ્રમ પડયો. તે પરિશ્રમ ફરીવાર ન પડે તે માટે ત્યાં ન જવું.

(૭૨૫) બીજાં તીર્થો આપણે જે કરવાનાં છે તે આપણા મનની આપણા માર્ગમાં સ્થિરતા થાય તે માટે.

(૭૨૬) અમારા એક મુખ્યાજીએ કહ્યું કે અમારે તો શ્રીનટવરલાલના સેવકી જલઘરામાં સૌ તીર્થ આવી ગયાં.

(૭૨૭) શ્રીમહાપ્રભુજીએ સરસ્વતીનું ઉલ્લંઘન ન કરેલું. તેનું એક એ પણ કારણ કે સરસ્વતીની ઉત્તરે મ્લેચ્છ દેશ છે. ત્યાં જો આપશ્રી પધારે તો મહાપતિવ્રતા સરસ્વતી પણ સાથે પધારે. એ રીતે સરસ્વતીને પણ મ્લેચ્છ દેશમાં પધારવું પડે. માટે આપશ્રીએ સરસ્વતીનું ઉલ્લંઘન ન કર્યું.

(૭૨૮) પહેલાંના ટેકી વૈષ્ણવો જગન્નાથપુરી અથવા તો દક્ષિણમાં યાત્રા કરવા જાય તો શ્રીવલ્લભકુલના બાલકને પધરાવી સંઘ કાઢી જાય. એકલા એકલા જવાનું હાલ શરૂ થયું છે.

(૭૨૯) સિદ્ધભક્તો તો તીર્થને સનાથ કરવા તીર્થમાં

જાય છે. પરંતુ સાધક ભક્તોએ તીર્થનો મોહ પોતાનો દૂર થાય તે ખાતર તીર્થમાં જવાનું છે. ઉપરાંત તીર્થ અને તીર્થનું માહાત્મ્ય જોશે એટલે એમને ભાન થશે કે શ્રીમહાપ્રભુજીએ કૃપા કરી જે વસ્તુનું આપણને દાન કર્યું છે તે કેવી ઉત્તમ છે.

(૭૩૦) ઉજ્જૈનમાં જે ગોમતીજી બીરાજે છે તે શ્રી ઠાકોરજીએ પોતાના વિદ્યાગુરુ સાંદીપનિ ઋષિ માટે પ્રકટ કર્યાં છે.

(૭૩૧) મથુરાના બાલકોમાંથી કોઈ હજી સુધી તો બદરિકાશ્રમ નથી પધાર્યા. અને બીજા જે બાલકો પધાર્યા છે તેમને કંઈ ને કંઈ દુઃખ થયું છે.

(૭૩૨) મથુરામાં જુનું કેશવરાયજીનું મંદીર તે શ્રી ઠાકોરજીનું જન્મસ્થાન.

(૭૪) વૈષ્ણવને ક્યાં ગમે ?

(૭૩૩) એક વખત મુખ્યાજીને કોઈએ પૂછયું કે તમારે ઘેર ક્યારે જવું છે ? ત્યારે તે મુખ્યાજીએ કહ્યું કે આ મંદિર એજ અમારૂં ઘર. અમે જ્યાં રહીયે છીએ તે તો સામાન્ય જગ્યા છે. અને એ સારૂં છે. જો તે સારી જગ્યા હોત તો અમે મંદીરમાં હોઈએ ત્યારે પણ તેના વિચાર આવત. અને જો તે આવી જગ્યા છે તો ત્યાં પણ અમને એમ વિચાર થાય છે કે ક્યારે મંદિરમાં જઈએ.

એ રીતે અમારૂં મન શ્રીઠાકોરજીમાં પરોવાયેલું રહે છે. રહેવા આવી જગ્યા આપી એ મોટાઓની અમારા પર પરમ કૃપા. (વસંતરામ શાસ્ત્રીના પિતા હરિકૃષ્ણ મુખ્યાજીની વાત)

(૭૫) ગુરુકૃપા

(તુલસીદાસ-રત્નાને મળેલું ફળ)

(૭૩૪) ગુરુનું કુળ બ્રહ્મકુળ અને ઉંચું હોવું જોઇએ. ગુરુ અતિ વિદ્વાન હોય તો ઘણું ઉત્તમ, પરંતુ તેઓ દંભરહિત, સેવાપરાયણ, ધર્મપરાયણ અને જગતનું ભલું કરવા માટે ઈચ્છા ધરાવતા હોવા જોઇએ. તેમનામાં વિદ્વત્તા થોડી હોય તેની ચિંતા નહીં, પરંતુ તેમનું હૃદય ઉદાર, દંભરહિત, સેવાપરાયણ, ધર્મપરાયણ અને જગતનું ભલું ઈચ્છવામાં તત્પર હોવું જોઈએ.

આવી કર્તવ્યપરાયણતા તુલસીદાસના ગુરુએ બતાવી. તેમણે ભગવદ્–વચન ઉપર શ્રદ્ધા રાખી જગતના કલ્યાણના હેતુથી જ તુલસીદાસને શોધવા માટે ઘરનો ત્યાગ કર્યો. બાર વર્ષ શોધ કરી. ભગવદ્–ભક્તને આશ્રય આપ્યો. આવી તેમની ત્યાગવૃત્તિ. પછી કેળવણી આપી અને સમય આવ્યો. ત્યારે આડે રસ્તે ચડતો બચાવ્યો. ગુરુપત્નિએ તુલસીદાસ અને રત્નાનો શુદ્ધ પ્રેમ જોઇ બન્નેનાં લગ્ન કરાવી દીધાં. જો ન કરાવ્યાં હોત તો તેમનો પ્રેમ જે વંદનીય ગણાયો તે નિન્દનીય થાત. તો બન્ને જણ

આટલે ઉંચે દરજે પહોંચત નહીં. પરંતુ અધઃપાત ન થાય તે રીતે તેમણે લગ્નથી સંસારમાં રહી દામ્પત્ય પ્રેમ વૃદ્ધિગત કરવાની યોગ્યતા વધારી. તેમ વળી ગુરુ-પત્નિએ પતિની આજ્ઞાને માન આપી, તેના શબ્દોમાં શ્રદ્ધા રાખી એક અજાણ્યા બાલકને પોતાનો પુત્ર ગણી પોષ્યો, એટલુંજ નહીં પણ તેનાં પોતાની બેનની દીકરી સાથે લગ્ન કરાવી તેને ગૃહસ્થાશ્રમી બનાવી તેને પાપમાં પડતો અટકાવ્યો. તેણે બન્નેનો શુદ્ધ પ્રેમ જોઈ આ કાર્ય કરી તે બન્ને પર મહાન ઉપકાર કર્યો.

તુલસીદાસના ગુરુએ તુલસીદાસમાં આ પૂર્વભવમાં વાલ્મીકી હતા તેવી દૃઢ શ્રદ્ધા રાખી. તેમણે જોયું કે તુલસીદાસદ્વારા જગતને ઘણોજ લાભ મળવાનો છે. તેને દુઃસંગ લાગી ન જાય અને તે પ્રભુને માર્ગે ચઢે અને જગતનું કલ્યાણ કરે તેટલા માટે તેમાં ઉંચો ભાવ રાખી કેળવણી આપી. સમય આવતાં તેમને પૂર્વ-જન્મની સ્મૃતિ પણ કરાવી કે તમે વાલ્મીકી છો.

તમે તમારૂં સ્વરૂપ ન ભૂલો અને અને રત્નાના પ્રેમમાં ન ફસાઓ. રામનું નામ ભૂલી રત્નાને ભજો છો પરંતુ તે તો ક્ષણભંગુર દેહ છે, તો રત્નાને ભૂલી રામનું નામ યાદ કરો.

આ રીતે આપણે આપણા બાળકને પણ સમજાવવું કે તમો પૂર્વ-જન્મના વૈષ્ણવ છો, તો તમારે આડે રસ્તે ન જવું જોઇએ. શ્રીમહાપ્રભુજીએ પણ પધારી પોતાને થયેલી આજ્ઞા જીવને સમજાવી. તેને પોતાના સ્વરૂપનું

ભાન કરાવ્યું. ચોર્યાશી–બસોબાવન વૈષ્ણવોના હૃદય શુદ્ધ હતાં. તેમને તરત જ પોતાના સ્વરૂપનું ભાન થયું. અને સાથે જ લીલાની સ્ફૂર્તિ થઇ. પૂર્વ જન્મની શુદ્ધિ આવવી તે ગુરૂ-કૃપા. દુઃસંગ, મોહ, મનની અસ્થિરતા, લોભીવૃત્તિ, વગેરેને લઇ જીવ પોતાનું સ્વરૂપ ભૂલી જાય છે. દરેક પુષ્ટિ જીવને ગૌરવ રહેવું જોઈએ કે હું કોણ છું, કોનો છું. ફક્ત અભિમાન ન કરવું જોઈએ. જે કામ સ્વાર્થરહિત હોય અને નિત્ય વધતો જતો હોય તે પુષ્ટિ કામ. પરંતુ જે સ્વાર્થમય હોય, જે દેહના સુખ માટે જ હોય તે કામવાસના દુઃખરૂપ છે. તેથી જે પ્રજા ઉત્પન્ન થાય તે લૌકિકાસક્તિવાળી થાય. પરંતુ અલૌકિક કામથી જે પ્રજા ઉત્પન્ન થાય તે ભગવદ્દાવેશ વાળી થાય.

ગૃહસ્થાશ્રમમાં કેવો પ્રેમ જોઈએ તેની પરાકાષ્ટા તુલસીદાસ અને રત્નાએ બતાવી. પરસ્પરનો પ્રેમ વન્દનીય હતો. એ પ્રેમની સાથે અલૌકિક માન્યતા હતી. પરસ્પર એકબીજામાં તેઓ રામ દેખતા. એ દૈવી પ્રેમ હતો એટલે ઈશ્વરનું જ સ્મરણ થયું. હવે જુઓ તેવા અલૌકિક ભાવયુક્ત સંયોગનું ફળ શું આવ્યું. બન્નેમાંથી વિષયવાસના નાશ પામી. તુલસીદાસ અને રત્ના ઉંચી કોટીએ પહોંચ્યા. બન્નેનો સાચો સંબંધ હતો. તેથી તુલસીદાસનો ભાવ જે માત્ર વાણીમાં હતો તે રત્નાએ સત્ય કરી બતાવ્યો. ગુરુશિક્ષાથી તથા ગુરુ-કૃપાથી રત્નાનો ભોગ અમોલક હતો. પોતાના સુખનો વિચાર નહીં કરતાં તેણે સાચો ભોગ આપ્યો. પોતાને પોતાના ખરા સ્વરૂપનું ભાન થયું. અને

બીજાને કરાવ્યું. તે પરસ્પરમાં રામ દીઠાનું ફળ. વિશેષમાં લૌકિકાસક્તિ ન વધી. અને ભગવદાસક્તિ વધી. લૌકિકાશક્તિ વધત તો ભગવદાસક્તિનો લોપ થાત.

ઉપરનો ગૃહસ્થાશ્રમ ખરેખર વન્દનીય છે. આપણા આચાર્યોએ એવા જ પ્રકારનો ગૃહસ્થાશ્રમ શ્રેષ્ઠ માન્યો છે. તેઓ બન્નેનો અલૌકિક પ્રેમ હતો, તેથી બન્નેના લગ્ન પરિણામે રામ સાથે થયાં, એટલે કે રામ–સીતામા મળી ગયાં. તુલસીદાસે લૌકિકમાં રત્નાને મેળવવા માટે પરિશ્રમ ઉઠાવ્યો. અનેક કષ્ટો સહન કર્યાં. પણ જ્યારે ગુરુએ વિચાર્યું ત્યારે રત્નામાં રહેલું મન રત્નામાંથી નીકળી રામમાં ગયું. રામને મેળવવા તેટલો જ પરિશ્રમ ઉઠાવ્યો. લૌકિકમાં રત્નાને માટે ભોગ ન આપ્યો હોત, પરિશ્રમ ન વેઠયો હોત તો અલૌકિકમાં પ્રયત્ન કરવામાં પાછા પડત. લૌકિકમાં પરિશ્રમ ફલીભૂત થયો એટલે અલૌકિકમાં પાછા રામ માટે સાચા દિલથી પરિશ્રમ ઉઠાવ્યો તો શરૂઆતમાં શું ફળ મલ્યું ? હનુમાનજી જેવા અનન્ય ભક્ત જેમને દાસ્ય–ભક્તિ સિદ્ધ થઈ છે તેવા ભક્ત તેમને પ્રાપ્ત થયા. પછી પ્રભુને પ્રાપ્ત કરવા માટેના કયાં કયાં પગથિયાં ચડયા તે જોઈએ.

(૧) જીવ દૈવી હોવાથી વણપ્રયાસે સ્વરૂપાસક્તિ થઈ સ્વરૂપ પધરાવ્યું. અને સ્વરૂપાસક્તિના પ્રભાવે ગુરુ મળ્યા.

(૨) લૌકિક પ્રેમાસક્તિમાં ભોગ આપવાની પરાકાષ્ટા કેળવી અને છેવટે વૈરાગ્ય આવ્યું.

(૩) ગુરુ-કૃપાથી અલૌકિક સ્વરૂપનું પૂર્વ જન્મનું ભાન આવ્યું અને લૌકિકાસક્તિ છૂટી. તેના પ્રિયપાત્ર દ્વારા પ્રભુ એ જ સાચું ફળ છે એવું ગુરુએ બતાવ્યું.

(૪) લૌકિકમાં રત્નાને માટે કર્યો હતો તેથી પણ વિશેષ પ્રયત્ન પ્રભુને શોધવા માટે સાચા હૃદયથી કર્યો.

(૫) ભગવદ્-ભક્તની પ્રાપ્તિ અને તેનો સંગ.

(૬) ભગવદ્-ગુણાનુવાદ કરી આશ્રય સાથે વિવેક અને ધૈર્ય કેળવ્યાં.

(૭) ભગવાનના પરોક્ષ સ્વરૂપની સેવા કરી અને ભગવત્ સ્વરૂપ ગ્રંથોને હૃદયમાં ઉતારી બીજા ભક્તોને ઉદારતાથી સમજાવ્યા.

(૮) દૈવી જીવ હોવાથી જ પ્રભુ પ્રાપ્તિ થઈ. ભગવદ્ ભક્તના સંગથી ભગવાન મલ્યા પણ ઓળખ્ય નહીં. પરંતુ આર્તિ વધી.

આર્તિ એ અગ્નિનું સ્વરૂપ છે. એટલે અગ્નિરૂપ આર્તિ હૃદયમાં પ્રજ્વલિત થવાથી હૃદય નિર્મલ અને શુદ્ધ બને છે. હૃદય કેવલ નિર્મલ હોય તો જ પ્રભુનાં દર્શન થઇ શકે છે. દર્શન ન થયાં પરંતુ આર્તિ વધી. જેમ જેમ દિવસે દિવસે આર્તિ વધતી ગઈ તેમ તેમ હૃદય નિર્મલ બનતું ગયું. પોતાના દોષ સ્ફૂરાયમાન થયા. તેનું ફલ એ આવ્યું કે લૌકિકાસક્તિ છુટી હૃદય જેમ જેમ નિર્મલ બનતું ગયું તેમ તેમ ભગવત તેજ વધતું ગયું,

દીનતા આવતી ગઈ પોતાના દોષો દેખાવા લાગ્યા, અને બીજાના દોષો ગુણરૂપ દેખાવા લાગ્યા, તેથી ભકતો આકર્ષાયા. તેના દ્વારા અનેક ભકતો થયા, અને તે પણ એવા થયા કે તેમણે તેમના ગુરુરૂપ તુલસીદાસને રામ દેખાડયા.

અત્યારે આ સમયમાં પરોક્ષ ભક્તિ (મૂર્તિપૂજા)ને સ્વીકારવામાં આવી. રત્નાની શિખામણ કેવી સરસ કે “રૂપને ના જો, પરંતુ મારામાં જે તત્વ જુએ છે તેને સાચા સ્વરૂપે શોધ.” આવો સ્ત્રીનો ગૃહસ્થાશ્રમ રામે પણ વધાવી લીધો. અને રત્નાનો ભોગ પણ કેવો સુંદર? કે તેણે રામચંદ્રની પાસે પ્રતિજ્ઞા કરી કે હું તુલસીદાસના કાર્યમાં બાધક છું એમ જો મને સત્ય લાગશે તો હું પોતે તેમનાથી દૂર થઈ રહીશ.

ભોળો અને સરસ્વતી એ બંનેમાં કામવાસના ન હતી માટે તેમને તાત્કાલિક દર્શન થયાં. અને તુલસીદાસ કામ વાસનાયુક્ત દેહવાળા હતા તેથી તેમને વાર લાગી. વટેશ્વરને દંભ પૂરતી જ શિવભક્તિ હતી. બાકી અસલ શિવભક્તિ હોય તે સનાતન સિદ્ધાંતથી વિરુદ્ધ ન હોય. તેત્રીસ કોટી દેવતાઓ હિન્દુઓના કહ્યા છે. અને તે સર્વ દેવતા ભગવાનની વિભૂતિઓ છે. શાસ્ત્રમાં કહ્યું છે કે—**सर्वदेव नमस्कारं केशवं प्रति गच्छति.** વટેશ્વરે આ નિયમ ન પાળ્યો. આદ્ય શંકરાચાર્યે પણ રામ, કૃષ્ણ કે ગોવિન્દનો વિરોધ કર્યો ન હતોં પણ “**भज गोविन्दं, भज गोविन्दं, भज गोविन्दं मूढमते**” એવું તેમનું વચન છે. તેમ છતાં

વટેશ્વરે રામ નામનો વિરોધ કર્યો. અને જે પાખંડી હોય તેજ વિરોધ કરે. ખાસ અનન્ય શિવભક્તિ હોય તે કદાપિ વિરોધ ન કરે. પ્રાચીન શિવભક્તોએ કોઈ સ્થળે રામ નામનો વિરોધ કર્યો નથી. અસલ ભક્તો કોઈનો વિરોધ કરતા જ નથી. ઢોંગીજ હંમેશાં બીજાનો વિરોધ કરે છે.

આસ્તિકવાદનો નિયમ એ કે પોતાની વાતનું મંડન કરવું પરંતુ બીજાની વાતનું ખંડન ન કરવું. નાસ્તિકવાદીઓ બીજાનો વિરોધ જ કરે છે. પોતાના મતનું ભલે ખંડન થયું હોય તથાપિ તેનો ખ્યાલ રાખ્યા વગર વિરોધ જ ચાલુ રાખે છે. કાલિદાસ કવિ કાલિનો ભક્ત હતો અને કાલિમાતાના આશીર્વાદથી તે કવિ થયો હતો, તેમ છતાં રઘુવંશમાં તેણે રામના ગુણ જ ગાયા છે. તેણે કોઇ દિવસ કોઈ દેવનો વિરોધ કર્યો નથી.

(૭૬) તેને કાલકર્મ નવ બાંધે રે

(૭૩૫) ભગવદીયોને કાલ બાધ નથી કરી શકતો. પરંતુ જ્યારે ભગવદીય સમજે છે કે મારો દેહ હવે શ્રીઠાકોરજીની સેવા કરવાના ઉપયોગનો નથી રહ્યો અને અશક્ત થયો છે માટે ધરતી ઉપર ભારરૂપ થયો છે. માટે તેઓ ત્યારે તે ઇચ્છા કરે છે અને કાલને માન તેટલું આપે છે કે તેના મસ્તક પર પગ ધરી લીલામાં જાય છે. નિત્ય જે શ્રીઠાકોરજીની સન્મુખ રહે છે તેનાથી કાળ દૂર રહે છે. બીજાને તો એ ઝટ ખાઈ જાય છે,

मुख्याधिकार्यपि हरेरिच्छाशक्तिस्वरूपवान् ।
तदंतरंगदासेपु न तत्सामर्थ्यंभिष्यते ॥
स हि सर्पो यथाऽन्येषां मारकोऽपि नहिक्षमः ।
पितामृतं जनं जातु स्प्रष्टुमाघ्रातुमेव च ॥
तथा कालोऽपि मनुषं महापुरूषसंस्थितम् ।
भक्तिपीयूषपातारं न किंचित्कर्तुमोश्वरः ॥

(શિક્ષાપત્ર ૨૪મું. ૧૬ થી ૧૮)

(૭૭) નિત્યલીલા પ્રવેશ

"देहदेशपरित्यागः तृतीयो लोकगोचरः" ।

(૭૩૬) દેહત્યાગ તો લોકને દેખાડવા પૂરતો. આપશ્રી નિકુંજમાં જ પધારેલા છે. દંડોતી શીલા પાસે આપશ્રીનો ચોતરો છે, તે શ્રીસ્વામિનીજીના નિકુંજનું દ્વાર છે અને શ્રીગુસાંઈજી શ્રીનાથજીનું મુખારવિંદનું પ્રાકટ્ય થયું તે સ્થળે પધાર્યા છે. તે શ્રીચન્દ્રાવલીજીના નિકુંજનું દ્વાર છે.

(૭૩૭) શ્રીમહાપ્રભુજીએ જે વખતે કાશીમાં આસુર વ્યામોહ લીલા કરી તે જ વખતે શ્રીગિરિરાજ ઉપર દંડોતિ શીલા પાસેના નિકુંજદ્વારમાં પ્રવેશ કરતા આપશ્રીના દર્શન આપશ્રીના સેવકોને થયાં છે. આપશ્રીએ ઉપરણો આપ્યો તેની ઉપર બધા સંસ્કારો થયા. સંસ્કારો થયા માટે આશૌચાદિ.

(૭૩૮) લીલામાં અપરાધ પડે અને બીજા જન્મ લેવા પડે તો યોનિ બદલાય પરંતુ લીલા સંબંધ તો રહેજ.

(૭૩૯) શ્રીદામોદરલાલજી મથુરાવાળાએ ફાગણસુદ દશમને દહાડે લીલા કરી એટલે તેમનો તે લીલામાં અંગીકાર થયો સમજવો. શ્રીમધુસુદનલાલજીએ ગંગાદશમને દહાડે લીલા કરી એટલો એમનો અંગીકાર શ્રીયમુનાજીની લીલામાં. માટે મેં ભાભીજી મહારાજને કહેલું કે તમે રો કકળ ન કરતાં અને તમારા સૌભાગ્ય ચિહ્નો છે તે શ્રીયમુનાજીમાં પધરાવી વિનતિ કરજો કે જ્યારે હું તમારી લીલામાં આવું ત્યારે મને પાછા આપજો. આપણે ત્યાં તો જ્યાં નિત્યલીલામાં પધારવાનું છે ત્યાં રો કકળ શી ?

(૭૮) ઉપદેશાત્મક વચનામૃતો

(૭૪૦) તમે ભલે એક કોઈ માણસની નિન્દા કરતા આવો, પરંતુ તેમની પ્રશંસા કરવા હું તમને પાછા મોકલું. હા—એ માણસ અમારો વૈષ્ણવ હોવો જોઈએ. બીજા સાથે અમારે સંબંધ નથી.

(૭૪૧) અત્યારે સીધે સીધું અલૌકિક લીલાનું દર્શન થાય એવો સંભવ કમ છે, પરંતુ લૌકિકમાં અલૌકિકની ભાવના કર્યાથી તે અલૌકિક લીલાનું દર્શન થશે, આ દિવ્ય દૃષ્ટિ. પરંતુ અલૌકિકમાં પણ જે લૌકિક જુએ તે પ્રાકૃત દૃષ્ટિ.

(૭૪૨) એક સૂર્યમાં બે વાર ભોજન ન થઈ શકે. હવે બચ્ચાંઓ ભૂખ્યાં થાય તો કેવળ પ્રસાદી અનસખડી આપવી.

(૭૪૩) સારા પ્રસ્તાવ પર પધારેલા બાળકને ખાલી હાથે વિદાય ન અપાય.

(૭૪૪) આપણે શ્રીઠાકોરજી જાગ્યા એ સૂર્યોદય.

(૭૪૫) સિદ્ધાંત સમજાવતાં દૃષ્ટાંતો આપવા. પરંતુ તેમાં ધ્યાન રાખવું કે કેવળ દૃષ્ટાંતો ઉપર જ ન ચાલ્યાં જવું. તેમ કરવાથી સિદ્ધાંત છૂટી જાય છે. સિદ્ધાંત રોટલા જેવો છે અને દૃષ્ટાંત અથાણાં જેવાં છે. રોટલા કરતાં અથાણાં વધે તેમાં આસ્વાદ નહીં.

(૭૪૬) પ્રેમ રાખવો પરંતુ અંગસંગથી સર્વથા બચવું. અંગસંગ થતાં પ્રેમની ઉત્કટતા નષ્ટ થઇ જાય છે, અને વિષય વધતો ચાલે છે. અને વિષય વધ્યો એટલે સામામાં પણ આપણને સ્વાર્થબુદ્ધિ દેખાય છે પછી પ્રેમનો છાંટોએ નથી રહેતો અને ભગવદ્‌ભાવ સર્વથા નષ્ટ થઇ જાય છે.

(૭૪૭) સૌથી ઉત્તમ રસ્તો એ કે જ્યાં વિકટ પરિસ્થિતિ ઉભી થાય એવે સ્થળે ન જાવું અને રખે ગયા તો એવી રીતે પરિસ્થિતિનો નિર્વાહ કરી લેવો કે સામાનું કે આપણું ખોટું ન દેખાય.

(૭૪૮) લોકમાં વણિક બુદ્ધિ રાખવી પણ સેવામાં વણિક બુદ્ધિ ન રાખવી.

(૭૪૯) મને તો કોઇ ખરાબ દેખાતું જ નથી. જેના મન ખરાબ હોય તેને બધું ખરાબ દેખાય.

(૭૫૦) કામ, ક્રોધ, લોભ અને મોહ જેવા અવગુણો પ્રભુના સંબંધમાં આવતાં ગુણરૂપ બને. મને તમારૂં મોઢું

જોયા વગર ન ચાલે અને તમને મારૂં મોઢું જોયા વગર ન ચાલે એ મોહ નહીં તો બીજું શું ? પરંતુ એ મોહ કયે સંબંધે ?

(૭૫૧) રોતીના પરોણા પણ ખાશે અને હસતીના પણ ખાશે તો નાહક કોઈ ઘરને શા માટે વગોવવું ?

(૭૫૨) બીજાને આડે આપણે શા માટે આવવું ? એ કોઈ આપણા ભાગ્યમાંથી તો ભાગ પડાવે તેમ નથી.

(૭૫૩) અત્યારે અવ્યહિતનો કેટલાક આગ્રહ રાખે છે એ માર્ગના સિદ્ધાંતથી વિરૂદ્ધ છે. આપના સંબંધમાં આવતાં વસ્તુ આપરૂપ બને છે.

(૭૫૪) સમૃદ્ધ લોકો નિષ્કિંચન વૈષ્ણવ કાંઈ માગવા આવે એટલે એને નિરપેક્ષતાનો ઉપદેશ કરે પરંતુ પોતે કેવા નિરપેક્ષ છે એ તો પહેલું વિચારે ? નિષ્કિંચન લોકો દામની અપેક્ષાવાળા છે અને સમૃદ્ધ લોકો નામની અપેક્ષાવાળા છે. અને નિષ્કિંચન વૈષ્ણવોની નિરપેક્ષતા છોડાવવામાં કારણભૂત સમૃદ્ધ લોકો જ છે. તેઓ સેવકી આપવા મંડયા ત્યારે નિરપેક્ષ નિષ્કિંચન લોકોએ નિરપેક્ષતા છોડીને !

(૭૫૫) ખાસ દર્શન કરવા આવ્યા હોઈએ અને જો દર્શન થાય એ દર્શન. બાકી મંદિર પાસેથી નીકળ્યા અને હાલ કે દર્શન ખુલ્યાં છે એટલે દર્શન કર્યા એ દર્શન નહીં.

(૭૫૬) અહીં રળવું હશે તો બહાર નહીં રળાય. અને બહાર રળવું હશે તો અહીં નહીં રળાય. " **આ લૌકિક વૈદિક જે કર્મ છે જી, તે હરિ સિદ્ધિ થવા દે નહીં જી** " લૌકિક વદિક હરિને સિદ્ધ થવા ન દે અને લૌકિક વૈદિકને સિદ્ધ ન થવા દે.

(૭૫૭) પ્રભુના સાન્નિધ્યમાં ક્રોધ ન કરવો. તેમ કરવાથી પ્રભુનો અનાદર થાય છે. કોઈ કોઈ ચૂકી ગયો હોય તો જાતે સુધારી લેવું અને એવો ભાવ લાવવો કે શ્રીઠાકોરજીની કૃપાથી અધિક ટહેલ મળી.

(૭૫૮) હવે આ માણસ આટલું તો કરે છે. બીજાતો આટલું પણ નથી કરતા. એવી દૃષ્ટિ લોકોમાં આવેલી છે. પહેલાં આવી દૃષ્ટિ નહોતી. આ રીતે આગળ વધવાની આશા સર્વદા છોડી દેવી.

(૭૫૯) "અહંકારના નમસ્કાર અને દીનતાના દંડવત્" જ્યાંસુધી અહંકાર રહે છે ત્યાંસુધી દંડવત થતાં નથી. હું યોગ્ય છું એવું મનમાં જ્યાંસુધી રહે છે ત્યાંસુધી નમસ્કાર થાય છે, દંડવત અને એ પણ નાક ઘસીને, તે તો ત્યારે જ થાય કે જ્યારે પોતાની તુચ્છતાનું અનુસંધાન મનમાં થાય.

(૭૬૦) અલૌકિકમાં મન નથી લાગતું એનું કારણ એ કે લૌકિકમાં મન લગાડતાં નથી આવડ્યું. સ્નેહ શું એ સમજ્યા નથી. લૌકિકમાં પણ શુદ્ધ સ્નેહ હોય તો તે શ્રીઠાકોરજી પોતામાં જોડે છે. શ્રીમહાપ્રભુજીએ ગૃહસ્થાશ્રમને

અંગીકાર એ માટે કર્યો છે અને કરવા કહ્યું છે, તેમાં ચિત્ત લાગે તો પછી અલૌકિકમાં પણ ચિત્ત લાગે.

(૭૬૧) વૈષ્ણવે વાસ્તુ ભોજનાદિમાં લૌકિક ભાવ ન રાખવો.

(૭૬૨) વૈષ્ણવો શ્રાદ્ધાદિ કાર્ય પ્રસાદી અન્નથી કરે એટલે તેમના પિતૃઓ કૃતાર્થ થાય અને પોતાને અન્યાશ્રય ન થાય.

(૭૬૩) દેહ પણ પ્રભુનો છે એમ સમજી એને પોષવો અને પ્રભુના ઉપયોગમાં લેવો. વસ્તુસ્થિતિએ વૈષ્ણવના ઘરમાં જે તે પણ અમારૂં છે.

(૭૬૪) નાનપણથીજ વસ્તુ વિના ચલાવતાં શીખવું અને સ્વાદ જીતવો. મા બાપે પોતાના બચ્ચાંઓને નાનપણથીજ સ્વાદથી દૂર રાખવા અને જેહોય તેનાથી જ ચલાવી લેતાં શીખવવું સ્વાદને વશ થઈ માણસ શું પાપ ન કરે? ફક્ત બે જ વ્યસનો સારાં છે. “व्यसनानि सन्ति बहुशो, व्यसनद्वयमेव केवलं व्यसनम्-विद्याव्यसनं अथवा हरिपाद सेवनं व्यसनम् ” બાકી બધાં હાનિ કારક છે.

ગયો મરદ જાને ખાઈ ખટાઈ
ગઈ બૈયર જાને ખાઈ મિઠાઈ.”

(૭૬૫) હું તો બધાને હાથજોડીને કહ્યું છું કે અમારા પર કૃપા કરીને તમે દુઃસંગથી દૂર રહો. અમારે તો સત્સંગ કહો કે દુઃસંગ કહો, તે બધો તમારો છે અમે મંદીર છોડી

બહાર જતા નથી. તમે અહીં આવો છો એટલે અમને તમારો સંગ છે. તમે સારા રહેશો તો અમને તમારા સંગથી વાંધો નહીં આવે. તમે ખરાબ બનશો તો તમારો દુઃસંગ અમને હાનિકારક નીવડશે. અમને તો શું પરંતુ અમારો સંગ કરવા આવનાર સૌને હાનિકારક નીવડશે. માટે અમારા ઉપર અને અમારો સંગ કરવા જે કોઈ આવે તેના ઉપર કૃપા વિચારી દુઃસંગથી દૂર રહેજો.

(૭૬૬) બધું માનનારને હાથ છે, કરનારને હાથ કાંઈ નથી. કાંઈ ના કરો અને શ્રીઠાકોરજી બધું માની લે અને બધું કરો તો યે શ્રીઠાકોરજી કાંઈ ન માને.

(૭૬૭) અમારે તો તે દ્રવ્યની ચિંતા કે જે શ્રીઠાકોરજીના કામમાં આવે એમ હોય. બાકીનાની અમને શી ચિંતા ? તે ગયું કે રહ્યું–બધું સરખું જ છે.

(૭૬૮) “જન્મ” એટલે જન્મ અને મરણ. “જ” શબ્દનો અર્થ જન્મ અને “મ” નો અર્થ મરણ. માટે જન્મ તો તેનો કહેવાય કે જેનું મરણ હોય. એટલે શ્રીઠાકોરજીનો જન્મ ન કહેવાય. માટે આપણે ત્યાં જન્માષ્ટમીને દિન શ્રીઠાકોરજીનો “પ્રાકટ્ય ઉત્સવ” એમ કહેવાય છે.

(૭૯) સ્વાનુભાવ

(૭૬૯) સૂરતવાળા અમારી અગવડે અહીં પધારતા અને અમે તેમની અગવડે ત્યાં પધારતા, પરંતુ ઉત્સવની સેવા મુખ્યાજીને કદીપણ ન સોંપતા.

(૭૭૦) એક મંદિરમાં પ્રસાદી જલ પધરાવવાના વાસણમાં અણપ્રસાદી જલના ટીપાં પડયા આ ગંગોજ થયું એટલે એક ગોસ્વામિ બાલકે જયારે આ જોયું ત્યારે આપે કાંઈ કહ્યું નહીં. પરંતુ ત્રણ દિવસ કેવલ પ્રસાદ લે પરંતુ જલ ન આરોગ્યા જયારે આનું કારણ પૂછયું ત્યારે આપશ્રીએ બતાવેલું.

(૭૭૧) મને પહેલાં ગરમીને લઈ મોંમા ચાંદા પડી ગયેલાં. તે કોઈ રીતે ન મટે. પછી એવું બન્યું કે કોઈ એ વૈષ્ણવ અંદર અંદર વાતો કરતા હતા કે હવે તો કોઈને દાતણ કરતાં એ નથી આવડતું. દાતણ ખૂબ ચાવીને મોં વહેતું મુકવું જોઇએ, એટલે લાળ ઝરી જાય અને તે વાટે ખોટી ગરમી લાળ વાટે બહાર નીકળી જાય. મેં આમ કર્યું અને મારા મોંના ચાંદા એની મેળે મટી ગયાં વૈષ્ણવની વાતું પણ આવું કામ કરે છે.

(૭૭૨) એક વખતે હું મોટા મદનમોહનલાલજીના શૃંગાર કરવા ગયેલો ત્યારે શ્રીગોપાલલાલજી બીરાજે મેં તેમને પુછયું કે આપને ત્યાં સોળ લોટીથી સ્નાન કેમ કરાવાય છે ? ત્યારે આપે આજ્ઞા કરી કે પહેલાં અમારે ત્યાં બાર લોટીથી સ્નાન કરાવાતું. પરંતુ એક વખત મદન મોહનલાલજી જયારે ચોરીમાં પધાર્યા ત્યારે બાર વરસ સુધી આપ ગુપ્ત રહ્યા એટલે બારનો અંક અમારે ત્યાં અશુભ ગણાયો. અને જયાં જયાં બાર વસ્તુ આવતી ત્યાં ત્યાં સોળ આવવા લાગી. ત્યારે મેં કહ્યું કે આ મામુલી કારણ

છે. પરંતુ ભાવની આપ આજ્ઞા કરો. ત્યારે આપશ્રીએ કહ્યું કે તે તો તું કહે. ત્યારે મેં કહ્યું કે રાસમાં આઠ કૃષ્ણ અને સોળ સ્વામિની જે આવે છે તે સોળ સ્વામિનીના ભાવથી આ સોળ લોટીથી સ્નાન કરાવાય છે. આ ભાવસાંભળી આપ એવા ખુશ થઈ ગયા કે જાતે લાકડીને ટેકે શ્રીવલ્લભલાલની પાસે જઈ લડયા કે આવા અદ્ભુત બાલકને તું ચંદ્રમાજીના શૃંગાર નથી આપતો ? ત્યારબાદ એક દિવસ મને શ્રીચંદ્રમાજીના શંગાર મળેલા.

(૭૭૩) બુરાનપુરના એક વૈષ્ણવે મેં એક વખત સફેદ વસ્ત્રો ધારણ કરેલાં ત્યારે મને કહેલું કે આ ભેખતો શ્રીમહાપ્રભુજીનો છે. આપના પિતા બીરાજતા હોય ત્યાં-સુધી તો આપ શ્રીગુસાંઈજી છો માટે કેશરી ધરો.

(૭૭૪) એક બાઈ તાતજી મહારાજને બાલપણમાં ખેલાવતી તેણે જ્યારે શ્રીતાતજી મહારાજને જનોઈ દેવાઈ ત્યારે ભિક્ષામાં બે કડાં આપેલાં. તે કડાં એક વખત મેં મંગાવેલાં તે જ્યારે આવ્યાં ત્યારે હું શ્યામલાલમાં ગયેલો મુખ્યાજીએ લઈ તે શ્રીનટવરલાલના સિંહાસન પર પધરાવ્યાં. મેં આવી તે ગાદી પર પધરાવ્યાં કારણ કે શ્રીનટવરલાલજીને તે અંગીકાર કરવાની ઈચ્છા થયેલી.

(૭૭૫) પ્રાગજી સૂરજીએ પાંચ લાખ રૂપિયા અલઘ મુકી એવી વ્યવસ્થા કરી હતી કે શ્રીચંદ્રમાજીનો સઘળો ખર્ચ તેમાંથી ચાલે. પરંતુ શ્રીવલ્લભલાલજી તેને અડકે

નહીં. પરિણામ એ આવ્યું કે શ્રીવલ્લભલાલજીના ઘરનું કફન ઓઢીને એ ગયા.

(૭૭૬) તાતજી શ્રીવ્રજરાયજી મહારાજ અખંડ ભગવન્નામોચ્ચાર કરતા. આપ બીજા સાથે વિશેષ વાત પણ ન કરતા. ગૌમુખી ન રાખતા. કોઇ ભેટ કરે તો તેના ગાદીના પટ્ટા સિદ્ધ કરાવતા. કોઈ વિના કારણ આપ પાસે બેસે તે આપને રૂચતું નહીં. કોઇને આપ પૂછે કે તું કેમ આવ્યો છે? અને તે જવાબ આપે કે હું આપની ઝાંખી કરવા આવ્યો છું તો આપ આજ્ઞા કરતા કે મારી ઝાંખીનું તો બહાનું છે. કોઇ બીજે કામે આવ્યો હોઇશ. અને મારી ઝાંખી કરવા આવ્યો હોય તો જા ભંડારમાં અને કર હાથ પવિત્ર.

(૭૭૭) યુવાવસ્થામાં જેનો વીર્યદ્વારા કે વિચારદ્વારા ક્ષય થયો છે તેને વૃદ્ધાવસ્થા દુઃખદ થઈ શકે છે. શ્રીનટવરલાલે આ બાબતમાં મારા પર પૂર્ણ કૃપા કરી છે. તાતજી મહારાજ સાથે હું બાલક હતો ત્યારે રહેતો ત્યારે નીચે જ રસોઈ થતી, ઉપર નહીં. એટલે પથ્ય બહુ સચવાતું અને આરોગ્ય બહુ જળવાતું ત્યારબાદ દાદાજી મહારાજ સાથે દક્ષિણમાં પરદેશમાં ગયો ત્યાં તીખાં અને તમતમતાં લેવાયાં. એમાં સ્વાસ્થ્ય બગડ્યું ત્યાંથી પાછો હું આવ્યો. તે બન્યું એમ કે કાંકરોલીવાળા શ્રીબાલકૃષ્ણજી અહીં પધારેલા. આપને તાતજી મહારાજે કહ્યું કે મને એક ખેદ થાય છે કે છોકરો નાનપણમાં મારી સાથે હતો

અને હવે તેના પિતા પાસે રહે છે એને લઈ રખેને મારી મમતા એને ઓછી થઈ જાય. ત્યારે શ્રીબાલકૃષ્ણલાલજીએ બે માણસો મોકલ્યાં અને પત્ર લખી મને અહીં તેડાવી લીધો. પછી મેં આગ્રહ કરી દાદાજીને પણ તેડાવી લીધા. પછી સં. ૧૯૫૯ ના કાર્તિકમાં શ્રીદાદાજી મહારાજે લીલા કરી ત્યાર પછી મારી માતાએ લીલા કરી. જ્યારે મારી માતાએ લીલા કરી તે પહેલાં બે વાત મને કહી. એક તો સર્વોત્તમજીનો પાઠ કર્યા પહેલાં જલ ન લેવાની અને બીજી પિતા બીજા લગ્ન કરે અને બીજાં બાલકો તેમને થાય તોએ તેમને કદીપણ પુંઠ ન દેવી. આમ કરીશ તો મારા આત્માને શાંતિ રહેશે. ત્યારપછી દાદાજી મહારાજે ત્રીજી વારનાં લગ્ન કર્યાં. મારા મોસાળિયા તો વૈષ્ણવ પરંતુ તે ભાભીજી મહારાજના સગાં બધાં અવૈષ્ણવ એટલે અનાચાર મને દેખાયો. પછી મેં અમુક સમય રસોઈ જાતે કરી સૌને લેવડાવ્યું. ત્યાર બાદ તે ભાભીજી મહારાજ જાતે રસોઈ કરવા લાગ્યાં. એટલે મેં નીચે રસોઇ શરૂ કરી. આ રીતે મારૂં પથ્ય બરોબર સચવાયું અને આરોગ્ય જળવાયું. લગ્ન બાબતમાં પણ વીસ વર્ષ મેં અસ્ખલિત બ્રહ્મચર્ય પાળ્યું.......અને શુદ્ધ વસ્તુ સામે હોય તો અજીઠામાં મન ન જાય તેમ મારે થયું. મને બધા એક પત્નિવ્રતવાળા કહેવા લાગ્યા. મને પણ કાંઈ યોગ્યતા આવી એટલે શ્રીનટવરલાલે બીજું લગ્ન કરાવ્યું એટલે તે અભિમાન પણ દૂર થયું.

(૭૭૮) જલની ચિવટ તો હરિકૃષ્ણ મુખ્યાજી રહ્યા

ત્યાં સુધી રહી. તે ઓરાઓરી થતી હોય ત્યાં જઈ તપાસે કે જલ છાન્યા પછી આંધણુ મુકાય છે કે એમને એમ ? પ્રમાદ કરનારને લઢે, શિક્ષા કરે. અત્યારના મુખીયા નેગ બમણો અને ત્રમણો માંગે છે. પરંતુ ચિવટ એની અર્ધી પણ નથી રાખતા.

(૭૭૯) અમારે મોટા લાલજીને ખરાસના બળદની માફક ઘરમાં ને ઘરમાં રાખવો જોઈએ અને આંખે ડાબલા ચડાવવા જોઈએ. બહાર ફેરવીયે તો પછી ઘરના કામનો ન રહે.

(૭૮૦) તુલસી પોતાના હાથમાં વાવે અને પછી પગે ચાલી દ્વારકા જઈને ચડાવે એવા વૈષ્ણવ મેં જોયાં છે એક નાના કુંડામા તુલસીજી વાવીને હંમેશાં હથેળીમાંજ બાંધી રાખે અને અપવિત્ર દશા પૂરતા અલગ રાખે. કોઈનું તો વળી એવું વ્રત હોય કે જ્યાંસુધી તુલસી ન ચડાવે ત્યાંસુધી બોલે નહીં.

(૭૮૧) દ્વારકાવાળા એમ કહે છે કે બોડાણો શ્રીરણછોડરાયને પધરાવી ગયો, ત્યારબાદ શંકરાચાર્યે દ્વારકાનાથને પધરાવ્યા છે. તો આપણે તેના દર્શન ચરણ–સ્પર્શ થાય પણ પ્રસાદ ન લેવાય અને અમારા દાદા શ્રીમધુસૂદનલાલજી મહારાજે તપેલી કરી ચોકમાં બીરાજતા શ્રીગુસાંઈજીને આરોગાવી પછી ભોજન કરેલું.

(૭૮૨) શ્રીદેવકીનંદન આચાર્યજીએ જે માલા પહેરી અનેક અનુષ્ઠાન કરેલાં, તે માલા આપે શ્રીમધુસૂદનલાલ–

જીને આપેલી, તે અકસ્માત ખોવાઈ ગઈ. ત્યારે શ્રીમધુસૂદનલાલજીને બહુ ખેદ થયો. ત્યારે શ્રીરણછોડલાલજી મહારાજે આપને વિનંતિ કરી કે મારી માલા લ્યો, ત્યારે આપે આજ્ઞા કરી કે તારી માળા એ માળા ક્યાંથી થાય? એ તો માંરી ચરણ–સ્પર્શની ઝાંપીમાં રહેતી અને આચાર્યજી મહારાજની પ્રસાદી હતી. પછી શ્રીરણછોડલાલજી મહારાજે શ્રીવલ્લભલાલજી મહારાજને વિનતિ કરીને એક બીજી એવી પ્રસાદી માળા અપાવી. શ્રીમધુસૂદનલાલજીએ લીલા કરી પછી શ્રીરણછોડલાલજી મહારાજ તે ધરવા લાગ્યા. એક વખતે શ્રીવલ્લભલાલજીએ તે માળા શ્રીરણછોડલાલજીના કંઠમાં જોઈ, એટલે આપે આજ્ઞા કરી કે મારી પાસે તો દાદાજીની એકે માળા ન રહી. ત્યારે શ્રીરણછોડલાલજીએ વિનંતિ કરી કે આપ આપની માળા મને આપો, અને આ માળા હું આપને આપું એટલે આપને દાદાજી અને કાકાજી એ બન્નેયે ધરેલ માળા મળે અને હું તો આપનામાં અને દાદાજીમાં કાંઈ ભેદ જોતો નથી, એટલે આપની માળા મારે મન તો દાદાજીની જ માલા છે.

(૮૦) શ્રીવલ્લભકુલના વચનામૃતો તથા આજ્ઞાઓ

(૭૮૩) મારા દાદાજી મહારાજ આજ્ઞા કરતા કે મુખ્યાજીને તો આપણે સેવા આપી છે. હવે આપણે દીધેલી વસ્તુ આપણુને ન આપે તે કેટલી શરમની વાત છે?

(૭૮૪) એક વખતે કોઈ સુંદર વસ્તુ બનેલી એટલે મેં કહ્યું કે "દાદાજી—આ વસ્તુ બહુ સુંદર બની છે." ત્યારે આપશ્રીયે આજ્ઞા કરી કે "તું હમકો શાબાશી દેવેવારો કોન?" આજે સારૂં કહે તે કાલ ખરાબ પણ કહે. પહેલાં મોટાઓની આટલી બધી આમન્યા રાખવામાં આવતી. તેઓની દેખીતી ભૂલ પણ અમારાથી કહી ન શકાય. થોડાક દિવસ વીત્યા બાદ ફક્ત વિનંતિ કરાય. આજે આ આમન્યા કયાં રહી છે?

(૭૮૫) મોટર અને વિજળી સેતાની ચરખા છે. તે કયારે રખડાવે તેનું કાંઈ કહેવાય નહીં. એક વખતે શ્રીનટવરલાલ અને શ્રીશ્યામલાલ હિંડોલામાં ઝુલે અને બંધી બત્તી બુઝાઈ ગઇ. મને બીક લાગી કે કોઇ શ્રીઠાકોરજીને ઉપાડીને ચાલતો થાય તો મારે શું કરવું! એટલે મેં તો હુકમ કર્યો કે બધા કીર્તનીયા બહાર ચાલ્યા જાય. ને બારણાં બંધ કરી દ્યો. પછી એક હિંડોલાને બાથ ભીડી હું ઉભો રહ્યો અને બીજા બે હિંડોલા હતા તેને એક એકને બાથ ભીડી ઉભા રહેવા મેં બે મુખ્યાજીને કહ્યું. રતનના જતન તો આમ થાય.

(૭૮૬) એક વખત ખવાસ કનૈયાભાઈએ આપશ્રીને વિનંતિ કરી કે મોટા મોટા ભણેલા લોકોના પણ મ્હોં આપ બંધ કરી શકો છો, તો આપ શા માટે કહો છો કે હું અભણ ને મૂર્ખ છું ત્યારે આપશ્રીએ આજ્ઞા કરી કે હું અભણ ને મૂર્ખ છું તેમાં જ મને લાભ છે. પંડિત હોત તો પછી પંડિતાઈ કરત કે સેવા કરત? સારૂં થયું કે હું ન ભણ્યો ભણ્યો હોત તો મારી સેવા છૂટત.

(૭૮૭) શ્રીગિરધરલાલે ૮૨ માં વચનામૃતમાં જે બ્રાહ્મણ બીજા જન્મમાં સૂવરના બચ્ચા તરીકે જનમ્યો તે પ્રસંગ ટાંકયો છે. તેનું હાર્દ એ કે બીજી યોની કેવી દુઃખમય છે તેનો ખ્યાલ કેવલ મનુષ્યયોનીમાં જ છે. બ્રાહ્મણ હોવા છતાં તેને તે યોનીમાં જવું પડયું તેનું કારણ એ કે તેણે પોતાની બ્રાહ્મણ યોની કૃતાર્થ ન કરી. વિદ્વત્તા અને પ્રતિષ્ઠામાં પડેલો હતો. જો વિદ્યા પ્રાપ્ત કરી મનુષ્ય પોતાના આત્માનું શ્રેય ન કરે તો આત્મઘાતી જ છે.

(૭૮૮) એક વખતે મુંબઇવાળા શ્રીગોકુલનાથજી મહારાજના જ્યેષ્ઠ પુત્ર શ્રીકૃષ્ણજીવનજીએ આપશ્રીને એટલે રાજનગરવાળા શ્રીરણછોડલાલ મહારાજને વિનંતિ કરી કે “શ્યામુદાદા–આપ આશિર્વાદ આપો કે મારૂં ચિત્ત સેવામાં લાગે.” ત્યારે આપશ્રીએ આજ્ઞા કરી કે પહેલાં તો લૌકિકમાં ચિત્ત લગાડતાં શીખવાનું, પછી અલૌકિકમાં ચિત્ત લગાડવું કેમ તે પ્રથમ શીખવાનું છે.

(૭૮૯) ૮૭ વચનામૃતમાંમાં મહાદેવજીની નિંદા ન કરવા બાબતનો પ્રસંગ ને મહાદેવજીના ઘણાં સ્વરૂપો છે તેમા જે સોમ્ય સ્વરૂપ છે તે લીલા સંબંધી છે. તે તરોલીમાં બુઢ્ઢા બાબુના નામે બિરાજે છે. અને વ્રજવાસીઓ તેમની માનતા કરે છે.

(૭૯૦) યજ્ઞભોક્તા અને યજ્ઞકર્તા એ યુગલ સ્વરૂપ યજ્ઞકર્તામાં કેવી દીનતા હોવી જોઈએ તેનું ભાન શ્રીમહાપ્રભુજીએ, શ્રીગુસાંઈજીયે અને શ્રીહરિરાયજીએ કરાવ્યું છે. આ દીનતા હોય તો જ યજ્ઞભોક્તા ભોગ કરે. આ દીનતા હોય તો એક મિશ્રિની ટુક કોટાનકોટી છપ્પનભોગ તુલ્ય છે.

(૭૯૧) શ્રીવ્રજરાયજી મહારાજ આજ્ઞા કરતા કે જે લોકો આપણી વાત સાંભળતા નથી કે નથી વિચાર કરતા અને તેમને જેમ ફાવે તેમ બોલવા લાગે છે. તેઓને સન્નિપાત થયો છે એમ સમજવું અને તેમના તરફ ધ્યાન ન આપવું.

(૭૯૨) કોટાવાળા વલ્લભકુલના એક બાલક સેવા છોડી ઘોડા દોડાવવા ગયા. ત્યારે તેમના પિતાશ્રીએ શાપ આપ્યો કે “વલ્લભકુલમાં જનમ્યા પછી સેવા સિવાય બીજું કાર્ય શું હોય? છતાંયે આપ ઘોડા દોડાવવામાં રસ લેતા હો તો જાવો રાજકુલમાં જઈ જન્મ લો.” પછી તે બાલક કિસનગઢમા રાજા તરીકે જન્મ્યા.

(૭૯૩) અમને અને આપણને સૌને વસ્તુ તો બહુ ઉત્તમ મલી છે, પરંતુ તેનો આસ્વાદ આપણે લઈ શકતા નથી. દાદાજી મહારાજ એટલે શ્રીમધુસૂદનલાલજી મહારાજ આજ્ઞા કરતા કે આતો વાંદરાને હાથ નારીયેલ પડયા જેવું થયું. બહુ થાય તો તેને દણુવે પછાડે, પરંતુ તેનો આસ્વાદ ન લઈ શકે. મોર કલા કરીને પછી પોતાના પગ સામું જુએ છે અને વિચારે છે કે કયાં આ કલા અને કયાં આ પગ અને પછી આંસુ સારે છે. અમારે પણ આસું સારવા જેવું છે.

(૭૯૪) લીલામાં નવ રસો છે. સાત પ્રસિદ્ધ છે. પરંતુ બે બીભત્સ અને ભયાનક એ ગૂઢ છે. હોળી એટલે ફાગણમાં એ બે રસો પ્રકટ થાય છે. આમ ન હોય તો શ્રીઠાકોરજીની રસાત્મકતામાં ન્યૂનતા આવે.

(૭૯૫) બધા વલ્લભકુલના બાલકોમાં અધરામૃતના દાનનો પ્રકટ આગ્રહ કામવનવાળા શ્રીરમણજીના પિતા શ્રી ગોપાલલાલજીનો હતો આપ આપ આજ્ઞા કરતા કે “જુઠન લે તો મેં બ્રહ્મસંબંધ કરાઉં, જુઠન ન લેનો હોય તો ચાલ્યો જા” મોટા વિદ્વાન આવે તેને પણ આપ એજ કહી દે. કેટલી બધી કૃપા ? આગ્રહપૂર્વક અધરામૃતનું દાન એક વખત કામવનમાં પ્લેગ આવ્યો ત્યારે લોકો ગામ છોડીને ચાલ્યા ગયા. મુખીયા, ભીતરીયા અને કેટલાંક વૈષ્ણવો આપશ્રી પાસે ગયા. અને વિનંતિ કરી કે અમારે શું કરવું ? ત્યારે આપશ્રીએ આજ્ઞા કરી કે અહીં શ્રીઠાકો-

રજીની છાયામા રહેશો તો તમારો વાળ પણ વાંકો નહીં થાય અને વિશેષમાં એમ આજ્ઞા કરેલી કે "ડર કે જાયગો સો મરેગો." આમ આપશ્રીએ ધમકી આપી. એટલે કોઈ બહાર ન ગયું. અને કોઇને કાંઈએ ન થયું. પોતે નરસિંહરૂપ હતા. ચરણારવિન્દના ભલે દર્શન કરો પરંતુ સન્મુખ દર્શન કરી ન શકાય. છતાં હૃદય બાલક જેવું. બિલાડીથી ડરે. બિલાડી દેખે તો પાસે જો કોઈ હોય તેને વળગી પડે. મંદીરમાં પધારે ત્યારે મુખીયા ભીતરીયાંને સાથે લઈ પધારે.

(૭૯૬) મારા દાદાજી શ્રીમધુસૂદનલાલજી મહારાજ મારા ખરબચડા હાથ જોઈ આજ્ઞા કરતા કે પહેલાં હાથની સેવા કર. પછી શ્રીઠાકોરજીની કરજે.

(૭૯૭) પહેલાં અમે પરદેશ પધારીયે. ત્યારે અમારે ઊતરવા માટે મકાનો ન હોય. ગામબહાર એક વૃક્ષની છાયામાં કનાત બાંધીને પડાવ નાખીયે. કનાત એવી રીતે બાંધીયે કે અર્ધી છાયામાં, અર્ધી તડકામાં. જલઘરૂં રહે છાયામાં અને રસોઈઘર રહે તડકામાં. જલઘરૂં છાયામાં રાખવાનું તો કારણ સ્પષ્ટ છે કે જલ ઠંડુ રહે. પરંતુ રસોઈઘર તડકામાં રાખવાનું કારણ એ કે ઉપર ધૂમાડો જાય તે વૃક્ષમાં જવા ન પામે, જો વૃક્ષમાં જાય તો માળમાંના પક્ષી નીચે આવી પડે, મધપૂડો હોય તો તેમાંથી માખીઓ ઉડે. અને કયાંય ઉભા રહેવા ન દે.

(૭૯૮) વૈષ્ણવોને ઘેર ધૂપ ઉતરે પરંતુ દીપ ન

ઉતરે અને ઘંટા ન બજે. આનો ઈતિહાસ આ પ્રમાણે છે.

સંવત ૧૯૬૦ ની સાલમાં શ્રીગોપાલલાલજી મથુરાવાળા અને શ્રીરણછોડલાલજી રાજનગરવાળા ગોકુલ પધારેલા. ત્યાં શ્રીગોકુલનાથજીના રાજભોગનાં દર્શન કરવા પધારેલા, ત્યારે જરા દર્શનની અવેર હતી. એટલે ત્યાં બીરાજતાં શ્રીચંદ્રાવલી વહુજીને શ્રીગોપાલલાલજીએ પ્રશ્ન કર્યો કે આપના ઘરમાં ઘંટા કેમ નથી બાજતાં ? અને દીપ કેમ નથી ઉતરતો ? ત્યારે તે વૃદ્ધ વહુજી મહારાજે આજ્ઞા કરી કે અમારા ઘરમાં શ્રીવ્રજપતિ નામના ટિકૈત થઈ ગયા. તેઓશ્રી દીપના ઉપદ્રવમાં લીલામાં પધાર્યાં ત્યાર પછી અમારા ઘરમાં અને અમારી સૃષ્ટિમાં તો શું પણ સમગ્ર વૈષ્ણવ સૃષ્ટિમાં એવો હાહાકાર થઇ ગયો કે ત્યાં બધે ઘંટા અને દીપ બંધ થઈ ગયાં. અને "બાબા આવે નહીં ઓર ઘંટા બજે નહીં" એ કહેવત પણ ત્યાંથી પ્રચલિત થઈ છે. આ પ્રસંગ બની ગયા પહેલાં વૈષ્ણવોને ઘેર ઘંટા ખરા, પરંતુ દીપ નહીં. કારણ કે એક દીપ શાસ્ત્રમાં નિષિદ્ધ છે. તે તો કેવલ પિતૃકાર્યમાં જ હોય અને બે દીપ પ્રકટાવવાથી શ્રીગુસાંઈજીના ઘરની બરોબરી થાય.

(૭૯૯) એક પ્રસંગે શ્રીનાથજીના સાન્નિધ્યમાં શ્રીગોપાલલાલજી મથુરાવાળા અને રણછોડલાલજી રાજનગરવાળા બીરાજે. અને કોઈ એક વૈષ્ણવ શ્રીરણછોડલાલજી પાસે બ્રહ્મસંબંધ લેવા આવ્યો. તે વખતે આપશ્રીએ તેને પૂછ્યું

કે તું જાતે કેવો છો? ત્યારે શ્રીગોપાલલાલજીએ આજ્ઞા કરી કે તેને તેમ ન પૂછ. અત્યારે તો તેના હૃદયમાં એ ભાવ છે, કે હું વૈષ્ણવ છું અને બ્રહ્મસંબંધ લેવા આવ્યો છું. પણ તું તેને જાત પૂછીશ તો તેના મનમાં લૌકિક ભાવ આવી જશે અને છોવાઈ જશે.

(૮૦૦) શ્રીવિઠ્ઠલનાથજી અને પુરુષોત્તમલાલજી એ બે ભાઈઓ. તેમાં શ્રીવિઠ્ઠલનાથજીના શ્રીવ્રજરાયજી અને શ્રીકલ્યાણરાયજી. શ્રીપુરુષોત્તમલાલજીના (૧) શ્રીરમણલાલજી, (૨) શ્રીવ્રજનાથજી (૩) શ્રીગિરિધરલાલજી શેરગઢવાલા (૪) શ્રીમધુસૂદનલાલજી અને (૫) શ્રીબાલકૃષ્ણજી શ્રીરમણલાલજીના શ્રીઘનશ્યામલાલજી.

હવે આ શ્રીવિઠ્ઠલનાથજીનો એવો પ્રસંગ છે કે લક્ષ્મીચંદ શેઠ એક લાખ રૂપીયા લઈને આપશ્રીના સેવક થવા આવ્યા. આપશ્રીએ સ્પષ્ટ આજ્ઞા કરી કે તમારો અંગીકાર રામાનુજ સંપ્રદાયમાં છે. માટે હું તમારો અંગીકાર નહીં કરું.

શ્રીપુરુષોત્તમલાલજી મનમાં કહેવા લાગ્યા કે મોટા ભાઈએ કેવી ભૂલ કરી. મારી પાસે આવ્યો હોત તો તરત જ સેવક કરી દેત પરંતુ થયું પણ એમ કે થોડા વખત પછી કોઇ રામાનુજ સંપ્રદાયના આચાર્ય આવ્યા તેનો તે સેવક થયો.

(૮૦૧) કાશીમાં એક સ્વરૂપવંતી નાગરની છોકરી

હતી. તે ગંગાજીમાં નહાવા ગઇ. ત્યાં એક અંગ્રેજ ઓફીસરની તેના પર નજર પડી. અને તેના પર તે મુગ્ધ થઇ ગયો. હવે બીજી રીતે તો તે હાથમાં ન આવે. એટલે કોઇની સલાહથી તેના મ્હોંમાં થુકાવી તેને વટલાવી. તે બાઈ મુંઝાણી. અને શ્રીગિરિધરજી મહારાજ પાસે ગઈ. શ્રીગિરિધરજી મહારાજે તેને એવી સલાહ આપી કે તું તેને પરણ, તેને વશ કરીને પણ તું માર્ગની સેવા કરી શકીશ. પછી તે બાઈ તેને પરણી. અને તેના દ્વારા અડેલ, ચરણાટ વગેરે બેઠકોને ઘણો લાભ કરાવી આપ્યો.

(૮૦૨) શ્રીમધુસૂદનલાલજી મહારાજને શૃંગારનો એટલો બધો શોખ હતો કે એક શૃંગારની પેટી તે નિત્ય પોતાની પાસે રાખતા. કોઈ સુંદર સ્વરૂપનું દર્શન કરે કે તેના શૃંગાર કરે. તે મંદીરમાં ન હોય તો પોતાની પેટીમાંથી શૃંગાર કરી તે તે મંદીરમાં આપી દે. અરે! હવેલી વગેરેમાં ઉતરે ત્યાં અગવડ હોય તો પોતાને પૈસે તે સગવડ કરાવી આપે.

(૮૦૩) એક વખતે મુંબઇમાં શ્રીવાગધીશલાલજીના મંદીરમાં કોઇ એક વૈષ્ણવ માલાઓ લઈને આપવા આવ્યો. તે એ ઉદ્દેશથી કે વૈષ્ણવો બેઠા બેઠા વાતો કરે એને બદલે માળા ફેરવે. ત્યારે શ્રીવાગધીશલાલજીએ એવી આજ્ઞા કરી કે એ માલાઓ ફગાવી દો. માલા ફેરવશે અને મન ક્યાંક ભટકશે એટલે હાથ અને માળા બેઉ અકૃતાર્થ થશે.

(૮૦૪) કાંકરોલીના ઘરમાં એક શ્રીદ્વારિકેશજી મહા-

રાજ થઈ ગયા. તેમનો શ્રીદ્વારિકાધીશે અન્યાશ્રયને કારણે ત્યાગ કરેલો. શ્રીદ્વારિકાધીશે એ વાત તેમના માજી મહારાજ અને વહુજી મહારાજને જણાવી. શ્રીમાજી મહારાજે વિચાર્યું કે જેનો શ્રીદ્વારિકાધીશે ત્યાગ કર્યો તેનું મારે શું કામ છે? અને વહુજી મહારાજે વિચાર્યું કે જ્યારે તેઓ જાણશે કે શ્રીદ્વારિકાધીશે તેમનો ત્યાગ કર્યો છે એટલે તેમની દેહ રહેશે નહીં. એટલે મારે એમનું શ્રીમુખ જોયેથી વિશેષ લાભ નથી. એટલે શ્રીદ્વારિકેશજી પધાર્યા તે પહેલાં જ તેમનો સંદેશો પહોંચાડયો કે શ્રીદ્વારિકાધીશે આપનો ત્યાગ કર્યો છે, એટલે અમને આપનું શ્રીમુખ દેખાડશો નહીં. આપશ્રીને જેવા ખબર થયા કે આપ ત્યાંથી જ પાછા ફર્યા અને વિરહમાં દેહ છોડી દીધો. આપશ્રીની બે બેઠકો કચ્છમાં છે. ત્યાં મારો ધર્મ એટલે મેં સખડીભોગ ધરેલો, પરંતુ આપ વિરહમાં એટલે આપ આરોગે નહીં. એટલે તે બધો ગોગ્રાસમાં કાઢયો.

(૮૦૫) કાંકરોલીવાળા ભાભીજી મહારાજે શ્રીરણછોડલાલજી મહારાજની પીઠ થાબડીને એકવાર આજ્ઞા કરેલી કે હું તારા પર રાજી એમ છું કે તેં સારૂં અને ખરાબ બધું જોયું. પરંતુ તે ખરાબનો છાંટો તને સહેજે ન ઊડયો, તેમ તે વ્યક્તિ તરફ તારો ભાવ એવોને એવો અખંડિત રહ્યો.

(૮૦૬) જલવિહારમાં ચંદનના વાઘા શ્રીમધુસૂદનલાલજી મહારાજે બંધ કરાવેલા. જલવિહારનો ભાવ તો એ કે

શ્રીઠાકોરજી આનંદથી જલમાં સ્નાનાદિક વિહાર કરે. હવે જો આપ સ્નાનાદિ વિહાર કરે તો ચંદન ધોવાઇ જાય. અને આપ ચંદન રાખવા જાય તો જલવિહારનો આનંદ આપને પ્રાપ્ત ન થાય.

(૮૦૭) શ્રીવ્રજરાયજી મહારાજ, શ્રીકનૈયાલાલજી મહારાજ ગોકુલવાળા અને શ્રીજયદેવલાલજી મહારાજ નિવેદન કરાવ્યા બાદ તરત જ જુઠણુ કરાવી રાખેલી મિશ્રી બ્રહ્મસંબંધીને આગ્રહપૂર્વક અપાવતા. પરંતુ શ્રીદેવકીનંદનાચાર્યજી મહારાજે જયારથી ભાટિયાઓને શરણે લીધા. ત્યારથી આ રિવાજ સર્વત્ર બંધ થયો છે.

(૮૦૮) શ્રીડાકોરવાળા શ્રીરણછોડરાયજી પહેલાં ગોમતીજીને પીઠ દઈ બીરાજતા. શ્રીહરિરાયજીએ આપને સન્મુખ પધરાવ્યા છે.

(૮૦૯) શ્રી જીવનલાલજી પોરબંદરવાળા આગ્રહપૂર્વક આજ્ઞા કરતા કે સેવાવ્યસનના અનવસરમાં વિદ્યાવ્યસન રાખવું જ. ભલે પછી ભગવત્ ચર્ચા જ હોય. વ્યસન આ બે જ સારાં છે.

(૮૧૦) મુંબઈના એક વૈષ્ણવને મેં એકવાર પૂછ્યું કે તમે શ્રીઠાકોરજીને લાલ મરચાં શા માટે આરોગાવે છો ? ત્યારે તેણે કહ્યું કે અમારે તો શ્રીઠાકોરજી ગુરુદેવના ભાવથી આરોગે છે. અને અમારા ગુરુદેવ મુંબઈવાળા શ્રીઘનશ્યામલાલજી (લાલબાવાના મંદીરવાળા)ને લાલ મરચાં

બહુ પ્રિય હતાં. તેઓ બીરાજતા ત્યારે અમે આ પ્રમાણે લાલ મરચાં પધરાવી આપને આરોગાવવા જતા. અને આપ આજ્ઞા કરતા કે તમારા શ્રીઠાકોરજીને આરોગાવી અહીં આરોગાવવા આવજો. એટલે અમારે ત્યાં આ રીત પહેલેથી ચાલી આવી છે, માટે સેવામાં ભાવ નિયામક છે.

(૮૧૧) શ્રીગોવર્ધનલાલજી વેરાવળવાળા જયારે મંદીરની બહાર પધારતા ત્યારે **चितेन दुष्टो, वचसापि दुष्टः कायेन दुष्टः क्रियया च दुष्टः, ज्ञानेन दुष्टो, भजनेन दुष्टो, ममापराध कतिघा विचार्यः।"** (શ્રીગુંસાઈજીની વિજ્ઞપ્તિ) એ શ્લોક બોલીને બહાર પધારતા.

(૮૧૨) શ્રીમધુસૂદનલાલજીએ એક વૃદ્ધ વિધુરને કહ્યું કે તું પરણ. ત્યારે તે વૃદ્ધ વિધુરે કહ્યું કે "જે હું શું એને રંડાના પરણું." ત્યારે આપે આજ્ઞા કરી કે જો તે રંડાવાની હશે તો બીજે જઈને પણ રંડાશે, તો તો તેનો વિચાર કરી તારૂં શા માટે ગુમાવે છે ?

(૮૧૩) એક વખતે જે વૈષ્ણવોએ શ્રી દામોદરલાલજી શ્રીનાથદ્વારાવાળાનું જુઠણ લીધેલું તેમને બધાને ટિકાયત શ્રીગોવર્ધનલાલજી મહારાજે એવી આજ્ઞા કરી કે તમે સૌ ગૌદાનનો સંકલ્પ કરી પ્રાયશ્ચિત કરો નહીંતર તમને કુલ-ધર, શાકધરની સેવા નહીં મળે.

આ વૈષ્ણવો મુંઝાણા અને શ્રીરણછોડલાલજી મહારાજ પાસે આવ્યા. અને વિનંતી કરી કે "જે" અમે તો સૌ ધર્મ-સંકટમાં આવી પડયા છીએ, અમારે શું કરવું ?

ત્યારે શ્રીરણછોડલાલજી મહારાજે એવી આજ્ઞા કરી કે શ્રીગોવર્ધનલાલજી મહારાજની આજ્ઞા છે માટે તમે સૌ ગોદાનનો સંકલ્પ કરી પ્રાયશ્ચિત કરો. આવી તક આખી જીંદગીમાં નથી મળવાની, એક તો શ્રીટિલકાયિતશ્રીની આજ્ઞા, બીજું શ્રીનાથજીની ધજા નીચે અને ત્રીજું સંકલ્પ જીવતાં, પરંતુ ભાવ એ રાખજો કે અમારા પૂર્વજન્મના પાપ દૂર કરવા શ્રીગોવર્ધનલાલજી મહારાજે આ પ્રમાણે આજ્ઞા કરી છે, અને જો તમે એવો ભાવ રાખશો કે શ્રીદામોદરલાલજીનું જુઠણ અમે લીધું માટે શ્રીગોવર્ધનલાલજી મહારાજ અમને આ પ્રાયશ્ચિત કરાવે છે, તો કરોડ કલ્પ સુધી નરકમાં સડશો તો પણ તમારો નિસ્તાર નહીં થાય.

(૮૧૪) એક વખતે રાજકોટમાં પધરામણી થઈ, અને શ્રીરણછોડલાલજી મહારાજ સાથે હેમરાજભાઈ જેવા વૈષ્ણવો. ત્યારે પટવારીજીએ શ્રીદામોદરલાલજીનું આ વૈષ્ણવોએ જુઠણ લીધું છે એ બાબતની ચર્ચા ચલાવી. ત્યારે શ્રીરણછોડલાલજી મહારાજે એવી આજ્ઞા કરી કે "**मनः एव मनुष्याणां कारणं बन्ध मोक्षयोः**" (એ વાકયાનુસાર તમે કહો છો એ પણ બરોબર છે. શ્રીમહાપ્રભુજીનું સ્વરૂપ અને એમનો સંબંધ, એ તરફ જ લક્ષ્ય રાખીને તેઓએ તેમ કર્યું છે.

●

(૮૧) વચનામૃત સંગ્રહ

(૮૧૫) શ્રીમહાપ્રભુજીએ કંઠી આપી ત્યારથી ભગવદીય થઈ ચૂકયો, ફક્ત કચાસ નિશ્ચયની છે.

(૮૧૬) લીલામાં જેનો અલ્પ અપરાધ હોય તે લોકમાં પુરુષરૂપે જન્મે. અથવા જો, સ્ત્રીરૂપે જન્મે તો તેને લોકસંબંધ ન રહે કારણ કે તેનું પતિવ્રતાપણું શ્રીઠાકોરજી ખાસ સાચવે છે. જ્યારે બહુ જ મોટો અપરાધ પડયો હોય ત્યારે સ્ત્રીરૂપે જન્મે અને લૌકિક સંબંધમાં ડુબીને રહે.

(૮૧૭) આવું ઘણીવાર બને છે કે સિદ્ધાંતની વાત થતી હોય કે ઘડીયાલના ડંકા બજે. આવે વખતે શ્રીમધુસૂદનલાલજી મહારાજ અને શ્રીવ્રજરાયજી મહારાજ આજ્ઞા કરતા કે "દેખો–ઘડી શાખ દે રહી હૈ."

(૮૧૮) ત્રણ વર્ણોને શ્રીઠાકોરજીએ તે તે વર્ણમાં પ્રાકટ્ય લઈને કૃતાર્થ કર્યા છે. ચોથા વર્ણને (શૂદ્ર જાતિ) તથા સ્ત્રીઓને પોતાની દષ્ટિથી કૃતાર્થ કર્યા છે. માટે આપની અધોદષ્ટિ છે.

(૮૧૯) નરોને શ્રીનાથજી આટલા બધાં સાનુભાવ. એટલે એ બધા લીલાના જીવો અને આપણે સંસારના જીવો. અરે! આપણને તો પ્રભુ દશમી અવસ્થા એટલે મરણ સમયે પણ યાદ આવે તો આપણાં અહોભાગ્ય.

(૮૨૦) મહાત્મ્યથી બહાર ન છોવાય એ સમક્ષમાં

છોવાય. એક પ્રસંગે પેંડા સેવકી જલથી ખાસા કરેલો. પરંતુ તેમાં બીજા વૈષ્ણવે પગ ધરેલો અને એક ગોસ્વામિ બાલક ત્યારબાદ પધાર્યા એટલે શ્રીનાથજીએ શ્રીમુખે આજ્ઞા કરી કે આપ છી ગયા.

(૮૨૧) સંબંધને કારણે સ્નાન ન લાગતું હોય ત્યાં પણ જો કોઈનું મૃત્યુ સાંભળી હાહાકાર થાય તો સ્નાન લાગે છે, કારણ કે માણસ શોકથી છોવાય છે.

(૮૨૨) મૂસા (ઉંદર)નો ભાવ એ છે કે ખિરકમાંથી વછડા એ રૂપ ધરી શ્રીઠાકોરજી સાથે ખેલવા આવે છે. માટે શ્રીનાથજી કરતાં શ્રીનવનીતપ્રિયાજીના મંદીરમાં તે વિશેષ જોવામાં આવે છે.

(૮૨૩) પુષ્ટિમાર્ગમાં અખંડ દીપ સ્વરૂપે અગ્નિને સાચવવામાં આવે છે.

(૮૨૪) મિલ્કત તો પછી પરંતુ શ્રીઠાકોરજી પણ ગોસ્વામિ બાલકોના છે. જો શ્રીઠાકોરજીની મિલ્કત અલગ કરવામાં આવે તો તે દેવદ્રવ્ય બને અને તે શ્રીઠાકોરજીનો જે પ્રસાદ લે તે બહિર્મુખ બને. પરંતુ પ્રભુને આટલો બધો પરિશ્રમ પડશે માટે આમ ન કરવું તેનો વિચાર તે બાલકે જ કરી લેવાનો છે. છતાંએ આમ થાય તો આપણે તો ભગવદિચ્છા માની મૌન સેવ્યા સિવાય બીજો કોઈ કાંઈ માર્ગ નથી. એક પક્ષ લઈએ તો બાલકની નિન્દા અને બીજો પક્ષ લઇએ તો વૈષ્ણવની નિન્દા આપણે

તો બન્ને રીતે ધર્મ જાય શ્રીઠાકોરજીની જેટલો વખત અમુક સત્તાનો અંગીકાર કરવા મરજી હોય ત્યાં સુધી કરે, પછી આવી મતિ સુઝાડીને વેડફી નંખાવે. બાકી તો શ્રીઠાકોરજીને ઘેર કાંઈ ખોટ નથી. આ દ્રવ્ય જશે ને બીજું આવશે. સિદ્ધાંતની વાત તો આ છે. પરિણામ ચાહે તે આવે પરંતુ સિદ્ધાંતની વાત ફેરવીને કહી ન શકાય. બાકી તો શ્રીવલ્લભ પ્રભુએ લૌકિકલીલાનો અંગીકાર કર્યો છે એટલે બધુએ દેખાડશે. તમારે ભાવ અખંડિત રાખવો. એક બનાવ બની જાય તે ભૂતકાળની વાત થઈ જાય. પછી તેમાંથી જે સારૂં હોય તે ગ્રહણ કરી લેવું.

(૮૨૫) મન એક દિશામાં સહેજે જતું હોય, તેને તે દિશામાં જવા અનુકૂળતા કરી આપીએ એટલે વાંદરાને સીડી આપ્યા જેવું થાય.

(૮૨૬) અમારા દાદાજી જ્યારે બીરાજતા ત્યારે હું બહુ બોલતો નહીં. અને મારા દાદાજીને બહુ ચિંતા થતી કે આનું થશે શું ? ત્યારે શ્રીગોપાલલાલજી મથુરાવાળાએ એકવાર એવી આજ્ઞા કરેલી કે આપ બીરાજશો ત્યાં સુધી એ કાંઈ નહીં બોલે, પછી તો તે એવો જબરો થશે કે બધાના મ્હોં બંધ કરી દેશે.

(૮૨૭) મોટાકલ્યાણરાયજીના એક માણસનું નામ નાગજી હતું તેને બોલાવવા એક સિપાઈને કહ્યું. હવે તે સિપાઇ તે નાગજી નામ ભૂલી ગયો. અને શામજી નામના માણસની શોધમાં નીકળ્યો. પણ શામજી નામનો માણસ

હોય તો મળેને? એટલે તે પાછો આવીને કહે કે શામજી ભાઈ તો ક્યાંયે છે નહીં. આપને આ વાત સાંભળી એટલું બધુ હસવું આવ્યું કે ભોજન બાદ નિયમ મુજબ જે બે ગોળી આપ આરોગતા તે નાકમાં ચઢી ગઈ અને લીલામાં પધાર્યા. માટે કોઈ પીતું હોય અથવા ખાતું હોય ત્યારે હસાવવું નહીં.

(૮૨૮) શ્રીઠાકોરજી સત્તાદ્વારા અહંતા મમતાનો અંગીકારકરે છે.

(૮૨૯) અમારા સંબંધિઓ મને પૂછે કે તમે હરતા ફરતા જપ શા માટે કરો છો? એ કોઈ જપનો પ્રકાર છે? ત્યારે હું જવાબ આપું છું કે હું જપ કરતો નથી. હું પ્રતિષ્ઠા જપ કરૂં છું.

(૮૩૦) "**श्रियो हि परमाकाष्ठा सेवकास्तादृशा यदि**" (વેણુગીત, કારિકા) આ તો થોડી વાત કરી. એવા આવે તેને કહે કે અમારે ત્યાં તો તમારા જેવા અનેક છે, પરંતુ તમારે ત્યાં તમે એક જ છો.

(૮૩૧) મારા મામા કહેતા કે સંધ્યાનું જલ બીજાને આપીએ તો તે સંધ્યાનું ફલ તેને મલે અને આપણને ન મલે. ત્યારે મારે કહેવાનું એ કે તે સાજો થઈ પ્રભુની સેવા કરે એ સિવાય બીજું કયું ફલ અમને ઈષ્ટ હોય! એટલે અમારૂં ઈષ્ટ તો અમને મળે જ છે.

(૮૩૨) એક ગુરુ ને બે ચેલા. તે બંને વારાફરતી

ગુરુને જે બીડી આપે તે ખલમાં વાટીને આપે. એક વખતે ખલ તૂટી ગયો. એટલે એક ચેલાએ દાંતે ચાવીને તે બીડી તૈયાર કરી ગુરુને આપી. બીજાએ તેની ચાડી કરી ત્યારે ગુરુએ પહેલાં ચેલા પાસે જે ખલમાં બીડી તૈયાર કરેલી તે ખલ માંગ્યો. તે ચેલાએ તરતજ પોતાનું માથું કાપીને ગુરુ આગળ ધર્યું. ગુરુ પ્રસન્ન થયા ને તેને સજીવન કર્યો. મર્યાદામાર્ગમાં જ્યાં પ્રેમ હોય ત્યાં પણ વસ્તુ નથી છોવાતી, તો પછી પુષ્ટિમાર્ગમાં જ્યાં પ્રેમ હોય ત્યાં વસ્તુ છોવાય ? માટે નંદરાયજી ચાવીને બીડું આરોગાવે છે. અને છાકલીલામાં પ્રભુ ગોવાળીયાનું ઉચ્છિષ્ટ આરોગતાં સંકોચ નથી પામતા.

(૮૩૩) "ચોરી કરવી નહી, કરીશ તો ગુનેગાર" આ વાકય બે રીતે વંચાય "ચોરી કરવી; નહી કરીશ તો ગુનેગાર" વેદની બાબતમાં પણ આમ જ બન્યું છે. માયાવાદી ઓએ એવાં જે વાકયો બીજી રીતે લીધાં છે એનો ઉલટો અર્થ કર્યો છે.

(૮૩૪) આપણે ત્યાં સાધન દશામાં દ્વાદશ જ્યોતિર્લિંગના આદર કરવાનો વિરોધ નથી, કારણ કે શ્રીરામચંદ્રજીએ સ્થાપિત સેતુબંધ રામેશ્વરમાંથી તે બધાની ઉત્પત્તિ છે.

(૮૩૫) જ્યાં સુઘડતા, પ્રાચીન મેંડ અને પ્રસન્નતા દેખાય છે, ત્યાં તો શ્રીઠાકોરજી નિત્ય બીરાજે છે. બીજાને

ત્યાં તો શ્રીમહાપ્રભુજીની કાનીથી કેવલ આરોગવા પધારે છે. આરોગ્યા બાદ ત્યાં બીરાજતા નથી, અને તે પણ જીવનો ધર્મ સચવાય તે ખાતર.

(૮૩૬) આચમનનું જલ નથી લેવાતું એનું કારણ એ છે કે અચવાયા પછીનું જલ તો અણુપ્રસાદી કહેવાય એટલે ન લેવાય. અને જે જલથી આચમન કરાવ્યું હોય તે લેવામાં કોઈ પ્રકારનો બાધ નથી. ફક્ત તે ઝારીના જલ સાથે ન મેળવવું. તે શીયાળામાં ગરમ હોય છે. તે ઝારીના ઠંડા જલ સાથે મલે અને તેથી તિલક કરવામાં આવે અને તે કુંકુમાં ચોખો હોય તો સખડી જાય.

(૮૩૭) શ્રી ઠાકોરજીના ઉપયોગની ન રહેલી એવી વસ્તુ ગાયને ખવડાવવામાં આવે છે. તેનું કારણ એ કે ગાય તે વસ્તુને દૂધના રૂપમાં પાછી આપે છે અને શ્રીઠાકોરજીના ઉપયોગની બનાવે છે.

(૮૩૮) આપણો વેદોચ્ચારનો અધિકાર નહી, કારણ કે આપણે પોતે જ વેદરૂપ, માટે આપણે તો શ્રીયમુનાષ્ટકના પાઠ કરી અસ્નાન કરાવવું.

(૮૩૯) ચરણસ્પર્શ કરીને હું છોવાઇ ગયો એમ સમજી જે નહાય છે એ ચરણસ્પર્શનું સ્વરૂપ જ નથી સમજ્યો.

(૮૪૦) દ્વારકામાં જે શ્રીદ્વારિકાનાથ છે તે શંકરાચાર્યના પાટ બેસાડેલા છે એટલે વૈષ્ણવો ત્યાં ન જાય.

પરંતુ શ્રી ગુસાંઈજીના બેઠકજી ત્યાં બીરાજે છે એટલે વૈષ્ણવો ત્યાં જાય છે.

(૮૪૧) વિષ્ણુસ્વામિ અને બિલ્વમંગળ ગાદી પધરાવી માનસી કરતા. સ્વરૂપ સેવા બિલ્વમંગળને શ્રીમહાપ્રભુજીએ શીખવી.

(૮૪૨) શબરીએ બોર ચાખ્યાં પરંતુ તે ઉચ્છિષ્ટ ન થયાં. કારણ કે ઉચ્છિષ્ટ શું એની તેને ખબર નહીં. અને તે તો આ મારા પ્રભુ લાયક છે એ જ ભાવમાં મગ્ન હતી.

(૮૪૩) અમુક વ્યક્તિ તોફાન કરી રહી છે એટલે તે જતાં તોફાન બંધ થશે એવું કાંઈ નથી. તે જશે અને બીજા હજાર એવા ઊભા થશે કે તેને સારો કહેવડાવશે.

(૮૪૪) એકવાર કલંક આવ્યું અને પછી તે ધોવાઈ જાય તોએ ડહાપણ એ કે પછી રહેવું નહીં. આ પ્રમાણે સીતાજીના ભૂમિપ્રવેશથી સમજી લેવું.

(૮૪૫) અંગીકાર કરે એ ધર્મી સ્વરૂપ, બાકી બધાં ધર્મ સ્વરૂપો.

(૮૪૬) અહીં શ્રીનાથજી નથી તો શું મહાદેવ છે ? શ્રીનાથજીમાં જે કાર્ય કરવામાં સંકોચ નથી, એ કાર્ય અહીં કરવામાં શા માટે સંકોચ રાખવો ?

(૮૪૭) એક વખતે કોઈ માણસે આવીને શ્રીરણછોડલાલજીને નિવેદન કર્યું કે અમુક મંદિરનો માણસ સો

રૂપીયા ઉચાપત કરી ગયો છે. ત્યારે આપે આજ્ઞા કરી કે જે ઉચાપત કરી ગયો છે તેના હાથ બગડયા, તું કહેવા આવ્યો છે એટલે તારૂં મ્હોં બગડયું, પણ કહીને મારા કાન કાં બગાડયા.

(૮૪૮) શ્રીમધુસૂદનલાલજી પાસે મહેતો પૈસા માંગવા જાય ત્યારે આપ આજ્ઞા કરતાં કે "પૈસા એકઠા કરવા તે કાંઈ અમારૂં કામ છે ? અમે એ કામ કરીયે તો તમને શા માટે રાખીયે ? કામ કરો, બેઠા બેઠા પૈસા લેવા છે ? અમારી મિલ્કત છે તેની આવક સંભાળો, વૈષ્ણવો પાસેથી સેવા લઈ આવો, અને અમારો ખર્ચ સંભાળો અને તમારો પગાર લ્યો."

(૮૪૯) આંખ અને કાન વચ્ચે ચાર આંગળનું છેટું છે. સાંભળ્યા અને દેખ્યા વચ્ચે પણ તેમ સમજવું.

(૮૫૦) પુંઠે આંખ નથી અને સાડલાના છેડાને જીભ નથી, એ હિસાબે માણુસ ભીડમાંથી નીકળીને પણ કહી શકે છે કે હું અડયા વગર નીકળ્યો છું. પરંતુ વસ્તુ સ્થિતિએ તેમ નથી હોતું.

(૮૫૧) પહેલાં સેવકમંડલો થતાં પરંતુ જ્યારથી વૈષ્ણવોમાં લૌકિક ભાવ વધ્યો ત્યારથી તાતજી મહારાજે તે બંધ કર્યાં.

(૮૫૨) શ્રીઠાકોરજી અમને એવો વખત નહીં જ દેખાડે.

(૯૨) "મુકતાફલો"

(૮૫૩) "દાસ" એટલે સામાન્ય દાસ, અને "નિજદાસ" એટલે ખાસ પોતાનો દાસ.

(૮૫૪) દોષ માણસમાં પોતામાં છે, એટલે બીજામાં દોષ દેખાય છે.

(૮૫૫) અમે તો નિત્ય પાસે જ છીએ, પરંતુ તમારા મનથી જેટલા આઘા માનો તેટલા આઘા.

(૮૫૬) આનંદ લેવો આપણું કામ, પછી શ્રીઠાકોરજી જે સ્વરૂપે તે આપે તે સ્વરૂપે તે લેવો.

(૮૫૭) પ્રભુરસમાં મગ્ન રહેવાને કારણે આપણે તો યોગ સહજ સિદ્ધ છે.

(૮૫૮) આપણે ત્યાં "વૈરાગ"નો અર્થ "વેહીરાગ" એટલે પ્રભુમાં જ રાગ.

(૮૫૯) રામના નામથી પત્થરો પણ તર્યા તો માણસો કેમ નહી તરે ? માટે રામનામ (પ્રભુનું નામ) લીધા જ કરવું.

(૮૬૦) ઇન્દ્રિયો વાદળાંને સ્થાને છે, મન વાયુને સ્થાને છે.

(૮૬૧) કોઈ વસ્તુ લેવી સહેલી છે પણ નિભાવવી અઘરી છે.

(૮૬૨) પ્રભુની દયા એ જ સાચી દયા છે.

(૮૬૩) છાણમાં કીડા ખદબદે, તે કાંઈ કસ્તુરીમાં હોય ?

(૮૬૪) જીવનમાં જેટલી સરલતા. એટલી શિથિલતા.

(૮૬૫) કહેવું કોનું નામ ? મિલાન કરી સ્વરૂપ ખડું કરવું તેનું નામ કહેવું.

(૮૬૬) દોષનું મૂળ દષ્ટિ છે. દૃષ્ટિ અલૌકિક થઇ જાય તો પછી કોઈ દોષ રહેતો નથી.

(૮૬૭) સૂતક એ અઘ (પાપ) છે અને (પ્રભુ) સ્મરણથી એ દૂર થાય છે.

(૮૬૮) જીવવું એ ભગવાનની દયા નહી, પરંતુ એવું (સેવામય) જીવતર જીવવું એ ભગવાનની દયા, જીવે છે તો કુતરાં બીલાડાં પણ.

(૮૬૯) પહેલાં ભગવદિચ્છા પ્રમાણે થતું, અત્યારે ભક્તેચ્છા પ્રમાણે થાય છે.

(૮૭૦) બધું ભગવદ્-રૂપ છે, તો દોષ તો આભાસમાત્ર છે.

(૮૭૧) ઘણીનો કોઇ ઘણી નથી માટે આપ જે પ્રમાણે રાખે તે પ્રમાણે રહેવું.

(૮૭૨) ખોટો અથવા ડોળી ભરુચી કૃતિને ભજે છે અને સાચો ભરુચી સ્વરૂપને ભજે છે.

(૮૭૩) નિવૃત્તિ તો શ્રીઠાકોરજીને અને અમને છે, બાકી બધાને પ્રવૃત્તિ છે.

(૮૭૪) બાપનું કામ બાપ કરે અને બેટાનું કામ બેટો કરે. એકબીજાનું કામ એકબીજાથી ન થાય.

(૮૭૫) સગાંવહાલાં વિત્તના ચોર છે અને શ્રીઠાકોરજી ચિત્તના ચોર છે.

(૮૭૬) આજ તો લોકોને કર્યું કહેવડાવવું છે, કરવું નથી.

(૮૭૭) ન્યૂનતા તો આ માર્ગમાં રહેવાની, પરંતુ ભાવથી, વસ્તુથી નહીં.

(૮૭૮) ખીરમાં ખાંડ જેટલું તો નહી. પરંતુ દાળમાં લૂણ જેટલું તો બને.

(૮૭૯) "ચલ સખી સોતનકે ઘર જૈયે," મોટા નાકવાળી શોકને ઘેર શા માટે જાય? અભિમાન, લાજ અને આળસ એ સ્નેહમાં બાધક છે.

(૮૮૦) ફળ ચાકુ ઉપર પડે કે ચાકુ ફળ ઉપર પડે. ઉભયથી હાનિ ફળને છે, ચાકુને નહીં.

(૮૮૧) ઈતડીયો ભલે ગાયના આંચળ ઉપર બેસે, પરંતુ એ તો લોહી પીવાની, દૂધ નહીં.

(૮૮૨) પ્રભુ પાસે નાક ઘસવું પડે તે તો અહોભાગ્ય, પરંતુ હવે એવા પાસે નાક ઘસવું પડે છે કે વાત ન પૂછો.

(૮૮૩) બ્રાહ્મણને આહિરના (ગોવાળરૂપ શ્રીઠાકોરજી)

આચાર કેમ ગોઠે? એ તો શ્રીઠાકોરજી કૃપા વિચારે ત્યારે સમજાય.

(૮૮૪) કહો તો અમારૂં કોઇ વતન નથી કોઈ નથી અમારો ધંધો, અને કહો તો અમારા સૌ ધંધા છે અને અમારા સૌ વતન છે.

(૮૮૫) ગુણ કરવાનું હશે તો એટલું પણ ઘણો ગુણ કરશે.

(૮૮૬) હૃદય જુવાનના માથાના વાળ જેવું, તો પછી ધોળાં વસ્ત્રો શા કામનાં?

(૮૮૭) કોઈવાર એવી સ્થિતિ ઉભી થાય કે ન કહેવાય કે ન સહેવાય.

(૮૮૮) દર્શન ખુલે તો રંગ ઉડે, દર્શન ન ખુલે તો રંગ શ્રીઠાકોરજી ઉડાડે કોને?

(૮૮૯) નંદના ફંદ ગોવિન્દ જાણે.

(૮૯૦) પહેલાં ઝાઝા જીવને પોષવા એમાંજ મોટાઈ ગણાતી.

(૮૯૧) ચોર આવો થાય પણ ચોરની ટેવ કાંઈ જાય? હવે ચોરવાનું કાંઈ ન રહ્યું તો એકબીજાના તુંબડાં બદલાવી લડાઇ તે કરાવે.

(૮૯૨) રોઈને પણ ખવડાવવું પડે અને હસીને પણ ખવડાવવું પડે, તો પછી રોઇને ખવડાવી ધણીને વગોવવો શા માટે?

(૮૯૩) જીવ જેટલી ચતુરાઈ કરે તેટલી ક્રિયા વધે પણ ભાવ તો ઘટતો જ ચાલે.

(૮૯૪) મનોરથ તો આડે દહાડે ઊભા થાય, પરંતુ ચંદ્રમા આડે દહાડે ક્યાંથી ઉગે ?

(૮૯૫) કોરા ભગતને કોઈની નથી પડી. પરંતુ આપણે તો ચોપડયા ભગત એટલે સૌ સાચવવું પડે, છતાંયે રહેવું જલ કમલવત્.

(૮૯૬) ગેરલાભ જેવું કાંઇ નથી, ગેરલાભ સમજીયે છીયે એજ ગેરલાભ.

(૮૯૭) હવે બધી વાત વ્યવહારમાં પડી ગઇ છે: ન કરતાં વાંકું પડે એનું નામ વ્યવહાર. કર્તવ્યબુદ્ધિ અને ભાવ હવે નથી રહ્યા.

(૮૯૮) લોકોના મ્હોંમાં જીભ છે ત્યાંસુધી કહેવાના તો ખરા, માટે સાત પૂંછડી પ્રભુએ આપી તેજ સારી છે.

(૮૯૯) અત્યારે જ્યાં છીએ ત્યાંથી તો જવા માગીયે છીએ, તો પછી પાછું ત્યાં આવવાનો વિચાર શી રીતે હોય ?

(૯૦૦) જ્યાં અલૌકિક ભાવના આવી ત્યાં ઝગડો રહે જ નહીં.

(૯૦૧) સ્વાર્થબુદ્ધિ એ આસુરાવેશ અને પરમાર્થબુદ્ધિ એ ભગવદાવેશ.

(૯૦૨) દ્રવ્ય ગયાનું દુઃખ સૌને છે. લૌકિક જીવને દ્રવ્ય ગયાનું દુઃખ છે. અલૌકિક જીવને સેવા નથી બનતી એનું દુઃખ છે.

(૮૩) સુભાષિતો

(૯૦૩) ધર્મ ક્યારે નિંદાય તે બતાવતી એક બહુ સુંદર કહેવત છે કે "દેખા દેખીએ સાધે જોગ, કાયા ઘટે અને વધે રોગ."

(૯૦૪) "ते पुत्रा ये पितृ भक्ता, पिता ये पुत्रपोषका:" આ શ્લોકમાં પિતાનું લક્ષણ બતાવ્યું છે. જે દેહનું નહીં પરંતુ અલૌકિક ભાવનું પોષણ કરે તે પિતા.

(૯૦૫) શ્રીકનૈયાલાલ કાકાજી એક કવિત કહેતા કે "પંડિત ઓર મશાલચી, ઉનકી ઉલટી રીત, ઓરનકું ઉજેરો કરે આપુન અંધે ભીત."

(૯૦૬) માટી માણસને કહે છે કે—

હતી ત્યારે હું હતા, માર પડતો તો મને,
પરખ્યા પછી જો મારે તો મરદ વખાણું તને

(૯૦૭) એક નારી સદા બ્રહ્મચારી અલ્પવ્યાવૃત અલ્પાહારી ઉપવાસી.

(૯૦૮) કોઈ એક માણસે પોતાના કપડાં બગડે એ ખાતર દંડવત પ્રણામ ન કર્યાં એટલે મથુરાવાળા નવનીત કવિએ કહ્યું કે—

"નર કપડનતે ડરત હૈ, નરક પડનતે નાહીં ।
નરક પડનતે ના ડરે, નરક પડનકો નાહીં ।।"

(૯૦૯) દેખા દેખીએ સાધે જોગ તોં ઘટે કાયા ને

વધે રોગ. આ કહેવત મુજબ દેવીના ભકતે વૈષ્ણવની દેખાદેખી કરી તેથી તે હેરાન થયો.

(૯૧૦) મૂલમાં માટી નહી ને સાસરે સંદેશા શા ?

(૯૧૧) હાથમાં માળા ને પેટમાં લાળા.

(૯૧૨) કુતરો ગધેડાનું મોઢું ચાટે, એમાં કોણ કોનાથી અભડાય ?

(૯૧૩) હોઠ સાજા તો ઉત્તર જાજા.

(૯૧૪) દોહી ગાય ને કુતરી પાય.

(૯૧૫) કીડીને કોગળે પૂર.

(૯૧૬) મૂરખ ને માછલું, સામા વેણે ચાલે.

(૯૧૭) રામ રળે તો જાનકી હળે.

(૯૧૮) દરજીનો દિકરો જીવે ત્યાં સુધી શીવે.

(૯૧૯) ગાનારનું ગળું અને નાચનારના પગ રોકયા રોકાય નહીં.

(૯૨૦) ભોજન હોય ભાવતાં, ભૂખ વિના ભાવે નહીં,
ગાણું હોય ગળામાં, પણ ઉલટ વિના આવે નહીં.

(૯૨૧) સહજ ચતુરને બિછાતમાં રહેલ વાળ પણ સરસરે.

(૯૨૨) સો વરસે પણ સમાધિમાંથી ઊઠયા તરગાનો તા તા થૈ જ બોલવાનો.

(૯૨૩) ત્રિયા ચરિત્ર જાને નહીં કોય, ખસમ મારકે સતી હોય.

●

(૮૪) પ્રકીર્ણ

(૯૨૪) વડોદરામાં પહેલાં ગરબાનો બહુ શોખ. તેવે પ્રસંગે અમારાં માતાજી વડોદરા પધારેલા. ત્યાં દયારામભાઈના ગરબાનું પુસ્તક તેમના હાથમાં આવ્યું. તેમણે તે મોઢે કર્યા અને અમારા માસી જે તિલકાયત શ્રીગિરિધરલાલજીનાં વહુજી થાય તેઓએ પણ મોઢે કર્યા. તેમણે ત્યારબાદ સ્ત્રીઓમાં તે ગરબાઓનો પ્રચાર કર્યો.

(૯૨૫) પાંચ હત્યાઓમાં આત્મહત્યા સૌથી ભયંકર છે. બીજી હત્યાઓ કર્યા બાદ પ્રાયશ્ચિત્તાદિ કરી સુધરનારનો દેહ દેહ તો રહે છે, પરંતુ આત્મ હત્યા કરી એટલે તે દેહ જ નષ્ટ થયો, એટલે પ્રાયશ્ચિત કોણ કરે? **नृदेहमाद्यं** એ શ્લોકમાં આ આત્મહત્યાનું ખરૂં સ્વરૂપ બતાવ્યું છે.

(૯૨૬) એક વૈષ્ણવે મને પ્રશ્ન કર્યો કે “મહારાજ આપણે તો એક કીડીને મારી નાખતાં પણ અચકાઇએ, જ્યારે માછીમારો ને કસાઈઓ આટલી બધી હિંસા કરે તેનું શું?” એટલે મેં જવાબ આપ્યો કે પાછાં એ એને મારે, આમ ઘટમાળ ચાલ્યા કરે.

(૯૨૭) પાદુકાજીની સેવા કાંઈ પહેલ વહેલી પુષ્ટિમાર્ગમાંજ પ્રચલિત નથી થઈ, પરંતુ તે પ્રાચીન છે. ભરતજીએ પણ તેમ કરેલું. શ્રીરામચંદ્રજી વનમાં પધાર્યા

ત્યારે ભરતજીએ તેમના પાદુકાજીને ગાદીપર પધરાવી તેમની સેવા કરેલી.

(૯૨૮) પુષ્ટિમાર્ગમાં ગરુડજી ઘંટા ઉપર બિરાજે છે.

(૯૨૯) શંખો બે પ્રકારના છે. સછિદ્ર અને અછિદ્ર સછિદ્ર શંખથી ધ્વનિ થાય છે અને અછિદ્ર શંખથી જલનું શોષણ કરાય.

(૯૩૦) પહેલાં રાજા પાસે વૈદ્ય, જોશી, ધર્મશાસ્ત્રી અને કવિ હંમેશાં રહેતાં.

(૯૩૧) પ્રવાહમાં અનન્ત કાર્તિક સ્વામિ, મર્યાદામાં અનન્ત લક્ષ્મણજી અને બલદેવજી, પુષ્ટિમાં અનન્ત શ્રીગિરિરાજજી.

(૯૩૨) દાદાજી મહારાજ આજ્ઞા કરતા કે એક દંડી સન્યાસી એવા હતા કે જેમને આખનું ચિહ્ન જ નહીં. દયાનંદ સરસ્વતીના એ ગુરુ થાય. એક વખતે પોતાના સહાધ્યાયી સાથે દયાનંદ સરસ્વતીએ બહુ વાદ કર્યો અને આ વાદમાં જ્યારે કાંઈ નિર્ણય ન આવ્યો ત્યારે બન્ને જણા આ દંડી સંન્યાસી પોતાના ગુરૂ પાસે આવ્યા. દયાનંદ સરસ્વતીએ તો પોતાના ગુરુ સાથે પણ વાદ કરવાનું ચાલુ રાખ્યું. પરિણામ એ આવ્યું કે ગુરુ ગુસ્સે થયા અને દયાનંદ સરસ્વતીને શાપ આપ્યો કે "જા તને તારી વિદ્યા અવળી સુઝશે."

(૯૩૩) મોટા દાદાજી શ્રીગોપાલલાલજી મથુરાવાળાએ

શ્રી વલ્લભ પુસ્તકાલય
કાંદિવલી મુંબઈ
સુખધામ : ૨૮૦૧૨૮૩૦
સુરેન્દ્ર જ શાહ : ૯૮૩૩૨૭૨૩૮૩
ક્રિષ્ણાબેન શાહ : ૭૫૦૬૦૮૭૪૬૨
No. S 081

ક ફકીરને બે આનાનું ખાવાનું અપાવ્યું ા આપવા ન દીધો.

(૯૩ મચ્છર વગેરે બ્રહ્માની સૃષ્ટિને ઉપદ્રવ કરનારી વિશ્વામિત્રની સૃષ્ટિ છે, એટલે દાદાજી શ્રીમધુસૂદનલાલજી મહારાજ આજ્ઞાં કરતા કે "મેં વિશ્વામિત્રને દેખું તો દાઢી મુછ પકડી ચાર તમાચા ચોડી દઉં."

(૯૩૫) બાપદાદાથી ચાલ્યા આવતા ધંધામાં વિપરીતતા દેખાય એ બુદ્ધિભ્રમ અને આનું પરિણામ એ આવે કે આપણે ધર્મ સમજીને એક કામ કરીયે અને તે થઈ પડે અધર્મ. કેટલુંક ધન એવું આવે છે કે જેથી બુદ્ધિમાં વિકાર થાય છે.

(૯૩૬) થુંકથી પાપડ બાંધવા બેસે એ બેસી બેસીને કેટલા બાંધે.

(૯૩૭) અમે સિનેમા જોવા નથી જતા વગેરે દેખાવ કરીને કયાં અમારે સિદ્ધાઈ દેખાડવી છે.

(૯૩૮) હાથીની એક એ વિલક્ષણતા છે કે તે પોતાના પેટમાં પાણી સંઘરી શકે છે અને તેનો મહાવત જ્યારે માગે ત્યારે પાછું કાઢીને આપી શકે છે.

(૯૩૯) આપણે ત્યાં હનુમાનજી, ગરુડજી વગેરે ભકતોના દાસ-ભાવ ભર્યા નાના સ્વરૂપો સ્વીકારાયાં છે, વિકરાલ સ્વરૂપો નહીં. તે તો બીજાઓને માહાત્મ્ય બતાવવા માટે છે.

સમાપ્ત